પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૬
તા. ૩૧-૭-૨૦૨૫, ગુરૂવાર
વર્ષ: ૧૪, અંક: ૧૨૩

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**
ગુસ્સો કર્યા પછી
પણ એકબીજાની ચિંતા
કરવી... એ જ સાચા
સંબંધની નિશાની છે...

**અષાઢમાં અનરાધાર પણ શ્રાવણમાં મેઘાની કરકસરથી જગતાત ચિંતિત**
(વાંચો છેલ્લા પાને)

ભારતના વિકાસને લઈ ટ્રમ્પના પેટમાં તેલ રેડાયું

# ભારતની આત્મનિર્ભરતાની હરણફાળથી ડોલરની નિર્ભરતા તૂટી જવાનો અમેરિકાને ભય

## ટ્રમ્પે ભારત ઉપર ૨૫ ટકા ટેરિફ ઝીંક્યો: છેલ્લા છ મહિનાથી અનેક પ્રયાસો છતાં ટ્રેડ ડિલ ન થઈ શકી: કૃષિ અને ડેરી ઉદ્યોગમાં કોઈ છૂટછાટ ન મળી


### એક તરફ બ્રિક્સનો વધતો વેપાર અને બીજી તરફ સૌથી ઝડપથી વિકસતું ભારતીય અર્થતંત્ર, બન્ને મુદ્દે ટ્રમ્પની અદેખાઈ ચરમસીમાએ

**અબતક, નવી દિલ્હી**

ભારત અત્યારે વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. હાલ ભારતે આત્મનિર્ભર બનવા હરણફાળ ભરી છે. ત્યારે ભારતની ડોલર ઉપરની નિર્ભરતા તૂટી જવાના ભયના કારણે અમેરિકાના પેટમાં તેલ રેડાયું છે. ઉપરથી બ્રિક્સના વેપારથી પણ અમેરીકાને અદેખાઈ થઈ રહી છે. જેના કારણે અમેરિકાએ ભારતને ૨૫ ટકા ટેરીફનો ફટકો આપ્યો છે.

અમેરિકામાં અત્યારે લોકશાહી ખતરનાક સ્થિતિમાં છે. ત્યાં (અનુ. આઠમા પાને)

## અમેરિકાને લોહીના વેપારમાં રસ: પાકિસ્તાન સાથે તેલના ભંડાર વિકસાવવા માટે કર્યો કરાર




અમેરિકાને લોહીના વેપારમાં રસ છે. અગાઉના હુમલાઓ ભૂલીને અમેરિકાને પાકિસ્તાન સાથે વેપાર કરવાનો ભારે રસ જાગ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે જાહેરાત કરી હતી કે અમેરિકાએ પાકિસ્તાન સાથે તેના ''વિશાળ તેલના ભંડાર'' વિકસાવવા માટે એક મહત્વપૂર્ણ કરાર કર્યો છે. આ કરાર હેઠળ બંને દેશો સંયુક્ત રીતે તેલના ઉત્પાદન માટે કામ કરશે, અને ટ્રમ્પે એવું પણ સૂચન કર્યું હતું કે ભવિષ્યમાં આ તેલ ભારતને નિકાસ કરવામાં આવી શકે છે.

ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથસોશિયલ પર પોસ્ટ કરીને જણાવ્યું, ''અમે પાકિસ્તાન સાથે એક કરાર પૂર્ણ કર્યો છે, જે અંતર્ગત પાકિસ્તાન અને અમેરિકા તેમના વિશાળ તેલના ભંડાર વિકસાવવા માટે સાથે મળીને કામ કરશે. અમે આ પાર્ટનરશિપનું નેતૃત્વ કરવા માટે તેલ કંપની પસંદ કરવાની પ્રક્રિયામાં છીએ. કોણ જાણે, શક્ય છે કે એક દિવસ તેઓ ભારતને તેલ વેચે!''

આ જાહેરાત એવા સમયે આવી છે જ્યારે ટ્રમ્પે ભારત પર ૨૫% ટેરિફ લાદ્યા છે અને રશિયા સાથે ભારતના હથિયારો અને ક્રૂડ ઓઈલના વેપારને લઈને વધુ દંડની ચેતવણી આપી છે. ટ્રમ્પે (અનુ. આઠમા પાને)

## ટ્રેડ ડિલની ગડમથલમાં ડ્રાયફુટના વેપારીઓ વેઈટ એન્ડ વોચ ઉપર



વૈશ્વિક અસ્થિરતા અને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સમાં વધારાની ચિંતાને કારણે ભારતમાં ડ્રાય ફ્રૂટ્સના ભાવમાં ઉછાળો જોવા મળ્યો છે, જેના કારણે તહેવારોની સિઝન નજીક આવતાં વેચાણમાં ૨૫% જેટલો ઘટાડો નોંધાયો છે.

આયાતકારોનું કહેવું છે કે અમેરિકાના ટેરિફ નિર્ણયો અને ડ્રાય ફ્રૂટ્સ પર જીએસટીમાં સંભવિત વધારાની અનિશ્ચિતતાને કારણે તેઓ નવી શિપમેન્ટ રોકી રહ્યા છે. સપ્લાયમાં અછતને કારણે તહેવારોની માંગની શરૂઆતમાં જ વેચાણમાં ઘટાડો થયો છે.

નટ્સ એન્ડ ડ્રાય ફ્રૂટ્સ કાઉન્સિલ (ઈન્ડિયા)ના મુખ્ય કાર્યકારી અધિકારી નીતિન સેહગલે જણાવ્યું, ''પશ્ચિમ (અનુ. આઠમા પાને)

## ઈરાન સાથે પેટ્રોલિયમનો વેપાર કંપની ઉપર અમેરિકાએ લગાવી હેવી ડ્યુટી



અમેરિકાએ ઈરાનથી ઓઈલ અને પેટ્રોકેમિકલ કારોબારમાં સામેલ થવા બદલ ઓછામાં ઓછી ૬ ભારતીય કંપનીઓ પર પ્રતિબંધો લાદ્યા છે. આ કાર્યવાહી તે ૨૦ વૈશ્વિક કંપનીઓ પર કરવામાં આવેલી કાર્યવાહીનો એક ભાગ છે, જેણે ઈરાન સાથે વેપાર કરવાની દોષી ગણાવી છે.યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે બુધવારે આ પ્રતિબંધોની જાહેરાત કરી હતી. મંત્રાલયનું કહેવું છે કે આ ભારતીય કંપનીઓએ ઈરાનથી ઓઈલ અને પેટ્રોકેમિકલ ઉત્પાદનોની ખરીદી અને વેચાણમાં નોંધપાત્ર વ્યવહારો કર્યા છે, જે યુએસ પ્રતિબંધોનું ઉલ્લંઘન છે.

આ કંપનીઓમાં અલકેમિકલ સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડનો સમાવેશ થાય છે. તેના પર સૌથી મોટો આરોપ છે. કંપનીએ (અનુ. આઠમા પાને)

## બ્રિક્સ દેશોની બ્રિક્સ કરન્સીનો સમય પાકી ગયો?



બ્રિક્સ દેશો જેવો સમગ્ર વિશ્વમાં સૌથી વધુ વેપાર કરે છે. આ દેશો વચ્ચે હાલ ડોલરમાં વેપાર થાય છે. જેના કારણે વેપાર બીજા દેશો કરે છે. પણ ડોલરને આપોઆપ ફાયદો થાય છે. પરંતુ જ્યારથી બ્રિક્સ દેશોએ પોતાની કરન્સીનો ઉપયોગ કરવાની વિચારણા હાથ ધરી છે. ત્યારથી અમેરિકા ધુઆપુઆ થઈ ગયું છે. પણ હવેની સ્થિતિ જોતા લાગી રહ્યું છે કે બ્રિક્સ દેશોએ પોતાની કરન્સીમાં વેપાર કરવાનો સમય પાકી ગયો છે. ૧૯૭૩માં ૨૨ દેશોમાં ૫૧૮ બેંકો સાથે સ્વીફ્ટ નેટવર્કની શરૂઆત થઈ હતી. હાલમાં તેમાં ૨૦૦થી વધુ દેશોની ૧૧,૦૦૦ બેંકો સામેલ છે. જેઓ તેમના વિદેશી નાણા અમેરિકન બેંકોમાં જમા કરાવે છે હવે બધા પૈસા વ્યવસાયમાં રોકાતા નથી, તેથી દેશો તેમના વધારાના નાણાં અમેરિકન બોન્ડમાં રોકે છે, (અનુ. આઠમા પાને)

## ટેરિફનો આંચકો શેરબજારે પચાવી લીધો

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર ઝીંકવામાં આવેલા ૨૫% ટેરિફના આંચકાને આજે ભારતીય શેરબજારે પચાવી લીધો હતો. સવારે તોતીંગ કડાકા સાથે ખુલેલા શેરબજારમાં બપોર સુમારે રિકવરી આવી ગઈ હતી. એક તબક્કે સેન્સેક્સ અને નિફ્ટી ગ્રીન ઝોનમાં પણ કામકાજ કરવા માંડ્યા હતા. જો કે, સતત ઉતાર-ચડાવ જોવા મળતો હતો. સવારે સેન્સેક્સમાં ૭૦૦થી વધુ પોઈન્ટનો કડાકો બોલી ગયો હતો. રોકાણકારોમાં ભારે ઉત્સાહ જોવા મળતા ખરીદીનો દોર ચાલુ રહ્યો જેના કારણે બજારમાં રિકવરી જોવા મળી હતી. સેન્સેક્સ અને નિફ્ટી ગ્રીન ઝોનમાં આવી ગયા હતા. સેન્સેક્સમાં ૧૨૦૦થી વધુ પોઈન્ટની અફરાતફરી રહેવા પામી હતી. પરંતુ જાણકારો એવું માની રહ્યા છે કે જે રીતે આજે બજારમાં ટેરિફની અસર જોવા મળી નથી. તેના પરથી એક વાત ચોક્કસ કહી શકાય કે ટેરિફનો આંચકો પચાવી લીધો છે.

# છ નગરપાલિકાઓનો વિસ્તાર શહેરમાં ભળી જવાથી અમદાવાદ મેગા સિટી બની જશે


### સાણંદ, મહેમદાવાદ, બરેજા, કાલોલ અને દહેગામ નગરપાલિકાઓને મહાપાલિકામાં મર્જ કરવાનો પ્રસ્તાવ

**અબતક, ગાંધીનગર**

અમદાવાદ શહેરનો વિસ્તાર અને વસ્તી નોંધપાત્ર રીતે વધવાની શક્યતા છે, કારણ કે રાજ્ય સરકારે અમદાવાદ મહાનગરપાલિકામાં પાંચ નગરપાલિકાઓને સામેલ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. સરકારી સૂત્રો અનુસાર સાણંદ, મહેમદાવાદ, બરેજા, કાલોલ અને દહેગામ નગરપાલિકાઓને એએમસીની હદમાં સામેલ કરવાની યોજના છે.

જાન્યુઆરી ૨૦૨૬માં યોજાનારી મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ વિલીનીકરણનો સમયગાળો મહત્ત્વનો છે. આ પ્રસ્તાવથી અમદાવાદનો ભૌગોલિક વિસ્તાર અને વસ્તી આધાર નોંધપાત્ર રીતે વધશે. વધુમાં વર્ષ ૨૦૩૬માં ઓલમ્પિક માટે પણ અમદાવાદને સજ્જ કરવામાં આવી રહ્યું છે. ત્યારે આ નગરપાલિકાના વિસ્તારો પણ મહત્વપૂર્ણ છે.

સરકારી સૂત્રોએ જણાવ્યું કે, ''આ



પહેલનો મુખ્ય ઉદ્દેશ સંકલિત કરવાનો છે. શહેરી વિકાસ સુનિશ્ચિત આ વિસ્તારોમાં નોંધપાત્ર વિકાસ થયો છે અને તેને માળખાગત સુવિધાઓ અને આવશ્યક સેવાઓ માટે વ્યવસ્થિત આયોજનની જરૂર છે. આ વિલીનીકરણથી આ વિસ્તારો એકીકૃત વહીવટી ઢાંચા હેઠળ આવશે, જેનાથી સેવા પુરવઠો અને માળખાગત વિકાસમાં સુધારો થઈ શકે છે.''


સાણંદ અને કાલોલ જેવા શહેરી વિસ્તારોમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં રહેણાંક અને ઔદ્યોગિક એકમોમાં ઝડપી વૃદ્ધિ જોવા મળી છે. સાણંદ, જે લાંબા સમયથી ઓટોમોબાઈલ ઉદ્યોગનું કેન્દ્ર છે, ત્યાં સેમિકન્ડક્ટર અને અન્ય વિશિષ્ટ ઉદ્યોગોનો વિકાસ થયો છે. એ જ રીતે, કાલોલમાં પણ રહેણાંક સોસાયટીઓ અને ઔદ્યોગિક એકમોમાં નોંધપાત્ર વધારો થયો છે. સૂત્રોએ જણાવ્યું, ''આ નગરપાલિકાઓ માટે રસ્તાઓ, ગટરવ્યવસ્થા અને અન્ય (અનુ. આઠમા પાને)

# સોલાર મોડેલ્સ અને ઉત્પાદકોની બીજી યાદી ૧૦ દિવસમાં પ્રસિદ્ધ થવાની શક્યતા

**અબતક, નવી દિલ્હી**

સરકાર આગામી ૧૦ દિવસમાં ભારતમાં સોલર સેલના ઉત્પાદકો અને વિશિષ્ટતાઓને નિર્ધારિત કરતી 'અપ્રૂવ્ડ લિસ્ટ ઓફ મોડલ્સ એન્ડ મેન્યુફેક્ચરર્સ-૨ યાદી પ્રકાશિત કરે તેવી શક્યતા છે, એમ આ અંગે જાણકાર અધિકારીઓએ જણાવ્યું હતું.

આ યાદીનો ઉપયોગ પ્રોજેક્ટ્સમાં સ્થાનિક રીતે બનાવેલા સોલર મોડ્યુલ્સ અને સેલનો ઉપયોગ ફરજિયાત કરવા માટે થાય છે. જોકે, અપ્રૂવ્ડ લિસ્ટ ઓફ મોડલ્સ એન્ડ મેન્યુફેક્ચરર્સ-૨ યાદી હજુ સુધી પ્રકાશિત થઈ નથી, કારણ કે ''દેશમાં સોલર



સેલની સ્થાપિત ક્ષમતા માંગ કરતાં ઓછી હતી,'' જેના કારણે નિલામીમાં અસ્પષ્ટતા સર્જાઈ હતી.

હાલમાં લાગુ પડતી અપ્રૂવ્ડ લિસ્ટ ઓફ મોડલ્સ એન્ડ મેન્યુફેક્ચરર્સ-૧ યાદી, જે સોલર મોડ્યુલ્સ પર લાગુ છે, તે બિન-શુલ્ક અવરોધ તરીકે કામ કરે છે અને સ્થાનિક ક્ષમતા વધારવામાં મદદ કરે છે તેમજ આયાતને રોકે છે. આ યાદી ભારતમાં બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ દ્વારા પ્રમાણિત ઉત્પાદકો અને (અનુ. આઠમા પાને)

# ઈ- રીક્ષાની ''જમાવટ'' કરવા સરકારે ગુણવત્તાના પરીક્ષણો મજબૂત કર્યા!!!

### ઈ-રિક્ષા અને ઈ-કાર્ટ ઉત્પાદકોએ ઉત્પાદન સુવિધાઓની તપાસ કરાવવી પડશે, ''ફિટનેસ સર્ટિફિકેટ'' ની માન્યતા ત્રણ વર્ષથી ઘટાડીને એક વર્ષ કરાઈ

**અબતક, રાજકોટ**

ભારતમાં ઈ-રિક્ષા અને ઈ-કાર્ટની વધતી લોકપ્રિયતા સાથે તેમની સુરક્ષા અને ગુણવત્તા એક મોટો સવાલ બની રહી હતી. આ ચિંતાઓને દૂર કરવા અને મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે, કેન્દ્ર સરકારે હવે નિયમો કડક બનાવ્યા છે. આવતા વર્ષના એપ્રિલથી, તમામ ઈ-રિક્ષા અને ઈ-કાર્ટ ઉત્પાદકોએ ફરજિયાતપણે પોતાની ઉત્પાદન સુવિધાઓની તપાસ કરાવવી પડશે. આ ઓડિટ વાહન પરીક્ષણ એજન્સીઓ દ્વારા કરવામાં આવશે અને તે પછી જ નવા મોડેલને બજારમાં લાવવાની મંજૂરી મળશે. આ પગલું બજારમાંથી નકલી અને બેજવાબદાર ઉત્પાદકોને દૂર કરશે, જેથી માત્ર ગુણવત્તાયુક્ત અને સુરક્ષિત ઈ-રિક્ષા જ રસ્તાઓ પર ચાલશે.

માર્ગ પરિવહન મંત્રાલયે ઉદ્યોગ સંગઠનો સાથે લાંબી ચર્ચાઓ પછી આ નવા નિયમોનો ડ્રાફ્ટ જાહેર કર્યો છે. એક અધિકારીએ જણાવ્યું કે, ખુદ ઉદ્યોગ તરફથી જ આ નિયમોની માંગણી હતી કારણ કે શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ઈ- (અનુ. આઠમા પાને)

# છેલ્લા બે વર્ષમાં ઓર્ગેનિક ખેતી તરફનો ઝુકાવ અડધો અડધ થઈ ગયો પરંતુ નેચરલ ફાર્મિંગે જમાવટ લીધી!!!

### ઓર્ગેનિક ખેતીનો વ્યાપ ઘટી ૪.૩૭ લાખ હેક્ટર થયો તો નેચરલ ફાર્મિંગનો વ્યાપ વધી ૭.૯૨ લાખ હેક્ટરથી વધુ થયો

**અબતક, રાજકોટ**

ગુજરાતના ખેતી ક્ષેત્રે એક રસપ્રદ અને આશ્ચર્યજનક વલણ જોવા મળી રહ્યું છે. જ્યાં એક તરફ પ્રમાણિત ઓર્ગેનિક ખેતી હેઠળના વિસ્તારમાં નાટકીય ઘટાડો નોંધાયો છે, ત્યાં બીજી તરફ કુદરતી ખેતી (નેચરલ ફાર્મિંગ) પદ્ધતિએ અભૂતપૂર્વ ગતિ પકડી છે. આ પરિવર્તન રાજ્યના કૃષિ ભાવિ માટે નવા દિશાનિર્દેશો આપી રહ્યું છે.

કેન્દ્ર સરકાર દ્વારા સંસદમાં જાહેર કરાયેલા આંકડા મુજબ, ગુજરાતમાં રાષ્ટ્રીય ઓર્ગેનિક ઉત્પાદન કાર્યક્રમ (એનપીઓપી) હેઠળ પ્રમાણિત જમીનનો વિસ્તાર ૨૦૨૨-૨૩માં ૯.૩૬ લાખ હેક્ટરથી ઘટીને હવે માત્ર ૪.૩૭ લાખ હેક્ટર થઈ ગયો છે. આ ઘટાડો અડધાથી પણ



વધુ છે, જે ચિંતાજનક લાગી શકે છે. જોકે, આ ઘટાડા છતાં ગુજરાત હજુ પણ પ્રમાણિત ઓર્ગેનિક ખેતીમાં રાષ્ટ્રીય સ્તરે ચોથા ક્રમે બિરાજમાન છે, જે દર્શાવે છે કે રાજ્યમાં ઓર્ગેનિક ખેતીનો પાયો મજબૂત હતો.

એનપીઓપી એ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ કૃષિ અને પ્રક્રિયાકૃત ખાદ્ય ઉત્પાદનો નિકાસ વિકાસ સત્તામંડળ દ્વારા અમલમાં મુકવામાં આવતી એક પ્રમાણપત્ર યોજના છે, જે ઓર્ગેનિક ખેતી માટે કડક ધોરણો નક્કી કરે છે.

પ્રમાણિત ઓર્ગેનિક ખેતીના ઘટાડા છતાં, ગુજરાત હજુ પણ ટોચના રાજ્યોમાં સામેલ છે. મધ્યપ્રદેશ ૧૦.૧૩ લાખ હેક્ટર (અનુ. આઠમા પાને)

# ૨૦૦૮ માલેગાંવ બ્લાસ્ટ કેસમાં તમામ આરોપીનો નિર્દોષ છૂટકારો

### નાશિક જિલ્લાના માલેગાંવમાં વિસ્ફોટમાં ૬ લોકોના મોત નિપજ્યા હતા

### પ્રજ્ઞા ઠાકુર, લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિત, મેજર રમેશ ઉપાધ્યાય, અજય રાહિરકર, સમીર કુલકર્ણી, સુધાકર ચતુર્વેદી અને સુધાકર દ્વિવેદીને એનઆઈએ કોર્ટે છોડી મુક્યા

**અબતક, રાજકોટ**

૨૦૦૮ માલેગાવ વિસ્ફોટ કેસમાં આજે ૧૭ વર્ષ બાદ અદાલત આજે ચુકાદો આપનારી છે. લગભગ ૧૭ વર્ષ પછી મુંબઈની ખાસ રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) કોર્ટ ગુરુવારે ૨૦૦૮ના માલેગાંવ વિસ્ફોટ કેસમાં ચુકાદો આપનારી છે. ઉલ્લેખનીય બાબત છે કે, સમગ્ર કેસ એક જટિલ અને રાજકીય રીતે આરોપિત આતંકવાદી કાવતરું હતું જેની તપાસ બે તપાસ એજન્સીઓ દ્વારા કરવામાં આવી હતી.

૨૯ સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ નાસિક જિલ્લાના માલેગાંવ શહેરમાં થયેલા વિસ્ફોટમાં છ લોકોના મોત થયા હતા અને ૧૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. માલેગાંવના રહેવાસી સૈયદ લિયાકત જેમની ૧૦ વર્ષની પુત્રી ફરહીન ભીક્કુ ચોકમાં વડાપાંઉ ખરીદવા ગઈ હતી ત્યારે વિસ્ફોટમાં મૃત્યુ પામી હતી. તેમણે કહ્યું કે તેમને આશા છે કે પીડિતોને ન્યાય મળશે.રમઝાનના પવિત્ર મહિના દરમિયાન અને નવરાત્રીના તહેવારોની પૂર્વસંધ્યાએ મોટરસાઈકલ સાથે બાંધેલા વિસ્ફોટક ઉપકરણમાં વિસ્ફોટ થયો હતો.

ટ્રાયલનો સામનો કરી રહેલા સાત આરોપીઓમાં ૨૦૧૯ માં ભોપાલથી ભાજપ સાંસદ બનેલા પ્રજ્ઞા ઠાકુર, લેફ્ટનન્ટ કર્નલ (અનુ. આઠમા પાને)

# વોટ્સઅપ કે ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા તપાસ એજન્સી સમન્સ કે નોટિસ આપી શકે નહિ: સુપ્રીમ

### નોટિસ અને સમન્સ માન્ય પદ્ધતિથી બજાવવું જરૂરી, ઈલેક્ટ્રોનિક માધ્યમોના ઉપયોગથી વ્યક્તિની સ્વતંત્રતા છીનવાઈ શકે: સર્વોચ્ચ અદાલતનું તારણ

**અબતક, રાજકોટ**

સુપ્રીમ કોર્ટે એક ચુકાદો આપ્યો છે કે, પોલીસ અને અન્ય તપાસ એજન્સીઓ આરોપીને તેની સમક્ષ હાજર થવા માટે નોટિસ બજાવવા માટે વોટ્સએપ અથવા અન્ય ઈલેક્ટ્રોનિક માધ્યમોનો ઉપયોગ કરી શકશે નહીં. સુપ્રીમ કોર્ટે હરિયાણા સરકારની અરજીને ફગાવી દેતા કહ્યું છે કે પોલીસને ઈલેક્ટ્રોનિક માધ્યમથી નોટિસ બજાવવાની મંજૂરી આપવી જોઈએ



કારણ કે તે વ્યક્તિની સ્વતંત્રતા પર પ્રતિકૂળ અસર કરશે.


સમન્સ બજાવવા માટે ઈલેક્ટ્રોનિક માધ્યમો પર દબાણ કરતા રાજ્યએ રજૂઆત કરી હતી કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાના નવા કાયદાએ સમન્સ અને વોરંટ જારી કરવા માટે કોર્ટ કાર્યવાહી માટે ઈલેક્ટ્રોનિક માધ્યમોનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે અને તે પોલીસને પણ મંજૂરી (અનુ. આઠમા પાને)

### તમે હૃદયની સંભાળ લો, હૃદય તમારી સંભાળ લેશે

# આપણું હૃદય દરરોજ એક લાખ વાર ધબકેછે: કાળજી અને પ્રેમનું અતૂટ બંધન

## ગુસ્સો કરો ત્યારે મગજને સૌથી વધુ લોહીની જરૂર પડે: મહિલાઓનું હૃદય પુરૂષો કરતા સરેરાશ આઠ ધબકારા પ્રતિ મિનિટ વધુ ધબકે છે: હૃદયનું કેન્સર ખૂબ જ દુર્લભ છે: આપણું હૃદય મિનીટમાં ૭૨ વાર ધબકે છે: પુરૂષ અને સ્ત્રી બન્નેમાં હાર્ટ એટેકનાં લક્ષણો જુદા-જુદા હોય

આપણાં શરીરનું સૌથી મહત્વનું હાર્ટ કે હૃદય છે. અવિતરત ધબકતું હૃદય જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી જ આપણે સજીવ છીએ અર્થાત જીવતા છીએ. એ બંધ થાય એટલે મૃત્યું જ છે. દુનિયાભરમાં હાર્ટએટેકના કે હૃદયરોગીઓ ભારતમાં સૌથી વધુ છે. હૃદય રોગોની ગંભીરતા અને તેને સ્વસ્થ રાખવા માટે હવે જાગૃત થવું જ પડશે. આજની લાઈફ સ્ટાઈલ સાથે અનિયમિતતા ખોટી દિનચર્યા, તણાવ, ખોટો આહાર-વિહાર, પર્યાવરણ, પ્રદૂષણ વિગેરે સમસ્યાઓ પ ણ



હૃદયરોગ માટે જવાબદાર છે. ડાયાબીટીસ વાળાને હાઈબ્લડ પ્રેશર જેવી સમસ્યા જ હૃદયરોગ નોતરે છે.હૃદયરોગને કારણે દુનિયામાં એક કરોડથી વધુ લોકો મૃત્યુ પામે છે એમાં ૫૦ ટકા તો દવાખાને પહોંચે એ પહેલા રસ્તામાં દમ તોડે છે. ગત વર્ષના અંત સુધી દર ત્રીજા માનવીના મોતનું મુખ્ય કારણ હૃદયરોગ હતું. હૃદયને સ્વસ્થ રાખવા માટે દરેક વ્યક્તિએ સેલ્ફ કેર લેવી જરૂરી છે. પૂરી ઊંઘ, ધુમ્રપાન નિષેધ, તણાવમુકત જીવન, ખોરાકમાં મીઠું અને ચરબીની માત્ર ઓછી સાથે સવાર-સાંજ ખુલ્લી હવામાં ચાલવાનું અને રૂટીંગ કાર્યોની સાથે હળવો વ્યાયામ હૃદયને સ્વસ્થ રાખે છે.

પવર્તમાન સમયમાં યુવનોમાં પણ હાર્ટએટેકની સમસ્યા આવવાથી તે બાબતે જાગૃતિ લાવવી અતિ આવશ્યક બન્યું છે. તમે તમારા દિલથી કોઈ અન્યને પ્રેમ કરો તેટલો જ પ્રેમ તમારા હૃદયને પણ કરો. પુરૂષ અને સ્ત્રી બંનેમાં હાર્ટ એટેકના લક્ષણો જુદા-જુદા હોય છે. તંદુરસ્ત હૃદય દિવસમાં લગભગ ૧.૧૫.૨૦૦ વખત ધબકે છે. તે શરીરના તમામ ૭૫ ટ્રિલિયન કોષો સુધી લોહી પહોંચાડે છે. એક નવાઈ ભરી વાત છે કે પુરૂષોનું હૃદય સ્ત્રી કરતાં ૧૦ ટકા વધુ ઝડપથી ધબકે છે. દરરોજ હસવાથી ટેન્શન ૫૦ ટકા હળવું થઈ જાય છે. ઝડપી શહેરીકરણ, તણાવવાળી

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

જીવનશૈલી, તમાકુનો ઉપયોગ, ચરબીવાળો આહાર, ડાયાબીટીસ, બ્લડ પ્રેશર અને બેઠાડું જીવન જેવા વિવિધ કારણોથી ભારતીયોમાં હૃદયરોગનું પ્રમાણ ખૂબ જ વધ્યું છે. હવે તો નાની ઉંમરના ને પણ આ સમસ્યા જોવા મળે છે. હાલ ભારતમાં દસ કરોડથી વધુ લોકોને હૃદયની ધમનીના રોગથી પીડાય છે. વિશ્વના તમામ હૃદયરોગીની સંખ્યાની અડધી સંખ્યા તો માત્ર ભારતની છે. કુદરતનો ચમત્કાર કહેવાય કે મુઠ્ઠી જેવડું હૃદય જીવનભર આપણાં આખા શરીરને જીવનભર લોહી પહોંચાડે છે. તેની પાસે પોતાનું ઈલેક્ટ્રિકલ જનરેટર છે, જે હૃદયને નિયમિત સમયાંતર દર મિનિટે ૬૦ થી ૮૦ ધબકાવે છે. પંપનું કામ કરતાં ક્ષેપકો નબળા પડે કે વધુ બોજ આવે તો હૃદય પણ નબળું પડે છે. હૃદય નિરંતર શરીરના તમામ ભાગો-અવયવોને લોહી પહોંચાડે છે. અત્યાર સુધીમાં કોઈ માણસના સૌથી ઓછ ધબકારા ૨૬ અને સૌથી વધુ ૪૮૦ પ્રતિ મિનિટ નોંધવામાં આવ્યા હતાં. ૩૦૦૦ વર્ષ પહેલા સંઘરી રાખેલા મમ્મીમાં પણ હૃદયની બિમારી જોવા મળી હતી. દુનિયામાં એક માત્ર ઓક્ટોપસને ત્રણ હૃદય હોય છે. આપણાં શરીરને પૂરતા આરામની જરૂર હોય છે. આખા દિવસની દોડ-ભાગ દરમ્યાન શરીરનાં તમામ અંગો સક્રિય રહે છે, જે રાત્રે આરામનાં સમયે આરામ કરે છે, તેની કાર્યશક્તિ ઘટી જાય છે. આપણાં શરીરનું મહત્વનું અંગ હૃદય છે. એ જ્યાં સુધી ધબકે છે ત્યાં સુધી જ આપણે જીવીએ છીએ. આરામ સરળ લોજીકને હૃદય સાથે સીધો સંબંધ છે.



આપણું હૃદય એક મિનિટમાં ૭૨ વાર ધબકે છે. આખા દિવસમાં હૃદય આપણા ઘરની પાણીની ટાંકી કરતાં સાત ગણું લોહી પમ્પીંગ કરે છે. આપણાં મગજને ૭૦ ટકા લોહીની જરૂર પડે છે, જ્યારે બાકીનાં અંગોને ૩૦ ટકા રક્તની જરૂર પડે છે. ધબકતા હૃદયને પણ ધબકવા લોહીની જરૂર પડે છે.૧ મિનિટમાં ૭૨ ધબકારા માટે ૧ ધબકારાનો સમય ૦.૮ સેકન્ડ હોય, આ ૦.૮ સેકન્ડમાં ૦.૩ સેકન્ડમાં હૃદય પોતે સંકોચાયને રક્ત આગળ મોકલે છે અને આ ગાળા દરમ્યાન ૦.૫ સેકન્ડ પોતે રેસ્ટ પણ કરી લે છે, આ આરામના સમયમાં લોહી ફેફસામાં જઈને શુધ્ધ થાય છે અને હા, એક વાત હૃદયના આરામનો સમય ઓછો થાય તો રક્ત પુરેપુરૂં શુધ્ધ થતું નથી. હવે એકવાત કે તમે ગુસ્સામાં હો ત્યારે તમારા મગજને સૌથી વધારે લોહીની જરૂર પડે છે. ત્યારે તમારૂં હૃદય ૦.૫ સેકન્ડને બદલે ૦.૪ સેકન્ડ આરામ કરે છે. એક ધબકારાનો સમય ૦.૪ + ૦.૩ = ૦.૭ સેકન્ડ થઈ જાય છે. તેથી ૧ મિનિટમાં ધબકારા ૮૪ થઈ જાય છે, અહીંથી લો-બી.પી. કે હાય બી.પી.ની સમસ્યા થઈ જવાની શક્યતા છે. માટે ગુસ્સો ન કરવો. હૃદયનો આરામનો સમય ૨૦ ટકા ઘટાડતા તે હવે ૮૦ ટકા જ લોહીને શુધ્ધ કરશે. આને કારણે શરીરમાં અશુધ્ધ લોહીને લીધે શરીરનો કચરો બરાબર સાફ થતો નથી, અને તમે ઘણી બધી બિમારીના શિકાર બની જાવ છો. આપણાં શરીરનાં રૂધિરાભિસરણ તંત્રને સમજવાની જરૂર છે. ખાલી ગુસ્સો ન કરો, ચિંતા ન કરો, તો હૃદયના ધબકારા ૭૨ જ રહેશેને તમારૂં મગજ એક્ટિવ રહેશે.

આમ આપણા 'આરામ'ની સાથે આપણાં હૃદયને ઘણો જ સંબંધ છે. જો કે હવે તો મેડીકલ સાયન્સની પ્રગતિથી હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ થવા લાગ્યા છે, પણ આપણી થોડી સાવચેતી જ આપણને સારૂ સ્વાસ્થ્ય બક્ષે છે એ વાત ભૂલવી ન જોઈએ. દુનિયામાં સૌથી વધુ હાર્ટરોગીના મૃત્યુ તુર્કીસ્તાનમાં જોવા મળે છે. ઈસીજી મશીનની શોધ ૧૯૦૩માં થઈ હતી.

સ્ત્રીઓના દિલના ધબકારા પુરૂષોના ધબકારાથી દર મિનિટે ૮ વધુ હોય છે. માત્ર ચાર અઠવાડિયાની પ્રેગ્નેન્સી પછી બાળકનું હૃદય ધબકવાનું ચાલુ કરી દે છે. આપણાં સંપૂર્ણ જીવન દરમ્યાન હૃદય લગભગ અઢી અબજ વખત ધબકે છે. દિલના ધબકારાનો અવાજ સંભળાય છે તે ચાર વાલના ખુલવાનો બંધ થવાના કારણે સંભળાય છે. દુનિયામાં સૌથી મોટું હૃદય વ્હેલ માછલીનું હોય છે, જે ૫૯૦ કિલો વજન ધરાવતું એક મોટી કાર જેવું હોય છે. દુનિયામાં બહુ જુજ કિસ્સાઓમાં હૃદયનું કેન્સર જોવા મળ્યું હતુ.

### હૃદય વિશેની અદભુત વાત

હૃદય દર મિનિટે લગભગ ૫.૭ લિટર લોહી પંપીંગ કરે છે. પુખ્ત વયના વ્યક્તિનું હૃદય લગભગ બે હાથની મુઠ્ઠી જેટલું હોય છે, જ્યારે બાળકનું હૃદય એક મુઠ્ઠી જેટલું હોય છે. તેનું વજન સામાન્ય રીતે ૨૫૦ થી ૩૫૦ ગ્રામ હોય છે. તે શરીરમાંથી અલગ થયા પછી પણ ધબકતું રહી શકે છે, જ્યાં સુધી તેને પૂરતો ઓક્સિજન મળતો રહે, કારણ કે તેનો પોતાનો વિદ્યુત આવેગ હોય છે. આપણા શરીરમાં રક્તવાહિનીઓનું નેટવર્ક ૯૬૫૬૦ કિલોમીટર લાંબી રક્તવાહિનીઓનું હોય છે, જે પૃથ્વીની આસપાસ બે વાર વીંટાળી શકાય તેટલી લાંબી હોય છે. હૃદયના કોષો સમય સાથે વિભાજીત થવાનું બંધ કરી દે છે, તેથી હૃદયનું કેન્સર ખૂબ જ દુર્લભ જોવા મળે છે.

**લવ સિમ્બોલમાં હાર્ટનો પ્રયોગ ઈ.સ.૧૨૫૦ થી કરાય છે: ૧૮૯૩માં પ્રથમ હાર્ટ સર્જરી થઈ તો ૧૯૫૦માં પ્રથમવાર કૃત્રિમ વાલ્વનું સફળ ઓપરેશન થયું હતું: દુનિયામાં સૌથી મોટું હૃદય વ્હેલ માછલીનું હોય, અને ઓક્ટોપસને ત્રણ હૃદય હોય છે**

# ડો.દામોદર સૌરાષ્ટ્રી ભાષા અને સાહિત્યના પ્રહરી: કુલપતિ ઉત્પલ જોશી

## સૌરાષ્ટ્ર હેરીટેજ ચેર દ્વારા મદુરાઈ ખાતે ડો.દામોદરના સ્મરણાંજલી કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિએ હાજરી આપી સૌરાષ્ટ્રી ભાષા વેબસાઈટનું લોન્ચિંગ કર્યુ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંતર્ગત તમિલનાડુમાં એક હજાર વર્ષ પૂર્વે વિસ્થિલ્પત થયેલ સૌરાષ્ટ્ર લોકો સાથે સંકૃતિક આદાનપ્રદાન અને વિવિધ વિષયે અભ્યાસ અર્થે ૨૦૦૮માં સૌરાષ્ટ્ર હેરીટેજ ચેરની સ્થાપના થયેલ. સૌરાષ્ટ્ર હેરીટેજ ચેરની સ્થાપના સમયથી કાર્યરત ચેરના મદુરાઈ ખાતેના કોર્ડીનેટર એવા સાહિત્ય અકાદેમી પુરસ્કૃત ડો.દામોદરના દુ:ખદ અવસાન થયેલ. ડો.દામોદરના જીવન પર્યંત સૌરાષ્ટ્રી ભાષા અને સાહિત્યને કરેલ અમૂલ્ય પ્રદાનને ધ્યાને લઈ સૌરાષ્ટ્ર હેરીટેજ ચેર, સૌરાષ્ટ્ર સદસ, મદુરાઈ દ્વારા કે.એલ.એન. પોલીટેકનિક કોલેજ, મદુરાઈ ખાતે 'સ્મરણાંજલી' કાર્યક્રમ યોજાયેલ.



આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો.ઉત્પલ જોશીના પ્રમુખસ્થાને યોજાયેલ. સૌરાષ્ટ્ર હેરીટેજ ચેરના કોર્ડીનેટર પ્રો.આર.બી. ઝાલા દ્વારા સ્વાગત પ્રવચનમાં ડો.ટી.આર. દામોદરના અવસાનને શિક્ષણ જગત માટે ન પુરી શકાય તેવી ખોટ તરીકે ગણાવતા તેમના વર્ષોના સંગાથ અને અનુભવને યાદ કરી અને ઊંડા દુ:ખની લાગણી વ્યક્ત કરેલ સાથે હેરીટેજ ચેરના પ્રારંભથી તેમની મૂળ ભૂમિ સૌરાષ્ટ્ર સાથે જોડાણ અર્થે વિવિધ સ્તરે આદાનપ્રદાન માટે સતત પ્રવૃત રહ્યા. મુખ્ય મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત એમ.કે. જવાહર બાબુ (પ્રમુખ, સૌરાષ્ટ્ર વિદ્યાસંગમ, એન.એમ.આર. સુબ્બારામન મહિલા કોલેજ, મદુરૈ)એ ડો.દામોદરના સૌરાષ્ટ્ર લિપિનું જ્ઞાન પ્રસરે તે માટેના વિશાળ પ્રયાસો તથા સાહિત્ય ક્ષેત્રે તેમના યોગદાનની નોંધ લીધી હતી. બપોરના સત્રમાં "www.saurashtri.org" - બોલચાલની (સ્પોકન) સૌરાષ્ટ્રી માટેની નવી વેબસાઈટનું ઉદ્ઘાટન ઉપકુલપતિ પ્રોફ. ઉત્પલ એસ. જોશી દ્વારા થયું. પ્રોફ. એલ.આર. ગોવર્ધનન (પ્રમુખ, સાહિત્ય સત્સદ શૈક્ષણિક શાખા અને સચિવ, ગ્લોબલ સૌરાષ્ટ્રી એકેડેમી ટ્રસ્ટ)એ વેબસાઈટના વિષય વસ્તુનો વિડિયોમાં માર્ગદશન આપ્યું હતું. મુખ્ય મહેમાન ડો.કે.કે. જ્ઞાનપ્રભાકરન (પ્રમુખ, શ્રીમન નાયકી મંદિર) અને કે.કે. દિનેશ (પ્રમુખ, સૌરાષ્ટ્રિ ચેમ્બર્સ ઓફ કોમર્સ)એ ઓનલાઈન કોર્સના સફળતાને અભિનંદન પાઠવ્યા. મા. કુલપતિ પ્રો.ઉત્પલ જોશીના બે દિવસના મદુરાઈ પ્રવાસમાં તેઓએ સૌરાષ્ટ્રિ લોકોના ભક્ત કવિ એવા સંત ગોપલ નટન નાયકી સ્વામી મંદિરની વ્યવસ્થા સમિતિના નિમંત્રણથી દર્શન અને ડો.કે.કે. જ્ઞાનપ્રભાકરન, પ્રમુખ, નાયકિ મંદિર તથા સમિતિ સાથે મુલાકાત કરી હતી. નાયકિ મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા તેમના દ્વારા ચાલતા વેદિક અભ્યાસની માહિતી તથા શિક્ષાર્થી દ્વારા વેદિક ગાન અને પઠનનું સુંદર નિદર્શન કરવામાં આવેલ. ટ્રસ્ટીઓ દ્વારા કુલપતિને સૌરાષ્ટ્ર યુનીવર્સિટી દ્વારા વેદ અભ્યાસ અને કર્મકાંડ માટે અભ્યાસક્રમ શરૂ કરવા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું કેન્દ્ર તેમના મંદિર પરિસરમાં ખુલી શકે તે પણ આગ્રહ પૂર્વક વિનંતી કરવામાં આવી.

### સ્પંદન

ફૂલોમાં જાણે કેમ મહેકનો મીઠડો સ્વાદ,
તેમ મારા હૈયા માં તારી યાદોનો અનેરો આસ્વાદ...

હદય તો કર્યા જ કરે છે સતત ધબકાર અનેક,
પણ એ ધબકારની હુંફનું કારણ માત્ર એક...

આંખોને તો છે જ અશ્રુ સાથે અકબંધ નાતો,
ને ઈશારે આત્મિયતા તણી અનેક વાતો...

ગીતોમાં ગમગીન જાણે ગુલાબી એ ગાલ,
ને ભાવિની પ્રીતિ ભાંખતું રેખા ભરેલું ભાલ...

અનેક વિચારોમાં મગ્ન મારા ભ્રમરો,
ને તારી એક યાદ માત્રનાં આહવાનમાં સ્તબ્ધ મારા જીવનની રમતો...

ઘણું જ ગૂંગળાય, ને પાછું મુંઝાય એ મન મારું,
ઉજાસની સાથે અજવાસ લાવનાર એક સ્મરણ તારું...

જાણું છું સાવ નિ: શબ્દ જ છે તારા પ્રશ્નો,
પણ મારા મલકાતાં મૌન માં છૂપાયા છે સઘળાં જવાબો...

- પાયલ મહેતા

### કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૩૧-૦૭-૨૦૨૫ ગુરુવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૫ ગુજરાતી મુવી (ફક્ત પુરુષો માટે)
૦૨:૧૫ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રસમલાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.અર્ચના પીઠડીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૧૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુક્કુભાઈ)
૦૭:૧૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૧-૦૮-૨૦૨૫ શુક્રવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

### અબતક પંચાગ

**તા.૧-૮-૨૦૨૫ શુક્રવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** શ્રાવણ શુદ આઠમ આઠમની વૃધ્ધિતિથિ
**નક્ષત્ર** સ્વાતી
**યોગ** શુભ **કરણ:** ગર
**સુર્યોદય** ૬.૨૦ **સુર્યાસ્ત:** ૭.૨૬
**ચંદ્ર રાશી** તુલા
**રાશિ અક્ષર** ર.ત.
**દિશાશૂળ** પશ્ચીમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા** ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા** રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૭ થી ૧.૨૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

# દેશાણી મેડિકલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ફ્રી જનરલ નિદાન કેમ્પ યોજાયો



**અબતક,રાજકોટ**

જનહિત માટે કાર્યરત શ્રી દેશાણી મેડિકલ ચેરિટેબલ ટ્રસ્ટ અને રેયાંશ હોસ્પિટલના સહયોગથી આયોજિત મફત જનરલ નિદાન કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. શહેરના માનસરોવર વિસ્તારના ગૌરવ વિદ્યાલય પાસે યોજાયેલ આ કેમ્પમાં સાંપ્રત આરોગ્ય સમસ્યાઓથી પીડાતા અને જરૂરિયાતમંદ ૧૨૦થી વધુ દર્દીઓએ લાભ લીધો. કેમ્પની ખાસિયત એ હતી કે ડો. ઉવેશ પરમાર (જનરલ અને લેપરોસ્કોપિક સર્જન) દ્વારા વ્યક્તિગત નિદાન શરદી, તાવ, ઉધરસ, પેટના રોગો, બી.પી., ડાયાબિટીસ, ગાંઠો, હર્નિયા જેવા રોગોનું નિ:શુલ્ક નિદાન દર્દીઓને મફતમાં શૂગર અને બીપી ચેકઅપની સુવિધા, જરૂરી દર્દીઓનું પીએમજેવાય કાર્ડ હેઠળ ઓપરેશન માટે રજીસ્ટ્રેશન, વૃધ્ધો અને મહિલાઓ માટે વિશિષ્ટ અને અનુકૂળ વ્યવસ્થા કરાઈ હતી.

દર્દીઓએ નિ:શુલ્ક અને વ્યાવસાયિક આરોગ્ય સેવાઓ માટે ટ્રસ્ટ અને હોસ્પિટલનો આભાર વ્યક્ત કર્યો હતો. કેટલાક દર્દીઓ માટે અનિવાર્ય સર્જરી માટે આગામી તારીખો પણ નક્કી કરવામાં આવી છે. ટ્રસ્ટ દ્વારા કહેવામાં આવ્યુ છે કે આવનારા દિવસોમાં વધુ વિસ્તાર કવર કરીને આવા આરોગ્ય કેમ્પોનું આયોજન કરાશે.

શ્રી દેશાણી મેડિકલ ચેરિટેબલ ટ્રસ્ટ સતત જનહિત માટે કાર્યરત છે અને શહેરના સામાન્ય વર્ગના નાગરિકો સુધી ગુણવત્તાયુકત તબીબી સેવાઓ પહોંચાડવાનું ધ્યેય ધરાવે છે. આરોગ્ય જાગૃતિ અને સારવારની ઉપલબ્ધિ માટે આવનારા સમયમાં વધુ કેમ્પોનું આયોજન પણ કરવામાં આવશે. દર્દીઓએ વિશેષ સારવાર માટે રેયાંશ હોસ્પિટલ, માનસરોવર સોસાયટી, મહીધા રોડ, આજમ ખાં ચોકડી પાસે, રાજકોટ ખાતે રૂબરૂ આવીને પણ તબીબી તપાસ કરાવી શકે છે.

### સૂડોકુ -૬૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | | | | ૩ | | | |
| | | ૫ | | | | | | |
| | | | | ૭ | | | ૩ | |
| | | | | | | ૧ | | ૫ |
| | ૫ | ૪ | | ૯ | | | | |
| | | ૮ | ૪ | | | ૬ | | |
| | | | | ૩ | ૬ | ૫ | | |
| | | | | ૨ | | | | ૬ |
| | ૧ | | | | ૭ | ૨ | | ૯ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૬૨ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૯ | ૪ | ૭ | ૬ | ૮ | ૩ | ૫ |
| ૭ | ૫ | ૩ | ૧ | ૮ | ૯ | ૬ | ૨ | ૪ |
| ૮ | ૬ | ૪ | ૩ | ૫ | ૨ | ૧ | ૭ | ૯ |
| ૩ | ૮ | ૫ | ૯ | ૪ | ૭ | ૨ | ૧ | ૬ |
| ૨ | ૪ | ૭ | ૮ | ૬ | ૧ | ૯ | ૫ | ૩ |
| ૯ | ૧ | ૬ | ૨ | ૩ | ૫ | ૪ | ૮ | ૭ |
| ૬ | ૭ | ૮ | ૫ | ૨ | ૪ | ૩ | ૯ | ૧ |
| ૪ | ૩ | ૧ | ૭ | ૯ | ૮ | ૫ | ૬ | ૨ |
| ૫ | ૯ | ૨ | ૬ | ૧ | ૩ | ૭ | ૪ | ૮ |

### આવતીકાલનું રાશિફળ

**તા.૧.૮.૨૦૨૫, શુક્રવાર, સંવંત ૨૦૮૧, શ્રાવણ સુદ આઠમ, સ્વાતિ નક્ષત્ર, શુભ યોગ, વિષ્ટિ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ તુલા (ર,ત) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા મેળવી શકો, સામાજિક સ્વીકૃતિ પ્રાપ્ત થાય, શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ) :** સવાર બાજુનો સમય શાંતિથી વિતાવવા સલાહ છે, શત્રુઓથી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવું.

**મિથુન (ક,છ,ઘ) :** સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, તમારી અંદરની રચનાત્મકતાનો લાભ લઈ શકો.

**કર્ક (ડ,હ) :** જમીન-મકાન-વાહન સુખ સારું રહે, આરામદાયક દિવસ, સુખ સગવડ પ્રાપ્ત થાય.

**સિંહ (મ,ટ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** બેન્ક બેલેન્સ વધારી શકો, નાણાકીય આયોજન કરી શકો, પૈસા બાબત માં સારું રહે.

**તુલા (ર,ત) :** તમારા ક્ષેત્રમાં સફળતા મેળવી શકો, કાર્યસિદ્ધિ આપતો દિવસ, સમાજને કૈક કરી બતાવી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા પૈસા અટવાતા-ફસાતા જણાય, સિફતથી કામ લેવું ગુસ્સામાં આવી નિર્ણયો ના કરવા સલાહ છે.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે, નવા લોકો સાથે પણ સબંધ કેળવી શકો, પ્રગતિકારક દિવસ.

**મકર (ખ,જ) :** વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને અનુકૂળ સમય, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**કુંભ (ગ,સ,શ) :** ધ્યાન યોગ મૌનનો મહિમા સમજાય, પોઝિટિવ વિચારોથી સારું રહે, લાભદાયક દિવસ.

**મીન (દ,ચ,ઝ,થ) :** અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો.

### ક્યારેક સાવ અચાનક કોઈ વ્યક્તિમાં મોટા ફેરફાર જોવા મળે છે!!!

જન્મકુંડળીમાં આઠમું સ્થાન, આઠમી રાશિ વૃશ્ચિક અને કેતુ મહારાજ ટ્રાન્સફોર્મેશન આપનાર છે. જીવનમાં ઘણી વાર આપણે જોઈએ છીએ કે કોઈ વ્યક્તિમાં અચાનક મોટા ફેરફાર આવી જાય છે અને નાસ્તિક હોય એ આસ્તિક બની જાય કે આસ્તિક હોય એ નાસ્તિક બની જાય ક્યારેય વ્યક્તિ ખુબ પોઝિટિવ બની જાય તો ક્યારેક નેગેટિવ વિચારોમાં ગરકાવ થઈ જાય અને જીવનના નિર્ણયો સમજ્યા વિના લેવા માંડે ત્યારે અષ્ટમ ભાવની ઉર્જા લાગુ પડતી હોય છે.! મારા વર્ષોના અનુભવમાં મેં જોયું છે કે અષ્ટમની દશા કે અષ્ટમ જે ગ્રહ સાથે હોય તેની દશામાં આ પ્રકારે મોટા પરિવર્તન આવતા હોય છે. મહર્ષિ અરવિંદ જયારે જેલમાં હતા ત્યારે તેમના જીવનમાં મોટી ક્રાંતિ આવી અને તેમને આધ્યાત્મિક અનુભવ થયા તથા જીવનની દિશા ઈશ્વર તરફ જતી રહી!!આ સમય તેમને લગ્નેશ ની દશા ચાલી રહી હતી જેની સાથે અષ્ટમેશ શનિ બિરાજમાન હતા જેથી જીવનમાં અધ્યાત્મ તરફનું મોટી પરિવર્તન જોવા મળ્યું એ રીતે જ અનેક જાતક જ્યારે અષ્ટમની દશા માંથી પસાર થતા હોય ત્યારે મુશ્કેલી પછી જીવનની દિશા બદલાતી જોવા મળે છે જે જીવનમાં મોટા પરિવર્તન લાવનાર બને છે અને વ્યક્તિમાં થી એક અલગ જ વ્યક્તિત્વ ઉભું થતું હોય છે. આવા સમયે વ્યક્તિએ આત્માના ઊંડાણ સુધી જઈને મનોમંથન કરવું જોઈએ!



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

# લોકમેળાને સાંસ્કૃતિક કાર્યક્રમ-મ્યુઝીક કોન્સર્ટ ચાર ચાંદ લગાવી દેશે

## બાકી રહેતા ૧૪૩ સ્ટોલનો ફોર્મ ભરવાનો આજે છલ્લો દિવસઃ કાલથી બે દિવસ હરાજી થશે છતાંય સ્ટોલ ખાલી રહેશે તો કોર્પોરેશન, સામાજિક સંસ્થાઓ અને એનજીઓને સ્ટોલની ફાળવણી કરવામાં આવશે

**અબતક, રાજકોટ**

રાજકોટનો જન્માષ્ટમી લોકમેળો, જે સૌરાષ્ટ્રનો સૌથી મોટો અને લોકપ્રિય મેળો છે, તેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો મુખ્ય આકર્ષણોમાંનું એક છે. આ મેળો દર વર્ષે શ્રાવણ મહિનામાં જન્માષ્ટમીના અવસરે રેસકોર્સ મેદાન ખાતે યોજાય છે અને લાખો લોકોને આકર્ષે છે. આ મેળો ૧૪ થી ૧૮ ઓગસ્ટ દરમિયાન યોજાશે.રાજકોટ ખાતે વર્ષો યોજાતો લોકમેળો માટે તંત્ર દ્વારા તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.



પત્રકારો સાથેની વાતચીતમાં કલેક્ટર ડો.ઓમ પ્રકાશ જણાવ્યું હતું કે, આગામી લોકમેળાને ભવ્ય બનાવવા માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી હોવાની માહિતી આપવામાં આવી હતી. કલેક્ટર ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, લોકમેળામાં લોકોની મનોરંજન માટે અમદાવાદના વિખ્યાત અઘોરી ગ્રુપ સહિત કુલ પાંચ નામાંકિત કલાકારોને કાર્યક્રમ માટે બુક કરવામાં આવ્યા છે. આ પાંચેય કલાકારો પાંચ દિવસ સુધી લોકોને મંત્રમુગ્ધ કરી દે તેવું પર્ફોમિન્સ આપશે.

ગુજરાત ટુરીઝમ દ્વારા આયોજિત આ લોકમેળામાં કચ્છના લોકગાયક અનિરુદ્ધ આહીર, અમદાવાદનું અઘોરી ગ્રુપ, ફ્રૂઝૂ દવે, અલ્પા પટેલ, અને રાજ ગઢવી સહિતના નામી કલાકારો પોતાની કલાનો જાદુ પાથરશે.

દરમિયાન, રાજકોટ સિટી પ્રાંત ૧ દ્વારા જાહેરાત કરવામાં આવી છે. બાકી રહેલા ૧૪૩ સ્ટોલ માટે ફોર્મ જમા કરાવવાનો આજે છેલ્લો દિવસ છે. હવે પછી સ્ટોલ માટેના ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. આવતીકાલ, શુક્રવાર અને શનિવારના રોજ એમ બે દિવસ સ્ટોલ માટેની હરાજી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

વધુમાં કલેક્ટર ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, આવતીકાલ બાદ પણ જો પૂરતા ફોર્મ આવશે નહીં તો આગામી સમયમાં વિવિધ સંસ્થાઓ તેમજ કોર્પોરેશન દ્વારા વધારાના સ્ટોલની માગણી કરવામાં આવી છે તેમને પણ ફાળવવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે, ટૂંક સમયમાં જ સુધીમાં મેળાના શીર્ષક (નામ) માટેની ઘણી યાદીઓ આવી છે. ટૂંક સમયમાં જ લોકમેળાનું સત્તાવાર નામ જાહેર કરવામાં આવશે



**ગુજરાત ટુરીઝમ દ્વારા આયોજિત લોકમેળામાં કચ્છના લોકગાયક અનિરુદ્ધ આહીર, અમદાવાદનું અઘોરી ગ્રુપ, ફ્રૂઝૂ દવે, અલ્પા પટેલ, અને રાજ ગઢવી સહિતના નામી કલાકારો કલાનો જાદુ પાથરશે**

# હવેથી કલેક્ટર કચેરીમાં અઠવાડિયામાં ત્રણ દિવસ રેવન્યુ બોર્ડ મળશે

**અત્યાર સુધી બુધવાર-ગુરૂવારે બેઠક મળતી હવે શુક્રવારે પણ મળશે**

## કુલ ૨૩૧ જેટલા રેવન્યુ કેસોની સુનાવણી હાથ ધરવામાં આવી જેમાંથી ૭૧ જેટલા કેસોનો નિકાલ કરીને ઠરાવ ઉપર લવાયાઃ રાજવી પરિવારના જમીન તકરારના છ જેટલા કેસોનો પણ સમાવેશ



**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો.ઓમ પ્રકાશે થોડા દિવસ પૂર્વે ચાર્જ સંભાળ્યા બાદ અનેક મહત્વના નિર્ણયો લીધા છે. ત્યારે રેવન્યુ બોર્ડની કામગીરીમાં વેગ લાવવા માટે કલેક્ટર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવેથી રેવન્યુ બોર્ડ અઠવાડિયામાં બે દિવસને બદલે ત્રણ દિવસ કાર્યરત રહેશે. જો કે આ અઠવાડિયામાં શનિવારે વધારાની અપીલ બોર્ડની બેઠક મળશે જો કે ત્યાર બાદ આ બેઠકો દર અઠવાડિયે બુધવાર, ગુરુવાર અને શુક્રવારના રોજ યોજાશે.

કલેક્ટરે આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં કુલ ૨૩૧ જેટલા રેવન્યુ કેસોની સુનાવણી હાથ ધરવામાં આવી છે, જેમાંથી ૭૧ જેટલા કેસોનો નિકાલ કરીને તેમને ઠરાવ ઉપર લેવામાં આવ્યા છે. આ કેસોમાં રાજવી પરિવારના જમીન તકરારના છ જેટલા કેસોનો પણ સમાવેશ થાય છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જ્યાં સુધી રેવન્યુના તમામ પેન્ડિંગ કેસોનો નિકાલ નહીં થાય ત્યાં સુધી અઠવાડિયામાં ત્રણ દિવસ રેવન્યુ કેસોની સુનાવણી ચાલુ રાખવામાં આવશે. તત્કાલીન કલેક્ટર પ્રભવ જોશીની બદલીથી ૩૦૦થી વધુ કેસોના ઠરાવ પર સહી કરવાનું રહી ગયેલ છે તેવા આ કેસોમાં એક હિયરીંગની એક તક આપવા અરજદારોને નોટીસ આપવાનું શરૂ કરી દેવામાં આવેલ છે. કલેક્ટરના બોર્ડમાં આખરી સુનાવણી બાદ ઠરાવ પર કલેક્ટરની સહી થઈ શકી ન હોય આવા કેસોના અરજદારોની નવા કલેક્ટર ઓમપ્રકાશ વધુ એક સુનાવણી કરી નિર્ણય લેશે.

# સમયસર પરીક્ષા લેવા અને પરિણામ જાહેર કરવા કુલપતિનો આદેશ

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ખાડે ગયેલા પરીક્ષા વિભાગમાં ધરમૂળથી ફેરફાર લાવવા માટે બોર્ડ ઓફ એક્ઝામિનેશન એન્ડ ઈવેલ્યુએશનની એક બેઠક મળી





**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં છેલ્લા ઘણાં સમયથી પરિક્ષા વિભાગમાં ખુબ જ નબળી કામગીરી ધ્યાને આવી રહી છે. જેમાં પરિક્ષાનું સમય પત્રક અને પરિણામ જાહેર કરવા સુધીનાં કામમોમાં લોલમલોલ ચાલે છે. ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ખાડે ગયેલા પરીક્ષા વિભાગમાં ધરમૂળથી ફેરફાર લાવવા માટે બોર્ડ ઓફ એક્ઝામિનેશન એન્ડ ઈવેલ્યુએશનની એક બેઠક મળી હતી જેમાં કુલપતિ દ્વારા સમયસર પરીક્ષા યોજાય અને પરિણામો જાહેર થવામાં વિલંબ ન થાય તે માટે કડક નિર્ણય કરવામાં આવ્યા છે જેમાં યુનિવર્સિટી સંલગ્ન ચાર જિલ્લામાં ઉત્તરવહીનું મૂલ્યાંકન કરવા માટેનો ઠરાવ કરવામાં આવ્યો છે જ્યારે કોઈ અધ્યાપક દ્વારા પેપર ચેકીંગ કરવામાં આવ્યા બાદ પુનઃ મૂલ્યાંકનમાં ગુણમાં ફેરફાર આવે તો અધ્યાપક સામે દંડનાત્મક કાર્યવાહી કરવાની સાથે પરીક્ષાની કામગીરી માંથી ડીબાર્ટ કરવા સુધી સજાની જોગવાઈ કરવામાં આવી છે. જોકે આ વચ્ચે પણ એમ. એ. વિથ ઈંગ્લિશમા અભ્યાસ કરતા ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાયાના ૧૦૦ દિવસ બાદ પણ પરિણામ જાહેર ન થયાનું સામે આવ્યું છે.સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પરીક્ષા વિભાગના ઓએસડી નિલેશ સોની છેલ્લા એક મહિનાથી રજા ઉપર છે જેઓ પરીક્ષાની તમામ કામગીરી સુપેરે પાર પાડતા હતા પરંતુ હાલ તેઓ ન હોવાથી પરિણામો ખૂબ જ વિલંબથી જાહેર થઈ રહી છે. હાલ પરીક્ષા વિભાગનો ચાર્જ કેમેસ્ટ્રી ભવનના પ્રોફેસર ડો. મનીષ શાહ પાસે છે. જેઓને પરીક્ષા નિયામકનો ચાર્જ સંભાળવામાં કઈ રસ જ ન હોય તેવું લાગી રહ્યુ છે અને તેથી જ તેમને પરીક્ષા વિભાગની કોઈ પણ પ્રકારની કામગીરી જાણકારી હોતી નથી.

### સૌ.યુનિ. સંલગ્ન તમામ જિલ્લામાં પેપર ચેકીંગની વ્યવસ્થા ઉભી કરાશે

આજે કુલપતિ ડો. ઉત્પલ જોશીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં પરીક્ષાને લઈને મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવેલા છે. જેમાં હવે અધ્યાપક પેપર ચેકીંગ કરે ત્યારબાદ જો વિદ્યાર્થી તે પેપર ખોલાવે અને બાદમાં વિદ્યાર્થીના ગુણમાં વધારો થાય તો અધ્યાપક સામે કાર્યવાહી કરવા માટેના આદેશો થયા છે તો સાથે જ પરિણામો સમયસર જાહેર થાય તે માટે યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ ઉપરાંત જામનગર, મોરબી, અમરેલી અને સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રાન્ટેડ કોલેજમાં પેપર ચેકીંગ કરવામાં આવે તેવી વ્યવસ્થા હવે શરૂ કરવામાં આવશે.

# ગુજરાતમાં પશુ સારવારનો વ્યાપ વધ્યોઃ રૂ.૧૯.૯૮ કરોડના ખર્ચે ૩૧ નવી સંસ્થાઓનું ઈ-લોકાર્પણ

## પશુપાલન મંત્રી રાઘવજી પટેલે ટેકનિકલ સેમિનારનો કરાવ્યો શુભારંભ

**અબતક, રાજકોટ**

રાજ્યમાં પશુ સ્વાસ્થ્ય અને પશુપાલનને વેગ આપવા માટે આજે GNLU-ગાંધીનગર ખાતે ‘‘પરિવર્તનશીલ વિશ્વમાં પશુ સ્વાસ્થ્ય‘‘ વિષય પર એક દિવસીય ટેકનિકલ સેમિનારનો પ્રારંભ થયો. પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલે આ સમારોહનું ઉદઘાટન કરતાં, રાજ્યના ૧૦ જિલ્લામાં રૂ. ૧૯.૯૮ કરોડના ખર્ચે નવનિર્મિત કુલ ૩૧ પશુ સારવાર સંસ્થાનું ઈ-લોકાર્પણ પણ કર્યું.

આ પ્રસંગે મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિકોણથી ગુજરાતે પશુપાલન અને ડેરી ઉદ્યોગમાં દેશમાં આગવી ઓળખ ઊભી કરી છે. તેમણે ગર્વભેર જણાવ્યું કે, ભારતમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે ગુજરાત ચોથા ક્રમે છે, જેમાં વાર્ષિક ૧૮૩ મેટ્રિક ટન દૂધ ઉત્પાદન થાય છે. તેમણે પશુ આરોગ્ય સુવિધાઓ, કૃત્રિમ બીજદાન, રસીકરણ અભિયાન અને પશુ વીમા યોજના જેવી પહેલો દ્વારા રાજ્ય સરકારના પ્રયાસોને બિરદાવ્યા હતા. તેમણે ભારપૂર્વક કહ્યું કે આ સેમિનાર પશુપાલન ક્ષેત્રે ગુજરાતને વધુ અગ્રેસર રાખવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

કાર્યક્રમ દરમિયાન, રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળ કૃત્રિમ બીજદાનની તાલીમ પૂર્ણ કરનાર 217 MAITRI ટેકનિશિયનોને જરૂરી કીટ અને પ્રમાણપત્ર એનાયત કરાયા. આ ઉપરાંત, વેટરનરી કોલેજોના ૩૧ શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ‘‘સ્ટુડન્ટ ઓફ ધ યર‘‘ તરીકે સન્માનિત કરવામાં આવ્યા. સેમિનારમાં નિષ્ણાતો દ્વારા આધુનિક પશુ સારવાર અને પશુસંવર્ધન સહિત લમ્પી સ્કિન ડિસીઝ જેવા રોગચાળાના નિવારણ, સારવાર અને રસીકરણ અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પહેલો પશુપાલકો અને પશુધનના સ્વાસ્થ્ય માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.





# નેપાળી યુવા સાંસદો વિકાસ મોડેલ અને લોકશાહી કાર્ય પ્રણાલીથી પ્રભાવિત







**અબતક, રાજકોટ**

નેપાળના ફ્રી યૂથ ડેમોક્રેટિક ઓર્ગેનાઈઝેશનના ૧૪ સંસદ સભ્યોનું પ્રતિનિધિ મંડળ ૫મી ઓગસ્ટ, ૨૦૨૫ સુધી ગુજરાતના પ્રવાસે છે. આ પ્રવાસના ભાગરૂપે, તેમણે આજે ગુજરાત વિધાનસભાની મુલાકાત લીધી હતી, જ્યાં વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ મુલાકાત દરમિયાન, ભારત અને નેપાળ વચ્ચેના ભાવનાત્મક, આધ્યાત્મિક અને સુમેળભર્યા સંબંધો તેમજ સાંસ્કૃતિક આદાનપ્રદાન અંગે સાર્થક ચર્ચાઓ થઈ હતી.

## નેપાળના ફ્રી યૂથ ડેમોક્રેટિક ઓર્ગેનાઈઝેશનનું પ્રતિનિધિમંડળ ગુજરાત વિધાનસભાની મુલાકાતે

### ગુજરાતનો અવિરત વિકાસઃ નરેન્દ્ર મોદીના વિઝનનું પરિણામ

વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળથી ગુજરાતનો અવિરત વિકાસ થઈ રહ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ઉદ્યોગોના વિકાસ અને વાઈબ્રન્ટ સમિટ જેવા સફળ આયોજનો થકી ગુજરાતનું દેશના વિકાસમાં ખૂબ મોટું યોગદાન છે, જેના પરિણામે સમાજજીવનમાં પણ વ્યાપક બદલાવ આવ્યો છે. ચૌધરીએ ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમના કારણે રાજ્યના સૂકા વિસ્તારો સુધી પહોંચેલા પીવાના અને સિંચાઈના પાણીથી કૃષિ ક્ષેત્રે થયેલી અભૂતપૂર્વ પ્રગતિ અને ગ્રામીણ અર્થતંત્રમાં આવેલા પરિવર્તનને પણ રેખાંકિત કર્યું હતું.

### શિક્ષણથી સ્વચ્છતાઃ સામાજિક ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિઓ

અધ્યક્ષએ વધુમાં ઉમેર્યું કે, ગુજરાતની સહકારી સંસ્થા અમૂલને રાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી છે. શિક્ષણ ક્ષેત્રે ગગ્રજ્ઞ્બ, ડ્ઉઊગ્ર, ચિલ્ડ્રન યુનિવર્સિટી જેવી સંસ્થાઓ અને શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો દ્વારા મોટું પરિવર્તન આવ્યું છે. આ ઉપરાંત, બેટી બચાવો, સાક્ષરતા, સ્વચ્છતા જેવા વિવિધ અભિયાનો થકી ગુજરાતે સામાજિક ક્ષેત્રે પણ નોંધપાત્ર વિકાસ સાધ્યો છે.

### સાંસ્કૃતિક અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત

ભારત સરકારના વિદેશ મંત્રાલયના સહયોગથી આયોજિત આ પ્રવાસ દરમિયાન, નેપાળનું પ્રતિનિધિ મંડળ સાબરમતી આશ્રમ, એકતાનગર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી, અમૂલ ડેરી, સોમનાથ અને દ્વારકા સહિતના ગુજરાતના મહત્વના સ્થળોની પણ મુલાકાત લેશે. આ મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ સુદ્રઢ બનાવવામાં મદદરૂપ થશે.

### નેવાં સેવા કેન્દ્રથી પ્રભાવિત નેપાળી ડેલિગેશન

નેપાળના પાર્લામેન્ટ મેમ્બર રાજેન્દ્રપ્રસાદ પાંડેએ ગુજરાત વિધાનસભાની કામગીરીને ‘‘ખૂબ પ્રશંસનીય‘‘ ગણાવી હતી, ખાસ કરીને સાયન્સ એન્ડ ટેક્નોલોજીના માધ્યમથી ચાલતી પેપરલેસ સિસ્ટમ. તેમણે અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીનો આભાર માન્યો કે તેમણે તેમની ટીમને ભારતની લોકશાહી, સંસદીય કાર્યપ્રણાલી અને ગુજરાત મોડલ વિશે વિસ્તૃત માહિતી આપી. વિધાનસભાના ઈન્ચાર્જ સચિવ સી.બી. પંડયાએ ડેલિગેશનને ગૃહમાં મંત્રીઓ-ધારાસભ્યોની બેઠક વ્યવસ્થા, પ્રેસ અને વીવીઆઈપી ગેલેરી, સામાન્ય નાગરિકો માટેની બેઠક વ્યવસ્થા અને ગયટઅ સેવા કેન્દ્ર સહિતની પેપરલેસ કામગીરી વિશે માહિતગાર કર્યા.

# આજે નાની સાતમ: ૩૦૦ વર્ષ પ્રાચીન સ્વયંભૂ શીતળા માતા મંદિર આસ્થાનું ધામ

## શીતળા સાતમ એક દિવસનો મેળો: હજારો શ્રદ્ધાળુ દર્શનાર્થે આવે





**અબતક, રાજકોટ**

રાજકોટના બેડીપરા વિસ્તારમાં આવેલું શીતળા માતાજીનું એક અતિ પ્રાચીન મંદિર આસ્થાનું કેન્દ્ર બન્યું છે. આ મંદિર આશરે ૩૦૦ વર્ષ જૂનું હોવાનું મનાય છે, અને તેની સૌથી મોટી વિશેષતા એ છે કે, અહીં શીતળા માતાજી સ્વયંભૂ પ્રગટ થયા હતા. રાજકોટ શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે.

રાજકોટના બેડીપરામાં આવેલું આ સુપ્રસિદ્ધ શીતળા માતાજીનું મંદિર ફક્ત રાજકોટ જ નહીં, પરંતુ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ખૂબ જાણીતું છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર વર્ષ ૧૯૮૨માં કરવામાં આવ્યો હતો. આ પહેલા પણ અહીં શીતળા માતાજીનું મંદિર હતું, પરંતુ સ્થાનિક લોકોએ ફાળો એકઠો કરીને ભવ્ય જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. જીર્ણોદ્ધાર સમયે સપ્તાહનું પણ ભવ્ય આયોજન કરાયું હતું.

## બેડીપરા સ્થિત શીતળા માતાજીનું મંદિર સૌરાષ્ટ્રનું અનોખું સ્વયંભૂ પ્રાગટ્ય સ્થળ

### અમારી ત્રીજી પેઢી માતાજીની પૂજા-સેવા કરે છે: ધવલ ગોસ્વામી



અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે મંદિરના પૂજારી ધવલગોસ્વામીએ શીતળા માતાજીના મંદિર વિશે જણાવ્યું કે, ''આ મંદિર ઘણું જ પ્રાચીન છે. આજે અમારી ત્રીજી પેઢી માતાજીની પૂજા-સેવા કરે છે. પહેલા આ મંદિર નાનું હતું. બાદમાં આજથી ૪૨ વર્ષ પૂર્વે મંદિરનો જીર્ણોદ્ધાર કરાયો અને મંદિર શિખરબદ્ધ બનાવવામાં આવ્યું છે.'' તેમણે ઉમેર્યું કે મંદિરના પટાંગણમાં કાશી વિશ્વનાથ મહાદેવનું પણ મંદિર આવેલું છે, જ્યાં દરરોજ ભાવિકો મહાદેવજીને જલાભિષેક, દુગ્ધાભિષેક અને બીલીપત્ર ચડાવવા આવે છે. શીતળા સાતમના દિવસે અહીં ભવ્ય મેળો ભરાય છે, જેમાં અંદાજે ૧૦ થી ૧૫ હજાર લોકો દર્શનાર્થે આવે છે. માતાજીને કુલેરનો પ્રસાદ ધરવામાં આવે છે, જે બાદમાં શ્રદ્ધાળુઓમાં વિતરણ કરાય છે. પૂજારીએ કહ્યું કે, લોકોને માતાજી પર ઘણી જ શ્રદ્ધા છે. અહીં કોઈ બાળકોને આંખ થાય તો તેની માનતા રાખે છે અને જ્યારે બાળકને સારું થઈ જાય ત્યારે અહીં દર્શન કરાવવા આવે છે અને માતાજીને પ્લાસ્ટિકની આંખ અર્પણ કરે છે, જે લોકોની અખંડ શ્રદ્ધાનું પ્રતીક છે.



# તમે જે ફિલ્ડમાં હો એ ફિલ્ડમાં પારંગત બનો: અપૂર્વમુનિ સ્વામી

## બીએપીએસ સ્વામીનારાયણ મંદિરે બી ધ બેસ્ટ, ડુ ધ બેસ્ટ પોડકાસ્ટ દ્વારા અપૂર્વમુનિ સ્વામીએ યુવાનોએ આપ્યું પ્રેરણાદાયી માર્ગદર્શન




**અબતક, રાજકોટ**

રાજકોટ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર દ્વારા ૩૦ જુલાઈ, બુધવારના રોજ સાંજે ૪:૩૦ કલાકથી કાલાવડ રોડ સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે દ્વારા ધો. ૯ થી પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીના રજીસ્ટ્રેશન કરાવેલ છાત્રો માટે 'યુથ કોન્વેલસ' નું પ્રેરણાદાયી આયોજન કરવામાં આવ્યું હતું.

પવિત્ર શ્રાવણ માસમાં યોજાયેલ બીએપીએસ યુથ કોનકવેલ માં આવનાર તમામ છાત્રોએ ઠાકોરજીના દર્શન - અભિષેક કરી પ્રમુખસ્વામી સભાગૃહમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

કોન્કલેવની શરૂઆત વેદોના શાંતિપાઠ અને પ્રાર્થનાથી કરવામાં આવી. મંદિરના કોઠારી સંત પૂજ્ય બ્રહ્મતીર્થ સ્વામી અને પૂજ્ય અપૂર્વમુનિ સ્વામીએ દીપ પ્રાગટ્ય કરી કોન્કલેવનો શુભારંભ કરાવ્યો. ત્યારબાદ સિદ્ધિના શિખરો સર કરનાર રાજકોટ બીએપીએસના યુવક - યુવતીઓના પ્રેરક પ્રસંગોની પ્રેરણાત્મક પ્રસ્તુતિ યોજાઈ હતી જેમાં તેઓની સફળતા પાછળનું રહસ્ય પ્રશ્નોત્તરી દ્વારા જાણવા મળ્યું. એકાઉન્ટ, મેડિકલ, યોગ, કરાટે, ચિત્ર અને રંગોળી ક્ષેત્રે ઉજ્જવળ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર આ યુવકોને બિરદાવવામાં આવ્યા અને તેમની આ સફળતા



(અનુ. આઠમા પાને)

# સમ્પક, તટસ્થ અને નિર્લેપ ભાવ તંદુરસ્ત જીવનની ત્રિવિધ જડીબુટ્ટી: નારાયણનંદ સ્વામી

## રમણીક કુંવરબા વૃધ્ધાશ્રમના વડીલોએ દ્વારકાના શંકરાચાર્ય શારદાપીઠના નારાયણનંદ સ્વામીના સત્સંગનો લીધો ધર્મલાભ

**અબતક, રાજકોટ**

અખિલ હિન્દ મહિલા પરિષદ રાજકોટ શાખા સંચાલિત રમણીક કુંવરબા વૃદ્ધાશ્રમ ખાતે પધારેલા દ્વારકા શંકરાચાર્યજી શારદાપીઠના નારાયણનંદ સ્વામીજીએ આશ્રમ નિવાસી વડીલો સાથે સાત્વિક સત્સંગ દ્વારા ધર્મલાભ આપ્યો હતો. નારાયણ નંદસ્વામીજીએ તેમની દિવ્ય વાણીમાં સમ્યક ભાવ તટસ્થ ભાવ અને નિર્લેપભાવ તંદુરસ્ત જીવન માટે ની ત્રિવિધ જડીબુટ્ટી છે તેમ જણાવ્યું હતું.



અખિલ હિન્દ મહિલા પરિષદના પ્રમુખ ભાવના જોશીપુરા અને મહિલા પરિષદના બહેનો તેમજ રાજકોટ શહેરના વિવિધ મહિલા સંગઠનના અગ્રણીઓએ સ્વામી નારાયણનંદજીનું ભાવપૂર્ણ સ્વાગત કર્યું હતું.

પૂજ્ય નારાયણ નંદસ્વામીજીની મુલાકાત સમયે રાજકોટના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અખિલ હિન્દ મહિલા પરિષદના મંત્રી પ્રવિણા જોશી, માર્ગદર્શક મંડળના સભ્યો ડો. વેલેન્ટિના ઉમરાણીયા,

(અનુ. આઠમા પાને)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આંતર ચેસ ટુર્નામેન્ટનો પ્રારંભ

## આજથી ઈન્ટર કલાસ સ્પર્ધા શરૂ: સોમવારે ફાઈનલ ટુર્નામેન્ટમાં સ્પર્ધકો ભાગ લેશે: યુનિવર્સિટીની ૧૩૦ થી વધુ કોલેજના ભાઈ-બહેનો સ્પધામાં ભાગ લેશે: પ્રથમવાર ભાઈઓ-બહેનો માટે ચેલેન્જ ગેમનું આયોજન



રિપોર્ટર:- અરૂણ દવે
કેમેરામેન:- જય વ્યાસ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આંતર કોલેજ ચેસ ટુર્નામેન્ટનું આયોજન સોમવારે સવારે એમ.જે. કુંડલીયા આર્ટસ એન્ડ કોમર્સ મહિલા કોલેજ ખાતે યોજવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ૧૩૦ થી વધુ કોલેજના ભાઈઓ-બહેનો ભાગ લેશે. આજથી જ ચાર દિવસ માટે ઈન્ટર કલાસ ટુર્નામેન્ટ શરુ કરવામાં આવી હતી. જેમાં ૨૦ વર્ષથી આ ક્ષેત્રે ભાગ લેતા અને નેશનલ ચેસ પ્લેયર અને રાજકોટ ચેમ્પિયન ડો. દિપમાલાબેન ચંદે હાજર રહીને સ્પર્ધકોને માર્ગદર્શન આપેલ હતું.

### કોલેજ છાત્રોમાં ચેસ ટુર્નામેન્ટનો અનેરો ઉત્સાહ: ડો. અલ્કાબેન જોશી



મીનાબેન કુંડલીયા મહિલા કોલેજના પ્રોફેસર ડો. અલ્કાબેન જોશીએ 'અબતક' સાથેની વાતચિતમાં જણાવેલ કે આ સ્પર્ધાનો કોલેજ છાત્રોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ માનસિક ગેમ હોવાથી કોલેજ છાત્રોમાં ઘણા બધા ગુણોનો વિકાસ થઈ શકે છે. આ વખતે પ્રથમવાર આ સ્પર્ધામાં ચેલેન્જ ગેમ રમાડાશે.

મીનાબેન કુંડલીયા મહિલા કોલેજ રાષ્ટ્રીય શાળા ખાતે આ યોજાનાર સ્પર્ધામાં વાઈસ ચાન્સલર ડો. ઉત્પલ જોશી, ડાયરેકટર ઓફ સ્પોર્ટસ, ડો. હરેશ રાબા સહીતના માર્ગદર્શન આપી રહ્યા છે. સમગ્ર આયોજનમાં કોલેજનાં પ્રિન્સીપાલ નીલુબેન લાલચંદાણી, ડો. અલ્કાબેન

(અનુ. આઠમા પાને)

## મદનમોહન પુષ્ટિમાર્ગીય હવેલી ખાતે

# વરસતા વરસાદે, પક્ષીઓના કલબલાટ સાથે રવિવારે સાવનભાદોની રંગીન સંધ્યા

## અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં આયોજકોએ સમગ્ર માહિતી આપી



**અબતક, રાજકોટ**

રાજકોટની વૈષ્ણવ સૃષ્ટિ માટે એક ભવ્ય અને અલૌકિક અવસર આવી રહ્યો છે! વ્રજધામ ગ્રુપ દ્વારા મદનમોહન પ્રભુના સુખાર્થે ''સાવન ભાદો''ના દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૩ ઓગસ્ટ, ૨૦૨૫, રવિવાર ના રોજ બપોરે ૬ થી ૮ વાગ્યા દરમિયાન આ અલૌકિક ઝાંખીના દર્શનનો લાભ લઈ શકાશે, અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં અશ્વિન વડગામા, પિયુષ અઘેરા, અનિલ સિનરોજા, કેતન આડેસરા અને હકાભાઈ ખૂંટ દ્વારા વધુ વિગતો આપવામાં આવી હતી. આ દિવ્ય કાર્યક્રમમાં વ્રજેરાકુમારજી મહારાજ, અનિરુદ્ધલાલજી અને રસેશ કુમારજી જેવા પૂજ્ય સંતોનું સાનિધ્ય પ્રાપ્ત થશે. ''સાવન ભાદો'' કાર્યક્રમ અંતર્ગત ઘનઘોર વરસાદી વાતાવરણ, વીજળીના કડાકા-ભડાકા અને પક્ષીઓના કલરવ વચ્ચે પૂર્ણ પ્રસન્નતામાં બિરાજતા મદનમોહન પ્રભુની અલૌકિક ઝાંખીનો અનેરો આનંદ માણવા મળશે. વ્રજધામ ગ્રુપ સમગ્ર રાજકોટની વૈષ્ણવ સૃષ્ટિને હૃદયથી આ દિવ્ય દર્શનનો લાભ લેવા માટે આમંત્રિત કરે છે.આ અલૌકિક ઝાંખીને સાકાર કરવા માટે વ્રજધામ ગ્રુપના ગોવિંદભાઈ દાવડા, હિતેશભાઈ રાજપરા, સુભાષભાઈ શીંગાળા, હર્ષદભાઈ ફીચડીયા, ગૌરવભાઈ આડેસરા, વિપુલભાઈ કંસારા, સમીરભાઈ શીંગાળા, અશ્વિનભાઈ વડગામા, જતીનભાઈ પારેખ, ભરતભાઈ કોઢિયા તેમજ સજાવટ ગ્રુપના સુધીરભાઈ આડેસરા, અશ્વિનભાઈ મણીયાર, રાજુભાઈ મણીયાર, ભાવેશભાઈ ઝીંઝુવાડીયા, કેયુર રાણપરા, અભિષેક પટેલ, મનહરભાઈ ધીણોજા અને શશીભાઈ અઘેરા જેવા કાર્યકર્તાઓ તન-મનથી સેવા આપી રહ્યા છે.

# શિક્ષણ એટલે કેવળ ભણતર નહીં, ઘડતર પણ: ધારાસભ્ય રમેશ ટીલાળા

## ધારાસભ્ય રમેશ ટીલાળાએ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓના આચાર્ય અને મેનેજમેન્ટ કમિટી સાથે વાર્તાલાપ



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના વિધાનસભા ૭૦ હેઠળ આવતી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓના આચાર્યો અને સ્કૂલ મેનેજમેન્ટ કમિટી ના સભ્યો સાથે એક વિશેષ વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય રમેશ ટીલાળાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષણની ગુણવત્તા સુધારવા અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવાનો હતો.આ વાર્તાલાપમાં શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પૂજારા, વાઈસ ચેરમેન ડો. પ્રવીણભાઈ નિમાવત, સદસ્યો જયદીપભાઈ જલુ, વિક્રમસિંહ જાડેજા,

(અનુ. આઠમા પાને)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના છાત્રોની નેટ જીસેટ પરીક્ષામાં ઝળહળતી સફળતા: સીસીડીસી બન્યું પ્રેરણાસ્ત્રોત

## નેટ સ્લેટ કોચીંગ સેન્ટરના ૮ છાત્રો અને હિન્દી ભવનમાંથી ૧ છાત્રએ નેટ પરીક્ષા પાસ કરી ગૌરવ વધાર્યુ



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું કેરિયર કાઉન્સેલિંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર સી.સી.ડી.સી. અંતર્ગત ચાલતા નેટ-સ્લેટ તાલીમ કેન્દ્રમાં જનરલ પેપર ૧ ની નિઃશુલ્ક તાલીમ અને જુદા-જુદા ૨૯ અનુસ્નાતક ભવનો મારફત વિષયના પેપર-૨ ની નિઃશુલ્ક તાલીમ વિદ્યાર્થીઓને મળી રહે તે માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ અને કુલ સચિવના માર્ગદર્શન હેઠળ ટીમ સી.સી.ડી.સી. અને ૨૯ અનુસ્નાતક ભવનોના વડાઓ તથા અધ્યાપકોએ છેલ્લા ઘણા વર્ષોથી કમર કસી વધારાના કલાકો કાર્ય કરી વિદ્યાર્થીઓને અધ્યાપક થવા માટે જરૂરી પરીક્ષા માટે માર્ગદર્શન આપી રહ્યા છે. વિદ્યાર્થીઓ પણ અધ્યાપકોના આ અમૂલ્ય પરિશ્રમને પ્રોત્સાહિત કરતા હોય તેમ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી દર વર્ષે નેટ તથા જીસેટ પરીક્ષામાં ગુજરાત રાજ્યમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને પરિણામમાં પ્રથમ ક્રમે મૂકી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ડંકો વગાડી રહ્યા છે યુનિવર્સિટીના કાર્યની નોંધ લઈ તાજેતરમાં જ દાખલ કરાયેલ યુનિવર્સિટી કોમન એક્ટમાં પણ દરેક યુનિવર્સિટીમાં સીસીડીસી પ્રકારની પ્રવૃત્તિઓને ફરજિયાત કરાયેલ છે.

યુજીસી - એનએફટી એ ભારતીય યુનિવર્સિટીઓ અને કોલેજોમાં જુનિયર રિસર્ચ ફેલોશિપ એવોર્ડ, આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકેની નિમણૂક અને પીએચ.ડી. માં પ્રવેશ માટેની પાત્રતા નક્કી કરવા માટેની કસોટી છે. તેમાં લાખોની સંખ્યામાં છાત્રો પરીક્ષા આપે છે અને દેશની ટોપ મોસ્ટ પરીક્ષામાં જેની ગણતરી થાય છે તેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નેટ-સ્લેટ કોચીંગ સેન્ટરનાં ૦૮ છાત્રોએ અને હિન્દી ભવનમાંથી ૦૧ છાત્રએ નેટ પરીક્ષા પાસ કરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અભ્યાસક્રમ તેમજ તાલીમને પુરસ્કૃત કરેલ છે.

શિક્ષણ જગતમાં સૌથી

(અનુ. આઠમા પાને)

# રોયલ વેલનેશ સ્પાના સંચાલકે થેરાપિસ્ટ મહિલા પર દુષ્કર્મ ગુજાર્યો

## પંચાયત ચોક નજીક આવેલ સ્પાના માલિક ભરતે બોડી મસાજ કરતી મહિલાને બળજબરીપૂર્વક ટેબલ પર સુવડાવી દેહ ચૂંથ્યો

## કોઈને વાત કરીશ તો તારા પુત્રને જાનથી મારી નાખીશ કહી ધમકી આપી

## પીડિતા અન્ય સ્પામાં કામે લાગી જતાં આરોપીએ ત્યાં ઘસી જઈ ફડાકા ઝીંક્યા : યુનિવર્સિટી પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

રાજકોટમાં સ્પાનો સંચાલક હવસખોર બન્યો હોય તેમ મહિલાને બળજબરીથી ટેબલ પર સુવડાવી દુષ્કર્મ આચરતાં ચકચાર મચી ગઈ હતી. પંચાયત ચોક પાસે આવેલ રોયલ વેલનેસ સ્પાના માલિક ભરત નામના શખ્સે સ્પામાં બોડી મસાજના કામે આવતી મહિલાને મારે સેક્સ જ કરવું છે કહીં દેહ ચૂંથી વાત કોઈને કહીશ તો પુત્રને મારી નાંખવાની ધમકી આપી હતી. તેમજ મહિલા અન્ય સ્પામાં કામે લાગી જતાં આરોપીએ ત્યાં ઘસી જઈ ફડાકા ઝીંકતા યુની. પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે રાજકોટ શહેરમાં રહેતા ૪૦ વર્ષીય પરિણીત મહિલાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે રાજકોટમાં પંચાયત ચોક પાસે આવેલ રોયલ વેલનેસ સ્પાના માલિક ભરત નામના શખ્સનું નામ આપતા યુનિવર્સિટી પોલીસે દુષ્કર્મ સહિતની અલગ અલગ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે તેણે તેના પતિ અને પુત્ર સાથે રહે છે તેમ જ તે જીવન નિર્વાહ કરવા માટે યુની. રોડ પર પંચાયત ચોક પાસે આવેલ શાંતિનિકેતન પાર્ક શેરી નંબર એકની સામે શ્રીજી કૃપા બિલ્ડિંગમાં આવેલ રોયલ વેલનેસ સ્પામાં કામ કરે છે. જે સ્પાનો માલીક ભરત નામનો વ્યક્તિ છે.

ગઈ તા.૩૦-૦૪ ના તે સવારના આશરે દસેક વાગ્યા બાદ વેલનેસ સ્પામાં નોકરી પર ગયેલ હતી અને ત્યાં તેણી બોડી માસજનું કામ કરે છે. ત્યારે ભરત ત્યાં આવેલ અને જણાવેલ કે, મારે બોડી મસાજ મસાજ નથી કરવું, મારે સેક્સ કરવું છે, જેથી તેણી આવું કામ નથી કરતી તેમ કહેતાં આરોપી ઉશ્કેરાયો હતો અને તેણીને બળજબરીથી પકડીને ત્યાં રહેલ ટેબલ પર ધરાવીથી સુવડાવી દીધેલ અને તેણીની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ હતો. તેમજ તેણી ત્યાંથી જતી હતી ત્યારે આરોપીએ ધમકી આપેલ કે, આ વાતની જાણ કોઈને કરીશ તો તને તેમજ તારા દીકરાને રાજકોટમાં નહીં રહેવા દઉં. તેમજ બીજા દિવસે આરોપીએ મહિલાને તેના સ્પા ખાતે બોલાવેલ અને આરોપીની બીજી સ્પાની બ્રાન્ચ બિગ બજાર પાસે આવેલ હોય ત્યાં તેણીને લઈ ગયેલ હતો.

ત્યાં આરોપીએ મહિલાને અફીણની ગોળી બતાવેલ અને જે ખાવાથી મજા આવશે તેવું જણાવેલ હતું. જેથી ડઘાઈ ગયેલ મહિલાએ ના પાડેલ હતી અને તેણી ડરી જતા તેના ઘરે જતી રહેલ હતી.

જે બાદ ફરીયાદી મહિલા બીજી જગ્યાએ આવેલ સ્પાર્ક વેલનેસ સ્પામાં નોકરી પર લાગી ગયેલ હતી અને ત્યાં તેણી હાજર હતી ત્યારે આરોપી ત્યાં પણ ઘસી આવ્યો હતો અને મહિલાને કહેલ કે, તે મારી સ્પામાં નોકરી કેમ મૂકી દીધેલ તેમ કહીં ઉશ્કેરાઈ જઈ બેફામ ગાળો આપી ફડાકા ઝીંકી દિધેલ હતાં.

તેમજ તું બહાર નીકળ એટલે તને પતાવી દેવી છે અને તું રાજકોટ છોડીને નહીં જા તો તને અને તારા પતિ અને પુત્રને મારી નાંખીશ ધમકી આપી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે ગુનો નોંધી આરોપી ભરત નામના શખ્સને પકડી પાડવા તજવીજ આદરી હતી.

## દેહ ભૂખ્યા શખ્સે ફરીવાર હવસ સંતોષવા બીજા દિવસે પણ અફીણની ગોળી બતાવી તે ખાવાથી મજા આવશે કહીં શિયળ લૂંટવાનો ફરીવાર પ્રયાસ કર્યો

# જિલ્લાભરમાંથી વાહન ઉઠાવી જતો સગીર ઝડપાયો: ચાર ગુનાના ભેદ ઉકેલાયા

## રૂ. ૧.૦૫ લાખના વાહનો સાથે નકળંગ આશ્રમ રોડ પરથી સગીરને દબોચી લેવાયો : વીરપુરના અરવિંદ ટકાની શોધખોળ

## જેતપુરના નવાગઢ, દાસીજીવણપરા, જનતાનગર, ગોંડલમાંથી વાહન ચોરી જયારે નવાગઢ અને જૂનાગઢના વડાલ ગામેથી કેબલ ચોરી કર્યાની કેફીયત

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાભરમાં બાઈક ચોરીને અંજામ આપતાં સગીરને જેતપુરના નકળંગ આશ્રમ રોડ પરથી ચોરાઉ બાઈક સાથે ઝડપી લેવાયો હતો. જે બાદ સગીરે ગોંડલ, જેતપુર પંથકમાંથી અલગ અલગ સમયે ચાર વાહનો ચોરી ગયાની જયારે જેતપુરના નવાગઢ અને જૂનાગઢના વડાલ ગામેથી કેબલ ચોરી કર્યાની કેફીયત આપી હતી. જેતપુર પોલીસે રૂ. ૧.૦૫ લાખની કિંમતના ચાર વાહનો કબ્જે કરી વીરપુરના અરવિંદ ઉર્ફે ટકાની શોધખોળ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં મિલ્કત સંબંધી ગુનાઓ તાત્કાલિક ડિટેક્ટ કરવાની જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ અને ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયાની સૂચનાને પગલે જેતપુર સીટી પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ ડો. એમ એમ ઠાકોરની રાહબરી હેઠળ જેતપુર સીટી પોલીસ તથા જેતપુર ઉદ્યોગનગર પોલીસની ટીમ મિલકત સંબંધી ગુનાઓ કરતા ગુનેગારોને શોધી કાઢવા પ્રયત્નશીલ હતી. દરમિયાન જેતપુરના નકળંગ આશ્રમ રોડ પર એક શખસ ચોરાઉ બાઈક સાથે હાજર હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે બાઈક સાથે એક શખ્સને પકડી પાડી પૂછપરછ કરતા તસ્કર બાળ સગીર હોવાનું સામે આવ્યું હતું. તેમજ બાઈક અંગે આધાર પુરાવા માંગતા બાળ સગીરે સંતોષકારક જવાબ ન આપતા પોલીસે સઘન પૂછપરછ કરી હતી.

બાદ બાળ સગીરે રૂ.૨૭ હજારની કિંમતનું બાઈક સાત દિવસ પહેલા જેતપુરના નવાગઢ રોડ બશેરાના પાર્કિંગમાંથી ચોરી કર્યાની કબુલાત આપી હતી. બાદમાં પોલીસે બાળ સગીરના પિતાની હાજરીમાં મૌખિક પૂછપરછ કરતા વીરપુરમાં બસ સ્ટેન્ડ પાછળ આવેલ ઝૂંપડપટ્ટીમાં રહેતો સહ આરોપી અરવિંદ ઉર્ફે ટકો રાઠોડ સાથે મળી અન્ય ત્રણ બાઈક જેતપુર શહેર, જેતપુર ઉદ્યોગનગર અને ગોંડલમાંથી ચોરી કરી ઈદગાહ ગ્રાઉન્ડમાં અવાવરૂ સ્થળે રાખી હોવાની કબૂલાત આપી હતી.

બાળ સગીર અને સહ આરોપીએ સાથે મળી સાત દિવસ પહેલા ચાર બાઈક ચોરી કર્યા હતા. જેમાં જેતપુરના દાસીજીવણપરામાંથી રૂ.૧૫ હજારની કિંમતનું બાઈક, રૂ.૨૦ની કિંમતનું બાઈક બપોરના સમયે ગોંડલમાં આવેલ દરગાહ પાસે જાહેર રોડ ખાતેથી રૂ.૫૦ હજારની કિંમતનું બાઈક, જેતપુરના જનતાનગર કેનાલ કાંઠે આવેલ બંધ કારખાનામાંથી અને જેતપુર નવાગઢ રોડ રેઈન બશેરાના પાર્કિંગમાંથી રૂ.૧૫ હજારની કિંમતનું બાઈક ચોરી કર્યાની કબુલાત આપી હતી.

પોલીસે કુલ રૂ.૧,૦૫,૦૦૦ ની કિંમતના ચાર ચોરાઉ બાઈક કબજે કરી બન્ને વિરુદ્ધ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી અન્ય સહ આરોપીની શોધખોળ શરૂ કરી હતી.

આ સિવાય આઠ દિવસ પહેલા બંને શખસોએ જેતપુર તાલુકાના પેઢલા ગામની સીમની ત્રણ વાડીમાંથી કેબલ ચોરી અને ૧૫ દિવસ પહેલા જુનાગઢ તાલુકાના વડાલ ગામની સીમની બે વાડીમાંથી કેબલ ચોરી કર્યા હતા.

આ કામગીરીમાં જેતપુર સીટી પોલીસ સ્ટેશનના પીઆઈ ડો. એમ એમ ઠાકોર, એસ જી રાઠોડ, એ.એસ.આઈ ભાવેશભાઈ ચાવડા, મિલનસિંહ ડોડીયા, પોલીસ કોન્સ્ટેબલ સાગરભાઈ મકવાણા, પોલીસ કોન્સ્ટેબલ શક્તિસિંહ ઝાલા, લાખુભા રાઠોડ, અમિતભાઈ સિદ્ધપરા ભગીરથસિંહ જાડેજા, પ્રદીપભાઈ આગરીયા અને જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ રિઝવાનભાઈ સિંજાત, વાસુદેવસિંહ જાડેજા અને પોલીસ કોન્સ્ટેબલ ચેતનભાઈ રાઠોડ સાથે રહ્યા હતા.


વા.ન.પા.જા.નિ.નં.૧૮/૨૦૨૫-૨૬.

**-:: વાંકાનેર નગરપાલિકા કચેરી ::-**

**-:: જાહેર નિવિદા ::-**

આથી વાંકાનેર શહેરની જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, શ્રાવણ માસ નિમિત્તે શ્રી નાગાબાવાજીનાં મંદિર સામે આવેલ મેદાન માં શ્રાવણ વદ સાતમ, આઠમ, નૌમ, દશમ, અગ્યારસ તા.૧૫/૦૮/૨૦૨૫ થી તા.૧૯/૦૮/૨૦૨૫ સુધી ધાર્મિક મેળા નું આયોજન કરવામાં આવનાર છે. આ મેળાનાં સંચાલન અંગે તા.૦૨/૦૮/૨૦૨૫ નાં રોજ જાહેર હરરાજી સવારે ૧૨:૦૦ કલાકે નગરપાલિકા કચેરી ખાતે રાખવામાં આવેલ છે. આ હરરાજી માં ભાગ લેવા ઈચ્છતા આસામીઓ/અરજદારો એ નગરપાલિકામાં અનેસ્ટમની ની રકમ રૂા.૫૦૦૦/-(નોન રીફન્ડેબલ) ભરપાઈ કરી જાહેર હરરાજીમાં ભાગ લઈ શકશે. તેમજ ડીપોઝીટ પેટે રૂા.૧,૦૦,૦૦૦/- જમા કરાવવાનાં રહેશે. અન્યથા હરરાજીમાં ભાગ લઈ શકશે નહી. આ મેળાના સંચાલન અંગેની અપસેટ પ્રાઈઝ રૂા.૩,૧૦,૦૦૦/- અંકે રૂપિયા ત્રણ લાખ દશ હજાર નકકી કરવામાં આવેલ છે.

**નોંધ :** સદરહુ કામગીરી માટે આવેલ ભાવો મંજુર નામંજુર કે રદ કરવા અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધીત રહેશે.

**ડીમ્પલબેન એચ. સોલંકી**
**પ્રમુખ**
**વાંકાનેર નગરપાલિકા**

**ગીરીશકુમાર આર. સરૈયા**
**મુખ્ય અધિકારી**
**વાંકાનેર નગરપાલિકા**

માહિતી -રાજ-૬૫૭-૨૫-૨૬


# તું મારી સામે કાવો કેમ મારે છે કહેતા શાપરમાં યુવાન પર ત્રણનો છરી વડે હુમલો

## પિતા-પુત્રોએ પથ્થરના ઘા ઝીંક્યા બાદ યુવકને પકડી રાખી છરી હુલાવતા ઈજા: શાપર(વે.) પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલ શાપર વેરાવળમાં યુવાનને રીક્ષાચાલક પિતા-પુત્રોએ છરીના ઘાં ઝીંકી દીધાનો બનાવ સામે આવ્યો છે. પગપાળા ઘરે જઈ રહેલા યુવાન પાસેથી રીક્ષાનો કાવો મારીને નીકળેલા ચાલકને ટપારવા જતાં યુવકને માર મરાયો હતો. મામલામાં શાપર પોલીસે પિતા-પુત્ર ત્રિપુટી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

શાપર(વે.)માં ગંગા ગેઈટ નજીક મફતિયાપરામાં રહેરતા વિજયભાઈ મોહનભાઈ સોલંકી નામના ૨૩ વર્ષીય યુવાને શાપર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રાહુલ વિનુ મારવાડી, અનિલ વિનુ મારવાડી, વિનુ મારવાડીનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગત તા. ૩૦/૦૭/૨૦૨૫ના સાંજના આશરે છ વાગ્યે હું શાપર ખાતે પાણીપુરી ખાઈને મારા ઘરે ચાલીને જતો હતો. ત્યારે ગોદાવરી ગેટ પાસે પહોંચેલ તે વખતે ગેટની અંદર જતા રસ્તા પર સામેથી રાહુલ વિનુભાઈ મારવાડી ઓટો રીક્ષા લઈને આવેલ અને મારી સામે રીક્ષાનો કાવો મારેલ હતો. જેથી મેં કહેલ કે, તું મારી સામે રીક્ષાનો કાવો કેમ મારે છે તેમ કહેતા રાહુલ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને રીક્ષા સાઈડમાં રાખી મારી પાસે આવી ઝગડો કરવા લાગેલ હતો. બાદ અમારા બંને વચ્ચે ઝપાઝપી થયેલ હતી. બાદ રાહુલે ફોન કરી તેના ભાઈને બોલાવ્યો હતો. થોડીવારમાં રાહુલનો ભાઈ અનીલ મારવાડી અને રાહુલના પિતા વિનુ મારવાડી ધસી આવ્યા હતા અને ત્રણેય પિતા-પુત્રોએ મને બેફામ ગાળો ભાંડી હતી. બાદ વિનુ મારવાડી અને અનિલ મારવાડીએ મને પકડી રાખી છુટા પથ્થરના ઘા મારવા લાગ્યા હતા. જેથી મને માથામાં ડાબી બાજુ પથ્થરનો ઘાં વાગી ગયો હતો. બાદ રાહુલ છરી કાઢી મને મારવા જતા મેં છરી પકડી લેતા મને જમણા હાથની ટચલી આંગળીની બાજુમાં છરી વાગી ગઈ હતી. મને માથામાં તથા આંગળીમાં ઈજા થતાં હું બેભાન થઈ ત્યાં જ પડી ગયો હતો. બાદ કોઈક મારા જાણ કરતા મારા પિતા મોટરસાયકલ લઈને આવેલ અને મને મોટરસાયકલમાં બેસાડી શાપર સરકારી દવાખાને લઈ ગયેલ હતા. બાદ ત્યાંથી પ્રાથમિક સારવાર લઈ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો.

બનાવને પગલે શાપર પોલીસે યુવાનની ફરિયાદ પરથી ત્રણેય પિતા-પુત્રો વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. જયારે સામાપક્ષે રાહુલ વિનુભાઈ રાણા પણ સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં દાખલ થયો હતો. તેણે આક્ષેપ કર્યો હતો કે, ગઈકાલે ગોદાવરી ગેટ પાસે સાંજે ૫/૩૦ વાગ્યે અજાણ્યા શખ્સોએ તેને આંતરી હુમલો કર્યો હતો.


**Rajkot Municipal Corporation**
**e-Tender Notice**

Rajkot Municipal Corporation, Engineering Department, Shri Ambedkar Bhavan, Dhebarbhai Road, Rajkot - 360001 invites e-Tenders on percentage rate basis with two bid system from experienced contractors registered in appropriate class with GWSSB OR State / Central Government for the work detailed below:

| Sr | Name of work |
|---|---|
| 1 | SUPPLY AND FIXING OF INTER LOCKING PAVING BLOCKS ON SIDE SHOULDER AND FOOTPATH AT SAHAKAR MAIN ROAD AND NAHERUNAGAR 80 FEET ROAD ON BOTH SIDE. (WARD NO-17) (3rd Attempt) (ECV Rs.1,95,22,060/- Without GST) |

The last date for downloading and submission of online e-Tenders at www.tender.nprocure.com is 14/08/2025. For more details please visit http://www.rmc.gov.in/rmcwebsite/tender.aspx.

**Addl. City Engineer**


### ખાનગી વ્યાજના ચક્કર અને બેન્કના ધક્કાથી બચવા

# પ્ર. નગર પોલીસ આયોજિત લોન મેળામાં ૬૦ લાભાર્થીને અપાયું માર્ગદર્શન

## ૧૫ અરજદારોની લોન અરજી અને બે સામે લાયસન્સ વિના ધિરાણની ફરિયાદ નો પોલીસે કર્યો સ્થળ પર જ નિકાલ

**અબતક, રાજકોટ:** આર્થિક જરૂરિયાતના સમયમાં લોકોને સમયસર લોન મળી રહે અને ખાનગી વ્યાજ ના ચક્કરમાં ન પડવું પડે તે માટે પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં યોજાયેલા લોન મેળામાં ૧૫ અરજદારોની લોન અરજી અને બે સામે લાયસન્સ વિના ધિરાણની ફરિયાદનો પોલીસે સ્થળ પર જ નિકાલ કર્યો હતો અને ૬૦ થી વધુ લાભાર્થીઓને લોન માટેનું માર્ગદર્શન અપાયું હતું.શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા ,અધિક પોલીસ કમિશનર મહેન્દ્રબગડીયા, નાયબ પોલીસ કમિશનર જોન ,૨ જગદીશ બાંગરવા, અને મદદનીશ પોલીસ કમિશનર રાધિકા ભારાઈ ના માર્ગદર્શન હેઠળ શહેરના તમામ પોલીસ સ્ટેશન ખાતે લોકમેળાના આયોજન માટેની સૂચના અંતર્ગતપ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશનમાં લોન મેળો યોજાયો હતો. પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશનમાં મદદનીશ કમિશનર રાધિકા ભારાઈ ની ઉપસ્થિતિમાં લોન મેળવવામાં એક્સિસબેન્ક, આઈ સી આઈ સી આઈ બેંક, સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, એચડીએફસી બેન્ક ના કર્મચારીઓ દ્વારા અલગ અલગ લોન અંગે માહિતી આપવામાં આવી હતી. ૬૦વ્યક્તિઓએ માર્ગદર્શન મેળવ્યું હતું૧૫ એ લોન માટે અરજીઓ આપી હતી અને બે અરજદારોએ લાયસન્સ વગર ધિરાણ કરનારા સામે ફરિયાદ કરતા પ્રદ્યુમનનગર માં બે ગુના દાખલ કરવામાં આવ્યા હતા, લોન મેળાને સફળ બનાવવા પ્રદ્યુમનનગર પીઆઈ વી આર વસાવા અને ટીમે જહેમત ઉઠાવી હતી.


**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર સૂચના નં. 26 વર્ષ 2025-26 તારીખ 29/07/2025**

| ક્ર. સં | ટેન્ડર નં | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | અર્નેસ્ટ મની (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-RJT-2025-26-E-64 | રાજકોટ વિભાગ: સિનિયર ડિવિઝનલ ઈજનેર (પૂર્વ) રાજકોટના અધિકારક્ષેત્ર હેઠળ ટ્રેકમેન (52 નંબર) માટે ટૂલ રૂમ કમ રેસ્ટ રૂમ પૂરા પાડવા. | 5,27,07,680.27 | 4,13,500.00 |
| 2 | DRM-RJT-2025-26-E-65 | રાજકોટ વિભાગ: કોન્ટ્રાક્ટરના પોતાના PQRS પોર્ટલ, TRR(P) અને સિનિયર ડિવિઝનલ ઈજનેર (પૂર્વ) રાજકોટના અધિકારક્ષેત્ર હેઠળ અન્ય સંકળાયેલ કાર્યો સાથે CTR(P), TSR(P) નું અમલીકરણ. | 17,46,01,598.19 | 10,23,000.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 22/08/2025 @ 15.00 કલાકે કાર્યાલયનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિનિયરિંગ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત - 360001 વેબસાઈટ: www.ireps.gov.in 087

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**HINDUJA HOUSING FINANCE**

કોર્પોરેટ ઓફિસ : નં. ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ સૈદાપેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૫
બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્ફકો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ, પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શિવરંજની ચાર રસ્તા પાસે સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
સૌરભકુમાર નાપીત મો. ૭૮૭૪૮૨૮૭૮૯, વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, હીતેષકુમાર પટેલ મો.૭૦૪૮૩૩૬૬૦૧
સુશીલ ચૌધરી મો. ૮૧૧૮૮૧૮૧૬૦, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮, શિવમ મિશ્રા મો. ૯૦૩૩૦૧૫૨૭૭
ઇ-મેલ: auction@hindujahousingfinance.com

**ધી સિક્યોરિટાઈટેઝશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શિયલ એસેસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ**

આથી જાહેર નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવ્યા મુજબ ના ઉધારકર્તા/સહ-ઉધારકર્તાઓ દ્વારા હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ( હવે પછીથી સદરહુ કંપની તરીકે સંબોધવામાં આવશે ) ખાતેથી લોન મેળવેલ છે અને તે લોન પેટેના તેમના માસિક હપ્તાની (EMI) ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી સદરહુ કંપની દ્વારા આર.બી.આઇ./નેશનલ હાઉસિંગ બોર્ડ દ્વારા બહાર પાડવામાં માં આવેલ વખતો વખત ના નિયમને આધીન નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાનું લોન ખાતું એન.પી.એ. (N.P.A.) જાહેર કરવામાં આવ્યું છે અને નીચે મુજબના ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ઉપર ધી સિક્યુરાઈટેઝન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શ્યલ એસેસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સેક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ મુજબ સદરહુ કંપનીના ઓથોરાઈઝડ ઓફિસર દ્વારા કાયદેસરની કાર્યવાહી ચાલુ કરવામાં આવી છે અને તે કાર્યવાહી ના ભાગરુપે સદરહુ કંપનીના ઓથોરાઈઝડ ઓફિસર દ્વારા નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાના છેલ્લા સરનામાં ઉપર આર.પી.એ.ડી. દ્વારા ઉપરોક્ત કાયદા ની કલામ - ૧૩(૨) હેઠળની ડિમાન્ડ નોટિસ પાઠવામાં આવેલ હતી જે નોટિસ બજ્યા વગર ની સદરહુ કંપનીના ઓથોરાઈઝડ ઓફિસર ને પરત મળેલ હતી અને સદરહુ કંપનીના ઓથોરાઈઝડ ઓફિસરની પાક્કી માહિતી મુજબ નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તા જાણી જોઈને ઉપરોક્ત મુજબની નોટિસની બજવણી કરવા દેવા નો માંગતા હોય, તેથી કરીને આ જાહેર નોટિસ આપવાની ફરજ પડેલ છે. આ નોટિસ દ્વારા નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાને ઉપરોક્ત કાયદા ની કલમ - ૧૩(૨) હેઠળની જોગવાય મુજબ નીચે મુજબના કોષ્ઠક માં દર્શાવેલ રકમ ભવિષ્યના વ્યાજ અને ખર્ચ સહિત ૬૦ દિવસ માં ભરી જવા સુચવામાં આવે છે. જો નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તા નીચે દર્શવયા મુજબ ની સંપૂર્ણ રકમ નોટિસ ની તારીખ થી ૬૦ દિવસ ની અંદર ભરપાઈ ન કરે તો સદરહુ કંપનીના ઓથોરાઈઝડ ઓફિસરની સદરહુ કાયદાની કલમ ૧૩(૪) અને ૧૪ હેઠળ આપેલ એવા બધાજ હકો નો ઉપયોગ કરવા સ્વતંત્ર છે જેમાં મોર્ગેજ મિલકતો/મુકરર અકસયામતો નો કબજો લઈ વેચાણ કરવાની સત્તા માટે સમક્ષ છે. વધુમાં ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ને સુચવામાં આવે છે કે આ નોટિસ મળ્યા પછીથી સરફેશિ કાયદા ની કલમ ૧૩ ની પેટા કલમ ૧૩ ની હેઠળ મુકરર મિલકત વેચાણ, ભાડે, કે કોઈ રીતે મુકરર લેણદાર ની લેખિત પરવાનગી સિવાય તબદીલ કરવાની મનાઈ ફરમાવે છે. ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ ૮ મુજબ ઉધારકર્તાઓ તેમની મુકરર મિલકત સંપૂર્ણ દેવા, નીચે જાહેર હરાજી ની નોટિસ માં પ્રદર્શિત થાય તે પહેલા ભરીને છોડાવી શકે છે જે ત્યાર પછી ભરી શકાશે નહીં. ઉપરોક્ત જણાવેલ સૂચના/આદેશોનો ભંગ સદરહુ કાયદા ની કલમ -૨૯ મુજબ જૈલની સજા અથવા/અને દંડ ને પાત્ર ગુનો બને છે જેની જાણ આથી કરવા માં આવે છે. ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ની વિગત નીચે મુજબ ની છે :

| | ઉધારકર્તા(ઓ), અને સહ-ઉધારકર્તાઓ અને જામીનદારોના નામ | ડિમાન્ડ નોટિસ તારીખ, રકમ અને લોન ખાતા નંબર | મિલકત નું વર્ણન |
|---|---|---|---|
| 1 | **ઉધારકર્તા :** (૧) શ્રીમતી સોનીબેન ખિયાણી **સહ-ઉધારકર્તા:** (૨) શ્રી એઝાજ ખિયાણી | Dt. 17/07/2025 & Rs. 24,65,679/- & A/C No. GJ/RJK/JMNR/A000000088 | ગુજરાત રાજ્યના **રાજકોટના પેટા જિલ્લા અને રેજી જિલ્લામાં** સિટી સર્વે વોર્ડ નં. ૧૭ માં, સિટી સર્વે નં. ૮૮ ના જંકશન પ્લોટ શેરી નં. ૮/૧૧ ના આશરે ૧૨૫-૪૨ ચોરસ મીટર |

વિસ્તાર ધરાવતી જમીન પર બાંધવામાં આવેલ રહેણાંક ટેનામેન્ટ તરીકેની મિલકતના પીસ અને પાર્સલ, જે નીચે મુજબ સીમા ધરાવે છે; પૂર્વ: જંકશન પ્લોટ શેરી ૮ રોડ, પશ્ચિમ: મોરબી હાઉસ રોડ, ઉત્તર: અન્ય મિલકત, દક્ષિણ: જંકશન પ્લોટ શેરી ૧૧ રોડ

જો ઉપરોક્ત ઉધાર લેનારાઓ ઉપરોક્ત મુજબ એચએચએલએફને ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે, તો એચએચએલએફ અધિનિયમની કલમ ૧૩(૪) અને લાગુ નિયમો હેઠળ ઉપરોક્ત સુરક્ષિત અસ્કયામતો સામે કાર્યવાહી કરશે, સંપૂર્ણપણે ખર્ચ અને પરિણામોના જોખમે ઉધાર લેનારાઓના જોખમો પર. આ ઉધાર લેનારાઓને કલમ ૧૩(૧૩) અધિનિયમ હેઠળ ઉપરોક્ત અસ્કયામતો ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ છે, પછી ભલે તે વેચાણ, લીઝ અથવા અન્ય રીતે એચએચએલએફ ની પૂર્વ લેખિત સંમતિ વિના હોય. કોઈપણ વ્યક્તિ જે ઉક્ત અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા તે હેઠળ બનાવેલા નિયમોનું ઉલ્લંઘન કરે છે, તે કલમ ૨૯ ની જોગવાઈ મુજબ જેલ અને/અથવા દંડ સાથે કાયદા હેઠળ જોગવાઈ માટે જવાબદાર રહેશે.

**સ્થળ : રાજકોટ** — **અધિકૃત અધિકારી,**
**તારીખ : ૩૧.૦૭.૨૦૨૫** (નોંધ : વિવાદની સ્થિતિમાં અંગ્રેજી આવૃત્તિમાં પ્રકાશિત થયેલ નોટીસ માન્ય ગણાશે.) **હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**



**રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.**

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૫૫૫

**જાહેર નોટીસ**

અમો અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેંક લી., રાજકોટ આ જાહેર નોટીસ ધ્વારા જણાવીએ છીએ કે નીચે દર્શાવેલ લોન ખાતેદારોએ તેમના નામ સામે દર્શાવેલ અમારી શાખા માંથી લોન લીધેલ છે. આ લોનની વિગત તેમના નામ સામે નીચે મુજબ દર્શાવેલ છે આ લોન ખાતેદારો લોનના હપ્તા નિયમિત રીતે ભરપાઈ ન કરતાં તેઓના ખાતા એન. પી. એ. થતાં તેઓને તેમજ તેમના જામીનોને ' ધી સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ અસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ નોટીસ ઈસ્યુ કરીને **૬૦ દિવસની** મુદતમાં તેઓએ લીધેલ લોનની રકમ ચડત વ્યાજ વિગેરે સહિત ભરપાઈ કરી જવા જણાવેલ પરંતુ ઉપરોકત લોન ખાતેદારો/તેમના જામીનો લોન લેતી વખતે તેઓએ આપેલ સરનામાં વાળી જગ્યા છોડી અન્યત્ર જતાં રહેલ હોય કે અન્ય કોઈપણ કારણસર ઉપરોકત નોટીસ તેઓને બજતી ન હોય આથી આ જાહેર નોટીસ ધ્વારા તેઓને જાણ કરવાની કે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિવસ ૬૦ની** મુદતમાં તેમના ખાતે નિકળતી બેંકની બાકી લેણી રકમ ચડત વ્યાજ વિગેરે સાથે ભરપાઈ કરી જવી. જો આમ કરવામાં તેઓ નિષ્ફળ જશે તો ઉપરોકત કાયદાની જોગવાઈ પ્રમાણે બેંક પોતાનું લેણુ વસુલ કરવા તેઓની મિલ્કતો જપ્ત કરવા સહિતની આગળની કાર્યવાહી કરશે. જેની આ ખાતેદારોએ તેમજ તેમના જામીનોએ નોંધ લેવી.

| શાખાનું નામ | ધિરાણનો પ્રકાર તથા ખાતા નંબર | ખાતેદારોના નામ તથા સરનામા | જામીનના નામ તથા સરનામા | ખાતુ એન.પી.એ. થયા તારીખ અને વ્યાજદર | બાકી રકમ | તારણમાં આપેલ મિલ્કતોનું ટુંકુ વર્ણન |
|---|---|---|---|---|---|---|
| રૈયા રોડ | લેન્ડ એન્ડ બિલ્ડીંગ લોન ૨૧/૧૪૧/૬/૬૦૯૮ (SEC-5128) | **પરમાર કુસુમબેન રમેશભાઈ** "ઉમિયા કૃપા", ન્યુ યોગી નગર, શેરી નં.-૧, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫. **પરમાર કુસુમબેન રમેશભાઈ** "મિતેશ", ૧૨-ગાંધીગ્રામ, બંધ શેરી, રૂદ્ર હનુમાન મંદિર પાસે, હોન્ડા શો-રૂમ પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭. | **પરમાર રમેશભાઈ ધનજીભાઈ**, "ઉમિયા કૃપા", ન્યુ યોગી નગર, શેરી નં.-૧, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫. **પરમાર રમેશભાઈ ધનજીભાઈ**, "મિતેશ", ૧૨-ગાંધીગ્રામ, બંધ શેરી, રૂદ્ર હનુમાન મંદિર પાસે, હોન્ડા શો-રૂમ પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭. **રાઠોડ સતીષકુમાર ગોવિંદજી**, ગાંધીગ્રામ-૨-એ, બંધ શેરી, મધુરમ સ્કુલ સામે, રાજકોટ-૩૬૦૦૦૭. **રાઠોડ સતીષકુમાર ગોવિંદજી**, ઈ-૧૦૮, દયાનંદ સરસ્વતી ટાઉનશીપ, સાધુ વાસવાણી કુંજ રોડ, રેલનગર, રાજકોટ- ૩૬૦૦૦૧. | ૩૦/૦૬/૨૦૨૫ (PLR-4.95) ૮.૮૦% | ૩૦/૦૬/૨૦૨૫) **મુદલ રકમ :** ૯,૧૨,૪૧૧=૭૬ **વ્યાજ :** ૧૩,૫૨૫=૦૦ **અન્ય ખર્ચ :** ૧૧૩=૦૦ **કુલ રૂા.** ૯,૨૬,૦૯૪=૭૬ | ગુજરાત રાજયના રજી. ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ મ્યુ.કોર્પોમાં સમાવિષ્ટ ગામ રૈયાના રેવન્યુ સર્વે નં. ૧૯૪/૧ ની રહેણાંકના હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૪-એ પૈકીની જમીન ચો.મી.આ. ૩૫-૩૫ (ટી.પી.સ્કીમ નં.૬, ફાઈનલ પ્લોટ નં. ૨૭૯, સીટી સર્વે વોર્ડ નં. ટી.પી.-૬(રૈયા), સીટી સર્વે નં. ૨૭૯) ઉપર આવેલ ઉભા ઈમલાવાળા બાંધકામ સહિતના બ્લોક નં. ૩ જેનો રજી.વે.દ.નં.૧૫૪૧, તા.૧૯/૦૨/૨૦૨૧નાં રોજ થી કુસુમબેન રમેશભાઈ પરમારના નામે છે તે મિલ્કત. |
| જંકશન પ્લોટ | તત્કાલ લોન ૧૩/૮૫૬/૪૨૬ (SEC-5124) | **બારાઈ કેતન મુકેશભાઈ,** કૃષ્ણનગર-૮, માધવ પાન પાછળ, જામનગર રોડ, રાજકોટ-૩૬૦૦૦૬. **બારાઈ કેતન મુકેશભાઈ,** ફ્લેટ નં. ૪૦૯, ચોથો માળ, રાજલક્ષ્મી એપાર્ટમેન્ટ, આલાપ ગ્રીન સીટી પાછળ, લાયન્સ પાર્કની સામે, ઈન્દ્રપ્રસ્થનગર, રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૧. **બારાઈ કેતન મુકેશભાઈ,** બારાઈ નિવાસ, ગોડાઉન એરીયા, મીઠાપુર, જી.દ્વારકા, મીઠાપુર-૩૬૧૩૪૫. **બારાઈ કેતન મુકેશભાઈ** કવાટર નં. ૧૩૭૯, બ્લોક નં. ૭, ગોકુલધામ RMC કવાટર, કૃષ્ણનગર મેઈન રોડ, રાજકોટ-૩૬૦૦૦૪. | **બારાઈ હેતલ કેતન** કૃષ્ણનગર-૮, માધવ પાન પાછળ, જામનગર રોડ, રાજકોટ-૩૬૦૦૦૬. **બારાઈ હેતલ કેતન,** ફ્લેટ નં. ૪૦૯, ચોથો માળ, રાજલક્ષ્મી એપાર્ટમેન્ટ, આલાપ ગ્રીન સીટી પાછળ, લાયન્સ પાર્કની સામે, ઈન્દ્રપ્રસ્થનગર, રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૧. **બારાઈ હેતલ કેતન,** કવાટર નં. ૧૩૭૯, બ્લોક નં. ૭, ગોકુલધામ RMC કવાટર, કૃષ્ણનગર મેઈન રોડ, રાજકોટ-૩૬૦૦૦૪. | ૨૨/૦૬/૨૦૨૫ (PLR-4.75) ૯.૦૦% | (૩૦/૦૬/૨૦૨૫) **મુદલ રકમ :** ૪,૨૫,૬૮૮=૧૬ **વ્યાજ :** ૬,૪૪૮=૦૦ **અન્ય ખર્ચ :** ૩૩=૦૦ **કુલ રૂા.** ૪,૩૨,૧૬૯=૧૬ | (૧) ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ સબ-ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ શહેરની નવી હદમાં સમાવિષ્ટ થયેલ ગામ રૈયાના રેવન્યુ સર્વે નં. ૨૩૩ પૈકીની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ કે જે "ઈન્દ્રપ્રસ્થનગર" તરીકે ઓળખાય છે તે પ્લોટસ પૈકી પ્લોટ નં. ૩૩ થી ૩૮ ની કુલ જમીન ચો.મી.આ. ૮૭૭-૯૩ ઉપર બાંધવામાં આવેલ "રાજલક્ષ્મી એપાર્ટમેન્ટ" ના નામથી ઓળખાતા બિલ્ડીંગ માંહેથી ફોર્થ ફલોર ઉપર આવેલ ફલેટ નં. ૪૦૯ બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૩૫-૩૧ છે. જે રજી. વેચાણ દસ્તાવેજ અનું.નં.૪૪૬૭ તા.૧૯/૦૮/૨૦૧૫ થી હેતલબેન કેતનભાઈ બારાઈના નામે છે તે મિલ્કત. (૨) બાકીદારનો માલ સ્ટોક, મશીનરી, ફર્નીચર, ફિકસચર્સ વગેરે. |

તા. ૩૦-૦૭-૨૦૨૫, રાજકોટ

અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ., હેડ ઓફીસ, રિકવરી વિભાગ, રાજકોટ.

તંત્રી લેખ

# પ્રાકૃતિક ખેતી રાષ્ટ્ર અને માનવતાની સેવાનું પવિત્ર કાર્ય

પ્રાકૃતિક ખેતી એ માત્ર એક આંદોલન નથી, પરંતુ રાષ્ટ્ર અને માનવતાની સેવાનું પવિત્ર કાર્ય છે, જેનાથી પાણી, જમીન, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્યનું રક્ષણ થાય છે પ્રાકૃતિક ખેતીનું મિશન ફક્ત ઔપચારિક ન બની રહેવું જોઈએ, પરંતુ પ્રાકૃતિક ખેતી માટે સંપૂર્ણ પ્રામાણિકતા, સમર્પણ અને આત્મવિશ્વાસ સાથે કાર્ય કરવું જોઈએ.

પ્રાકૃતિક ખેતી મિશન સાથે જોડાઈને તમે પૃથ્વી, પાણી, ગાય અને માનવ જીવનનું રક્ષણ કરી રહ્યા છો.આ અભિયાનને તેમની જવાબદારીથી વિશેષ માનવ સેવા અને પ્રકૃતિ સંરક્ષણના સંકલ્પના રૂપમાં લેવા અને આવનારી પેઢીઓને સુરક્ષિત, સમૃદ્ધ અને સ્વસ્થ ભવિષ્ય આપવામાં ભાગીદાર બનવું જોઈએ.પ્રાકૃતિક ખેતી મિશનનો સંપૂર્ણ સમર્પણ સાથે અમલ કરવો જોઈએ.

રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી મિશન શરૂનો ઉદ્દેશ્ય પાણી, જમીન, લોકો અને પર્યાવરણનું રક્ષણ કરવાનો છે. રાસાયણિક ખેતી દ્વારા ઉત્પન્ન થતા ઝેરને કારણે કેન્સર, હાર્ટ એટેક, કિડની ફેલ્યોર જેવા ગંભીર રોગો વધી રહ્યા છે. એક અહેવાલ ટાંકીને મુજબ ૧૦૫ માતાઓના દૂધમાં જંતુનાશકો મળી આવ્યા છે.જે ખૂબ જ ગંભીર બાબત છે.

પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદનમાં કોઈ ઘટાડો થતો નથી. તેના બદલે, થોડા વર્ષોમાં જમીનની ફળદ્રુપતા વધવાને કારણે ઉત્પાદનમાં વધારો થાય છે.


પ્રાકૃતિક ખેતી ફક્ત સ્થાનિક સંસાધનો જેવા કે દેશી ગાય, ખેતરની માટી, ગોળ, બેસન, ગાયનું છાણ અને ગૌમૂત્રથી થાય છે.

ગુજરાતની જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ ખૂબ જ નીચું ૦.૨ થી ૦.૪ ટકા સુધી પહોંચી ગયું છે. તેથી, પ્રથમ ત્રણ વર્ષમાં, દરેક સિંચાઈમાં પ્રતિ એકર ૧ થી ૧.૫ ટન ઘનજીવામૃત અને દરેક સિંચાઈમાં જીવામૃતનો ઉપયોગ જરૂરી છે, જેથી સુક્ષ્મજીવો પુનજીવિત થઈ શકે અને જમીન ફરીથી ફળદ્રુપ બની શકે. પ્રાકૃતિક ખેતી બાગાયતી પાકો માટે અત્યંત ફાયદાકારક છે. ખેતરમાં એક વર્ષમાં ઉગાડવામાં આવેલ છોડ, રાસાયણિક ખેતીમાં ઉગાડવામાં આવેલા બે વર્ષના છોડ કરતાં વધુ સારો વિકસિત થયો છે.

પ્રાકૃતિક ખેતીનો આત્મા જીવામૃત અને ઘનજીવનામૃતની ગુણવત્તામાં રહેલો છે. જો તે યોગ્ય રીતે તૈયાર કરવામાં નહીં આવે, તો તેની સમગ્ર મિશન પર પ્રતિકૂળ અસર પડશે.

પ્રાકૃતિક ખેતી દ્વારા આપણે માત્ર ધરતી માતાને ફળદ્રુપ બનાવવાની સાથે આવનારી પેઢીને સ્વસ્થ જીવન, સ્વચ્છ વાતાવરણ અને સમૃદ્ધ ભવિષ્ય પણ સોંપી રહ્યા છીએ. આ કાર્ય માનવતાની સેવાનું કાર્ય છે અને તેમાં પ્રામાણિકતા સૌથી મોટી મૂડી છે.

# સ્વ.વિજયભાઈ રૂપાણીના જન્મદિવસ નિમિતે બાલાજી મંદિરે મારૂતિ યજ્ઞ અને મહારક્ત કેમ્પ



**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી તેમજ સૌરાષ્ટ્રના લડાયક ખેડૂત નેતા ચેતનભાઈ રામાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ.વિજયભાઈ રૂપાણી હાલ જ ૧૨ જૂનના રોજ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા હતા. જે માનવા હજી સુધી હૈયુ તૈયાર નથી. જેઓની સાથે માટે દાયકાઓથી પારિવારિક સંબંધો છે અને ખૂબ નજીકના ઘરોબો રહ્યો છે એવા મારા અંગત તેમજ વ્યવસાયીક મિત્રની સાથે રાજકીય માર્ગદર્શક પણ રહ્યા છે.

તેઓએ રાજકોટને એઈમ્સ હોસ્પીટલ, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, ૧૫૦ ફૂટ રીંગ રોડ-૨, અટલ સરોવર તેમજ હજારો કિલોમીટરના રોજ-રસ્તાઓથી માંડી સારા રેસીડેન્સીયલ ફલેટને પાછળ પાડે તેવી આધુનિક સુવિધાઓથી સજ્જ આવાસ યોજનામાં હજારો પરિવારોને ઘરનું ઘર અપાવવી કટીબધ્ધ રહ્યા હતા. તેઓ હરહંમેશ રાજકીય સાથે સામાજીક તેમજ ધાર્મિક સંસ્થાઓની પ્રવૃતિઓ સાથે સંકળાયેલા રહેતા. રાજકોટ ખાતે આવેલ કરણસિંહજી હાઈસ્કુલના પટાંગણમાં ખૂબ પૌરાણિક બાલાજી હનુમાન મંદિર આવેલું છે તેમજ બાઈ સાહેબ સ્કૂલ પણ જર્જરિત હાલતમાં હતી.

ત્યારે આવી અનેક ભેટો રાજકોટની જનતાને મળી છે ક્યારેય રૂપાણી સાહેબનું ઋણ નહી ચુકવી શકાય પરંતુ આવનારી ૨/૦૮/૨૫ ના રોજ તેમની ૬૯મી જન્મદિવસ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ તાબા સંચાલિત બાલાજી હનુમાનજી મંદિરના પટાંગણમાં મારૂતી યજ્ઞ તેમજ સૌરાષ્ટ્ર વોલન્ટરી બ્લડ બેંકના સહયોગથી સવારે ૯:૦૦ થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામા આવ્યુ છે.

# વિશ્વ હિંદુ પરીષદના કાર્યકારી અધ્યક્ષપદે તીર્થરાજસિંહ ગોહીલની વરણી

## રાજકીય - સામાજીક - સંતો મહંતો એ તીર્થરાજસિંહ ગોહીલને શુભેચ્છા પાઠવી

**અબતક, રાજકોટ**

વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત જન્માષ્ટમી મહોત્સવ સમિતિના માર્ગદર્શક માવજીભાઈ ડોડિયાં, નરેન્દ્રભાઈ દવે, હસુભાઈ ભગદે, હસુભાઈ ચંદારાણા, શાંતુંભાઈ રૂપારેલીયા, વનરાજભાઈ ગરૈયા, નીતેશભાઈ કથિરિયા, અશોકભાઈ મકવાણા સર્વેના નિર્ણય દ્વારા જનમાષ્ટમી મહોત્સવ સમિતિના કાર્યકારી અધ્યક્ષ તરીકે તીર્થરાજસિંહ ગોહિલની વરણી કરવામાં આવેલ છે.

ક્ષત્રિય સમાજના યુવા અને પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા સ્કૂલ પ્રિન્સિપાલ ના પુત્ર એવા તીર્થરાજ સિંહ ગોહિલ, જે



રાજકોટની શુભલક્ષ્મી ક્રેડિટ કો ઓપરેટ સોસાયટીના ચેરમેન છે., ચંદ્રસિંહ ભાડવા સ્ટડી સર્કલના સંયોજક સર્કલ ના સંયોજક, કરણી સેનામાં સૌરાષ્ટ્રના પ્રભારી તેમજ રણછોડદાસજી હોસ્પિટલમાં મોતિયા ઓપરેશનમાં આર્થિક સહયોગ પણ આપી રહ્યા છે. અન્નક્ષેત્ર પણ ચલાવી રહ્યા છે

જન્માષ્ટમી મહોત્સવ સમિતિના મહામંત્રી પરેશભાઈ રૂપારેલીયા જણાવે છે કે તીર્થરાજ સિંહ ગોહિલની વરણી થતાં રાજકોટમાં તેમજ ત્રાપજ ગામમાંથી તેમજ વિવિધ ક્ષેત્રમાંથી શુભેચ્છાઓ મળી રહી છે.

રોજગાર કચેરી સંયુકત ઉપક્રમે

# સ્વામી નારાયણ ગુરૂકુલ વિદ્યાલય દ્વારા વિદ્યાર્થીને કારકિર્દીનું માર્ગદર્શન અપાયું




**અબતક, રાજકોટ**

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલય રાજકોટ ખાતે વ્યવસાયિક સંસ્થા અમદાવાદ ,જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી રાજકોટ અને રોજગાર કચેરી રાજકોટના સંયુકત ઉપક્રમે તાજેતરમાં એક કારકિદી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામા આવ્યું હતું.

ભાવનાબેન ભોજાણીએ ધોરણ ૧૦ અને ૧૨ પછીના વિવિધ અભ્યાસક્રમો અંગે ચર્ચા કરી હતી. જ્યારે રાજેશભાઈ ચૌહાણ દ્વારા સ્નાતક અને અનુસ્નાતક પછીના વ્યવસાયિક કોર્ષ અંગે વિદ્યાથીઓને માહિતગાર કર્યા હતા. તન્વીબેન ત્રિવેદી દ્વારા વિદ્યાથીઓને વિવિધ સરકારી એજન્સીઓ દ્વારા લેવાતી પરીક્ષાઓ અંગે ચર્ચા કરી હતી હમિરસંહ ચૌહાણ દ્વારા વિદ્યાથીઓને વિદેશમાં કારકિર્દી બનાવવા વિવિધ પરીક્ષાઓ અને સરકારી તંત્ર દ્વારા ઉપલબ્ધ લોન સહાય અંગે વિધિવત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળાના ધોરણ ૯ ના ૩૫૬ અને ધોરણ ૧૦ના ૨૯૯ એમ કુલ ૬૫૫ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેવું યાદીમાં જણાવ્યું હતું.

# વૈદ્ય અશોકભાઈ આડેસરા લીખીત પુસ્તક 'અનુભવનું અમૃત'નું સંતો દ્વારા વિમોચન



**અબતક, રાજકોટ**

રાજકોટમાં વર્ષોથી આયુર્વેદની વિનામુલ્યે નિદાન અને સારવાર કરતા વૈદ્ય અશોકભાઈ આડેસરાના વર્ષોના અનુભવના આધારે તૈયાર થયેલા તેમના દ્વારા લખાયેલા અને પ્રસિદ્ધ ફોટો જર્નાલીસ્ટ પ્રવીણ ગજ્જર સંપાદીત અને રમ્ય પબ્લીકેશન દ્વારા પ્રકાશીત પુસ્તક 'અનુભવનું અમૃત' (અનુભવસ્ય અમૃતમ્)નું વિમોચન રાજકોટના હેમુ ગઢવી હોલ (મીની) ખાતે શારદાપીઠ દ્વારકાના બ્રહ્મચારી નારાયણાનંદજી મહારાજ, વલ્લભ કુલભુષણ આચાર્ય રૂચિરરાય મહોદય તેમજ આણંદાબાવા સેવા સંસ્થા જામનગરના મહંત દેવપ્રકાશજી મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ શહેરોમાંથી વિવિધ ક્ષેત્રના મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવો પૂર્વ કલેકટર બી.એચ. ઘોડાસરા, પૂર્વ કમિશનર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ડો.સુબોધભાઈ આડેસરા, અખિલ હિન્દ શ્રીમાળી સોની મહામંડળના પ્રમુખ હેમેન્દ્રભાઈ સોની તથા ઉપપ્રમુખ વિજયભાઈ ધોળકીયા, મેનેજીંગ ટ્રસ્ટી શશીકાંતભાઈ પાટડીયા, મંત્રી હરૂભાઈ ઝવેરી, સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા, અખિલ હિન્દ શ્રીમાળી સોની મહામંડળના ટ્રસ્ટીઓ ભરતભાઈ ઝવેરી, વિનોદભાઈ પારેખ, દિનેશભાઈ પારેખ વગેરેએ કર્યું હતું.

સંતો અને આચાર્યનું શાલથી સન્માન ભાવ અર્પણ તેમજ શ્યામ તુલસીથી સન્માન જયદીપભાઈ આડેસરા, દક્ષેશભાઈ આડેસરા, રેનીલ ઓડેસરા તથા જાનવીબેને કર્યું હતું.

# સભાસદોને તંદુરસ્ત રાખવાના ઉમદા હેતુ સાથે "અપના બજાર" દ્વારા રવિવારે મેડિકલ કેમ્પ


## ગિરિરાજ હોસ્પિટલના સહયોગ થકી સુગર,લીવર, થાયરોડ, કિડની, સહિતના ટેસ્ટ રાહતદરે સભાસદોના ફિટનેસ રિપોર્ટ કરી આપશે

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર અને જિલ્લાની સાડા છ દાયકા જૂની અને પ્રતિષ્ઠિત સહકારી સંસ્થા રાજકોટ જિલ્લા મધ્યસ્થ ગ્રાહક સહકારી ભંડાર લી. "અપના બજાર" દ્વારા સભાસદ કલ્યાણ વર્ષ ના ઉપલક્ષ્ય અંતર્ગત સભાસદ અને તેમના પરિવારોને પ્રવર્તમાન મોંઘીદાટ તબિબી સારવારમાં સધિયારો મળી રહે અને આર્થિક ખર્ચમાં થોડી રાહત મળી રહે તેવા હેતુ સાથે રાજકોટની અગ્રણી સહકારી સંસ્થા અપના બજાર દ્વારા શહેર ની નામાંકિત મલ્ટી સ્પેશિયલિટી ગિરિરાજ હોસ્પીટલના સયુકત ઉપક્રમે નિઃશુલ્ક મેડિકલ કેમ્પનુ આયોજન આગામી તારીખઃ ૦૩/૦૮/૨૦૨૫, રવિવારના રોજ સવારે ૮ થી ૧ દરમિયાન અપના બજાર ભૂપેન્દ્ર રોડ ખાતે કરવામાં આવેલ છે.

તાજેતરના સભાસદ કલ્યાણ વર્ષના આયોજિત પ્રકલ્પના ભાગરુપ આયોજિત આ કેમ્પમાં ગિરિરાજ હોસ્પિટલના નામાંકિત તબિબો ડો .પ્રેમ લાખણી, યુરોલોજિસ્ટ ડો. નરેશ સાપરીયા, ઓર્થોપેડીક સર્જન ડો. કૃપેન ટેલર, બેરિયાટ્રિક સર્જન ડો.કેયુર યાજ્ઞિક સહિત ની ટીમ દ્વારા નિઃશુલ્ક સુગર,લીવર, થાયરોડ, લિપિડ પ્રોફાઈલ,કિડની, સહિતના ટેસ્ટ અત્યંત રાહત દરે કરી આપવામાં આવશે.સભાસદ કલ્યાણ વર્ષ ના આ પ્રકલ્પને સફળ બનાવવા અપના બજારનાં ચેરમેન ભાગ્યેશ વોરા. વા.ચેરમેન દિપક યાવડા ની રાહબરી માં સર્વે ડિરેક્ટરઓ મહેન્દ્રભાઈ શેઠ. અરવિંદભાઈ સોજિત્રા. નટુભાઈ ચાવડા, પંકજભાઈ દેસાઈ, મહેશભાઈ કોટક, નયનાબેન મકવાણા, વિક્રમસિંહ પરમાર, ડો.જીજ્ઞાબેન પટેલ, ફૂલભાઈ શિંગાળા, જયંતભાઈ ધોળકિયા વહીવટી અધિકારી નરેશભાઈ શુક્લ, સાગર જોષી, કમલેશભાઈ ગજ્જર,પૂજા મેર, અમિત વાઘ જયેશ કારોલિયા સહિતનાઑએ જહેમત ઉઠાવી રહ્યા છે.

# જૈન અગ્રણી અમીનેશ રૂપાણીનો આજે જન્મદિવસ



રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના જાહેર જીવનમાં ઉમદા કાર્ય કરનારા અમીનેશભાઈ રૂપાણીનો આજે જન્મદિવસ છે. અમીનેશભાઈનું વ્યક્તિત્વ અનેક ગુણોનું સંગમ છે. તેઓ કોલેજકાળથી જ રાષ્ટ્રવાદના રંગે રંગાયેલા છે અને દેશ પ્રત્યેની પ્રતિબદ્ધ છે અમીનેશ રૂપાણી માત્ર એક સામાજિક કાર્યકર નથી, પરંતુ સંગઠનના પ્રણેતા પણ છે, તેઓ જૈન યુવા અગ્રણી તરીકે પણ સમાજમાં સક્રિય ભૂમિકા ભજવે છે, પૂજિત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટના અમીનેશ રૂપાણી પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીના ભત્રીજા થાય છે. અમીનેશ રૂપાણી ના જન્મદિવસ નિમિત્તે પરિવારજનો અને મિત્રવર્ગ દ્વારા પાઠવવામાં આવી રહી છે.

# યુવા ભાજપના વોર્ડ નં.૭ના અધ્યક્ષ અનિરૂધ્ધસિંહ વાળા જન્મદિવસ



ભારતીય જનતા યુવા મોરચા રાજકોટ મહાનગર વોર્ડ નંબર ૭ ના અધ્યક્ષ અનિરુદ્ધસિંહ વાળા નો આજે તા.૩૧ જુલાઈના રોજ જન્મદિવસ. નાનપણમાં ૨૦૧૦ થી જ ભાજપમાં જોડાય ને ૨૦૧૫માં બુથ અધ્યક્ષ તરીકે ૨૦૧૮ થી ૨૦૨૧ વોર્ડ યુવા મોરચામાં કોષાધ્યક્ષ તરીકે ૨૦૨૧ થી ૨૦૨૩ યુવા મોરચા ના વોર્ડ ના અધ્યક્ષ તરીકે યુવા મોરચા ની જવાબદારી સાથે સાથે ગુજરાત વિધાનસભા ની ચૂંટણી માતર ખેડા માં પ્રવાસી કાર્યકર્તા તરીકે અને કર્ણાટક વિધાનસભા ની ચૂંટણી માં કલઘાટગી વિધાનસભા માં પ્રવાસી કાર્યકર્તા તરીકે કામ કરી ૨૦૨૩ માં સતત બીજી વખત યુવા મોરચા અધ્યક્ષ તરીકે ની જવાબદારી મળી છે. આજ રોજ તેઓના જન્મ દિવસ નિમિતે મો. ૯૦૩૩૫૦૦૫૦૫ પર ઠેર ઠેર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# વોર્ડ નં. ૯ ના ભાજપ મહામંત્રી પ્રવિણ સેગલીયાનો જન્મદિવસ



આહિર સમાજના યુવા અગ્રણી અને લોકસેવામાં હંમેશા અગ્રેસર રહેતા પ્રવીણ સેગલીયા કે જેઓને હાલમાં જ વોર્ડ નં.૯, મહામંત્રી, રાજકોટ શહેર ભાજપ, તરીકે નિયુકત કરી તેઓની અનેક વિધ સેવાકીય પ્રવૃતિઓને દયાનમાં રાખી નિમણુંક કરવામાં આવેલ છે. જેથી પક્ષના વોર્ડ નં. ૯ ના કાર્યકરો અને પ્રજાજનોને ખુશીની લાગણી થયેલ છે. પ્રવીણ સેગલીયા અનેક સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલ છે. તેઓ મુરલધર યુવા ગ્રુપ (કૃષ્ણ જન્મોત્સવ), સાધુ વાસવાણી રોડના આયોજક તરીકે પણ સેવા આપે છે. તેઓ આહિર સમાજ વૈચારીક ક્રાન્તી ગ્રુપ રાજકોટ પશ્ચિમ ઝોનના કન્વીનરની જવાબદારી નિભાવી રહ્યા છે. તેઓએ પ્રમુખ રાજકોટ તાલુકા યુવા ભાજપ તરીકે પણ સેવાઓ આપેલ છે. અલખધણી અન્નક્ષેત્ર (મુંજકા) અને ગૌ સેવા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ છે.


પ્રવીણ સેગલીયાનો આજે જન્મ દિવસ હોય તેઓના જન્મ દિવસ નિમીતે શહેર ભાજપ અગ્રણીઓ, આહીર સમાજના અગ્રણીઓ, વિવિધ સંસ્થાઓ તથા સગા સંબંધીઓ, શુભેચ્છક તથા બહોળા યુવા મિત્ર વર્તુળ તરફથી તેઓના મો. નં. ૯૩૭૫૪ ૮૮૮૮૮ ઉપર અભિનંદન અને શુભેચ્છા વર્ષા કરવા સ્નેહીજનો ઉત્સુક છે.

# ઝાલા પરિવારની લાડકવાયી બિર્જનદનીબાનો આજે જન્મદિવસ



ઝાલા પરિવારની લાડકવાયી બિર્જનદનીબાનો આજે જન્મદિવસ છે, અને પરિવારમાં ખુશીનો માહોલ છવાયેલો છે, પિતા યશરાજ સિંહ ઝાલા અને માતા જલનિધિ બા ઝાલા, દાદા ઈન્દુભા ઝાલા (સો. યુની) અને દાદી અસ્મિતા બા, તેમજ કાકા શક્તિસિંહએ બિર્જનદનીબાને ઉજ્જવળ ભવિષ્યની કામના કરી હેત વરસાવ્યું હતું. તેમજ લાડ લડાવીને અને આયુષ્યની પ્રાર્થના કરીને તેને આશીર્વાદ આપ્યા.આ ખાસ અવસરે, બિર્જનદનીબાને સુખ, સમૃદ્ધિ, સારા સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્યની તેમજ જીવન હંમેશા આનંદ અને ખુશીઓથી ભરેલું રહે અને તેઓ પરિવારનું નામ રોશન કરે શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે

# નિવૃત્ત આચાર્ય લીલાબેન પાણેરીનો જન્મદિવસ



ગોંડલ મોંઘીબા ગર્લ્સ હાઈસ્કુલના નિવૃત્ત પ્રિન્સિપાલ લીલાબેન ઉપાધ્યાય પાણેરીનો આજે જન્મદિવસ છે તેમણે ૮૯ વર્ષ પૂર્ણ કરી ૯૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે તેઓએ બી.એ સુધીનો અભ્યાસ કર્યો છે ગોંડલ ના પ્રજાવત્સલ મહારાજા સર ભગવતસિંહજી એ પોતાના માતા ના નામે ૧૪/૦૯/૧૮૫૭ મા મોંઘીબા ગર્લ્સ હાઈસ્કુલ ની સ્થાપના કરી કન્યા કેળવણી પર સવિશેષ ધ્યાન આપ્યું તેમજ દીકરીઓ માટે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરવા વાળું ગુજરાત નું સૌપ્રથમ રજવાડું ગોંડલ સ્ટેટ હતું, સર ભગવતસિંહજી ના આ ઉત્તમ વિચાર ને અનુસરીને પ્રિન્સિપાલ તરીકે ચાલીસ વર્ષ પોતાનું યોગદાન આપ્યું છે ,ત્યારે તેમના પૌત્ર તુષિત પાણેરી દ્વારા મહાદેવ મંદિરે સંધ્યા આરતી મા મહાપ્રસાદ વિતરણ કરીને સેવા ના ભાવ સાથે તેમના જન્મદિવસ ની ઉજવણી કરવામાં આવશે.

# પીજીવીસીએલ અને જેટકોના પ્રશ્નો માટે ચેમ્બર દ્વારા બુધવારે 'ઓપન હાઉસ'

## વિજળીને લગતા પ્રશ્નોનો નિરાકરણ લાવવા ચેમ્બરની પહેલ

**અબતક, રાજકોટ**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્ઘારા વેપાર-ઉદ્યોગને લગતા વિવિધ પ્રશ્નોનાં નિરાકરણ માટે અવાર-નવાર ઓપન હાઉસ યોજવામાં આવે છે. ત્યારે વેપાર-ઉદ્યોગકારો અને આમ જનતાને વિજળીને લગતી ઘણી ફરીયાદો હોય તેને ધ્યાનમાં રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પીજીવીસીએલના મેનેજીંગ ડિરેકટર તથા વિવિધ ડિવીઝનોના અધિકારીઓ સાથે આગામી તા.૦૬-૦૮-૨૦૨૫, બુધવારના રોજ સાંજે ૪:૦૦ વાગ્યે, પીજીવીસીએલ કોર્પોરેટ ઓફિસ, કોન્ફરન્સ હોલ, લક્ષ્મીનગર, રાજકોટ ખાતે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવેલ છે.આથી વેપાર-ઉદ્યોગકારો અને આમ જનતાને પીજીવીસીએલ તથા જેટકોને લગતા કોઈપણ પ્રશ્નો-સુચનો હોય તો તે તા.૦૨-૦૮-૨૦૨૫ સુધીમાં રાજકોટ ચેમ્બર ઓફિસ, સેન્ટ પોઈન્ટ, કરણસિંહજી મેઈન રોડ, રાજકોટ ખાતે લેખિતમાં અથવા ઈ-મેઈલ rajkotchamberyahoo.co.in), વોટસએપનં. ૭૩૮૩૧૨૭૪૦૦ ઉપર મોકલી આપવા અનુરોધ કરવામાં આવેલ છે.

# ડીએફએ દ્વારા બહેનો માટે ૨૦મીથી અન્ડર ૧૩ અસ્મિતા સિટી ફુટબોલ લીગ

**અબતક, રાજકોટ**

ઓલ ઈન્ડિયા ફુટબોલ ફેડરેશન, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, ગુજરાત ફુટબોલ એસોસિ. તથા ડિસ્ટ્રીકટ ફુટબોલ એસોસિ, રાજકોટ દ્વારા બહેનોની (૨૦૧૩-૧૪ માં જન્મેલ ખેલાડીઓ) તા. ૨૦- ૮ ના રોજ અન્ડર ૧૩ અસ્મીતા સીટી ફુટબોલ લીગ ૨૦૨૫-૨૬, રાજકોટ, ગુજરાત વન ડે ફુટબોલ ટુર્નામેન્ટ યોજવામાં આવશે. જેમાં રાજકોટની ૮ ટીમો ભાગ લઈ શકશે. ભાગ લેવા માંગતી ટીમોએ પોતાની એન્ટ્રી તા.૧૨-૦૮ સુધીમાં રોહીત બુંદેલા મો. ૯૪૦૯૩ ૦૩૪૯૪, એ. બી. બહુરાશી અને કુ. મનીન્દર કેસપ પાસે નોંધાવી દેવા અનુરોધ કરાયો છે. આ ટુર્નામેન્ટ સીઆરએસ - સીએમએસ દ્વારા કરવામાં આવશે.

આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે ગુણુભાઈ ડેલાવાળાની આગેવાની હેઠળ ડી. વી. મહેતા, બી. કે. જાડેજા, રોહિત બુંદેલા, કુ. મનીન્દર કેસપ, પોરમભાઈ, આશિષ ગુરૂંગ, અમૃતલાલ બહુરાશી, ઉપેન્સિંહ ઝાલા, રોહિત પંડિત, મનદીપસિંહ બારડ, અમીત શિયાળીયા, દિપક યશવંતે, સંજય પંડયા, ભરત શિયાળીયા, અનુરાગ મલ, જાહીદ મલીક, રિતેશ પંડયા, સૌમીલ ફુલાણી, પૃથ્વી જેઠવા, જીતેન આંબલીયા વગેરે સભ્યો જહેમત ઉઠાવ રહ્યા છે.


# ચક્ષુદાન-દેહદાનના સંકલ્પ લઈ જન્મદિવસની ઉજવણી



**અબતક, રાજકોટ**

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જાગૃતિ અભિયાનના ભાગરૂપે રાજકોટના વિવિધ ચોક, મંદિરની આસપાસ અથવા જાહેર જગ્યાએ અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન,દેહદાન, જાગૃતિ અંગેના બેનરો ૧૨૫ કરતા વધારે લગાડેલ, તેમાંથી માહિતી મેળવી ૧૧ મહેશભાઈ જીવરાજભાઈ બાવળીયા તેમના જન્મદિવસે જનકલ્યાણ ટ્રસ્ટની ઓફિસે આવી પોતાના જન્મદિવસ નિમિત્તે ચક્ષુદાન, દેહદાનના સંકલ્પ પત્ર ભરી પોતાનો જન્મ દિવસ ઉજવેલ જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા બુક આપી તેમને શુભેચ્છા પાઠવેલ. અંગદાન - ચક્ષુદાન - સ્કીન ડોનેશન દેહદાનની વધુ માહિતી માટે ઉમેશ મહેતા, ચેરમેનના મો. ૯૪૨૮૫૦૬૦૧૧ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# સાંદીપનિ વિદ્યાનિકેતનમાં ચંદ્રમૌલેશ્વર મહાદેવને ચંપાના પર્ણોનો શ્રૃંગાર



સાંદીપનિ વિદ્યાનિકેતનના શ્રી હરિ મંદિરમાં પરમ પાવન શ્રાવણ માસના છઠ્ઠા દિવસે ભગવાન ચંદ્રમૌલીશ્વર મહાદેવને ચંપાના પર્ણોથી શૃંગાર કરવામાં આવ્યો. જેના દર્શનનો અનેક ભક્તજનોએ લાભ લીધો હતો.

બેંકિંગ કાયદામાં ક્રાંતિકારી ફેરફારો: કાલથી નવા નિયમો, થાપણદારોને મળશે વધુ સુરક્ષા

# સહકારી બેંકોમાં ડિરેકટરોની મુદત આઠ વર્ષથી વધારી ૧૦ વર્ષ કરાય

## પાંચ મુખ્ય બેંકિંગ કાયદાઓમાં કુલ ૧૯ સુધારા, ડિરેક્ટરોનો કાર્યકાળ ૨ વર્ષ વધ્યો, 'મહત્વપૂર્ણ હિત'ની વ્યાખ્યામાં પણ બદલાવ

### કેન્દ્ર સરકારે કરેલા મુખ્ય સુધારા

આ સુધારા અધિનિયમ ભારતીય બેંકિંગ ક્ષેત્રમાં ઘણા પાસાઓમાં સુધારા લાવે છે, જેમાં નીચેના મુખ્ય મુદ્દાઓનો સમાવેશ થાય છે:

* 'મહત્વપૂર્ણ હિત'ની વ્યાખ્યામાં ઐતિહાસિક બદલાવ: 'મહત્વપૂર્ણ હિત'ની મર્યાદા વર્ષ ૧૯૬૮થી રુ ૫ લાખ પર સ્થિર હતી, જેને હવે વધારીને રુ ૨ કરોડ કરવામાં આવી છે. આ સુધારો વર્તમાન આર્થિક વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરે છે.

* સહકારી બેંકોમાં ડિરેક્ટરના કાર્યકાળમાં વધારો: નવા નિયમો ૯૭મા બંધારણીય સુધારા સાથે સુસંગત છે, જે સહકારી બેંકોમાં ડિરેક્ટરોના કાર્યકાળને મહત્તમ ૮ વર્ષથી વધારીને ૧૦ વર્ષ કરે છે (અધ્યક્ષ અને પૂર્ણ-સમયના ડિરેક્ટર સિવાય). આનાથી સહકારી બેંકોમાં વધુ સ્થિર અને અનુભવી નેતૃત્વ આવશે.

* જાહેર ક્ષેત્રની બેંકોમાં પારદર્શિતા અને ગુણવત્તામાં સુધારો: સરકારી બેંકોને હવે દાવા વગરના શેર, વ્યાજ અને બોન્ડ રિડમ્પશનની રકમને 'રોકાણકાર શિક્ષણ અને સંરક્ષણ ભંડોળ' માં ટ્રાન્સફર કરવાની મંજૂરી મળશે. આનાથી નાણાકીય પારદર્શિતા વધશે. ઉપરાંત, સરકારી બેંકોને હવે વૈધાનિક ઓડિટરોને યોગ્ય મહેનતાણું ઓફર કરવાની સત્તા મળશે, જેથી ઉચ્ચ-ગુણવત્તાવાળા ઓડિટ વ્યાવસાયિકોને આકર્ષી શકાય અને ઓડિટ ધોરણો સુધરે.

**અબતક રાજકોટ**

ભારતના બેંકિંગ ક્ષેત્રમાં એક મોટો અને ક્રાંતિકારી બદલાવ આવવાનો છે. કેન્દ્ર સરકારે બેંકિંગ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ની કેટલીક મુખ્ય જોગવાઈઓને કાલેથી અમલમાં મૂકવાની જાહેરાત કરી છે. આ સુધારાનો મૂળ ઉદ્દેશ્ય બેંકોના કામકાજને વધુ પારદર્શક અને મજબૂત બનાવવાનો, તમારા જેવા સામાન્ય થાપણદારોના પૈસાને વધુ સુરક્ષિત કરવાનો અને ખાસ કરીને સહકારી બેંકોની કાર્યક્ષમતા વધારવાનો છે. આ અધિનિયમ ૧૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સૂચિત કરવામાં આવ્યો હતો, જેમાં પાંચ મુખ્ય બેંકિંગ કાયદાઓમાં કુલ ૧૯ સુધારાઓનો સમાવેશ થાય છે.

આ સુધારા દ્વારા, સરકાર ભારતીય બેંકિંગ ક્ષેત્રના કાનૂની, નિયમનકારી અને શાસન માળખાને મજબૂત કરવા માટે એક વ્યાપક અને સુસંકલિત અભિગમ અપનાવી રહી છે.

આ અધિનિયમ ભારતીય રિઝર્વ બેંક અધિનિયમ, ૧૯૩૪, બેંકિંગ રેગ્યુલેશન અધિનિયમ, ૧૯૪૯, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અધિનિયમ, ૧૯૫૫ અને બેંકિંગ કંપનીઓ (સંપાદન અને ટ્રાન્સફર ઓફ અન્ડરટેકિંગ્સ) અધિનિયમ, ૧૯૭૦ અને ૧૮૮૦ જેવા મુખ્ય કાયદાઓમાં સુધારા લાવે છે. આ તમામ ફેરફારો ૧ ઓગસ્ટ, ૨૦૨૫ થી અમલમાં આવશે.

### ગુજરાતની સહકારી બેંકોના સુકાનીઓ માટે રાહત

ગુજરાતભરની જિલ્લા અને અર્બન સહકારી બેંકોના સુકાનીઓ માટે કેન્દ્ર સરકારના આ સુધારા મોટા રાહતના સમાચાર લઈને આવ્યા છે. બેંકિંગ રેગ્યુલેશન એક્ટમાં થયેલા સુધારામાં ફરી સુધારો કરવામાં આવતા, લાંબા સમયથી ગૂંચવાયેલું કોકડું ઉકેલાયું છે.

સહકારી બેંકોમાં ડિરેક્ટર ૧૦ વર્ષ સુધી જ રહી શકે તેવા નિયમનો અમલ થશે. થી કરવાનો સુધારો કરવામાં આવ્યો છ અગાઉ આ મુદ્દત ૮ વર્ષની હતી. આ નિર્ણયથી રાજકોટ ડિસ્ટ્રીકટ બેંક, અમદાવાદ તથા જૂનાગઢ ડિસ્ટ્રીકટ બેંક તેમજ ગુજરાત રાજ્ય સહકારી બેંક સહિતની અનેક બેંકોની અટવાયેલી ચૂંટણીઓનો માર્ગ મોકળો થયો છે, જે લાંબા સમયથી નવા નિયમોની સ્પષ્ટતાની રાહ જોઈ રહી હતી. ભાજપના જયેશ રાદડિયા, દિલીપભાઈ સંઘાણી, વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, અમદાવાદ ડિસ્ટ્રીકટ બેંકના ચેરમેન અજય પટેલ, જૂનાગઢ ડિસ્ટ્રીકટ બેંકના કિરીટ પટેલ અને જેઠાભાઈ પાનેરા સહિતના અનેક સહકારી નેતાઓને આ નિયમથી મોટી રાહત થઈ છે, કારણ કે તેમનો આગામી ૧૦ વર્ષનો સહકારી ક્ષેત્રનો કાર્યકાળ 'રિન્યુ' થઈ ગયો છે.

# ફરજ પર આવક-જાવક દરમિયાન અકસ્માતને ચાલુ નોકરી ગણવા સુપ્રીમ કોર્ટનો ચુકાદો

## બોમ્બે હાઈકોર્ટનો આદેશને પડકારતી અરજી પર સુપ્રીમનો ચુકાદો દેશભરમાં અસરકાર બનશે: હસુભાઈ દવે

**અબતક, રાજકોટ**

ફરજ પર આવતા જતા કર્મચારીના અકસ્માતના કીસ્સામાં અકસ્માતને ચાલુ નોકરી સેવા અંતર્ગત ગણવાનો સુપ્રિમ કોર્ટે આદેશ આપતા સુપ્રિમનો આ ચુકાદો દેશભરમાં અસર કરશ તેમ ભારતીય મજદુર સંઘના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ હસુભાઈ દવેએ જણાવ્યું હતું.



મંગળવારે એક મહત્વપુર્ણ નિર્ણયમાં, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે કર્મચારી વળતર અધિનિયમ, ૧૯૨૩ની કમલ-૩ની જોગવાઈ, રોજગાર દરમ્યાન અને તેના કારણે થતાં અકસ્માતો'' માં નિવાસસ્થાન અને કાર્યસ્થળ વચ્ચે મુસાફરી કરતી વખતે થતાં અકસ્માતોનો પણ સમાવેશ થશે. એટલે કે, ફરજ પર જતા અથવા આવતા સમયે થતાં અકસ્માતોને પણ ચાલુ નોકરી સેવા દરમ્યાન થતાં અકસ્માતો તરીકે ગણવામાં આવશે.

ન્યાયધીશ મનોજ મિશ્રા અને ન્યાયધિશ કે.વી.વિશ્વનાથની બેન્ચે સ્વીકાર્યુ કે અત્યાર સુધી આ વિષય પર ઘણી મૂંજવણ અને અસ્પષ્ટતા હતી. ખાસ કરીને એવા કિસ્સાઓમાં જ્યારે કર્મચારીઓ ફરજ પર આવતા કે જતા અકસ્માતોનો ભોગ બને છે.

બોમ્બે હાઈકોર્ટના ડિસમ્બર ૨૦૧૧ના આદેશને પડકારતી અરજીની સુનવણી કરતે વખતે આ નિર્ણય આપવામાં આવ્યો હતો. હાઈકોર્ટે શ્રમ વળતર કમિશનરના આદેશને રદ કર્યો હતો, જેમાં એક વ્યક્તિના પરિવારને ૩,૨૬,૧૪૦ રૂપિયાનું વળતર આપવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ વ્યક્તિનું ફરજ પર જતી વખતે અકસ્માતમાં મૃત્યુ થયું હતું.

સર્વોચ્ચ અદાલતે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે મૃતક ખાંડ ફેક્ટરીમાં ચોકીદાર તરીકે નોકરી કરતો હતો અને ૨૨ એપ્રિલ, ૨૦૦૩ના રોજ અકસ્માતના દિવસે તેનો ફરજનો સમય સવારે ૩ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધીનો હતો. બેન્ચે કહ્યું કે તે નિર્વિવાદ છે કે તે તેના કાર્યસ્થળ તરફ જઈ રહ્યો હતો અને કાર્યસ્થળથી લગભગ પાંચ કિલોમીટર પહેલા એક સ્થળે અકસ્માતમાં તેનું મૃત્યુ થયું હતું.

# સમાજ સુરક્ષા કચેરી દ્વારા સંત સુરદાસ યોજનાનો લાભ લેવા દિવ્યાંગોને અપીલ

## ૬૦ ટકાથી વધુ દિવ્યાગોને માસીક રૂ. ૧૦૦૦ ની સહાય

**અબતક, રાજકોટ**

રાજય સરકાર દ્વારા ૨૧ પ્રકારના દિવ્યાંગોને સંત સુરદાસ યોજના હેઠળ સંવેદનશીલતા દાખવી ૧/૪/૨૫ થી ૬૦ ટકાથી તેથી વધુના દિવ્યાંગોને આવક સહાય રૂ. ૧૦૦૦ આપવા આવતી હોય છે. રાજય સરકાર દ્વારા દિવ્યાંગો માટે કલ્યાણકારી યોજના અંતર્ગત લાભો આપવા માટે સહાય વખતો વખત જાહેરાત અને વખતો વખતના સુધારા કરવામાં આવ્યા જેમાં પહેલા ૮૦ ટકા તેમજ બી.પી.એલ. લાભાર્થીને સહાય આપવામા આવતી હતી. જેમાં સરકાર દ્વારા દિવ્યાંગો દ્વારા સંવેદન દાખવી ને નિયમ ફેરફારો કરી હાલ ૨૦૨૫માં પરીપત્ર દ્વારા સંત સુરદાસ યોજના માં ૬૦ ટકા સુધીના દિવ્યાગોને માસિક રૂ. ૧૦૦૦ ની ડાયરેકટર બેંક ટ્રાન્સફર દ્વારા અમલી કરવા આવી હતી.

દિવ્યાંગોમાં બેરા મુંગા, અંધ, શારિરીક વિકલાંગતા, થેલેસેમીયા મેજર, એસીડ એટેક, માનસિક માંદગી વગેરે દિવ્યાગોને સિવીલ સર્ટીફીકેટને આધારે નાણાકીય સહાય આપવામાં આવે છે. જીલ્લામાં આશરે ૩૭૨૪ જેટલા દિવ્યાંગો નોંધાયેલ છે. જેમાં ૧/૪/૨૫ થી આજદિન સુધી ૧૨૩૪ આવી હશે.

૬૦ ટકાથી વધુના દિવ્યાંગો સંત સુરદાસ યોજનાનો લાભ લેવા ઈચ્છતા દિવ્યાગોને અરજી પત્રક સાથે આધાર કાર્ડ, ઓળખ કાર્ડ, દિવ્યાંગતાનું પ્રમાણપત્ર, ઉમરનો પુરાવો, રહેણાંકનો પુરાવો, બેંક એકાઉન્ટની પાસબુક સાથે અરજી કરવાની હોય છે.

સંત સુરદાસ યોજનાનો લાભ લેવા જીલ્લા સમાજ સુરક્ષા ખાતે ફોર્મ ભરી અથવા ઓનલાઈન esamajkalyan.gujrat.gov.in પર કરવાની રહે છે. તેમજ રાજકોટ જીલ્લાના બાકી રહેતા દિવ્યાગો ને સંત સુરદાસ યોજનાનો વધુ લાભ દિવ્યાગોને મળે અને વધુ માહીતી માટે જીલ્લા સમાજ સુરક્ષા કચેરીના સમાજ સુરક્ષા અધિકારી પ્રાર્થનાબેન શેરશીયા દ્વારા કચેરીમાં રૂબરૂ કરી વધુ માહીતી મેળવવા યાદીમાં જણાવ્યું છે.

# અંજારના વીરા ગામે હરસિધ્ધી મંદિર ખાતે અદાણી ફાઉન્ડેશન દ્વારા ૫૧૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ

## ટપક સિંચાઈ અને જાપાનની વિખ્યાત મિયાવાકી પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો



**અબતક, રાજકોટ**

અદાણી ફાઉન્ડેશન અને ટુના પોર્ટના સંયુકત ઉપક્રમે અંજાર તાલુકાના વીરાગામને પર્યટન સ્થળ તરીકે વિકસાવવા અનોખું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. પ્રસિધ્ધ હરસિધ્ધિ માતાજી મંદિર પરિસરને પ્રકૃતિક સૌંદર્ય વૃક્ષારોપણ અભિયાનનો મંગળવારથી મંગળ પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પહેલ અંતર્ગત ૫૧૦૦+ વૃક્ષારોપણ થકી વીરાનો કાયાકલ્પ કરવામાં આવશે.

વિવિધ પ્રકારના ૫૧૦૦+વૃક્ષો વીરાના ગામે પર્યાવરણમાંનવો પ્રાણ ફૂંકશે. વૃક્ષોના ઝડપી ઉછેર માટે ટપક સિંચાઈ અને જાપાનની વિખ્યાત મિયાવાકી પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ફળાઉ અને આયુર્વેદિક વૃક્ષો માનવ સાથે પશુ-પક્ષીઓના આકર્ષણનું કેન્દ્ર બનશે. વાવેલા વૃક્ષોનું સંરક્ષણ અને માવજત માટે તારની વાડ બનાવવામાં આવી છે.

વીરાના સરપંચ મહેશભાઈ આહીરે ઉત્સાહપૂર્વક જણાવ્યું હતું કે,''આધ્યાત્મિક સ્થળે વૃક્ષારોપણ કરવાથી એક અનોખુ સૌંદર્યઅને રમણીય વાતાવરણ ઉભુ થશે.

અદાણી ફાઉન્ડેશનના પંક્તિબેન શાહે જણાવ્યુ હતુ કે અહીં લોકમેળાઓ યોજાય છે, પરંતુ ગાઢ જંગલ બન્યા પછી, હવે પક્ષીમેળાઓ યોજાશે. અદાણી તુણા પોર્ટના સીઓઓ વિવેક સીંગે જણાવ્યુ હતું કે, ''અમારા ચેરમેનનું વિઝન ભારતની ભૂમિ પર ૧૦ કરોડ વૃક્ષો વાવવાનું છે.'' તેવું યાદીમાં જણાવ્યું હતું.

સ્વ. વિજયભાઈ રૂપાણીના જન્મદિવસ નિમિતે

# બ્રહ્મ પ્રતિષ્ઠાન સંસ્થા દ્વારા શનિવારે ભુલકાઓને ભોજન



**અબતક, રાજકોટ**

રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને ખરા અર્થમાં જનનાયક એવા દિવંગત નેતા વિજયભાઈ રૂપાણીના જન્મ દિન નિમિતે બૃહદ રાજકોટ પ્રતિષ્ઠાન સંસ્થા દ્વારા વોર્ડ નં. ૧ ના સ્લમ વિસ્તારના બાળકોને નાસ્તા વિતરણ કરવામાં આવશે.

આ અંગે વિગતો આપતા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના ડિરેકટર અને જનસેવક રાજુ જુંજાએ જણાવ્યું હતું કે વિજયભાઈ રૂપાણીને બાળકો પ્રત્યે અપાર પ્રેમ અને લાગણી હતી.

તા. ૨-૮ ને શનિવારે વિજયભાઈના જન્મ દિને શ્રમિક પરિવારના બાળકોને નાસ્તા વિતરણ કરી બાળકોના ચહેરા પર સ્મિત લાવી વિજયભાઈના જન્મ દિવસની પ્રતિક ઉજવણી કરવામાં આવશે.

સ્વતંત્રા દિવસ નિમિતે

# લોહાણા યુવક પ્રગતિ મંડળ દ્વારા દેશ ભકિતના ગીત-ડાન્સ સ્પર્ધાનું આયોજન

## ૧૦ ઓગસ્ટે કોટક કન્યા વિજય સ્કુલ મોટી ટાંકી ચોક રાજકોટ ખાતે યોજાશે

**અબતક,રાજકોટ**

લોહાણા યુવક પ્રગતિ મંડળ રાજકોટ દ્વારા રાષ્ટ્રના મહાનપર્વ સ્વાતંત્ર્ય દિવસે નિમિતે દેશભકિત ગીત સ્પર્ધા તથા દેશભકિત ગીત ઉપર ગ્રુપ ડાન્સ સ્પર્ધા ૨૦૨૫નું તા. ૧૦.૮.૨૦૨૫ રવિવારે બપોરે ૩.૩૦ કલાકે કોટક કન્યા વિનય મંદિર મોટી ટાંકી ચોક ખાતે વિશાળ આયોજન બે વિભાગમાં સ્પર્ધા યોજાશે. જેમાં વય જુથ મુજબ ત્રણ ગ્રુપો તથા ગ્રુપ ડાન્સ સ્પર્ધા યોજાશે. દરેક ગ્રુપમાંથી પ્રથમ દ્વિતિય તથા તૃતીય નંબર મેળવનારને ઈનામો ગીફટ આપવામાં આવશે સ્પર્ધામાં ભાગલેનાર તમામ સ્પર્ધકોને પ્રોત્સાહન ઈનામ પણ આપવામા આવશે.

દેશભકિત ગીત સ્પર્ધામાં ભાગ લેવા માટે તા.૭-૮-૨૦૨૫ સુધીમાં ફોર્મ મેળવી આઈ.ડી. પ્રફુસાએ સંસ્થાની ઓફીસે પરત કરવાનું રહેશે.

ગ્રુપ ડાન્સ સ્પર્ધામાં દેશભકિતના ગીત પર ગ્રુપ ડાન્સ કરવાનો રહેશે જેમાં ઓછામાં ઓછા એક ગ્રુપમાં ત્રણ સ્પર્ધકો ફરજીયાત રહેશે. વધુ ૯૪૨૬૨ ૫૪૯૯૯ પર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું હતુ.

# અબુધાબીથી શિકાગો જતી ફલાઈટ પોલેન્ડ જઈ પાછી ફરી

**અબતક, રાજકોટ**

અબુધાબીથી અમેરિકાના શિકાગો શહેર જઈ રહેલી એતિહાદ એરવેય્સની ફલાઈટ નંબર ઈવાય૯ને મધ્યમાં જ અજ્ઞાત તકનીકી ખામી સર્જાતા તાત્કાલિક પરત ફરવું પડ્યું હોવાના અહેવાલ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ ફલાઈટ શિકાગોના બદલે પોલેન્ડ સુધી પહોંચી ગઈ હતી, પરંતુ ત્યાંથી જ તેને ફરી અબુધાબી આવી હતી. ઘટનાનું ચોક્કસ કારણ જાણવા માટે હાલ વિસ્તૃત તપાસ ચાલી રહી છે, જોકે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી એરલાઈન્સ દ્વારા જાહેર કરવામાં આવી નથી. એતિહાદ એરવેય્સ તરફથી અત્યાર સુધી મુસાફરોની હાલત અને સુરક્ષા અંગે કોઈ જ પ્રતિભાવ કે સત્તાવાર જાહેરાત ન મળતા પરિસ્થિતિ વધુ ગૂંચવણભરી બની છે. આ ઘટના અંગે વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે, કારણ કે એરલાઈન્સ તરફથી સત્તાવાર ખુલાસો હજુ બાકી છે.

# ફરાળી વાનગીઓ વેંચતા વેપારીઓ પર કોર્પોરેશનની ધોંસ યથાવત

## ગાંધીગ્રામમાં એસ.કે. ચોકમાં ઠક્કર ગૃહ ઉદ્યોગ અને રાજશક્તિ ફરસાણમાં ૨૨ કિલો દાઝીયા તેલનો નાશ: ફરાળી લોટ, ફરાળી ચેવડો, ફરાળી પેટીસ અને કૂકીંગ ઓઈલના નમૂના લેવાયા

**અબતક, રાજકોટ**

શ્રાવણ માસમાં ફરાળી ખાદ્યચીજોનું વ્યાપક પ્રમાણમાં વેંચાણ થતું હોય છે. વધુ નફો કમાવવાની લાલચમાં વેપારીઓ હલકી ગુણવત્તાવાળી ફરાળી વાનગી અથવા ભેળસેળયુકત વાનગીનું વેંચાણ કરી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા હોય છે અને ઉપવાસ પણ અભડાવતા હોય છે. શ્રાવણ માસના આરંભથી જ કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગની ટીમ દ્વારા ફરાળી ખાદ્ય સામગ્રી વેંચતા વેપારીઓને ત્યાં ચેકીંગ હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત



આજે શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં એસ.કે.ચોકમાં ફરાળી પેટીસનું ઉત્પાદન કરતી ઠક્કર ગૃહ ઉદ્યોગ નામની પેઢીમાં તપાસ કરવામાં આવી હતી. જે દરમિયાન સ્થળ પર પેટીસના ઉત્પાદન માટે ઉપયોગમાં લેવામાં આવતું તેલ દાઝીયું હોવાનું માલૂમ પડતાં ૧૨ કિલો દાઝીયા તેલનો નાશ કરી દેવામાં આવ્યો હતો અને પેટીસ બનાવવા માટે વપરાતા કૂકીંગ ઓઈલનું સેમ્પલ લેવામાં આવ્યું હતું. આ ઉપરાંત પેઢીમાંથી ફરાળી પેટીસ બનાવવા માટે ઉપયોગમાં લેવાતા ફરાળી લોટનો પણ નમૂનો લેવામાં આવ્યો હતો. રાજશકિત ફરસાણમાં પણ ચકાસણી કરવામાં આવી હતી. અહિં ૧૦ કિલો દાઝીયા તેલનો નાશ કરવામાં આવ્યો હતો. લૂઝ ફરાળી ચેવડો અને ફરાળી પેટીસના નમૂના લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. આગામી દિવસોમાં પણ ચેકીંગ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

ફૂડ વિભાગની ટીમ દ્વારા શહેરના અંબિકા ટાઉનશીપ વિસ્તારમાં જીવરાજ પાર્કમાં જયપાર્ક રોડ પર ખાણીપીણીની ૧૯ દુકાનોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ૧૭ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવી હતી. પટેલ ગાંઠીયા, પટેલ પાઉંભાજી, ગુરૂકૃપા ડેરી ફાર્મ, સ્વરૂચિ પાણીપુરી, જીફેશ આઈસ્ક્રીમ, મહાજન ફરસાણ, ગેલેકસી સોડા, શ્રીજી માર્ટ, મારૂતિ મેડિકલ સ્ટોર, ઉમિયાજી સોડા શોપ, પુષ્ટિ પ્રોવિઝન સ્ટોર, ઓમ પ્રોવિઝન સ્ટોર, ક્રિષ્ના જનરલ સ્ટોર, મારૂતિ આઈસ્ક્રીમ, ઉમા કોલ્ડ્રિંક્સ, ક્રિષ્ના કોલ્ડ્રિંક્સ અને આનંદ પ્રોવિઝન સ્ટોરને ફૂડ લાયસન્સ સંદર્ભે નોટિસ આપવામાં આવી હતી.

# ઘેલા સોમનાથ મંદિરમાં ભટ્ટ પરિવારની પૂજા યથાવત રાખવા કલેક્ટરને રજૂઆત

## વડવા વેજલ દાદા ભટ્ટના સમયથી શ્રાવણ માસ અને મહાશિવરાત્રી દરમિયાન બપોરની પૂજા અને મહાઆરતીની પરંપરા યથાવત રાખવા માંગ

**અબતક, રાજકોટ**

રાજકોટના સુપ્રસિદ્ધ ઘેલા સોમનાથ મંદિર ખાતે ૬૩૦ વર્ષથી ચાલી આવતી ભટ્ટ પરિવારની બપોરની મહાપૂજા અને મહાઆરતીની પરંપરા ખંડિત થતા પરિવારે રાજકોટ કલેક્ટર સમક્ષ આવેદનપત્ર સુપરત કરી ન્યાયની માંગ કરી છે.ભટ્ટ પરિવારના ભાવેશ ભટ્ટ એ જણાવ્યા મુજબ, તેમના વડવા વેજલ દાદા ભટ્ટના સમયથી શ્રાવણ માસ અને મહાશિવરાત્રી દરમિયાન આ પૂજા-આરતી કરવામાં આવે છે, તેમણે ધર્મની રક્ષા માટે શહીદી વહોરી હતી જેનો ઈતિહાસ મંદિરે નોંધાયેલો છે. જોકે, છેલ્લા એક વર્ષથી ટ્રસ્ટ દ્વારા ૩-૩ દિવસના વારા ગોઠવવામાં આવતા આ પરંપરા તૂટી રહી છે અને પરિવારની લાગણી દુભાઈ રહી છે.આ અગાઉ પણ જસદણ તાલુકા પ્રાંત અધિકારી આ અંગે રજૂઆત કરવામાં આવી હતી જેને મહાદેવની પૂજા માટે વારા કાઢવાનું જણાવ્યું હતું જે નિર્ણયથી અમે સંતુષ્ટ નથી તેમજ મહાપૂજા માટે ગર્ભગૃહમાં પ્રવેશ અપાતો નથી અને માત્ર આરતી પૂરતો જ પ્રવેશ મળે છે. મંદિરની સ્થાપના પૂજા સાથે સંકળાયેલા ભટ્ટ પરિવારના ૩-૪ સભ્યોને ટ્રસ્ટી મંડળમાં સમાવેશ કરવામાં આવે.:પરિવાર કોઈપણ આર્થિક અપેક્ષા વગર, માત્ર પરંપરા જાળવવા દાદાની સેવા કરવા માંગે છે શ્રાવણ માસ દરમિયાન પૂજા સામગ્રી રાખવા અને રહેવા માટે કલેક્ટરના ૨૦૦૮ના હુકમ મુજબ ફાળવેલો રૂમ નંબર ૧૯ છેલ્લા ૨ વર્ષથી નથી મળતો, તે પરત આપવામાં આવે. સમગ્ર મામલે રાજકોટ કલેક્ટરને યોગ્ય ન્યાય માટે આવેદન પાઠવવામાં આવ્યું છે તેમજ ૨૪ કલાકમાં યોગ્ય નિર્ણય નહીં મળે, તો તેઓ તેમના વડવાઓની ખાંભી પાસે અન્ન-જળનો ત્યાગ કરી ઉપવાસ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

(પહેલા પાનાનું ચાલું)

### ભારતની આત્મનિર્ભરતા...

રાષ્ટ્રપતિને બેફામ પાવર આપવામાં આવ્યો છે. જેનો ટ્રમ્પ ભરપૂર ફાયદો લઈ રહ્યા છે. તેની સામે કોઈ બોલી શકે તેમ નથી. અત્યાર સુધી ટ્રમ્પ વિરુદ્ધ એક પણ વિપક્ષી નેતાનું નિવેદન આવ્યું નથી. તેવામાં અમેરિકાએ ફરી એકવાર ભારત પર ૨૫% ટેરિફ ઝીંક્યો છે. ૩૦ જુલાઈના રોજ, ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટ કરીને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, 'ભારત રશિયા પાસેથી ખૂબ જ મોટા પાયે શસ્ત્રો અને ઓઈલ ખરીદી રહ્યું છે. હાલ આખું વિશ્વ ઈચ્છે છે કે, રશિયા યુક્રેનમાં હુમલા કરવાનું બંધ કરે. આ બધું યોગ્ય નથી થઈ રહ્યું. આ માટે ભારતે પણ ૨૫% ટેરિફ અને દંડ ચૂકવવો પડશે. આ નિયમ પહેલી ઓગસ્ટથી લાગુ થઈ જશે. આભાર. મેક અમેરિકા ગ્રેટ અગેઈન.'

ત્યારબાદ હવે ભારત પર ટેરિફ અંગે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું નિવેદન પણ આવ્યું છે. જેમાં તેમણે કહ્યું કે, મોદી મારા મિત્ર છે. પણ ભારત વેપારમાં સહયોગ નથી કરતું. ભારત ઘણું બધું વેચે છે પરંતુ ખરીદતું નથી. ભારત સૌથી વધુ ટેરિફ લગાવનારો દેશ છે. ભારત સાથે ડીલના પ્રયાસો ચાલી રહ્યા છે. અઠવાડિયાના અંત સુધીમાં નિર્ણય આવી જશે. અમેરિકા વિરોધી જૂથ બ્રિક્સમાં ભારત પણ સામેલ છે. અમે ડોલર પર હુમલો નહીં થવા દઈએ. હજુ ભારત સાથે વાતચીત કરી રહ્યા છીએ.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતીય વસ્તુઓ પર ૨૫% ટેરિફની જાહેરાતના કેટલાક કલાકો બાદ નવી દિલ્હીએ કહ્યું કે, તેઓ વોશિંગટન ડી.સી.ની સાથે ટ્રેડ ડીલ કરતાં ખેડૂતો, ઉદ્યોગ સાહસિકો અને એમએસએમઈમાં હિતોની રક્ષા માટે સરકાર આકરાં પગલાં ભરશે. ભારતે કહ્યું કે, 'સરકારે આપણા ખેડૂતો, ઉદ્યોગ સાહસિકો અને એમએસએમઈના કલ્યાણની રક્ષા અને સંવર્ધનને સૌથી વધુ મહત્વ આપે છે. સરકારે આપણા રાષ્ટ્રીય હિતોની રક્ષા માટે તમામ જરૂરી પગલાં ભરશે, જેમ કે બ્રિટન સાથે આર્થિક અને વેપાર કરાર સહિત અન્ય કરાર મુદ્દે કર્યું છે.'

અમેરિકા ભારત પાસેથી તેના કૃષિ અને ડેરી ઉત્પાદનો અને આનુવંશિક રીતે સુધારેલા પાક માટે બજારો ખોલવા અને તેમના પરના ટેરિફ ઘટાડવાની માગ કરી રહ્યું છે. અમેરિકા ઈચ્છે છે કે ભારત આ ક્ષેત્રોમાં ૧૦૦ ટકા સુધી ટેરિફ દૂર કરે અથવા ઘટાડે. ભારત આ માટે સંમત નથી. ભારત સંમત ન થવાનું કારણ એ છે કે ભારતમાં વસ્તીનો મોટો વર્ગ આનાથી પ્રભાવિત થશે. ખાસ કરીને નાના ખેડૂતો આનાથી પ્રભાવિત થઈ શકે છે.

### અમેરિકા - પાકિસ્તાન...

એમ પણ જણાવ્યું હતું કે અમેરિકા હાલમાં ભારત સાથે વેપારની વાટાઘાટો કરી રહ્યું છે, જેમાં ભારતની બ્રિક્સ સદસ્યતા એક મહત્વનું પરિબળ છે. તેમણે કહ્યું, ''બ્રિક્સ એ મૂળભૂત રીતે એવા દેશોનું જૂથ છે જે અમેરિકા વિરોધી છે અને ભારત તેનો સભ્ય છે. આ ડોલર પર હુમલો છે અને અમે કોઈને ડોલર પર હુમલો કરવા દઈશું નહીં. આ આંશિક રીતે બ્રિક્સ અને આંશિક રીતે વેપારનો મુદ્દો છે. અમારા ભારત સાથે ઘણું મોટું વેપાર ખાધ છે.''

ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરી ૨૦૨૨થી ભારતીય રિફાઈનરીઓ રશિયાના ડિસ્કાઉન્ટેડ ક્રૂડ ઓઈલની ખરીદી કરી રહી છે, જેનો લાભ લઈને ભારતે રશિયા પાસેથી તેની આયાતમાં નોંધપાત્ર વધારો કર્યો છે. હાલમાં રશિયા ભારતની તેલની આયાતમાં લગભગ એક તૃતીયાંશ હિસ્સો પૂરો પાડે છે, જે યુદ્ધ પહેલાં ૧% કરતાં ઓછો હતો.

ટ્રમ્પે એમ પણ જણાવ્યું હતું કે ભારત સાથેની વેપાર વાટાઘાટોમાં ભારત નોંધપાત્ર ટેરિફ ઘટાડા માટે તૈયાર છે, તેથી આ અંગે સમાધાન અંત સુધીમાં જાહેર કરવામાં આવશે.

### ડ્રાયફ્રુટના વેપારીઓ...

એશિયામાં સંકટને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન પહેલેથી જ તણાવમાં છે, અને હવે ટેરિફના પ્રશ્નો આ મુશ્કેલીને વધારી રહ્યા છે. આ ઉપરાંત, જીએસટીની સમીક્ષા દરમિયાન ડ્રાય ફ્રૂટ્સ પર ૧૨% સ્લેબમાં ફેરફાર થઈ શકે તેવી ચિંતા પણ છે.

હાલમાં નટ્સ અને ડ્રાય ફ્રૂટ્સ પર ૧૨% જીએસટી લાગુ છે. ઉદ્યોગને ભય છે કે ૧૨% સ્લેબ નાબૂદ થાય તો આ ઉત્પાદનો ૧૮% જીએસટીના દાયરામાં આવી શકે છે, જે ગ્રાહકો માટે ખર્ચમાં વધારો કરશે.

અમેરિકાથી આયાત થતા અખરોટ, બદામ અને અન્ય નટ્સની કસ્ટમ્સ ક્લિયરન્સમાં આયાતકારો વિલંબ કરી રહ્યા છે, કારણ કે ભારત-અમેરિકા વેપાર કરાર હેઠળ આયાત ડ્યુટીમાં ઘટાડાની શક્યતા છે. હવે આયાત કરવાથી વર્તમાન ડ્યૂટી ચૂકવવી પડે અને ભવિષ્યમાં નુકસાન થાય તેવો ભય છે.

કાઉન્સિલના સ્થાપક સભ્ય રવિન્દ્ર મહેતાએ જણાવ્યું કે ઉદ્યોગ અખરોટ અને બદામ પર ડ્યૂટીમાં ઘટાડાની અપેક્ષા રાખે છે.

લોકપ્રિય નટ્સના ભાવમાં ઉછાળો જોવા મળ્યો છે. અખરોટનો ભાવ થોડા અઠવાડિયામાં રૂ. ૪૦૦થી વધીને રૂ. ૭૦૦ પ્રતિ કિલો થયો છે, જ્યારે બદામ રૂ. ૬૦૦થી વધીને રૂ. ૭૦૦ પ્રતિ કિલો થયા છે. પિસ્તાની અછત પણ જોવા મળી રહી છે.

રૂ. ૬૦,૦૦૦ કરોડના નટ્સ અને ડ્રાય ફ્રૂટ્સ ઉદ્યોગનો ૬૦%થી વધુ વપરાશ તહેવારોની સિઝનમાં થાય છે, જે રક્ષાબંધનથી શરૂ થઈને દિવાળી સુધી ચાલે છે અને નાતાલ સુધી ટકે છે. આ વર્ષે રક્ષાબંધન, તીજ, જન્માષ્ટમી અને ગણેશ ચતુર્થી જેવા તહેવારો જુલાઈ-ઓગસ્ટથી શરૂ થશે.

ઓપરેશન સિંદૂર બાદ વાઘા બોર્ડર બંધ થવાને કારણે અફઘાન આયાત પણ અટકી ગઈ છે, જેના કારણે ડ્રાય ફ્રૂટ માર્કેટમાં સપ્લાયની અછત વધી રહી છે.

### ઈરાન સાથે પેટ્રોલિયમ...

જાન્યુઆરી અને ડિસેમ્બર ૨૦૨૪ વચ્ચે ૮૪ મિલિયન ડોલર (લગભગ રૂ. ૭૦૦ કરોડ) થી વધુ મૂલ્યના ઈરાની પેટ્રોકેમિકલ ઉત્પાદનોની આયાત કરી હતી.

જ્યારે ગ્લોબલ ઇન્ડસ્ટ્રિયલ કેમિકલ્સ લિમિટેડ પણ તે યાદીમાં છે. તેણે જુલાઈ ૨૦૨૪થી જાન્યુઆરી ૨૦૨૫ સુધી, કંપનીએ ૫૧ મિલિયન ડોલર (લગભગ રૂ. ૪૨૫ કરોડ)થી વધુ મૂલ્યના ઈરાની મિથેનોલ અને અન્ય ઉત્પાદનો ખરીદ્યા.

જ્યુપિટર ડાઈ કેમ પ્રાઈવેટ લિમિટેડ પણ આ યાદીમાં છે. કંપનીએ તે જ સમયગાળા દરમિયાન લગભગ ૪૯ મિલિયન ડોલરના મૂલ્યના ટોલ્યુએન સહિત ઈરાની ઉત્પાદનોની આયાત કરી. રમણીકલાલ એસ. ગોસાલિયા એન્ડ કંપની પણ યાદીમાં છે. તેણે મિથેનોલ અને ટોલ્યુએન સહિત લગભગ૨૨ મિલિયન ડોલરના પેટ્રોકેમિકલ્સ ખરીદ્યા. પર્સિસ્ટન્ટ પેટ્રોકેમ પ્રાઈવેટ લિમિટેડ પણ યાદીમાં છે.કંપનીએ ઓક્ટોબર અને ડિસેમ્બર ૨૦૨૪ વચ્ચે ૧૪ મિલિયન ડોલરના ઈરાની મિથેનોલની આયાત કરી.

કંચન પોલિમર્સ પણ યાદીમાં છે. તેના પર ૧.૩ મિલિયન ડોલરના મૂલ્યના ઈરાની પોલિઈથિલિન ઉત્પાદનો ખરીદવાનો આરોપ છે. આ કંપનીઓની અમેરિકામાં રહેલી બધી સંપત્તિઓ અને અમેરિકન નાગરિકો/કંપનીઓ સાથેના તેમના વ્યવહારો તાત્કાલિક ફ્રીઝ કરવામાં આવ્યા છે. કોઈપણ અમેરિકન વ્યક્તિ કે કંપની આ પ્રતિબંધિત કંપનીઓ સાથે વ્યવસાય કરી શકશે નહીં.

### બ્રિક્સ દેશો...

જેથી તેઓને થોડું વ્યાજ મળી શકે.તમામ દેશો સહિત આ નાણાં લગભગ ૭.૮ ટ્રિલિયન ડોલર છે. એટલે કે ભારતની અર્થવ્યવસ્થા કરતાં બે ગણી વધારે. અમેરિકા આ પૈસાનો ઉપયોગ તેના વિકાસ માટે કરે છે.

### અમદાવાદ મેગા સિટી...

સુવિધાઓ જેવા માળખાગત વિકાસની ગતિ સાથે તાલમેલ સાધવો પડકારજનક છે. સંકલિત વિકાસ અભિગમથી આ વિસ્તારોમાં ઝડપથી ઉન્નત માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ થશે.

જોકે, આ પ્રસ્તાવથી એએમસી સમક્ષ અનેક પડકારો ઊભા થશે. નવા સમાવેલ થનારા વિસ્તારોમાં પાણી પુરવઠો, ગટરવ્યવસ્થા, રસ્તા નેટવર્ક અને જાહેર પરિવહન જેવી માળખાગત સુવિધાઓ માટે નોંધપાત્ર સંસાધનોની જરૂર પડશે. સૂત્રોએ જણાવ્યું, ''આ સેવાઓ પૂરી પાડવાની નાણાકીય અસરો નોંધપાત્ર હશે અને એએમસીએ આ વિસ્તારોને શહેરી ધોરણો સુધી લાવવા માટે ભારે રોકાણ કરવું પડશે.''

નવા વિલીન થનારા વિસ્તારોના રહેવાસીઓને ઉચ્ચ મહાનગરપાલિકા વેરાનો સામનો કરવો પડી શકે છે, જેનાથી શરૂઆતમાં વિરોધ થઈ શકે છે. સૂત્રોએ જણાવ્યું, ''એએમસીએ વેરાનું સંતુલિત આયોજન કરવું પડશે અને સેવાની ગુણવત્તા સુનિશ્ચિત કરવી પડશે.''

નવા વિસ્તારોને યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે માટે વોર્ડ સીમાઓનું પુનર્ગઠન કરવું એ પણ એક વહીવટી પડકાર હશે. સૂત્રોએ જણાવ્યું, ''એએમસીએ તેનું કામગીરી બળ વધારવું પડશે અને આ વિસ્તારોમાં અસરકારક સેવાઓ પૂરી પાડવા નવી કચેરીઓ સ્થાપવી પડશે.''

અધિકારીઓએ જણાવ્યું કે, ''આ વિલીનીકરણ પ્રસ્તાવ માટે માળખાગત જરૂરિયાતો, નાણાકીય અસરો, વહીવટી ક્ષમતા, જાહેર અભિપ્રાય અને સેવા પુરવઠા પદ્ધતિઓ જેવા પરિબળોનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવું પડશે.'' ૨૦૨૦માં બોપલ-ઘુમા વિલીનીકરણની સફળતા આ પ્રસ્તાવ માટે માર્ગદર્શન પૂરું પાડશે, પરંતુ દરેક વિસ્તારની વિશિષ્ટ પડકારો અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને એએમસીએ વિશિષ્ટ વ્યૂહરચનાઓ તૈયાર કરવી પડશે.

### સોલાર મોડેલ્સ...

વિશિષ્ટતાઓને નિર્ધારિત કરે છે.

નવીન અને નવીકરણીય ઊર્જા મંત્રાલયે ગયા વર્ષે સ્થાનિક સોલર સેલના ઉપયોગ માટે બે મહત્વની સમયમર્યાદા નક્કી કરી હતી. એક સમયમર્યાદા અનુસાર, નિલામીમાં ભાગ લેતા પ્રોજેક્ટ્સ માટે અપ્રૂવ્ડ લિસ્ટ ઓફ મોડલ્સ એન્ડ મેન્યુફેક્ચરર્સ-૨ યાદીમાંથી સોલર સેલનો ફરજિયાત ઉપયોગ ૯ ડિસેમ્બર, ૨૦૨૪થી શરૂ થશે.

### ઈ-રીક્ષા...

રિક્ષાની વધતી જતી સંખ્યા સાથે ગુણવત્તા નિયંત્રણની જરૂરિયાત અનિવાર્ય બની ગઈ છે. વધુમાં, સુરક્ષા વધારવા માટે, ઈ-રિક્ષા માટેના ''ફિટનેસ સર્ટિફિકેટ'' ની માન્યતા ત્રણ વર્ષથી ઘટાડીને માત્ર એક વર્ષની કરવામાં આવી છે. આનાથી સુનિશ્ચિત થશે કે વાહનો નિયમિતપણે જાળવવામાં આવે અને ૨૫ કિમી પ્રતિ કલાકની નિર્ધારિત ઝડપ મર્યાદાનું પાલન કરે.

આગળ જતાં, એપ્રિલ ૨૦૨૭ પછી ઉત્પાદિત થનારી તમામ ઈ-રિક્ષામાં લિથિયમ-આયન બેટરી ફરજિયાત બનશે, જે હાલમાં વપરાતી એસિડ લીડ બેટરી કરતાં વધુ સુરક્ષિત અને કાર્યક્ષમ છે. આ ઉપરાંત, આ વાહનોમાં વિન્ડસ્ક્રીન વાઈપર્સ અને વધુ સ્થિરતા (બહેતર બેલેન્સ) માટેની સુવિધાઓ પણ ઉમેરવામાં આવશે. સરકારી આંકડા મુજબ, છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં ૧૬ લાખથી વધુ ઈ-રિક્ષા નોંધાઈ છે અને ૪૦૦થી વધુ ઉત્પાદકો કાર્યરત છે. આ નવા નિયમોથી ઉદ્યોગમાં કડકાઈ આવશે, ગ્રાહકોને વધુ સુરક્ષિત અને ભરોસાપાત્ર વાહનો મળશે, અને લાસ્ટ-માઈલ કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે.

### ઓર્ગેનિક ખેતી...

સાથે મોખરે છે, ત્યારબાદ મહારાષ્ટ્ર ૯.૬૭ લાખ હેક્ટર સાથે અને રાજસ્થાન ૫.૫૨ લાખ હેક્ટર સાથે ત્રીજા ક્રમે છે. આ આંકડા દર્શાવે છે કે રાષ્ટ્રીય સ્તરે પણ ઓર્ગેનિક ખેતીનો વ્યાપ હજુ વિશાળ છે, પરંતુ ગુજરાતમાં આવેલો આ ઘટાડો ચોક્કસપણે વિશ્લેષણ માંગે છે.

આ ઘટાડાનું સૌથી રસપ્રદ પાસું એ છે કે તેવા સમયે આવ્યો છે જ્યારે સમગ્ર ગુજરાતમાં કુદરતી ખેતી, જે એક સંબંધિત પરંતુ અલગ રસાયણમુક્ત પદ્ધતિ છે, વેગ પકડી રહી છે. રાજ્યના સત્તાવાર આંકડાઓ અનુસાર, હાલમાં ૭.૯૨ લાખ હેક્ટરથી વધુ જમીન કુદરતી ખેતી હેઠળ છે, જેને ૯.૭૧ લાખથી વધુ ખેડૂતોએ અપનાવી છે. દક્ષિણ ગુજરાતમાં આવેલા ડાંગ જિલ્લાને તો ૧૦૦% કુદરતી ખેતી જિલ્લો પણ જાહેર કરવામાં આવ્યો છે, જે આ પદ્ધતિની વધતી લોકપ્રિયતાનો પુરાવો છે.

રમેશ રૂપારેલિયા, જેઓ ભારતભરના ખેડૂતો સાથે કામ કરતા ટ્રેનર છે, તેમણે આ અંગે સ્પષ્ટતા કરી. તેઓ જણાવે છે કે, ''કુદરતી અને ઓર્ગેનિક ખેતી બંને રાસાયણિક મુક્ત ખેતી પદ્ધતિઓ છે, પરંતુ ગાયના છાણ અને ગૌમૂત્ર જેવા પરંપરાગત ઈનપુટ્સનો ઉપયોગ કરવા તરફ મોટો ઝુકાવ જોવા મળ્યો છે, જે કુદરતી ખેતી માટે કેન્દ્રીય છે.'' તેમણે ઉમેર્યું હતું કે ભલે સત્તાવાર ઓર્ગેનિક પ્રમાણપત્ર ઘટી રહ્યું હોય, પરંતુ કુદરતી પદ્ધતિઓને લોકપ્રિયતા મળી રહી હોવાથી રાસાયણિક મુક્ત ખેતીનો વ્યાપક વલણ વધી શકે છે. આ દર્શાવે છે કે ખેડૂતો રાસાયણિક મુક્ત ખેતી તરફ વળવા માંગે છે, ભલે તે પ્રમાણપત્ર આધારિત ઓર્ગેનિક ખેતી હોય કે પછી કુદરતી ખેતી.

કુદરતી ખેતી અને ઓર્ગેનિક ખેતી વચ્ચેનો મુખ્ય તફાવત સમજવો જરૂરી છે. કુદરતી ખેતી સંપૂર્ણપણે બાહ્ય ઈનપુટ્સને ટાળે છે, તેના બદલે સૂક્ષ્મજીવાણુ પ્રવૃત્તિ અને માટીની સપાટીના વિઘટનને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જ્યારે બીજી બાજુ, ઓર્ગેનિક ખેતી ખાતર, ખાતર અને અન્ય માન્ય પદાર્થોનો ઉપયોગ કરે છે અને એનપીઓપી હેઠળ કડક પ્રમાણપત્ર નિયમોનું પાલન કરવું અનિવાર્ય છે. આ ભેદ જ દર્શાવે છે કે શા માટે ખેડૂતો કુદરતી ખેતી તરફ વધુ આકર્ષિત થઈ રહ્યા છે, જ્યાં પ્રમાણપત્રની જટિલ પ્રક્રિયાઓ અને ખર્ચનો બોજ ઓછો હોય છે અને પરંપરાગત પદ્ધતિઓ પર વધુ ભાર મૂકવામાં આવે છે. આ વલણ ગુજરાતના કૃષિ ભવિષ્ય માટે કયા નવા દ્વાર ખોલે છે તે જોવું રસપ્રદ રહેશે.

### ૨૦૦૮ માલેગાવ બ્લાસ્ટ કેસ...

પ્રસાદ પુરોહિત, મેજર રમેશ ઉપાધ્યાય (નિવૃત્ત), અજય રાહિરકર, સમીર કુલકર્ણી, સુધાકર ચતુર્વેદી અને સુધાકર દ્વિવેદીનો સમાવેશ થાય છે.

એટીએસએ આરોપ લગાવ્યો હતો કે, વિસ્ફોટમાં વપરાયેલી બાઈક ઠાકુરની હતી. જ્યારે પુરોહિત જમ્મુ કાશ્મીરથી આરડીએક્સ લાવ્યો હતો અને તેને પોતાના ઘરમાં સંગ્રહિત કર્યો હતો. આરોપીઓ જામીન પર બહાર છે, જોકે તેમના પર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ અને ભારતીય દંડ સંહિતાની કડક કલમો હેઠળ આતંકવાદી કૃત્ય કરવા, આતંકવાદી કૃત્ય કરવાનું કાવતરું ઘડવા, ગુનાહિત કાવતરું ઘડવા, હત્યા અને ધાર્મિક જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવાનો આરોપ છે.

૨૦૧૧ માં જ્યારે કેસ એનઆઈએને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. ૨૦૧૫ માં, ખાસ સરકારી વકીલ રોહિણી સલિયાને જાહેરમાં આરોપ લગાવ્યો કે, એનઆઈએ તેમને આરોપીઓ પ્રત્યે ''નરમ'' રહેવાની સૂચના આપી હતી. જેના કારણે કાર્યવાહીમાં ફેરફાર થયો હતો. ૨૦૧૬ માં એનઆઈએની પૂરક ચાર્જશીટમાં એટીએસપર પુરોહિતને ફસાવવા માટે આરડીએક્સના નિશાન લગાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો અને ખાસ કરીને અપૂરતા પુરાવાનો ઉલ્લેખ કરીને ઠાકુર અને અન્ય લોકોને ક્લીનચીટ આપવામાં આવી હતી.

એનઆઈએના વલણ છતાં ૨૭ ડિસેમ્બર, ૨૦૧૭ ના રોજ ખાસ કોર્ટે ચુકાદો આપ્યો કે, ઠાકુર અને પુરોહિત સહિત ૭ આરોપીઓ પર કડક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ હેઠળ કેસ ચલાવવામાં આવશે. જોકે મહારાષ્ટ્ર સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ હેઠળના આરોપો રદ કરવામાં આવ્યા હતા. અંતે, ૩૦ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ પ્રજ્ઞા ઠાકુર, પુરોહિત અને અન્ય પાંચ લોકો સામે આતંકવાદ અને હત્યાના આરોપો ઘડવામાં આવ્યા હતા.

૩ ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ ટ્રાયલ શરૂ થઈ હતી. કાર્યવાહીમાં ૩૨૦ થી વધુ ફરિયાદ પક્ષના સાક્ષીઓ સામેલ હતા. જેમાંથી ૩૭ સાક્ષીઓ નિવેદન આપીને ઈન-કેમેરા ટ્રાયલ ચલાવવાની અરજી ફગાવી દેવામાં આવી હતી.

### સુપ્રીમ...

આપવી જોઈએ. પરંતુ ન્યાયાધીશ એમ એમ સુંદરેશ અને એન કે સિંહની બેન્ચે જણાવ્યું હતું કે કોર્ટ દ્વારા જારી કરાયેલ સમન્સ એક ન્યાયિક કાર્ય છે, જ્યારે તપાસ એજન્સી દ્વારા જારી કરાયેલ નોટિસ એક કાર્યકારી કાર્ય છે અને ન્યાયિક કાર્ય માટે નિર્ધારિત પ્રક્રિયાને કાર્યકારી કાર્ય માટે નિર્ધારિત પ્રક્રિયામાં લઈ શકાતી નથી.

કોર્ટે સ્પષ્ટતા કરી કે પોલીસ સમન્સના કેસમાં સ્વતંત્રતાનો મુદ્દો સામેલ છે કારણ કે સમન્સનું પાલન ન કરવા બદલ વ્યક્તિની ધરપકડ કરી શકાય છે અને આવા કિસ્સાઓમાં આરોપીએ વ્યક્તિગત રીતે નોટિસ બજાવવામાં આવે તે યોગ્ય છે, ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારના માધ્યમથી નહીં. કોર્ટે એમિકસ ક્યુરી તરીકે મદદ કરી રહેલા વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ લુથરાની રજૂઆત સ્વીકારી અને બેન્ચને જણાવ્યું કે નિયમિત સેવા પદ્ધતિ મુજબ સમન્સ વ્યક્તિ પર વ્યક્તિગત રીતે બજાવવામાં આવે છે.

કોઈપણ વ્યક્તિની સ્વતંત્રતાનું રક્ષણ એ બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ દરેક વ્યક્તિને મળેલા જીવનના અધિકારનો એક મહત્વપૂર્ણ પાસું છે. બીએનએસએસ, ૨૦૨૩ ની કલમ ૩૫(૬) માં સમાવિષ્ટ પ્રક્રિયા, સંબંધિત સત્તાધિકારી દ્વારા અતિક્રમણથી આ મૂળભૂત અધિકારને સુરક્ષિત કરવાનો પ્રયાસ કરે છે, અને તેથી, જોગવાઈને ફક્ત પ્રક્રિયાગત તરીકે અર્થઘટન કરવાનો કોઈપણ પ્રયાસ, જોગવાઈને ફરીથી લખવા સમાન હશે.. વિધાનસભાએ, તેના ડહાપણમાં, બીએનએસએસની કલમ ૩૫ હેઠળ નોટિસની સેવાને ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહાર દ્વારા માન્ય પ્રક્રિયાઓના દાયરામાંથી ખાસ બાકાત રાખી છે, બેન્ચે કહ્યુ હતું.

(ચોથા પાનાનું ચાલુ)

### અપૂર્વમુનિ સ્વામી...

ઉપસ્થિત તમામ યુવક યુવતીઓ માટે પ્રેરણાદાયક બની રહી. વૈદિક કાળની સ્મૃતિ કરાવે એવા શુદ્ધ ઉચ્ચારણ સાથે ૬ થી ૧૨ વર્ષના નાના નાના બાળકો દ્વારા સંસ્કૃત શ્લોકોનો મુખપાઠ રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કાર્યક્રમના હાર્દસમાન એવા આંતરરાષ્ટ્રીય વક્તા અપૂર્વમુનિ સ્વામીના પ્રેરણાદાયી વકતવ્યનો લાભ પોડકાસ્ટ દ્વારા પ્રાપ્ત થયો જેમાં યુવકો દ્વારા જ યુવાનોને મૂંઝવતા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. કોન્કલેવના અંતે હાજર તમામ છાત્રોએ રાષ્ટ્રગાનના સમુહગાન બાદ પોતાના ક્ષેત્રે શ્રેષ્ઠ બનવાના સંકલ્પ લીધા હતા. કાર્યક્રમના અંતમાં લક્ષ્ય પ્રાપ્તિની પ્રેરણા અને માર્ગદર્શનનો મહાસાગર પ્રાપ્ત કરી, પ્રસાદ લઈ સૌ વિદાય થયા હતા.

### નારાયણનંદ સ્વામી...

જાણીતા તબીબ ડો. મૌલિક ગણાત્રા, ગૃહ માતા કુસુમ ઠાકર, સમાજસેવક પ્રબોધભાઈ બક્ષી, વી.ડી પારેખ અંધ મહિલા વિકાસ ગૃહના ટ્રસ્ટી જયાબેન ઠકરાર, ભાઈ શંકરભાઈ ઠાકોર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. બે કલાકથી વધારે ચાલેલા આ ધર્મલાભ સત્સંગમાં સ્વામીજીએ સાધકોની ઉત્કંઠા અને પ્રશ્નોનું સમાધાન પણ કર્યું હતું.

### ચેસ ટુર્નામેન્ટ...

જોશી, ડો. અંકુરભાઈ બલાત, વિજયભાઈ પંડયા સહીતના આયોજન સંભાળી રહ્યા છે. કોલેજના ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદી, યજ્ઞેશભાઈ જોશી સહિતના આયોજનમાં સહયોગ આપી રહ્યા છે. સોમવારે યોજાનારી આ ફાઈનલ ચેસ ટુર્નામેન્ટમાં યુનિવર્સિટીના અધિકારીઓ હાજર રહીને સ્પર્ધકોને પ્રોત્સાહીત કરશે.

### રમેશ ટીલાળા...

વિરમભાઈ સાંબડ, જાગૃતિબેન ભાણવડીયા, સંગીતાબેન છાંયા, હિતેશભાઈ રાવલ, સુરેશભાઈ રાઘવાણી, યુ આર સી ના સભ્યો દીપકભાઈ પાડસિયા, દીપકભાઈ સાગઠીયા, તેમજ સંબંધિત શાળાઓના આચાર્ય અને એસએમસીના ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.ધારાસભ્ય રમેશ ટીલાળાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ''શિક્ષણ કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસિકી ગોદમે પલતે હે . ઉપરાંત, શાળામાં માત્ર ભણતર જ નહીં, પરંતુ વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય તે સુનિશ્ચિત કરવા પર પણ ભાર મૂક્યો હતો. તેમણે શાળાઓમાં દરેક બાળકને યોગ્ય ભૌતિક સુવિધાઓ મળે તે માટે પ્રયત્નો કરવા પણ હાકલ કરી હતી.

### સીસીડીસી...

ઉચ્ચતર અને કઠીન ગણાતી નેટ પરીક્ષા સફળતાપૂર્વક ઉત્તીર્ણ છાત્રોને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર પ્રો. (ડો.) ઉત્પલભાઈ જોષી, કુલસચિવ રમેશભાઈ પરમાર, સી.સી.ડી.સી. ના સંયોજક પ્રોફેસર નિકેશભાઈ શાહ, યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનના વડાઓ અને યુનિવર્સિટીના સૌ અધ્યાપકો તથા નેટ/સેટ કોચીંગ સેન્ટરમાં આવનાર રીર્સોસ પર્સનો જેવા કે, ડો. દિપક પટેલ, ડો. રાહુલ રાવલીયા, ડો. નીપાબેન પાંધી, ડો. અમર પટેલ, ડો. નયન જોબનપુત્રા, સમીર જાવીયા તથા અલ્તાફ નાડ અને નેટ-સેટ કોચિંગના સુમિતભાઈ મહેતા, ચિરાગભાઈ તલાટીયા, દિપ્તીબેન ભલાણી, હિરાબેન કીડીયા તથા સોનલબેન નિમ્બાર્ક વગેરે મારફત સફળતા મેળવનાર છાત્રોને અભિનંદન પાઠવેલ છે.

પાના નં. ૧૩નું ચાલું

### સ્વનિર્ભર શાળાઓ

જરૂરિયાત બાબતે ગંભીરતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પૂરતો વરસાદ પડતો હોવા છતાં જળસંચયની વ્યવસ્થાના અભાવે વરસાદનું ૮૦ ટકા પાણી દરિયામાં વહી જાય છે. આ બાબતે આજથી જ જનજાગૃતિ કેળવવામાં નહીં આવે તો આ પરિસ્થિતિ નવી પેઢી માટે ખતરનાક પુરવાર થશે.

આ સેમિનારમાં હાજર પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, શૈલેશભાઈ જાની, પ્રતાપભાઈ પટેલ(ડેકોરા), વગેરે ભાઈઓ તથા બહેનો હાજર રહયા હતા.

### મુનશી પ્રેમચંદનો ટપાલ

હિન્દી વાર્તાઓ અને નવલકથાઓના ક્ષેત્રમાં ૧૯૧૮ થી ૧૯૩૬ સુધીના સમય ગાળાને'પ્રેમચંદ યુગ' કહેવામાં આવે છે. પ્રેમચંદ સાહિત્યની વૈચારિક યાત્રા આદર્શથી વાસ્તવિકતા લક્ષી છે. મુનશી પ્રેમચંદ સ્વતંત્રતા સંગ્રામના મહાન વાર્તાકાર પણ છે. મુનશી પ્રેમચંદ એક સાહિત્યકાર, પત્રકાર અને શિક્ષક તેમજ આદર્શ લક્ષી વ્યક્તિત્વ હતા.

તેમની કૃતિઓના બધા પાત્રો, જેમ કે હોરી, મેક્કુ, અમીના, માધો, જિયાવન, હમીદ, ક્યાંક ને ક્યાંક, વર્તમાન સમાજના સત્ય સામે ફરી ઉભા રહે છે.

### નકલી દવાઓના વેચાણ પ્રમુખ

અનેક જગ્યાએ ડુપ્લિકેટ દવાની તપાસ કરાઈ છે., મોટા પ્રમાણમાં ડુપ્લિકેટ દવાઓ બહારગામથી આવી રહી છે. એવી આશંકા છે કે આ દવાઓ ઊંચું ડિસ્કાઉન્ટ આપતા મેડિકલ સ્ટોર્સ પર વેચાઈ રહી છે. જનતાના સ્વાસ્થ્ય સાથે કોઈ ચેડા ન થાય તે સુનિશ્ચિત કરવા માટે, આવી શંકાસ્પદ દરેક જગ્યાએ સઘન ચેકિંગ કરવું અત્યંત જરૂરી છે.કેમિસ્ટ એસોસિએશન દ્વારા ખોરાક અને ઔષધ વિભાગને આવેદન પાઠવવામાં આવ્યું છે જેમાં દવાની દુકાનોમાંથી વધુ સેમ્પલ લઈને તાત્કાલિક ધોરણે લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવે. વેપારીઓ જાણી જોઈને ડુપ્લિકેટ દવાઓનું વેચાણ કરે છે, તેમને આકરામાં આકરી સજા થવી જોઈએ. આવા ગુનેગારોને સબક મળે તે અત્યંત આવશ્યક છે, જેથી ભવિષ્યમાં કોઈ પણ વ્યક્તિ લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવાની હિંમત ન કરે.

### મયુર સિંહ જાડેજા

ઘણા સમયથી ફૂડ અને ડ્રગ્સમાં થતી ભેળસેળ વધી રહી છે, ખાસ કરીને ડુપ્લિકેટ દવાઓનું વેચાણ બજારમાં બેફામ બન્યું છે. આ પરિસ્થિતિ માટે લોકોમાં જાગૃતિનો અભાવ અને સરકાર દ્વારા કડક નિર્ણયો ન લેવાઈ રહ્યા હોવાને તેમણે જવાબદાર ઠેરવ્યા અને રિટેલ દુકાનદારોને પણ અધિકૃત સપ્લાયર્સ પાસેથી જ દવાઓ ખરીદવાની અપીલ કરવામાં આવી હતી.

(છેલ્લા પાનાનું ચાલુ)

### જગતાત ચિંતિત...

અચાનક કરકસર શરૂ કરી દીધી હતી. છેલ્લા એકાદ સપ્તાહથી સૌરાષ્ટ્રમાં માત્ર હળવાથી મધ્યમ ઝાપટા પડી રહ્યા છે. હવે ખેતી માટે વરસાદની તાતી જરૂરીયાત છે જળાશયોમાં નોંધપાત્ર પાણીની આવક થઈ ચૂકી હોવાના કારણે સિંચાઈ માટે પર્યાપ પાણી ઉપલબ્ધ છે. પરંતુ જો મેઘરાજા મહેર ઉતારે તો ખેતીને મોટો ફાયદો થઈ શકે છે. આ વર્ષ કપાસ અને મગફળીના પાકનું વાવેતર પુષ્કળ માત્રામાં થયું છે. આવામાં જો હવે એકાદ સપ્તાહમાં સંતોષકારક કે શ્રીકાર વરસાદ નહી પડે તો વાવણી નિષ્ફળ જવાની પણ ભીતિ દેખાય રહી છે.

રાજયમાં આજ સુધીમાં ચોમાસાની સિઝનનો ૬૨.૮૫ ટકા વરસાદ વરસી ગયો છે. સૌરાષ્ટ્રમાં સૌથી ઓછો ૫૫.૦૯ ટકા વરસાદ પડયો છે. જયારે કચ્છમાં ૬૪.૧૬ ટકા ઉતર ગુજરાતમાં ૬૫.૨૬ ટકા પૂર્વ મધ્ય ગુજરાતમાં ૬૪.૮૨ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૬૬.૭૫ ટકા વરસાદ પડયો છે.

સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં પડેલા વરસાદ પર નજર કરવામાં આવે તો સુરેન્દ્રનગર જિલ્લામાંહ ૬૪.૦૭ ટકા રાજકોટ જિલ્લામાં ૪૭.૭૩ ટકા, મોરબી જિલ્લામાં ૫૫.૫૭ ટકા, જામનગર જિલ્લામાં ૫૫ ટકા, દેવભૂમિ દ્વારકા ૫૨.૭૯ ટકા, પોરબંદર જિલ્લામાં ૫૩.૪૮ ટકા, જૂનાગઢ જિલ્લામાં ૫૧.૦૧ ટકા, ગીર સોમનાથ જિલ્લામાં ૩૬ ટકા, અમરેલી જિલ્લામાં ૪૫.૧૫ ટકા, ભાવનગર જિલ્લામાં ૮૨.૨૨ ટકા અને બોટાદ જિલ્લામાં સૌથી વધુ ૮૫.૬૬ ટકા વરસાદ પડયો છે.

અષાઢ માસમાં પડેલા સારા વરસાદના કારણે જળાશયોમાં પાણીની નોંધપાત્ર આવક થવા પામી હોવાના કારણે હાલ મોટાભાગના જિલ્લામાં સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ છે. પરંતુ જો મેઘરાજા હેત વરસાવે તો ધાનના ઢગલા થવાની ઉજળી આશા છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં મેઘાવી માહોલ ચોકકસ જામે છે. પરંતુ ગોરભાયેલું આકાશ હેત વરસાવવામાં કરકસર દાખવી રહ્યું છે.

રાજયભરમાં બુધવારથી વરસાદનું જોર ઘટી જવા પામ્યું છે. આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના માત્ર ૩૧ તાલુકાઓમાં હળવા ઝાપટા વરસ્યા હતા રાજયમાં સાર્વત્રિક વરસાદ આવે તેવી કોઈ સિસ્ટમ હાલ સક્રિય નથી. છુટા છવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ વરસશે.

રાજયભરમાં સારો વરસાદ પડી ગયો છે. પરંતુ સૌરાષ્ટ્રમાં છેલ્લા એક પખવાડિયામાં સારો વરસાદ પડયો નથી જેના કારણે ખેડુતોની ચિંતામાં સતત વધારો થઈ રહ્યો છે. હવે એકાદ સપ્તાહમાં મેઘો મહેરબાન બની મનમૂકીને હેત વરસાવે તેવું જગતાત ઈચ્છી રહ્યા છે. વરસાદ ખેંચાતા એવી પણ ભીતિ દેખાય રહી છેકે ગત વર્ષની માફક આ વર્ષ પણ સાતમ આઠમના તહેવારોની રંગત વરસાદના કારણે થોડી ઝાંખી પડે તેવું લાગી રહ્યું છે.

### ખરીફ પાક...

રાજયમાં અત્યાર સુધીમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૬૩ ટકા નોંધાયો છે. રાજ્યમાં વરસાદનું સમયસર આગમન થતા આ વર્ષે વાવેતર વિસ્તારમાં વધારો થશે તેમજ સારા વરસાદના પરિણામે ખેડૂતોને પણ સારી ઉપજ મળશે,

કૃષિ મંત્રીએ ચાલુ ખરીફ સિઝન દરમિયાન ૩૦ જુલાઈ સુધીમાં થયેલા વાવેતરની વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં સાર્વત્રિક વરસાદ થતા ખરીફ પાકોનું સારું વાવેતર જોવા મળ્યું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં આશરે ૬૬ લાખ હેક્ટર જેટલા વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતર પૂર્ણ થયું છે. છેલ્લા ૩ વર્ષની સરેરાશ કાઢતા સામાન્ય રીતે રાજ્યમાં થયેલા કુલ ૮૫ લાખ હેક્ટર વાવેતર વિસ્તારની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૭૭ ટકાથી વધુ વિસ્તારમાં વાવેતર થઇ ગયું છે.

તેઓએ ઉમેર્યું હતું કે, મગફળી અને કપાસના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે. દર વર્ષે ખરીફ ઋતુ દરમિયાન રાજ્યમાં સૌથી વધુ કપાસનું અને ત્યારબાદ મગફળીનું પુષ્કળ વાવેતર અને ઉત્પાદન થાય છે. આ વર્ષે કપાસ અને મગફળીનું રાજ્યના ખૂબ જ મોટા પ્રમાણમાં વાવેતર થયું છે. ખેડૂતો દ્વારા અત્યાર સુધીમાં આશરે ૨૦ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં કપાસ અને ૨૦ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં મગફળીનું વાવેતર પ્રતિવર્ષ સતત વધી રહ્યું છે. રાજ્યમાં મગફળીનું સરેરાસ ૧૭.૫૦ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થાય છે. ગત વર્ષે ખેડૂતોએ ખરીફ ઋતુ દરમિયાન કુલ ૧૮.૮૨ લાખ હેક્ટર વિસ્તારમાં મગફળીનું વાવેતર કર્યું હતું. આ વર્ષે પણ ખરીફ ઋતુ દરમિયાન રાજ્યમાં મગફળીનું રેકોર્ડબ્રેક વાવેતર થયું છે. અત્યાર સુધીમાં જ મગફળીના સામાન્ય વાવેતરની સરખામણીએ ૧૧૫ ટકા વાવેતર પૂર્ણ થયું છે, જે હજુ પણ વધવાની સંભાવનાઓ છે.

વધુ ઉમેર્યું હતું કે, મગફળી સહિત રાજ્યમાં તેલીબીયા પાકોનું કુલ ૨૪.૨૫ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. ગત વર્ષની સરખામણીએ તેલીબીયા પાકોના વાવેતર વિસ્તારમાં ૧ લાખ હેક્ટરથી વધુ વિસ્તારનો વધારો થયો છે. આ ઉપરાંત રાજ્યમાં ધાન્ય પાકોનું અત્યાર સુધીમાં ૯.૭૯ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં, કઠોળ પાકોનું અત્યાર સુધીમાં ૨.૫૨ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં તેમજ ઘાસચારાનું અત્યાર સુધીમાં ૬.૪૬ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર પૂર્ણ થયું છે.

રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં સમયસર વરસાદ આવતા ખેડૂતોએ કપાસ, મગફળી, એરંડા, તલ, સોયાબીન, ડાંગર, જુવાર સહિતના ખરીફ પાકોનું વાવેતર કર્યું છે. રાજ્યમાં આ વર્ષે પણ ખરીફ પાકોનું વાવેતર ખૂબ જ સારા પ્રમાણમાં થયું છે. ખરીફ પાકોના વાવેતરમાં હજુ પણ વેગ આવવા સાથે વિસ્તારમાં પણ વધારો આવવાની પૂરતી સંભાવનાઓ છે,

### નર્મદા ડેમ...

વડાપ્રધાન પદે નરેન્દ્રભાઈ મોદી સત્તારૂઢ થયા બાદ નર્મદા ડેમ પર દરવાજા મૂકવાની મંજુરી આપી હતી. ૨૦૧૪માં ગેટ મૂકવાની મંજૂરી મળ્યા બાદ ૨૦૧૭માં ગેટ લગાવવાનું કામ પૂર્ણ થયું હતું. જેના કારણે ડેમની ઉંચાઈમાં ૧૭ મીટરનો વધારો થયો છે.

નર્મદા ડેમ ગુજરાત આખા માટે જીવાદોરી સમાન છે. કારણ કે રાજ્યના છેવાડાના વિસ્તારોમાં નર્મદાના નીર પહોંચી ગયા છે.

### મેડિસીન...

આરોગ્યલક્ષી સેવાઓ વધુ સુદ્રઢ બનાવવા તેમજ અત્યાધુનિક અને એવિડંસ બેઝ્ડ મેડિસિન તરફ જવા માટે આ સ્કીમ આશીર્વાદરૂપ બની રહેશે.

આ યોજનાથી રાજયમાં હેતુલક્ષી રિસર્ચનો આધાર લઈ અત્યારે જે રિસર્ચ કરવામાં આવે છે તેમાં સુધારો કરીને પરિણામલક્ષી બનાવવા, નવી દવાઓ - નવી પદ્ધતિઓ - નવતર પ્રયાસોની અસરકારકતાને વધુ સક્ષમતાથી જાણવા અને અધ્યતન ટેકનોલોજીના ઉપયોગથી રિસર્ચને વેગ મળશે અને રાજય દ્વારા તબીબી વિજ્ઞાનના વિકાસમાં યોગદાન મળી રહેશે.

### સીએમ...

પ્રોજેક્ટ સાઈટ સુધીનો રસ્તો ચાર-માર્ગીય કરવાની કાર્યવાહી પૂર્ણ કરી છે.

આ ઉપરાંત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, બસ મથક, પોલીસ સ્ટેશન, સ્ટેટ પેવેલિયનની કામગીરી પ્રગતિમાં છે તથા ટુરિઝમ સરકીટનું આયોજન પ્રારંભિક તબક્કે છે તેની વિગતો આપવામાં આવી હતી.

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના ફેઈઝ ૧ થી ૬ અન્વયે વાસણા બેરેજથી લઈને ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન સુધીની તબક્કાવાર હાથ ધરાનારી કામગીરીની વિગતો સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનના અધ્યક્ષ આઈ.પી. ગૌતમે આપી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સુરતમાં નિર્માણ થઈ રહેલા ડ્રીમ સિટીના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સહિતનો જે માસ્ટર પ્લાન રાજ્ય સરકારમાં સબમિટ કરવામાં આવ્યો છે તે સંદર્ભમાં આ બેઠકમાં ચર્ચા-પરામર્શ કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં શ્રમ અને રોજગાર વિભાગના પ્રોજેક્ટની સમીક્ષા દરમિયાન કૌશલ્ય-ધ સ્કિલ યુનિવર્સિટીના બાંધકામ અને તેને સંલગ્ન બાબતોની સમીક્ષા કરીને મુખ્યમંત્રીએ સમગ્ર કામગીરી ત્વરાએ પૂર્ણ કરી દેવા સૂચન કર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બધા જ હાઈ પ્રાયોરિટી પ્રોજેક્ટ્સમાં ક્વોલિટી એસ્યોરન્સને તથા ટાઈમલાઈનને અગ્રતા આપવાની સંબંધિત સચિવોને જરૂરી સૂચનાઓ આપી હતી.

મુખ્ય સચિવ પંકજ જોશી, મુખ્યમંત્રીના મુખ્ય સલાહકા ડો.હસમુખ અઢિયા, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ, પ્રોજેક્ટ્સ સંબંધિત વિભાગોના અધિક મુખ્ય સચિવઓ, મુખ્યમંત્રીના સલાહકાર એસ.એસ.રાઠૌર, વિભાગોના અગ્ર સચિવઓ અને મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકાસિંઘ તથા સચિવ ડો.વિક્રાંત પાંડે અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ આ સમીક્ષા બેઠકમાં સહભાગી થયા હતા.

## દુ:ખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** રાજકોટ નિવાસી જયસુખલાલ અમૃતલાલ ભટ્ટના પુત્ર મહેશભાઈ જયસુખલાલ ભટ્ટ (ઉ.વ.૪૪) તે જયેન્દ્રભાઈના ભત્રીજા, મેહુલભાઈ ગૌરાંગભાઈ નિકુંજભાઈના મોટાભાઈનું તા. ૨૯ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૩૧ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ દરમિયાન બજરંગવાડી શેરી નં. ૧૪, હિંગળાજ કૃપા, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ગીતાબેન ચીમનભાઈ વિઠલાણી તે સ્વ. રમણીકલાલ પોપટલાલ સેદાણીના દીકરી, સ્વ. ચીમનભાઈ અમૃતલાલ વિઠલાણીના પત્ની, ધ્રુવ ચીમનભાઈ વિઠલાણીના માતા, વર્ષાબેન, દિવ્યાબેન, મુકેશભાઈ, ઉષાબેનના બહેનનું તા. ૨૬ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. તેમની પિયર પક્ષની સાદડી તા. ૩૧ ને ગુરુવારના રોજ બપોરે ૪ થી ૬ દરમિયાન ઓમ ગોખ કામેશ્વર મહાદેવ મંદિર, સત્યસાંઈ રોડ, પાવન પાર્કની બાજુમાં, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ સરોજબેન મગનભાઈ ઘાવડા (ઉ.વ.૮૫) ખંભાળિયા નિવાસી તે અશ્વિનભાઈ ઘાવડા, ભીખાભાઈ ઘાવડા નાં માતા નું તા.૨૬ ને શનિવાર નાં રોજ અવસાન પામેલ છે સદગતનું નાણુધોણુ(સુવારૂ) તા.૧-૮ ને શુક્રવાર નાં રોજ અને તા.૫-૮ ને મંગળવારે તેમની ઉત્તરક્રિયા, સાંજે પ્રસાદી અને રાત્રે રામદેવ પીર નો પાઠ તેમના નિવાસસ્થાને રામનાથ સોસાયટી ગરબી ચોક ખાતે રાખેલ છે

**રાજકોટ :** ગુજરાતી શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ સ્વ. નારાયણપ્રસાદ રાજારામ ભટ્ટના પુત્રવધુ અને જનાર્દનભાઈના પત્ની સુશીલાબહેન તે હિરેનભાઈ, ધારાબેન, જીતેનભાઈ, દિપેનભાઈના માતુશ્રી તે માધુરીબેન તથા દર્શનકુમારના સાસુ તે મોટા મહિકા નિવાસી સ્વ.ઉદયશંકર રેવાશંકર જોષીના પુત્રી તે રમેશભાઈ, શરદભાઈ, મુકેશભાઈના બહેનનું તા. ૨૯/૦૭ને મંગળવારના અવસાન થયું છે. સદગતનું બંને પક્ષનું ઉઠમણું / બેસણું તા. ૦૧/૦૮ને શુક્રવારે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે ઈન્દ્રેશ્વર મહાદેવ વાડી, માસ્તર સોસાયટી, રાજકોટ ખાતે રાખ્યું છે.

**રાજકોટ:** ગુજરાતી શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ સ્વ. નારાયણપ્રસાદ રાજારામ ભટ્ટના પુત્રવધુ અને જનાર્દનભાઈના પત્ની સુશીલાબહેન તે હિરેનભાઈ, ધારાબેન, જીતેનભાઈ, દિપેનભાઈના માતુશ્રી તે માધુરીબેન તથા દર્શનકુમારના સાસુ તે મોટા મહિકા નિવાસી સ્વ.ઉદયશંકર રેવાશંકર જોષીના પુત્રી તે રમેશભાઈ, શરદભાઈ, મુકેશભાઈના બહેનનું તા. ૨૯/૦૭ને મંગળવારના અવસાન થયું છે. સદગતનું બંને પક્ષનું ઉઠમણું / બેસણું તા. ૦૧/૦૮ને શુક્રવારે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે ઈન્દ્રેશ્વર મહાદેવ વાડી, માસ્તર સોસાયટી, રાજકોટ ખાતે રાખ્યું છે.


Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# બસ પોર્ટ પર દશેક દિવસથી ગટરના ગંધાતા પાણીની રેલમછેલ: મુસાફરો ત્રાહિમામ

## જવાબદારોને દંડ ફટકારવા મુસાફર હિતરક્ષક સમિતિની કોર્પોરેશનના સિટી એન્જિનિયર સમક્ષ રજૂઆત

**અબતક, રાજકોટ**

ઢેબર રોડ સ્થિત રાજકોટ બસપોર્ટ પર છેલ્લા દસેક દિવસથી ગટરના પાણી ઉભરાય રહ્યા છે.હજારો મુસાફરોના પાણીમાં પસાર થઈ બસ પોર્ટમાં જવું પડે છે.મુસાફર હિતરક્ષક સમિતિની જવાબદારને પેનલ્ટી કરવા મહાનગરપાલિકાના સીટી ઈજનેરને ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે. ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, દિલીપભાઈ આસવાણી, પટેલ નાગજીભાઈ વિરાણી, લાખાભાઈ ઊંઘાડ, પટેલ જયંતીભાઈ હિરપરાની સંયુક્ત યાદી જણાવે છે કે રાજકોટના ઢેબર રોડ પરના એસ.ટી બસ પોર્ટ પર છેલ્લા દસેક દિવસથી જાહેર રસ્તા પર મ્યુનિસિપલ કમિશનરની બગલમાં તળાવ જેવા ગંદા અને ગંધાતા પાણી ઉભરાઈ રહ્યા છે. રાજકોટ એસ.ટી બસ પોર્ટ પર રોજિંદી ૧૨૦૦ થી વધુ બસોની અવરજવર અને ૮૦,૦૦૦ મુસાફરોની નિયમિત આવજા કરે છે આ તમામ બસોને અને આવતા જતા મુસાફરોને આ ગંધાતા મેલા પાણીમાંથી પસાર થવું પડે છે. તેમ છતાં સિનિયર ડેપો મેનેજર અને કોન્ટ્રાકટરના પેટનું પાણી હલતું નથી. લાંબા સમયથી મુસાફરો અને અપડાઉન કરનાર મિત્રોને ભારે હાલાકી ભોગવવી પડે છે અને બસપોર્ટ માં એન્ટ્રી પાસે થી પસાર



થતી વખતે લપસી ન પડે અને મોઢા પર હાથ આડા રાખવા પડે એ પ્રકારની રબડી, કાદવ અને કિચડ જેવી પરિસ્થિતિ છેલ્લા દસેક દિવસથી છે. રાજકોટ મહાનગરપાલિકા ના અધિકારીઓ અને પદાધિકારીઓ પણ આ ઢેબર રોડ પરના એસ.ટી બસ પોર્ટ પાસેથી પસાર થતા હોવા છતાં હજારો મુસાફરોને યાતનાઓ સહેવી પડે છે જેના માટે જવાબદાર રાજકોટ મહાનગરપાલિકાનું નિંભર તંત્ર અને એસ.ટી બસ પોર્ટનું ખાડે ગયેલું તંત્ર છે આ અંગે ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના ગુજરાતના પ્રતિનિધિ ગજેન્દ્રસિંહ ઝાલાએ આજરોજ રાજકોટ મહાનગરપાલિકાનાં કોલ સેન્ટરમાં ફરિયાદ નંબર ૨૫૨૩૫૩૩૧ થી ફરિયાદ કરવામાં આવી છે અને સેન્ટ્રલ ઝોનના સીટી ઈજનેર કે. કે. રાવલ અને વોર્ડ નંબર ૭ ના ડેપ્યુટી ઈજનેર મધુ ગાનવિતને બસપોર્ટ પાસે ઉભરાતા ગંદા ગટરના મેલા પાણી અંગે તાત્કાલિક જવાબદારને નોટિસ ફટકારી પેનલ્ટી કરવી અને તાત્કાલિક મેલા પાણી બંધ કરવા ફરિયાદ કરવામાં આવી છે. આમ તો રાજકોટ મહાનગરપાલિકા થુકનારા અને દુકાન પાસે સામાન્ય કચરો કે ગંદકી હોય તો દંડનીય કાર્યવાહી કરી સિંહ બની જઈ મહાનગરપાલિકા દંડ કરતી આવી છે. ત્યારે રાજકોટ મહાનગરપાલિકા ના ગેટ પાસે ૧૦૦ મીટર ની અંદર બસ પોર્ટના ઉભરાતા અને ગટર ના ગંધાતા મેલા પાણી અંગે મહાનગરપાલિકા કેમ બકરી બની ગઈ છે ?

# ઈસ્ટ ઝોનમાં રસ્તાના કામ કરવામાં એજન્સીઓને રસ નથી: પાંચમીવાર ટેન્ડર પ્રસિદ્ધ કરાયું

## વોર્ડ નં.૪, ૫, ૬, ૧૫, ૧૬ અને ૧૮માં નવી બનતી સોસાયટીમાં મેટલીંગ સહિતના રસ્તાના રૂ.૯.૫૨ કરોડના કામ માટે કોન્ટ્રાક્ટર ટેન્ડર ઉપાડતા જ નથી

**અબતક, રાજકોટ**

શહેરના ઈસ્ટ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ૬ વોર્ડમાં નવી બની રહેલી સોસાયટીઓમાં રસ્તાકામ માટે ચાર-ચાર વખત ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યા હોવા છતાં કોઈ એજન્સી કે કોન્ટ્રાકટરને રસ ન હોય તેવું લાગી રહ્યું છે. તાજેતરમાં પાંચમી વખત ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

ઈસ્ટ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૪, ૫, ૬, ૧૫, ૧૬ અને ૧૮માં નવી બનતી જુદી-જુદી સોસાયટીઓના રસ્તા, યુટીલીટી, રોડ રિસ્ટોરેશન અને ટીપીના રોડ પર મેટલીંગનું કામ કરવા માટે રૂ.૯.૫૨ કરોડના એસ્ટીમેન્ટ સાથે ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. અગાઉ ચાર-ચાર વખત ટેન્ડર પ્રસિદ્ધ કરાયુ હતુ પરંતુ તેમાં એકપણ એજન્સીએ ઓફર ન આવતા તાજેતરમાં ફરી ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. ટેન્ડરની અંતિમ અવધિ ૧૨ ઓગસ્ટ સુધી રાખવામાં આવી છે. કામ ૨૪ મહિનામાં પુરૂં થાય તે રીતે આપવાનું છે પરંતુ કોઈ એજન્સી રસ દાખવતી ન હોય તેવું લાગી રહ્યું છે. સતત ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવે છે પરંતુ કોઈ પૂછપરછ પણ આવતી નથી. જેના કારણે મહાપાલિકાનું તંત્ર પણ મુંઝવણમાં મૂકાઈ ગયું છે. સતત પાંચ-પાંચ વખત ટેન્ડર પ્રસિદ્ધ કરવા છતાં એજન્સી ન આવતા હવે પુનઃ એસ્ટીમેન્ટ કરવું પડે તેવી સંભાવના પણ દેખાઈ રહી છે. રસ્તાકામમાં આમ પણ તોતીંગ ઓન આવે છે. પરંતુ આશ્ચર્યજનક રીતે ઈસ્ટ ઝોન વિસ્તારમાં કોઈ કોન્ટ્રાક્ટરને જાણે રસ્તાના કામમાં રસ ન રહ્યો હોય તેવું લાગી રહ્યું છે.

# દિવ્યાંગજનોના આરોગ્યનું કવચ નિરામયા હેલ્થ ઈન્સ્યોરન્સ યોજના

## પાંચ વર્ષમાં રાજ્યના ૭૭ હજારથી વધુ દિવ્યાંગજનોને આરોગ્ય વીમા કવચનો મળ્યો લાભ

**અબતક, રાજકોટ**

રાજ્યના દિવ્યાંગજન નાગરીકોના આરોગ્યની દરકાર ગુજરાત સરકાર કરી રહી છે. દિવ્યાંગજનોને આરોગ્ય કવચ પુરુ પાડવા માટે ગુજરાત સરકારે નિરામયા હેલ્થ ઈન્સ્યોરન્સ યોજના અમલી બનાવી છે. આ યોજના હેઠળ દિવ્યાંગજનોને વાર્ષિક રૂ. એક લાખ સુધીનું આરોગ્ય વિમા કવચ પુરુ પાડવામાં આવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના નેતૃત્વ હેઠળ રાજ્યના દિવ્યાંગજનોને બિમારીના સમયમાં યોગ્ય સારવાર આપવા ગુજરાત સરકાર કટીબદ્ધ છે. નિરામયા હેલ્થ ઈન્સ્યોરન્સ યોજના હેઠળ ગત પાંચ વર્ષમાં રાજ્યના ૭૭,૦૫૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. આ દિવ્યાંગ લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૯૧.૫૬ લાખના ખર્ચે વાર્ષિક રૂ. એક લાખ સુધીનું આરોગ્ય વિમા કવચ આપવામાં આવ્યું છે. બૌધ્ધિક અસમર્થતા, સેરેબલ પાલ્સી (મગજનો લકવો), ઓટીઝમ તથા મલ્ટીપલ ડીસેબીલીટીઝ ધરાવતા દિવ્યાંગજનને આ યોજના હેઠળ લાભ આપવામાં આવે છે. આ યોજનામાં ઉકત ચાર પ્રકારની દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિને વીમા રક્ષણ મળવાપાત્ર છે. જેમાં હોસ્પિટલમાં દાખલ, ઓપરેશન, ઓ.પી.ડી દવાઓ અને વાહન વ્યવહારના ખર્ચનો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ તમામ પ્રકારની વય જુથના દિવ્યાંગોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ યોજના હેઠળ લાભાર્થીને કોઈપણ પ્રકારની પૂર્વ તબીબી પરીક્ષા એટલે કે મેડીકલ ટેસ્ટની જરૂરીયાત રહેતી નથી અને લાભાર્થી કોઈપણ માન્ય હોસ્પિટલમાં સારવાર લઈ શકે છે.

આ યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીની કૌટુંબિક માસિક આવક રૂ. ૧૫ હજાર સુધી હોય તો માસિક રૂ. ૨૫૦ અને કૌટુંબિક માસિક આવક રૂ.૧૫ હજારથી વધુ હોય તેવા લાભાર્થીને માસિક રૂ. ૫૦૦નું પ્રીમિયમ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે. આ યોજના સંબંધિત વિગતે માહિતી માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

આ યોજના હજારો દિવ્યાંગ વ્યક્તિઓ માટે આશાનું કિરણ સાબિત થશે, જેનાથી તેઓને આર્થિક ભાર વિના ગુણવત્તાપૂર્ણ હેલ્થકેર મળી શકે છે. આ પહેલ ગુજરાતના દરેક ઘરમાં સુખ અને સમૃદ્ધિ લાવવાનું કામ કરશે.

# બોલબાલાના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાયનો જન્મ દિવસ સમાજ સેવાના સપ્તરંગી રંગોથકી ઉજવાશે

## શનિવારે તબીબી સાધનો માટેના પીકઅપ ડ્રોપ વાન,તેમજ મોહનદાસ બાપા આરોગ્ય ધામનો મંગલ પ્રારંભ સહિતના કાર્યો કરવામાં આવશે



**અબતક, રાજકોટ**

માનવ સહાયના સેતુ એવી સેવાકીય સંસ્થા બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટના આંગણે અનેરો અવસર આવેલ છે.

જેને સેવા સંકલ્પ સહકાર થકી યાદગાર બનાવવા બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટના તમામ હોદ્દારો-ટ્રસ્ટીઓ તથા સેવાભાવી કાર્યકરો થનગની રહેલ છે આ યાદગાર પ્રસંગનું નિમીત ''પારકી છઠ્ઠી ના જાગતલ'', ''૧૦૮ બોલબાલા' જેવા હુલામણા નામથી પ્રખ્યાત સંસ્થા ના પ્રમુખ જયેશ ઈન્દુકુમાર ઉપાધ્યાયનો ''૫૨'' મો જન્મ દિવસ છે. ઉપરોકત પ્રસંગને સમાજ સેવાના નવરંગો દ્વારા ઉજવવા માટે સંસ્થાની પાયોનીયર મીલપરા ઓફિસ થી લઈ ને નવનિર્મીત બોલબાલા સેવા સદન કાલાવડ રોડ સુધી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. તારીખઃ- ૦૨/૦૮/૨૦૨૫, શનિવાર, સવારે ૮:૩૦ વાગ્યે બોલબાલા સેવા સદન, ૨, જીવન વિહાર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, ગાડી હોસ્પિટલ અને વિદ્યાપીઠ ના સહયોગ થી સંતશ્રી મોહનદાસ બાપા ગુરૂ શામળા બાપા આરોગ્યધામ નો મંગલ પ્રારંભ કરવામાં આવશે. જેમાં આર્યુવેદિક પધ્ધતી થી નિઃશુલ્ક ચિકીત્સા અને નિદાન કરી ટોકન દરે દવાઓ પણ પુરી પાડવામાં આવશે. અવાર-નવાર સ્પેશ્યલ કેમ્પો પણ થશે.

ઉપરોક્ત આરોગ્યધામ ખાતે દરરોજ સવારે ૧૦ થી ૧ અને સાંજે ૪ થી ૭ અનુભવી વૈદો દ્વારા ચિકીત્સા-નિદાન કરાશે. તેમજ તબ્બકા વાર સર્વરોગ નિદાન કેમ્પો-સર્જરી ની જરૂરીયાત સમયે ગાડી હોસ્પિટલ ટોકન દરે સારવાર કરી સેવાની સહભાગી બનશે. ત્યાર બાદ સવારે ૯:૦૦ કલાકે હેમુ ગઢવી હોલ ખાતે સંસ્થાના દાતાઓ, સંતો-મહંતો, અધિકારીઓ-પદાધિકારીઓની હાજરીમાં બોલબાલા મેડિકલ કીટ વાન નું લોકાપર્ણ થશે.

કાર્યક્રમ સુચીમાં આગળ સવારે ૯:૦૦ કલાકે સંસ્થા દ્વારા પ્રસુતા બહેનો માટે પ્રસુતી પછી થી શેક ના અભાવે થતા કમરદર્દથી મૂકિત મેળવવા માટે જરૂરી શેક માટે ના ઈલેક્ટ્રીક ગાદલા ટોકન દરે પુરા પાડવાનું અનેરૂ આયોજન સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત થવા જઈ રહયું છે. ૫૦૦ થી વધુ બેડ સેવા માટે ઉપયોગ માટે બાયપેપ મશીન, સીપેપ મશીન, ચાવીવાળા પલગ સહીત ના સાધનો રોલેક્ષ રીંગ્સ પ્રા.લી. ના સહયોગ થી કાર્યવન્ત કરાશે.

ત્યાર બાદ ૯:૪૫ કલાકે રાજકોટ ના સુપ્રસિધ્ધ ઉદઘષકો-આરજે એન્કરો કે જઓ દરેક કાર્યક્રમની શાન હોય છે તેમનું સ્વાગત અને સંતો-મહંતો, ની ડીરેક્ટરી હોય તેમજ પ્રસંગોપાત આ ડીરેકટરી થકી ઉદઘોષકો ને રૂબરૂ કરવામાં પથદર્શક પુરવાર થશે. ટૂંકમાં સંસ્થા સિનિયર, જુનીયર કલાકારો ને એક છત્ર નીચે લાવવામાં નિમીત બનશે. નવોદિત અને આશાસ્પદ કલાકારો ને સ્વાવલંબનમાં પણ ઉપીયોગી બનશે તેવી સંસ્થાના હોદ્દેદારોની આશા છે.

# આરોગ્ય અધિકારી અને કર્મચારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા માંગ

## વેક્સિન આપ્યા વિના નોંધણી કરનારા કર્મચારીને ધડારૂપ સજા કરો

**અબતક, રાજકોટ**

બાળકોને વેકિસન આપ્યા વિના જ મમતા કાર્ડમાં નોંધ કરનાર અને રજુઆત વેળાએ વાલી સાથે ખરાબ વર્તન કરનારા આરોગ્ય અધિકારી તથા આરોગ્ય કર્મચારી સામે કડક પગલા લેવા રજુઆત કરાય છે. પ્રભાતભાઈ હુંબલ નામના વ્યકિત પોતાના ૧૬ મહીનાના બાળકને રસીકરણ માટે પ્રણામી આરોગ્ય કેન્દ્ર પર લઈ ગયા હતા. જેમ) ઈન્જેકશન આપી મમતા કાર્ડમાં નોંધણી કરી રસીકરણ કરાયું હતું. પરંતુ ૨૦ દિવસ પછી મારા બાળકને તકલીફ જણાતા તપાસ કરતાં માલુમ પડયું કે બાળકને વીટામીન નો ડોઝ આપેલ નથી. તપાસ કરતા ખબર પડી કે મનીષાબેન ડામોર એ ડોઝ આપ્યો જ નથી. કર્મચારી પ્રશ્ન કરતા



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

તેમણે મને એવો જવાબ આપ્યો કે તે દિવસે ડોઝ ઢોળાઈ ગયો હોવાથી મે આપેલ નથી. તમારે થાય તે કરી લેજો. જયાં રજુઆતે કરવી હોય ત્યા છુટ છે. તેથી અમો આરોગ્ય અધિકારી ડો. વાંકાણી ને રજુઆત કરવા આવેલ હતા. તેઓ દ્વારા તેના કર્મચારીને છાવરવામાં આવેલ હતા. તથા રજુઆત સાંભળવાને બદલે પોલીસને હાથો બનાવીને ધકકા મુકી કરીને ઓફીસ બહાર હડધુત કરીને કાઢવામાં આવ્યા હતા. આ અધિકારી તથા કર્મચારી પર કડક પગલા લેવાની માંગણી કરી છે.

# ૫૩૨ સફાઈ કામદારોની ભરતીમાં ગેરબંધારણીય નિયમો રદ કરો

## રાજકોટ કામદાર યુનિયન દ્વારા ફરી એકવાર રજૂઆત



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કાયમી પાર્ટટાઈમ ૫૩૨ સફાઈ કામદારોની ભરતીમાં ગેરબંધારણીય અને અસંવિધાનિક નિયમો રદ કરવાની માંગણી રાજકોટ કામદાર યુનિયન દ્વારા કરવામા આવી છે.

હાલની જે કાયમી પાર્ટટાઈમ ૫૩૨ જગ્યા માટેની ભરતી બહાર પાડવામાં આવી છે તેમા અપનાવવામાં આવેલ નિયમો અને શરતો ગેરબંધારણીય, અસંવિધાનિક તથા જાતિ આધારિત અન્યાયપૂર્ણ છે. દરેક સરકારી નોકરીમાં દરેક વ્યકિતને અવસર મળવો તે બંધારણસિધ્ધ અધિકાર છે. છતા રા.મ.ન.પા. દ્વારા કાયમી સફાઈ કામદારોની ભરતી માટે નિધિ રહેલી નવી ભરતીના જે નિયમો મુકવામાં આવ્યા છે તે માત્ર માતા-પિતા અથવા દાદા-દાદી ભુતકાળમાં નોકરી કરી હોય તે જ લોકો ફોર્મ ભરી શકે છે. જે બંધારણના મુળભુત અધિકારોનું હનન છે.

આ શરતો મજબ ફકત ચોકકસ વારસાગત પાત્રતા ધરાવતા વ્યકિતઓને જ અરજી કરવાની મંજુરી છે. જયારે ઘણા વર્ષોથી મહેનત કરાનારા હજારો લાયક અને યોગ્ય ઉમેદવારો, ખાસ કરીને અનુસૂચિત જાતિ સમાજના નાગરિકો, પોતાનો અધિકાર ગુમાવી રહ્યા છે. આ માત્ર ભરતી નહી, પણ સમાજના ન્યાય અને સમાનતા જેવા બંધારણીય સિધ્ધાંતો પર સીધી અસર કરે છે.

# ગુજરાતનું ગૌરવ: રૂદ્ર પેથાણીએ આંતરરાષ્ટ્રીય બાયોલોજી ઓલિમ્પિયાડમાં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચ્યો!

## ચાર સ્પર્ધકોએ ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવી ભારતનો ડંકો વગાડ્યો

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાનાં મૂળ પાટણવાવ ગામનાં રૂદ્ર પેથાણીએ તાજેતરમાં ફિલિપાઈન્સનાં કિવઝોન સીટી ખાતે યોજાયેલ ૩૬ મી આંતરરાષ્ટ્રીય બાયોલોજી ઓલિમ્પિયાડમાં સુવર્ણચંદ્રક જીતીને અસાધારણ સિદ્ધિ હાંસલ કરી છે.આ સ્પર્ધામાં ભારતને ૦૨ ગોલ્ડ અને ૦૨ સિલ્વર મેડલ એમ કુલ ૦૪ મેડલ જીતી સ્પર્ધકોએ ભારતનો ડંકો વગાડ્યો છે. આ સિદ્ધિ ભારતીય વિદ્યાર્થીઓની જીવવિજ્ઞાનમાંની મજબૂત પકડ અને તૈયારી દર્શાવે છે. આ સિદ્ધિ સાથે રુદ્રએ આંતરરાષ્ટ્રીય જુનિયર સાયન્સ ઓલિમ્પિયાડ -૨૦૨૩, આંતરરાષ્ટ્રીય અર્થ સાયન્સ ઓલિમ્પિયાડ - ૨૦૨૪, આંતરરાષ્ટ્રીય બાયોલોજી ઓલિમ્પિયાડ - ૨૦૨૫માં ગોલ્ડ મેડલ ''હેટ્રિક ઓફ ગોલ્ડ મેડલ્સ'' પૂર્ણ કરી છે, જે



તેની શૈક્ષણિક શ્રેષ્ઠતા અને વિજ્ઞાન પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.આ તકે તેમના માતા હિનાબેન પેથાણીએ ખુશીની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતુંકે, આ ક્ષણ પેથાણી પરીવાર અને સમગ્ર ભારત માટે ગર્વાન્વિત બનાવનાર છે.વિદ્યાર્થીઓના જૈવિક જ્ઞાન અને પ્રાયોગિક કૌશલ્યોને ચકાસવા માટે આઈબીઓમાં સૈદ્ધાંતિક (લેખિત) અને પ્રાયોગિક (વ્યવહારુ) બંને પ્રકારની પરીક્ષાઓનો સમાવેશ થાય છે. આ પરીક્ષાઓમાં સેલ બાયોલોજી, મોલેકયુલર બાયોલોજી, ઈકોલોજી, જિનેટિક્સ, છોડ અને પ્રાણીઓની શરીરરચના અને શરીરવિજ્ઞાન જેવા જીવવિજ્ઞાનના વિવિધ પાસાઓને આવરી લેવામાં આવે છે.

# જસદણ અને વિંછીયા તાલુકાના ૨૨ ગામોમાં ગ્રામ પંચાયતના અદ્યતન ભવનો બનશે

## ગોંડલ તાલુકાના મોટા દડવા ગામે આગામી દિવસોમાં ગામડાઓમાં ગ્રામ પંચાયત ઘરની સુવિધા ઉપલબ્ધ થશે: મંત્રી કુંવરજીભાઈ બાવળિયા

**અબતક, રાજકોટ**

જસદણ અને વિંછીયા તાલુકાના ૨૨ ગામોમાં ૫૫૦ લાખના અને ગોંડલ તાલુકાના મોટા દડવા ગામે નવી ગ્રામ પંચાયતના અદ્યતન ભવનો બનતા ગામડાઓમાં પંચાયતની સુવિધાઓ ઉપલબ્ધ થશે.

આ અંગે વધુ વિગતો આપતા ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું કે, જસદણ તાલુકાના (૧) પોલારપર (૨) જુના પીપળીયા (૩) ચીતલીયા (૪) ઝુંડાળા (૫) જીવાપર (૬) બરવાળા (૭) કુંદણી (૮) વેરાવળ.ભા (૯) કાનપર (૧૦) રાણપરડા (૧૧) ગઢડીયા.જામ (૧૨) રાજાવડલા.જસ (૧૩) નાની લાખાવડ (૧૪) બળધોઈ (૧૫) ભાડલા (૧૬) લીલાપુર (૧૭) વડોદ અને વિંછીયા તાલુકાના (૧) છાસીયા (૨) પાટીયાળી (૩) ભડલી (૪) દેવધરી અને જસદણ વિધાનસભામાં આવતા ગોંડલ તાલુકાના મોટા દડવા નવા પંચાયત ઘર બનાવવામાં આવશે. રાજયના પંચાયત વિભાગની સી.ડી.પી-૫ યોજના હેઠળ ગ્રામ પંચાયત ઘર કમ તલાટી મંત્રી આવાસ યોજના અંર્તગત નવીન ગ્રામ પંચાયત ઘર બનાવવાના કામોને વહીવટી મંજુરી રાજય સરકાર તરફથી આપવામાં આવી છે જે કામો થવાથી અરજદારોને બેસવા, સરકારી રેકર્ડ રાખવા સહિતની સુવિધાઓ ગામને મળશે. કામોના અંદાજપત્રક બનાવવા સહીતની કાર્યવાહી માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે જે કામો વહેલી તકે શરૂ કરવા માટે સબંધીત અધિકારીને સૂચનાઓ કરવામાં આવી હોવાનું ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું છે.

# કેલિફોર્નિયામાં અમેરિકન નેવીનું એફ-૩૫ લડાકુ વિમાન ક્રેશ, પાયલટનો આબાદ બચાવ

**અબતક, રાજકોટ**

અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં અમેરિકન નેવીના અત્યાધુનિક એફ-૩૫ લડાકુ વિમાન ક્રેશ થવાના સમાચાર સામે આવ્યા છે. આ ઘટના ફ્રેસ્નો શહેરથી લગભગ ૪૦ માઈલ દૂર આવેલા નેવલ એર સ્ટેશન લેમૂર નજીક બની હતી. સદનસીબે, આ અકસ્માતમાં વિમાનનો પાયલટ સફળતાપૂર્વક બહાર નીકળી ગયો હતો. યુએસ નેવીએ આ ઘટનાની તપાસ શરૂ કરી છે, પરંતુ ક્રેશનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ



થયું નથી. અમેરિકન નેવીના નિવેદન મુજબ, આ ઘટના સાંજે ૬:૩૦ વાગ્યાની આસપાસ બની હતી. ક્રેશ થયેલું એફ-૩૫સી લડાકુ વિમાન સ્ટ્રાઈક ફાઈટર સ્કવોડ્રન વીએફએ-૧૨૫, જેને ''રફ રાઈડર્સ'' તરીકે ઓળખવામાં આવે છે, આ સ્કવોડ્રન પાયલટો અને એરક્રૂને અદ્યતન તાલીમ પૂરી પાડવાનું મુખ્ય કાર્ય કરે છે. આ વિમાન નેવલ એર સ્ટેશન લેમૂરથી ઉડાન ભરી રહ્યું હતું, જે યુએસ નેવીનો પશ્ચિમ કિનારે આવેલો સૌથી મોટો માસ્ટર જેટ બેઝ છે.

## ઘટનાની તપાસ શરૂ, પરંતુ ક્રેશનું ચોક્કસ કારણ હજુ સુધી અસ્પષ્ટ

અકસ્માત બાદ વિમાન ખેતર પર ક્રેશ થયું અને તેમાં આગ લાગી ગઈ. મળી રહેલી માહિતી અનુસાર, અકસ્માત સમયે પાયલટ ઈજેક્શન સીટનો ઉપયોગ કરીને સુરક્ષિત રીતે બહાર નીકળી ગયો હતો. નેવલ એર સ્ટેશન લેમૂરના જણાવ્યા અનુસાર, પાયલટ સુરક્ષિત છે અને તેને તપાસ માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. આ ઘટનામાં અન્ય વ્યક્તિને નુકસાન થયું નથી. સ્થાનિક ઈમરજન્સી સર્વિસ ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી અને લગભગ એક ડઝન એકર જમીન પર ફેલાયેલી ઘાસની આગને પણ ફાયર ટીમે કાબૂમાં લીધી હતી. આ વિમાનના ક્રેશ થવાના કારણોની વ્યાપક તપાસ શરૂ કરવામાં આવી છે.

# ગુજરાતમાં પ્રથમવાર રાજકોટની સબ રજિસ્ટ્રાર કચેરીમાં આઈટીનો સર્વે

## ડીએચ કોલેજના મેદાનમાં આવેલી સબ રજિસ્ટ્રાર કચેરીમાં ઈન્કમટેક્સ વિભાગે ૩૦ લાખથી વધુ કિંમતના વેચાણ દસ્તાવેજોની એન્ટ્રી ચકાસવાની કામગીરીનો મોડી રાત સુધી ધમધમાટ

**સર્વે પૂર્ણ થયા બાદ હવે આઈટી વિભાગ દ્વારા આગળ કાર્યવાહી કરવામાં આવશે તેમજ અન્ય કચેરીઓમાં પણ આવતા દિવસોમાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવે તો નવાઈ નહિ**

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં પ્રથમ વખત ઈન્કમટેક્સ વિભાગે ૩૦ લાખથી વધુ કિંમતના વેચાણ દસ્તાવેજોની એન્ટ્રી ચકવાસવા શરૂઆત કરી છે. રાજકોટની ડીએચ કોલેજના મેદાનમા આવેલ સબ રજિસ્ટ્રાર કચેરી ઝોન ૫માં ઈન્કમ ટેક્સ વિભાગના અધિકારીઓએ સર્વેની કામગીરી કરી હતી. ગઈકાલે સાંજથી ઈન્કમ ટેક્સ વિભાગની શરૂ કરેલ સર્વે મોડી રાત સુધી ચાલ્યો હતો.રાજકોટ ઝોન ૫માં વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન થયેલ દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત પ્રથમ વખત રાજકોટની અંદર ઈન્કમટેક્સ વિભાગ દ્વારા વેચાણ દસ્તાવેજો અંગે સબ રજિસ્ટ્રાર કચેરીમાં સર્વે કામગીરી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, પ્રોપર્ટી અંગે



તસવીરઃ કરન જોગલ

પૂરતી વિગતો દર્શાવતો રિપોર્ટ ન કરવામાં આવતો હોવાની ફરિયાદ મળતા આવકવેરા વિભાગનું આઈએનસીએનું સર્ચ ઓપરેશન સબ રજિસ્ટ્રાર કચેરી ખાતે કરવામાં આવ્યું હતું આવતા દિવસોમાં અન્ય ઝોનલ કચેરીઓમાં પણ આ જ રીતે તપાસ થવાની પુરેપુરી શક્યતા સેવાઈ રહી છે.

ગુજરાતમાં પ્રથમ વખત ઈન્કમ ટેક્સ વિભાગે ૩૦ લાખથી વધુ કિંમતના વેચાણ દસ્તાવેજોની એન્ટ્રી ચકાસવાની શરૂઆત કરી હતી અને આ કામગીરી શરૂઆત રાજકોટથી કરવામાં આવી છે. રાજકોટ શહેરના યાજ્ઞિક રોડ પર આવેલ ડીએચ કોલેજના મેદાનમા આવેલ સબ રજિસ્ટ્રાર કચેરી ઝોન ૫માં અમદાવાદ ગાંધીનગરથી ઈન્કમ ટેક્સ વિભાગના અધિકારીઓની ટીમે ધામા નાખી સર્વે હાથ ધર્યો હતો અને રાત્રીના ૧૨ વાગ્યા સુધી આ કામગીરી ચાલી હતી.આ સર્વે પૂર્ણ થયા બાદ હવે આઈટી વિભાગ દ્વારા આગળ કાર્યવાહી કરવામાં આવશે તેમજ અન્ય કચેરીઓમાં પણ આવતા દિવસોમાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવે તો નવાઈ નહિ.

# ધ્રોલ ખાતે ૧૫મી ઓગસ્ટે ભૂચરમોરી શહીદ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ: શૌર્યવીરોની તલવારબાજી, ઘોડેસવારી આકર્ષણ કેન્દ્ર

## અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા અનેક કાર્યક્રમો થકી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી તેમના બલિદાનને યાદ કરવામાં આવશે

**અબતક, રાજકોટ**

અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ ભૂચરમોરી શહીદ સ્મારક ટ્રસ્ટ દ્વારા આગામી ૧૫મી ઑગસ્ટ, શુક્રવારે ધ્રોલ ખાતે ૩૪મા ભૂચરમોરી શહીદ શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૮ વાગ્યે ધ્વજવંદન અને રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનો શુભારંભ થશે.વિક્રમ સંવત ૧૬૪૮માં લડાયેલું ભૂચરમોરીનું યુદ્ધ પાણીપતના યુદ્ધ પછીની સૌથી મોટી લડાઈ તરીકે ઓળખાય છે, જેને સૌરાષ્ટ્રના પાણીપત યુદ્ધ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ યુદ્ધમાં હજારો રાજપૂતો સહિતના સૈનિકોએ શહીદી વહોરી હતી, જેમના બલિદાનને દર વર્ષે યાદ કરવામાં આવે છે.કાર્યક્રમ અંતર્ગત દર વર્ષની જેમ આ વર્ષે પણ તલવારબાજી સ્પર્ધા યોજાશે. જેમાં ભાઈઓ તથા બહેનો માટે સિંગલ અને ડબલ તલવાર સ્પર્ધા રાખવામાં આવેલ છે. ભાગ લેવા ઈચ્છુકો ,મો. ૯૯૨૫૨૪૯૨૫૧ પર સંપર્ક કરી નામ નોંધાવી શકશે.ઘોડેસવારી સ્પર્ધામાં ત્રણ કેટેગરી (૧) રેવાલચાલ, ૨) બેરર રેસ, અને ૩) ટેંગ પેક) માં સ્પર્ધાઓ યોજાશે. રસ ધરાવતા સ્પર્ધકો સહદેવસિંહ જાડેજા (મો. ૯૭૨૫૯૪૦૭૭૭) અથવા અર્જુનસિંહ જાડેજા (મો. ૯૯૭૯૮૬૪૫૪૩) નો સંપર્ક કરી નામ નોંધાવી શકે છે ,આ ઉપરાંત, ધોરણ ૧૦ અને ૧૨માં પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીઓને સિલ્વર મેડલ આપી સન્માનિત કરાશે, જેના માટે પથુણા જાડેજાનો સંપર્ક કરી નોંધણી કરાવવાની આ ઉપરાંત દીકરા દીકરીઓ શપથ ગ્રહણ કરશે શપથ ગ્રહણ સમિતિમાં કન્વિનિયર તરીકે દિગ્વિજયસિંહ ઝાલા તથા સહ-કન્વિનિયર તરીકે હિતેન્દ્રસિંહ ઝાલા, ઓમદેવસિંહ જાડેજા અને યુવરાજસિંહ સોઢાની નિમણૂક કરવામાં આવી છે.છેલ્લા ૩૪ વર્ષથી અવિરત યોજાતા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો. જયેન્દ્રસિંહ જાડેજા, પી.બી. જાડેજા, દીપકસિંહ ઝાલા, હનુમંતસિંહ જાડેજા, રુદ્રતસિંહ વાઘેલા, વિશુભા ઝાલા, નિરુભા ઝાલા, દશરથબા પરમાર, જયશ્રીબા જાડેજા જેવા અગ્રણીઓ સક્રિય છે. ધ્રોલની સ્થાનિક વ્યવસ્થાપક સમિતિમાં રાજમા જાડેજા-ચેરમેન, નિરુભા જાડેજા-કન્વિનિયર, રાજેન્દ્રસિંહ વાઘેલા-સહ-કન્વિનિયર ઉપરાંત શક્તિસિંહ જાડેજા અને સંજયસિંહ જાડેજા સેવા આપશે. રાજકોટ, જામનગર, મોરબી, દ્વારકા અને ધ્રોલ સહિત ગુજરાતના તમામ જિલ્લાના અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘના જિલ્લા પ્રમુખો, કાર્યકર્તાઓ, મહિલા સંઘ અને યુવા પાંખના સદસ્યો પણ જહેમત ઉઠાવી રહ્યા છે.

# યુરિયા ખાતરમાં થેલીએ રૂ.૧૩૦ના ડામથી ખેડૂતો પર વધુ એક બોજ: જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હિતેશ વોરા

**અબતક રાજકોટ**

ગઈકાલે સરકારના નિયંત્રણમાં રહેલી સહકારી સંસ્થા કોઈએ એનપીકે ખાતરના ભાવમાં એક થેલીયે રૂપિયા ૧૩૦ નો ભાવ વધારો કરતાઆ ભાવ વધારે સામે ખેડૂતોમાં રોષની લાગણી ફેલાયેલી છે ત્યારે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હિતેશ વોરાએ એક જાહેર નિવેદનમાં જણાવેલ છે કે ઈફકો સરકાર નિયંત્રણ નીચે ની સહકારી સંસ્થા છે જે ખેડૂતોના હિત માટે ઊભી કરવામાં આવેલી હતી પરંતુ આ જ સંસ્થા દ્વારા ખેડૂતો પર બોજ ઉપર બોજ નાખી રહી છે ગઈકાલે એનપીકે ખાતરની એક થેલી પર રૂપિયા ૧૩૦ નો વધારો જીકી આ વર્ષમાં બીજી વખત ખાતર ની થેલીમાં વધારો આવતા ખેડૂતોને માથે ઓઢીને રોવાનું વારો આવ્યો છે આ પહેલા એનપીકે ખાતરની થેલી રૂ.૧૭૨૦ માં મળતી હતી જે આજે ૧૮૫૦ માં ખેડૂતો લેવા મજબૂર બન્યા છે ખેડૂત અને ખેતી આ દેશની ધરોહર છે જો આ રીતે ખેડૂતો પર બોજ ઉપર બોજ નાખવામાં આવશે તો ખેડૂતની કમર તૂટી જશે દર વખતે ક્યાંક ને ક્યાંક અતિવૃષ્ટિ તો ક્યાંક ઓછા વરસાદના કારણે ખેડૂત સતત કુદરતી આફત્તનો ભોગ બની રહ્યો છે ત્યારે સરકારે તેમની સાથ આવવાના બદલે તેમને પડ્યા ઉપર પાટુ મારવાની જે રીત રશમ અપનાવી રહી છે તે વખોડવા લાયક છે રાજકોટ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હીતેષ વોરાએ આ ભાવ વધારો તાત્કાલિક પાછો ખેંચવા માંગણી કરેલ છે.



# જો..જો.. સફરજન અને કેળાની છાલને ફેંકી દેતા નહીં!!

## સફરજન અને કેળાની છાલમાં છુપાયેલ છે પોષણ અને ત્વચા સંભાળનો અઢળક ખજાનો

**અબતક, રાજકોટ**

આપણે બધા જાણીએ છીએ કે સફરજન કે કેળાની છાલને સામાન્ય રીતે કચરાપેટીમાં ફેંકી દેવામાં આવે છે. આપણે એવું માનીએ છીએ કે તે માત્ર ફળનો બહારનો પડ છે અને તેનો કોઈ ઉપયોગ નથી. પરંતુ શું તમે જાણો છો કે તમે જે ભાગને કચરો સમજીને ફેંકી રહ્યા છો, તે ખરેખર પોષક તત્વોથી ભરપૂર અને અત્યંત ઉપયોગી હોઈ શકે છે? હા, તમે બરાબર સાંભળ્યું. સફરજન અને કેળાની છાલ, જેને આપણે નકામી માનીએ છીએ, તે ખરેખર સ્વાસ્થ્ય અને સૌંદર્ય બંને માટે આશ્ચર્યજનક ફાયદાઓ ધરાવે છે.

આ છાલ માત્ર ખાવા યોગ્ય નથી, પરંતુ તે પોષક તત્વો અને અદભૂત ત્વચા સંભાળના લાભોથી પણ ભરપૂર છે. સફરજનની છાલમાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર અને એન્ટીઑક્સિડન્ટો હોય છે, જ્યારે કેળાની છાલ ત્વચાને શાંત કરવા અને ડાઘ ઘટાડવા માટે એક કુદરતી સૌંદર્ય ઉપાય તરીકે ઉભરી રહી છે. જર્નલ ઓફ કરંટ રિસર્ચ ઈન ફૂડ સાયન્સમાં ૨૦૨૪ માં પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં કેળાની છાલના શકિતશાળી એન્ટીઑક્સિડન્ટ અને એન્ટિમાઈક્રોબાયલ ગુણધર્મો પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે, જે પરંપરાગત ઉપાયો વર્ષોથી શું જાણતા હતા તેની પુષ્ટિ કરે છેઃ છાલ કચરો નથી, તે સુખાકારી છે.

### ઘરે કેળાની છાલનો ઉપયોગ કેવી રીતે કરવો?

કેળાની છાલને ઘણીવાર નકામી માનીને ફેંકી દેવામાં આવે છે, પરંતુ તેમાં શરીર અને ત્વચા બંને માટે અદ્ભુત ફાયદા છુપાયેલા છે. ખાસ કરીને કાળા ડાઘવાળા પાકેલા કેળાની છાલ વધુ અસરકારક હોય છે, અને તેનો ઉપયોગ ઘરે સુરક્ષિત રીતે કરી શકાય છે. તમારા ચહેરાને ધોઈને સૂકવી લો, પછી કેળાની છાલની અંદરની બાજુને તમારી ત્વચા પર ગોળાકાર ગતિમાં ૫-૧૦ મિનિટ સુધી હળવેથી ઘસો. ત્યારબાદ અવશેષોને ૧૦-૧૫ મિનિટ માટે રહેવા દો અને હુંફાળા પાણીથી ધોઈ લો. આ પદ્ધતિમાં કોઈ કઠોર રસાયણોની જરૂર પડતી નથી અને તે એક કુદરતી સ્કિનકેર ટ્રીટમેન્ટ છે. જોકે, છાલનો ઉપયોગ કરતા પહેલા તેને સારી રીતે ધોવી અથવા મીઠાના પાણી કે સરકાના પાણીમાં પલાળી રાખવી અત્યંત મહત્વપૂર્ણ છે, કારણ કે ફળોની છાલ પર ધૂળ, જંતુનાશકો અને બેક્ટેરિયા હોઈ શકે છે. આપણામાંથી મોટાભાગના લોકો ફળની છાલને કચરો માનીને ફેંકી દેતા હોય છે, પરંતુ આ આદત પર ફરીથી વિચાર કરવાનો સમય આવી ગયો છે. કેળા અને સફરજન જેવી ફળોની છાલ એન્ટીઑક્સિડન્ટ અને ફાઈબર જેવા પોષક તત્વોથી ભરપૂર હોય છે. તે માત્ર સ્વાસ્થ્ય માટે જ નહીં, પરંતુ ત્વચા માટે પણ ફાયદાકારક છે. આ છાલ કુદરતી, મફત અને તમારા રસોડામાં સરળતાથી ઉપલબ્ધ છે. તે ત્વચાને શાંત કરી શકે છે, ચમક આપી શકે છે અથવા એક્સફોલિયેટ પણ કરી શકે છે. તેથી, આગલી વખતે જ્યારે તમે કોઈ ફળ ખાઓ, ત્યારે તેની છાલને વિચાર્યા વિના ફેંકી ન દો, કારણ કે તે તમારા માટે સૌથી સરળ અને ઓછા મૂલ્યવાન વેલનેસ હેક્સમાંથી એક સાબિત થઈ શકે છે.

### સફરજનની છાલઃ શરીર માટે વિટામિનથી ભરપૂર

સફરજનની છાલ ફક્ત ક્રંચ જ નથી આપતી, તે ડાયેટરી ફાઈબર, ખાસ કરીને પેક્ટીનથી ભરપૂર હોય છે. આ પાચનને નિયંત્રિત કરવામાં, બ્લડ સુગરના સ્તરને નિયંત્રિત કરવામાં અને તમને લાંબા સમય સુધી પેટ ભરેલું રાખવામાં મદદ કરે છે. આ ઉપરાંત, તે ત્વચા અને રોગપ્રતિકારક સ્વાસ્થ્ય માટે વિટામિન અ અને ઈ પ્રદાન કરે છે. ક્વેર્સેટિન અને પોલિફેનોલ્સ જેવા એન્ટીઑક્સિડન્ટોનું મિશ્રણ બળતરા સામે લડે છે અને તમારા કોષોને રોજિંદા નુકસાનથી બચાવે છે. આ આશ્ચર્યજનક રીતે, મોટાભાગના શક્તિશાળી પોષક તત્વો ત્વચાની નીચે જ કેન્દ્રિત હોય છે. તેથી, જ્યારે તમે સફરજન છોલો છો, ત્યારે તમે તેના સ્વાસ્થ્ય લાભોનો મોટો ભાગ ફેંકી રહ્યા છો. આ નાની આદત, જે આપણે કોઈ પ્રશ્ન વિના અપનાવીએ છીએ, તે મોટો ફરક લાવી શકે છે. ઉકેલ સરળ છેઃ તમારા સફરજનને યોગ્ય રીતે ધોઈ લો, છાલ કાઢશો નહીં અને તેને આખું ખાઓ. ભલે તમે નાસ્તો કરી રહ્યા હોવ, તેને સ્મૂધીમાં ભેળવી રહ્યા હોવ, અથવા સલાડમાં સ્લાઈસેસ ઉમેરી રહ્યા હોવ, છાલ ચાલુ રાખવાથી સ્વાદ, પોત અને ગંભીર પોષક પંચ ઉમેરાય છે. તમારા આંતરડા, તમારી ત્વચા અને તમારી ઊર્જાનું સ્તર બધા તમારો આભાર માનશે.

### કેળાની છાલઃ ત્વચાને આપશે નેચરલ ગ્લો

કેળાની છાલ હાલમાં ખૂબ જ ચર્ચામાં છે, અને ના, તે માત્ર એક રેન્ડમ ટ્રેન્ડ નથી. રસોડામાં બચેલી આ સામાન્ય વસ્તુને આશ્ચર્યજનક રીતે અસરકારક કુદરતી ત્વચા સંભાળ હેક તરીકે ફરીથી શોધવામાં આવી રહી છે. ઘણા લોકો છાલની અંદરના ભાગનો ઉપયોગ બળતરાવાળી ત્વચાને શાંત કરવા, લાલાશ ઘટાડવા, સોજો ઓછો કરવા અથવા સૂક્ષ્મ, સ્વસ્થ ચમક ઉમેરવા માટે કરે છે. શરૂઆતમાં તે થોડું વિચિત્ર લાગશે, પરંતુ પાકેલા કેળાની છાલની નરમ અંદરની બાજુને થોડી મિનિટો માટે તમારા ચહેરા પર હળવેથી ઘસવાથી ખરેખર શાંતિ અને તાજગી મળે છે. કેળાની છાલમાં કુદરતી એન્ટીઑક્સિડન્ટો, વિટામિન સી અને લ્યુટીન હોય છે, જે બધા ત્વચાના સ્વાસ્થ્ય માટે ઉત્તમ છે. કેટલાક લોકો તો એવું પણ કહે છે કે તે સમય જતાં ખીલના ડાઘ અથવા અસમાન ત્વચાના સ્વરમાં મદદ કરે છે. સૌથી સારી વાત એ છે કે તે સરળ, મફત અને મોટાભાગના ત્વચા પ્રકારો માટે સલામત છે. તેથી, આગલી વખતે જ્યારે તમે કેળું ખાઓ છો, ત્યારે છાલ ફેંકી દેવાની ઉતાવળ ન કરો. તે તમારા કુદરતી ત્વચા સંભાળ દિનચર્યામાં એક મનોરંજક, સારું લાગે તેવો ઉમેરો હોઈ શકે છે અને તમારી ત્વચાને તે ગમશે.

# ૧૯ વર્ષની ગ્રાન્ડ માસ્ટર્સ દિવ્યાએ પ્રથમ ટ્રેઈનરને વર્લ્ડકપ સમર્પિત કર્યો

## નાગપુરમાં પરત ફરતાં દિવ્યાને હીરોની જેમ સ્વાગત કરવામાં આવ્યું: એરપોર્ટ પર તેના સંબંધીઓ અને ચાહકોએ ભવ્ય આવકાર આપ્યો

**અબતક, નવી દિલ્હી**

નાગપુરની ૧૯ વર્ષીય ચેસ ખેલાડી દિવ્યા દેશમુખે તાજેતરમાં જ બાટુમી, જ્યોર્જિયામાં યોજાયેલી ફાઈડ વિમેન્સ વર્લ્ડ કપ ૨૦૨૫ જીતીને ઈતિહાસ રચ્યો છે. આ ઐતિહાસિક જીત સાથે તેણે ભારતની ચોથી મહિલા ગ્રાન્ડમાસ્ટર અને દેશની ૮૮મી ગ્રાન્ડમાસ્ટર બનવાનું ગૌરવ પણ મેળવ્યું. દિવ્યાએ આ ખિતાબ ભારતની અગ્રણી ચેસ ખેલાડી અને અનુભવી ગ્રાન્ડમાસ્ટર કોનેરુ હમ્પીને રેપિડ ટાઈબ્રેકમાં ૨.૫-૧.૫થી હરાવીને જીત્યો.

આ જીતને તેણે પોતાના પ્રથમ કોચ રાહુલ જોશીને સમર્પિત કરી, જેમનું ૨૦૨૦માં ૪૦ વર્ષની વયે અવસાન થયું હતું.

દિવ્યા દેશમુખે નાનપણથી જ ચેસમાં અસાધારણ પ્રતિભા દર્શાવી હતી. જ્યારે તે માત્ર ૫ વર્ષની હતી, ત્યારે તેના પ્રથમ કોચ રાહુલ જોશીએ તેની ક્ષમતાને ઓળખી અને તેને ચેસ રમવા પ્રોત્સાહિત કરી. એક વખત દિવ્યા તેના પરિવાર સાથે બેડમિન્ટન મેચ જોવા ગઈ હતી, ત્યારે રાહુલ જોશીએ તેને ચોકલેટ આપીને ચેસ રમવાનું કહ્યું.



તેમણે દિવ્યાને ૩-૪ વર્ષ સુધી સખત મહેનતથી તાલીમ આપી. ૨૦૧૧માં રાહુલે દિવ્યાના બીજા કોચ અનૂપ દેશમુખને કહ્યું હતું, મેં દિવ્યાને તાલીમ આપી છે, હવે તમે તેની સંભાળ લો. તે સમયે દિવ્યા અંડર-૮ નેશનલ ચેમ્પિયન બની ચૂકી હતી.

નાગપુરમાં પરત ફરતાં દિવ્યાને હીરોની જેમ સ્વાગત કરવામાં આવ્યું. એરપોર્ટ પર તેના સંબંધીઓ અને ચાહકોએ ભવ્ય આવકાર કર્યો. આ ખાસ પ્રસંગે દિવ્યાએ ભાવુક થઈને કહ્યું, રાહુલ જોશી સર હંમેશા ઈચ્છતા હતા કે હું ગ્રાન્ડમાસ્ટર બનું. હું મારું આ ગ્રાન્ડમાસ્ટર ટાઈટલ તેમને સમર્પિત કરું છું. તેણે પોતાના પરિવાર, ખાસ કરીને માતા-પિતા, બહેન આર્યા, દાદા-દાદી અને અન્ય સહયોગીઓનો પણ આભાર માન્યો.

દિવ્યાએ જણાવ્યું કે તે હવે થોડો આરામ કરશે અને આગામી ગ્રાન્ડ સ્વિસ ટુર્નામેન્ટ (૨-૧૬ સપ્ટેમ્બર, સમરકંદ, ઉઝબેકિસ્તાન) માટે તૈયારી કરશે. તેના કોચ અને ચેસ સમુદાયનું માનવું છે કે દિવ્યા ભવિષ્યમાં વિમેન્સ વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે મજબૂત દાવેદાર બની શકે છે.

# ગૂગલનું નવું ‘આલ્ફાઅર્થ એઆઈ’: પૃથ્વીને સમજવાનો નવો રસ્તો, વર્ચ્યુઅલ સેટેલાઈટ જેવું કામ કરશે!

## આલ્ફાઅર્થ ફાઉન્ડેશન્સ એઆઈ વાદળોની આરપાર જોઈ શકશે તેમજ પૃથ્વી પરના ઝીણામાં ઝીણા ફેરફારો પર નજર રાખી શકાશે

**અબતક, રાજકોટ**

ગૂગલ ડીપમાઈન્ડ, જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પર કામ કરે છે, તેણે એક નવું અને અનોખું AI મોડેલ ‘‘આલ્ફાઅર્થ ફાઉન્ડેશન્સ‘‘ રજૂ કર્યું છે. આ AI મોડેલ આપણા ગ્રહ પૃથ્વીને સમજવા અને તેની દેખરેખ રાખવામાં વૈજ્ઞાનિકોને ઘણી મદદ કરશે.

જે ‘‘વર્ચ્યુઅલ સેટેલાઈટ‘‘ જેવું કામ કરશે, તેમજ દુનિયાભરમાં થતા ફેરફારોની ઊંડી માહિતી આપશે.

આલ્ફાઅર્થ ફાઉન્ડેશન્સ વૈજ્ઞાનિકોને પૃથ્વી કેવી રીતે બદલાઈ રહી છે તેનું વધુ સારું ચિત્ર આપશે. તેમજ દુનિયાભરના નકશા બનાવવાની અને પર્યાવરણની દેખરેખ રાખવાની રીતને સંપૂર્ણપણે બદલી નાખશે.

### આલ્ફાઅર્થ ફાઉન્ડેશન્સ એઆઈ શું છે અને તે કેવી રીતે કામ કરે છે?

આલ્ફાઅર્થ ફાઉન્ડેશન્સ એ એક સ્માર્ટ કમ્પ્યુટર પ્રોગ્રામ છે જે પૃથ્વી વિશેની અઢળક માહિતી એકઠી કરે છે. આ માહિતી જુદા જુદા ઉપગ્રહો (સેટેલાઈટ), 3D મેપિંગ, અને હવામાનના મોડેલ્સમાંથી આવે છે. આ AI મોડેલ આ બધી જટિલ માહિતીને એક સરળ અને કમ્પ્યુટર સમજી શકે તેવી ભાષામાં બદલી નાખે છે.આ સિસ્ટમ પૃથ્વીને ૧૦ બાય ૧૦ મીટરના નાના ચોરસ ટુકડાઓમાં વહેંચી નાખે છે. પછી, દરેક ચોરસમાં શું છે તેની વિગતવાર માહિતી આપે છે - જેમ કે કયા પ્રકારની જમીન છે, કયા છોડ ઉગ્યા છે, ભૂગર્ભજળ ક્યાં છે, અને માણસોએ શું બાંધકામ કર્યું છે.

ગુગલના આ AI અન્ય AI સાધનો કરતાં ૧૬ ગણી ઓછી સ્ટોરેજ જગ્યા વાપરે છે, જેનાથી મોટા ડેટાને સમજવામાં સમય અને પૈસા બંને બચે છે.

આ નવી ટેકનોલોજી પર્યાવરણની દેખરેખ, કુદરતી આફતોનું સંચાલન, ખેતીવાડીનું આયોજન અને શહેરોના વિકાસ જેવા અનેક ક્ષેત્રોમાં મોટો બદલાવ લાવી શકે છે.

# વિવેકાનંદ યુથ કલબે બોર્ડમાં ઉજજવળ પરિણામ મેળવનારી નેત્રહીન બહેનોનું સન્માન કર્યું

## ૧૪ નેત્રહીન તેજસ્વી બહેનોનું રોકડ પુરસ્કાર, નોટબુક અપાયા

**અબતક,રાજકોટ**

અંધ મહિલા વિકાસ ગૃહમાં રહેતી અને ધોરણ ૧૦ તેમજ ૧૨ અને કોલેજની પરીક્ષામાં પાસ થનાર તેજસ્વી વિદ્યાર્થીની બહેનોનો સત્કાર સમારંભ નિવૃત પ્રિન્સીપાલ પન્નાબેન પંડયા તેમજ રઘુવંશી અગ્રણી રમણભાઈ કોટકના મુખ્ય મહેમાનપદે યોજવામાં આવેલ જેનું જાણીતા રોટેરિયન નિલેશભાઈ ભોજાણીએ દીપ પ્રાગટ્ય કરેલ.

કાર્યક્રમનો પ્રારંભ મારૂ જીવન અંજલિ થાજો પ્રાર્થના ગીતથી થયેલ સંસ્થાના ટ્રસ્ટી ડો. ભાવનાબેન જોષીપુરાએ શબ્દોથી સ્વાગત કરી નેત્રહીન બહેનોના ઉત્કર્ષ માટે થઈ રહેલ કાર્યની માહિતી આપી હતી.

ધોરણ ૧૦, ૧૨ તેમજ કોલેજમાં પાસ થયેલ ૧૪ નેત્રહીન તેજસ્વી બહેનોને સમારંભના અતિથિઓ સ્ટેટ બેંક પરિવારના પ્રદીપભાઈ દેસાઈ, શરદભાઈ દવે. સેવાભાવી સ્વજન પિયુષભાઈ હિંડોચા, યોગાચાર્ય રમેશભાઈ કોયાણી, મોઢ વણિક અગ્રણી અજીતભાઈ દેસાઈના હસ્તે સેકડ પુરસ્કાર તેમજ નોટબુક આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. સેવાભાવી અગ્રણી બિઝનેસમેન નીતિનભાઈ જાગાણી તરફથી કુર્તિનું કાપડ ભેટ તમામ બહેનોને આપવામાં આવેલ. સંસ્થાની સંગીત વિભાગની સાત બહેનોએ ભજનોનું ગાન કરેલ.

સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન અનુપમ દોશી અને હિમરેશાબેન રાયચુરાએ કરેલ કાર્યક્રમના અંતમાં આભાર વિધિ ટ્રસ્ટી દીનાબેન મોદીએ કરી હતી. સમગ્ર આયોજનની સફળતા માટે અનુપમ દોશી, પંકજ રૂપારેલીયા, જીતુભાઈ ગાંધી, હસુભાઈ શાહ, નયન ગંધા, જયેન્દ્રભાઈ મહેતા, પરિમલભાઈ જોષી, વિપુલભાઈ ભટ્ટ, દિનેશભાઈ ગોવાણી, જીતુભાઈ હરખાણી, હર્ષદ મકવાણા, મુકુંદભાઈ લીંબડ, કિશોર ટાકોદરા, હિરેનભાઈ મહેતા તેમજ અંધ મહિલા વિકાસ ગૃહ પરિવાર કાર્યરત રહેલ.

# યુનિવર્સિટી રોડ પર શિક્ષક દંપતીના ઘરમાંથી રૂ.૧૦.૮૫ લાખની મતાની ચોરી

## દંપતી નોકરી પર ગયું અને પાછળથી તસ્કરો ત્રાટક્યાં : મકાનનું તાળું તોડી રોકડ-ઘરેણાં ઉઠાવી ગયા

**ચાર ચોરોની ટોળકી સીસીટીવી કેમેરામાં કેદ : ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને યુનિવર્સિટી પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ**

**અબતક, રાજકોટ**

શહેરના યુનિવર્સીટી રોડ પર આવેલ એસ.એન.કે.સ્કૂલ પાછળ રહેતાં અને તે જ સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતાં શિક્ષક દંપતીના ઘરે તસ્કરો ત્રાટકયા હતાં અને રૂ.૧૦.૮૫ લાખની મતાની ચોરી કરી નાસી છૂટતાં યુની. પોલીસ, એલસીબી અને ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ તપાસ આદરી હતી. સીસીટીવી કેમેરામાં હિન્દી ભાસી ચાર શખ્સો કેદ થયાં હતાં.

બનાવ અંગે યુની. રોડ પર આવેલ એસ.એન.કે. સ્કુલ પાછળ અપૂર્વા એપાર્ટમેન્ટમાં રહેતાં મૂળ જૂનાગઢના વતની લેઝલીભાઈ ડોનાલ્ડકિશોર ચાંદેકર ક્રિસયન (ઉ.વ.૪૯) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ તેમના પત્ની જાસ્મીનબેન તેમજ એક પુત્ર અને પુત્રી સાથે રહે છે. તેઓ એસ.એન.કે. સ્કુલમા છેલ્લા ચાર વર્ષથી શિક્ષક તરીકે નોકરી કરે છે. તેમજ તેમના પત્ની પણ તેઓની સાથે જ એસ.એન.કે. સ્કુલમા નોકરી કરે છે.

ગઈકાલે સવારના કલાક ૦૭ વાગ્યે તેઓ અને તેમના પત્ની દરરોજની જેમ એસ.એન.કે. સ્કુલ ખાતે નોકરીએ જવા નીકળેલ અને ત્યારે જ તેમનો પુત્ર અને પુત્રી જે સેન્ટપોલ સ્કુલમા જતા હોય ત્યાં જવા રવાના થયેલ અને ઘરને તાળુ મારેલ હતુ. બાદમા તેઓ દંપતી બપોરના બે વાગ્યા આસપાસ ઘરે ગયેલ ત્યારે દરવાજો ખુલ્લો જોયેલ જેથી તેમને થયેલ કે દિકરો અને દિકરી સ્કુલેથી આવી ગયેલ હશે. પરંતુ ઘરમાં પ્રવેશ કરતા તુરત જ દિકરા કિંથને સાદ પાડેલ પરંતુ કોઈ રીપ્લાય ન આપતા તેઓ બેડરૂમમા જતા બધો સામાન કબાટનો બહાર હતો અને કબાટ ખુલ્લો અને સરસામાન વેર વિખેર હતો.કબાટની તીજોરી ખુલ્લી હતી જેથી તીજોરીમા જોતા સોનાના દાગીના રાખવાનો ડબ્બો જોવામા આવેલ નહિં અને બેડરૂમમા સેટી પલંગ ઉપર સરસામાન વેરવિખેર પડેલ હતો. ત્યારબાદ બાળકોના સ્ટડી રૂમમા જોતા કબાટ ખુલ્લો હતો અને ત્યાં પણ સર સામાન વેરવિખેર હતો. ત્યાં ટેબલ ઉપર દાગીના રાખવાનો ડબ્બો પડેલ હોય જે જોતા તેમા સોનાના દાગીના જોવામા આવેલ નહિં તેમજ બેડરૂમમા રોકડ રૂપીયા આશરે પાંચેક હજાર જેટલા કબાટમાં રાખેલા તે પણ જોવામા આવેલ નહિં. ઘરના મેઈન દરવાજે જોતા દરવાજાનો નકુચો તુટેલ હતો અને તાળુ હોલમા સેટી ઉપર પડેલ હતુ. જેથી ઘરે ચોરી થયેલનુ સામે આવ્યું હતું.

બાદમા દંપતીએ ચેક કરતા સોનાના ચેઈન નંગ-૦૨ રૂ.૨.૨૫ લાખ, સોનાનો પેન્ડલ સેટ નંગ-૦૧ રૂ.૩ લાખ, સોનાના પાટલા જોડી-૦૧ રૂ.૩ લાખ, સોનાની બુટી જોડી-૦૨ રૂ.૭૫ હજાર, સોનાના ક્રોસ નાના મોટા નંગ-૦૪ રૂ.૭૫ હજાર, સોનાની કડી જોડી-૦૨ રૂ.૩૦ હજાર, સોનાની વિંટી-૦૨ રૂ.૭૫ હજાર અને રોકડા રૂપીયા ૫ હજાર મળી કુલ રૂ.૧૦.૮૫ લાખનો મુદ્દામાલ કોઈ અજાણ્યાં તસ્કરો ઘરમાં ત્રાટકી ચોરીને અંજામ આપી નાસી છૂટ્યા હતાં.બના અંગેની ફરિયાદ કરતી યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી પીઆઇ સિ.વાય.મહાલે અને ટીમે સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોને પકડવા ચક્ર ગતિમાન કર્યા હતા.

# દુષ્કર્મના ગુનામાં બે આરોપીના જામીન મંજૂર

## મજૂરી કામે જતી મહિલાને હવસનો શિકાર બનાવી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી ધમકી આપી હતી

**અબતક, રાજકોટ**

વાંકાનેર પંથકમાં મજૂરી કામે જતી મહિલા પર દુષ્કર્મ આચરી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી ધમકી આપવાના ગુનામાં સંડોવાયેલા બે આરોપીને કોર્ટે જામીન મુક્ત કરતો હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ વાંકાનેર પંથકમાં મજૂરી કામ અર્થે જતી મહિલાને આરોપી જયસુખ ઉર્ફે જયેશ મનસુખભાઈ બાવરવાએ બીભત્સ ઈશારા કરી તેણીની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી હતી અને જો કોઈને વાત કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. બાદમાં જયસુખ ઉર્ફે જયેશ બાવરવાએ ભોગ બનનારના અસ્લીલ ફોટા મેળવી તેણીના સબંધીઓને મોકલી બદનામ કરી હતી. જે અંગે ભોગ બનનાર મહિલાએ જયસુખ ઉર્ફે જયેશ બાવરવા અને તેને મદદગારી કરનાર દિપક દશરથભાઈ અણેવાડીયા વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી ફરિયાદના આધારે પોલીસે બંને આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યું હતું. બાદમાં કેસ મોરબીની સ્પે. એટ્રોસીટી કોર્ટમાં ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ સ્પે. કોર્ટના એડિશનલ સેશન્સ જજ એમ. આર. નાદપરાએ બંને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકતો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપીના બચાવ પક્ષે મોરબીના સિનિયર એડવોકેટ મનીષભાઈ પી. ઓઝા (ગોપાલભાઈ ઓઝા) અને મેનાઝબેન એ. પરમાર રોકાયા હતા

# ૧.૦૮ કરોડની ઠગાઈના ગુનામાં બે શખ્સના આગોતરા જામીન મંજૂર

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા મેન રોડ પર આવેલ સરદાર પટેલ સ્વીમીંગ પુલ પાસે વીર ભગતસિંહ શોપિંગ સેન્ટરના સોપારીના હોલસેલર દુકાનદાર સાથે રૂપિયા ૧.૦૮ કરોડ રૂપિયાની છેતરપિંડી ના ગુનામાં પોલીસ ધરપકડની દેહશતથી બે શખ્સોએ કરેલી આગોતરા જામીન અરજી અદાલતે મંજૂર કરી છે. વધુ વિગત મુજબ શહેરના કોઠારીયા રોડ સરદાર પટેલ સ્વીમીંગ પુલ પાસે વીર ભગતસિંહ શોપિંગ સેન્ટરમાં દુકાન ધરાવતા હિતેશ હરિલાલ સાયાણી નામના સોપારીના હોલસેલ ના વેપારીપાસેથી અમદાવાદના વટવા વિસ્તારના જમીલ મન્સૂરી અને અમજદ હારુન મેવ સહિત બંને શખ્સોએ સોપારીની ખરીદી કરેલી તે પેટે ₹૧.૦૮ કરોડની રકમ ન ચૂકવી છેતરપિંડી આચાર્ય અંગેની ભક્તિનગર પોલીસ મથકમાં દલાલ સહિત પાંચ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.આરોપી જમીલ મન્સુરી અને અમજદ હારૂનભાઈ મેવ દ્વારા તેઓની ધરપકડની દહેશત થી રાજકોટની કોર્ટ સમક્ષ આગોતરા જામીન મેળવવા અરજી કરી હતી. જે અન્વયે આરોપીઓ વતી રોકાયેલ એડવોકેટ એ કરેલ દલીલ તેમજ જામીન અરજી સંદર્ભે નામદાર હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ધ્યાનમા રાખી કોર્ટ દ્વારા આરોપીને આગોતરા જામીન પર મુક્ત્ત કરવાનો હુકમ ફરમાવેલ હતો. આ કામે આરોપીઓ વતી રાજકોટના યુવા એડવોકેટ રણજીતભાઈ એમ. પટગીર, સાહિસ્તાબેન એસ. ખોખર, દયા કે. છાયાણી, નીમેશ વિ. જાદવ તથા આસીસ્ટ તરીકે શ્રધ્ધા આર. ખખ્ખર રોકાયેલ હતા.

# આઈપીઓમાં ઉંચા વળતરની લાલચે વધુ બે રોકાણકારો સાથે રૂ.૩૭ લાખની ઠગાઈ

## ભેજાબાજો રોકાણકાર ચંદ્રેશ પંડ્યાનાના રૂ. ૨૫ લાખ અને બલવીરસિંહ ખેરના રૂ.૧૨ લાખ ઓળવી ગયાં

**ટાઈમ્સ સ્કવેર-૨ બિલ્ડીંગમાં ઓફિસ ખોલી મૂળ અમરેલીના દંપતી અને તેના સાળાએ કળા કરી : યુનિવર્સીટી પોલીસ મથકમાં ગુનો**

**અબતક, રાજકોટ**

શહેરમાં આઈપીઓમાં ઉંચા વળતરની લાલચ આપી રોહિત રોરીયાએ ૪૯ જેટલા રોકાણકારોના રૂ. ૪.૪૬ કરોડ ઓળવી લીધાની ગઈકાલે ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાયા બાદ આજે એક દંપતીએ પણ આઈપીઓમાં ઉંચા વળતરની લાલચ આપી ૨ રોકાણકારો સાથે એકંદરે રૂ. ૩૭ લાખની છેતરપીંડી કર્યાની ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. બનાવ અંગે બીગબજાર સામે કરણ પાર્ક શેરી નં.૨ માં રહેતા અને માર્કેટીંગનું કામ કરતાં ચંદ્રેશભાઈ પંડયા (ઉ.વ. ૪૯) એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે નિકુંજ વિનોદભાઈ ત્રિવેદી અને તેના પત્ની મિત્તલ નિકુંજ ત્રિવેદી (રહે. બંને હાલ વિનાયક વાટિકા જામનગર રોડ રાજકોટ, મૂળ લીલીયા રોડ સુખનાથ પરા અમરેલી) અને પ્રીત પ્રવીણ ઠાકોર (રહે રાજકોટ) નું નામ આપતાં યુની. પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વધુમાં ફરીયાદીએ જણાવ્યું છે કે, તેના મિત્ર પ્રિત પ્રવીણ ઠાકર મારફત તેના બનેવી નિકુંજ સાથે સંપર્કમાં આવ્યા હતા. જેણે તેને અયોધ્યા ચોક પાસે ટાઈમ્સ સ્કવેર-૨ બિલ્ડીંગમાં આવેલી ઓફિસમાં બોલાવતાં ત્યાં ગયા હતા. જયાં નિકુંજ અને તેની પત્ની મિતલબેન હાજર હતા. નિકુંજે કહ્યું કે મારી પત્નીના નામે મારવાડી ફાઈનાન્સીયલ સર્વિસીઝની ફ્રેન્ચાઈઝી છે. મારી કંપનીમાં રોકાણ કરશો તો સારૂ વળતર મળશે. હું તમને વધારે પૈસા કમાવીને આપીશ.

તે સાથે અલગ-અલગ આઈપીઓની સ્કીમ સમજાવી હતી. સાથો સાથ રોકાણ કરેલી રકમ અને વળતરની રકમ દસ દિવસમાં મળી જશે તેવી ખાત્રી આપતાં કટકે-કટકે તેને નેટ બેન્કિંગ, આરટીજીએસ વગેરે મારફત રૂ. ૨૫.૯૯ લાખ આપ્યા હતા. જેમાંથી તેને રૂ. ૮૯,૦૦૦ પાછા આપ્યા હતા. બાકીના રૂ. ૨૫.૧૦ લાખ અવાર-નવાર ઉઘરાણી કરવા છતાં આપતા ન હોવાથી બંને વિરૂધ્ધ અરજી કરી હતી. જેના આધારે પોલીસે ગુનો નોંધ્યો હતો. બીજી ફરિયાદ બલવીરસિંહ ખેર (ઉ.વ. ૬૭, રહે. પંચવટી પાર્ક) એ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે પોતે હાલ નિવૃત જીવન વ્યતિત કરે છે. મિત્ર ચંદ્રેશભાઈ પંડ્યા મારફત નિકુંજના સંપર્કમાં આવ્યા હતા. બાદમાં ઓફિસે પણ ગયા હતા. જયાં નિકુંજ અને તેની પત્ની મિતલબેને આઈપીઓમાં ઉંચા વળતરની લાલચ આપતાં કટકે-કટકે રૂ. ૧૨.૬૦ લાખ આપ્યા હતા. જેમાંથી રૂ. ૪૯,૦૦૦ પરત આપ્યા હતા. બાકીના રૂ. ૧૨.૧૧ લાખ આજ સુધી નહીં આપતા દંપતી ઉપરાંત પ્રિત પ્રવીણ ઠાકર વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે ગુનો નોંધો આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# રેલનગરની મહિલાને વ્યાજખોર દંપતીનો ત્રાસ : ૨૨.૫ તોલા સોનુ અને ૫૦૦ ગ્રામ ચાંદી પડાવી લીધી

## રોલ પાલિસનું મશીન ખરીદવા રૂ.૭ લાખ ૧૦% વ્યાજે ધીરી પઠાણી ઉઘરાણી શરૂ કરી

**મારા વ્યાજના રૂપિયા આપી દેજે નહીંતર મારો ઘરવાળો તને ચોટલો પકડી ગાડીમાં બેસાડી લઈ જશે અને મારી નાખશે કહી ધમકી આપી : પ્ર.નગર પોલીસમાં ગુનો**

**અબતક, રાજકોટ**

શહેરના રેલનગરમાં રામેશ્વર પાર્ક શેરી નં. ૩માં નિલકંઠ કોમ્પલેક્ષમાં રહેતા શોભનાબેન મનસુખભાઈ રેણુકા (ઉ.વ.૫૪)એ ૧૦ ટકા વ્યાજે લીધેલા રૂા. ૭ લાખની પઠાણી ઉઘરાણી કરી વ્યાજખોર પુર્ણાબા ઝાલા અને તેના પતિ ઘોઘુભા (રહે. બંને રામેશ્વર પાર્ક-૪, રેલનગર)એ ગાળો દઈ ધમકી આપ્યાની પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

બનાવ અંગે ફરીયાદી શોભનાબેને પોલીસને જણાવ્યું હતુ કે, અઢી વર્ષ પહેલા તેણે આરોપી પૂર્ણાબા પાસેથી રોલ પાલીસનું મશીન લેવા ૧૦ ટકા લેખે રૂા. ૭ લાખ વ્યાજે લીધા હતાં. આરોપીએ દર મહિને તેને રૂા. ૬૦ હજાર વ્યાજ આપવાનું નક્કી કર્યું હતું. આથી બે માસ સુધી તેને વ્યાજ ચૂકવ્યું હતું. ત્યારબાદ મશીન ખરાબ થઈ જતા અને તેના પૌત્ર કે જે ઈસ્ત્રીનું કામ કરે છે તેને ધંધામાં નુકશાની આવતા તે વ્યાજ કે મુદ્દલ ચૂકવી શક્યા ન હતાં. જેના કારણે આરોપી અવારનવાર તેના ઘરે જઈ પઠાણી ઉઘરાણી કરતા હતા. એટલું જ નહીં ફોન ઉપર પણ ગાળો દઈ મારા વ્યાજના રૂપિયા આપી દેજે નહીંતર મારો ઘરવાળો તને ચોટલો પકડી ગાડીમાં બેસાડી લઈ જશે અને મારી નાખશે તેમ ધમકી આપતા હતા.તેમજ રૂપિયાની સગવડતા ન હોવાથી આરોપી ૨૨.૫ તોલાના સોનાના ઘરેણા અને ૫૦૦ ગ્રામ ચાંદીના દાગીના વ્યાજ પેટે કટકે-કટકે લઈ ગયા હતાં. જ્યારે તેના પતિનું એટીએમ કાર્ડ પણ લઈ જઈ પેન્શનનાં રૂા. ૨૨ હજાર ઉપાડી લીધા હતાં. આરોપી ઘોઘુભાએ આજે તેની ઈસ્ત્રીની દુકાને જઈ તેને તમારા ખાતામાં પેન્શનના રૂપિયા જમા કેમ નથી થયા કહેતા તેને કાર્ડ બંધ કરી દીધું છે તેવો જવાબ આપતા આરોપીએ હું કે મારી પત્ની દવા પીને મરી જઈશું તો તમારી જવાબદારી રહેશે તેમ કહી જતા રહ્યા હતાં. પ્ર. નગર પોલીસે દંપતી સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# શાપર (વે.)થી રૂ.૨૩,૮૭૦ના ગાંજા સાથે નામચીન મોહદીશ કરાલની ધરપકડ

## ૨,૩૭૮ કિલોગ્રામ ગાંજો, મોબાઈલ મળી કુલ રૂ.૨૮,૮૭૦નો મુદ્દામાલ કબ્જે: રૂરલ એસઓજી ટીમનો દરોડો

**ચારેક માસથી સુરત ખાતેથી ગાંજો લાવી પડીકી બનાવી છૂટક વેચાણ કરતા હોવાની કેફીયતઃ સપ્લાયરની શોધખોળ**

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલ શાપર (વે.)ના ગંગા ફોર્જિંગ ગેઈટ નજીકના મફતિયાપરાના રહેણાંક મકાનમાંથી રૂ. ૨૩,૮૭૦ ની કિંમતનો ૨.૩૮૭ કિલોગ્રામ ગાંજા સાથે મોહદીશ મહમદહુશેન કરાલની રૂરલ એસઓજી ટીમે પકડી પાડ્યો છે. ઝડપાયેલો શખ્સ સુરત ખાતેથી ગાંજાનો જથ્થો લાવી અહીં પડીકીઓ બનાવી છૂટક વેચાણ કરતો હોવાનો ખુલાસો પોલીસની તપાસ દરમિયાન થયો હતો. જયારે સુરતના અશ્વિનકુમાર નામના સપ્લાયરને દબોચી લેવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

રાજકોટ જિલ્લામાં ગેરકાયદે માદક પદાર્થનું વેચાણ કરતા શખ્સોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવાની જિલ્લા પોલીસવડા હિમકરસિંહની સૂચનાને પગલે રૂરલ એસઓજી પીઆઈ એફ એ પારગીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ કે એમ ચાવડાની ટીમ શાપર(વે.) પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ અનિરુદ્ધસિંહ જાડેજા અને નિમેષભાઈ મહેતા બાતમી મળી હતી કે, શાપર વેરાવળમાં ગંગા ફોર્જીંગના ગેઈટ પાસેના મફતીયા પરામાં રહેતો નામચીન મોહદિશ મહમદ હુસેન કરાલ છેલ્લા કેટલાક દિવસથી ગાંજાનો વેપલો કરી રહ્યો છે. જેથી રૂરલ એસઓજી ટીમે દરોડો પાડતા તેના મકાનમાંથી રૂ. ૨૩,૮૭૦ની કિંમતનો ૨.૩૮૭ કિ.ગ્રા.ગાંજાનો જથ્થો મળી આવતા પોલીસે મોહદિશ મહમદ હુસેનની ધરપકડ કરી તેની પાસેથી ગાંજો, મોબાઈલ સહિત કુલ રૂ.૨૮૮૭૦ ની મતા કબજે કરી તપાસ હાથ ધરી હતી.

પોલીસની તપાસમાં મોહદિશ અગાઉ રાજકોટમાં કોઠારીયા સોલ્વન્ટ પાસેના રસુલપરામાં રહેતો હોવાનુ અને અગાઉ શાપરમાં મારામારી, જુગાર સહીતના ચાર ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો હોવાનુ બહાર આવતા પોલીસે તેની પુછતાછ કરી હતી. પોલીસની પુછતાછમાં આ ગાંજો ત્રણેક દિવસ પુર્વે સુરતથી લઈને આવ્યો હતો અને છેલ્લા ચારેક માસથી સુરતથી લાવી છુટક વેચાણ કરતો હોવાનું રટણ કરતા પોલીસે સુરતના શખસ અશ્વિનકુમારને પકડી લેવા તેમજ મોહદિશ મહમદ હુસેનની વધુ પુછતાછ માટે રિમાન્ડની માંગ સાથે કોર્ટ હવાલે કરવાની કાર્યવાહી કરી છે.

# સાયબર ફ્રોડના ગુનામાં પિતા- પુત્રના જામીન નામંજૂર

## પેઢીઓ ઊભી કરી બેંકમાં સાત ખાતા ખોલી ઓનલાઈન ફ્રોડ અને ગેમીગનો વ્યવહાર કરી મેળવ તગડું કમિશન મેળવતા

**અબતક, રાજકોટ**

કરોડોના સાયબર ફ્રોડના ગુન્હામા મિત ગુપ્તા અને તેના પિતા લાલબહાદર નરોતમભાઈ ગુપ્તાની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે.વધુ વિગત મુજબ સાયબર ક્રાઈમ સેલ સી.આઈ.ડી. ક્રાઈમ તા.૦૪/૦૯/૨૦૨૪ ને ઈનપુટમાં શકાસ્પદ બેંક એકાઉન્ટ તપાસ કરવાનું જણાવવામાં આવતા જે અનુસંધાને ઢેબર રોડ, પારેખ ચેમ્બર્સ ઈન્ડીયન ઓવરસીઝ બેકની શાખાના ૭ ખાતાઓની તપાસ કરવામાં આવેલ હતી.

ઓનલાઈન અરજીઓની વિગતો મેળવી તમામ ખાતાના કેવાયસી ડોક્યુમેન્ટસનો અભ્યાસ કરતા તમામ ખાતા પેઢીના નામના ખુલેલા હતા. તમામ બેક ખાતા તા.૨૨/૦૨/૨૦૨૪ થી ૨૯/૦૨/૨૦૨૪ ના સમયગાળા દરમ્યાન ખોલવામાં આવેલા અને તા.૧૮/૦૩/૨૦૨૪ થી તા.૨૫/૦૪/૨૦૨૪ દરમ્યાન સાઈબર ફ્રોડમા તેનો ઉપયોગ થયેલ હતો. બેંક ખાતામાં રજૂ થયેલ પેઢીના જણાવેલ સરનામે તપાસ કરતા આવી કોઈ પેઢીઓ ત્યા નહી હોવાની હકિકત જાણવા મળેલી જેથી બેંક ખાતાના ધારકો મયુરભાઈ હિતેન્દ્રભાઈ ખુગલા, રોમેશ અમીરભાઈ મુખીડા, મીત લાલબહાદુરભાઈ ગુપ્તા અને લાલબહાદુરભાઈ નરોતમભાઈ ગુપ્તાની પુછપરછ કરતા જાણવા મળેલ કે ઓનલાઈન ફ્રોડ અને ગેમીગના રૂપિયા મેળવી કમિશન મેળવવા માટે રાજેન્દ્ર નવલભાઈ ખુગલા તથા પ્રવિણભાઈ પરસોતમભાઈ સખાવરાની મદદથી પેઢીના ખોટા સિક્કા તેમજ પાર્ટનરશીપની મદદથી ઉધ્યમ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ તથા પેઢીના નામના પાનકાર્ડ કઢાવી ઉકત ખાતાઓ ખોલાવેલા હતા.

ત્યારબાદ બેક ખાતા ધારક અને મુખ્ય સુત્રધાર પ્રવિણભાઈ પરસોતભાઈ સખાવરા પુછપરછ કરતા જાણવા મળેલ કે ઉપરોકત તમામ બેંક ખાતા મુંબઈના આશિષભાઈ વાળાને ગેમીંગ અને ફ્રોડના રૂપિયા જમા કરાવવા અર્થ આપેલા હતા. જે પેટે તમામ ખાતા ધારકોને તગડુ કમિશન મળતુ હતુ. સદરહુ તમામ આરોપીઓ વિરૂધ્ધ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમા ફરીયાદ નોંધવામાં આવી હતી. આરોપી મીત ગુપ્તા અને લાલબહાદુર નરોતમભાઈ ગુપ્તાએ સેશન્સ કોર્ટમા રેગ્યુલર જામીન અરજી કરી હતી.જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર તરફે સરકારી વકિલ પરાગ એન. શાહએ પોલીસ પેપર્સ, સોંગદનામુ વિગેરે રજૂ રાખી દલીલો કરેલી કે બને આરોપીઓ સામે પ્રાઈમાહેઈસી કેસ છે બને આરોપીઓએ જાણી જોઈને અલગ અલગ પેઢીના બેકના ૪ ખાતા ખોલાવી એક જ સરખા સરનામાઓ આપેલા. સરનામે તપાસ કરતા ત્યા આવી કોઈપણ જાતની પેઢી અસ્તિત્વમા નથી ચાર ખાતામા ફ્રોડના અદાજે ૫-કરોડ રૂપિયા જમા થયેલા હતા .

બને આરોપીને તગડુ કમિશન મળેલું હતું. વધુમા એ પણ દલીલો કરેલી કે, આ કેસનો માસ્ટર માઈન્ડ આરોપી આશિષ મુંબઈ ખાતે રહે છે તેને પકડવાનો બાકી છે. ગુન્હાની તપાસ ચાલુ છે. સરકારી વકીલની દલીલો, પોલીસ પેપર્સ, સોગઠનામુ, આરોપીઓની વર્તણૂક, ગુન્હાની ગભીરતા તથા સરકાર તરફે રજુ કરવામાં આવેલ વડી અદાલતોના ચુકાદાઓ ધ્યાને લઈને આરોપી પિતા-પુત્રની રેગ્યુલર જામીન અરજી નામજુર કરી છે.આ કામે સરકાર તરફે સરકારી વકિલ પરાગ એન. શાહ રોકાયેલા હતા.

# આંગડિયાત પુત્રીની ફી ભરવા રેલનગરનો રીક્ષાચાલક વ્યાજના વિષચક્રમાં ફસાયો

## રૂ.૧૫ હજારની રકમ આપ્યા બાદ કમ્મરતોડ ૧૫% વ્યાજ વસુલ્યું : અવાર નવાર ફોન કરી પૈસાની પઠાણી ઉઘરાણી કરી ખૂનની ધમકી આપી

**અબતક, રાજકોટ**

રેલનગરના રીક્ષા ચાલકને રૂ. ૧૫ હજાર માસિક ૧૫% વ્યાજે આપી વ્યાજખોરે પઠાણી ઉઘરાણી કરી ખૂનની ધમકી આપતાં પ્ર.નગર પોલીસમાં વ્યાજંકવાદી વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. શહેરના રેલનગર વિસ્તારમાં આસ્થા ચોક નજીક ક્રિષ્ના એપાર્ટમેન્ટ સામે શેરી નંબર-૧૪ માં રહેતા ૨૬ વર્ષીય રીક્ષા ચાલક ચીરાગભાઈ રફીકભાઈ બ્લોચે પ્ર.નગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં વ્યાજખોર તરીકે પરસાણાનગરના ધ્રુવ ગોસ્વામીનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું છેલ્લા ત્રણ વર્ષથી મનીષાબેન સાથે રહુ છું. મનીષાબેનને અગાઉના ઘરથી એક દીકરી અને દીકરો છે, જે અમારી સાથે જ રહે છે. જેમા સૌથી મોટી દીકરી જાનવી (ઉ.વ. ૧૬) અને દીકરો ધૈર્ય (ઉ.વ. ૧૪) નો છે. વધુમાં યુવકે જણાવ્યું હતું કે, ગત તા. ૨૬ નવેમ્બર ૨૦૨૪ ના મારી દીકરી જાનવીની સ્કૂલ ફી ભરવાની હોવાથી મે અમારા ઓળખીતા ધ્રુવ ગૌસ્વામી પાસેથી પોપટપરસના નાલા પાસેથી રૂ.૧૫ હજાર ૧૫% ના વ્યાજે લીધા હતા. ધ્રુવ ગૌસ્વામીએ મને દર મહીને વ્યાજ પેટે ૨૨૫૦ રુપીયા આપવાનુ કહેલ હતુ અને મારી પાસે પૈસાની બીજી કોઈ સગવડ નહિ હોવાથી મજબૂરીમા મે હા પાડેલ હતી. બાદ ત્રણ મહીના સુધી વ્યાજના રુપીયા ૨૨૫૦ લેખે ભરેલ હતા. બાદમા મારી પાસે રુપીયાની સગવડ ન હોય જેથી હું રૂપીયા ચુકવી શકેલ નહી. બાદ ધ્રુવ ગૌસ્વામી મને અવાર નવાર ફોન કરી મુદ્દલ અને વ્યાજનુ પણ વ્યાજ તારે આપવુ પડસે તેમ કહી રુપીયાની ઉઘરાણી કરતો હતો. વ્યાજખોર મને ફોનમાં ગાળો આપી કહેતો કે, તું મારા રુપીયા નહી આપે તો હુ તને મારી નાખીશ તેવી ધમકી આપતો હતો. અવાર નવાર મારા ઘરે આવીને વ્યાજના પૈસાની માંગણી કરતો હોય અંતે યુવકે પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. મામલામાં પોલીસે વ્યાજખોર વિરુદ્ધ બીએનએસની કલમ ૩૫૨,૩૫૧(૩) તથા મની લેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

# રૂ.૫૦ લાખની છેતરપિંડીના ગુનામાં આરોપીના જામીન મંજુર

**અબતક, રાજકોટ**

પેઢીમાં બોગસ દસ્તાવેજો આધારે ભાગીદાર બનાવી રૂા.૫૦ લાખની છેતરપીંડી આચરવાના ગુનામાં હાઈકોર્ટે આરોપીનની જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ ક્રિષ્ના એન્ટરપ્રાઈઝના માલીક ચેતનભાઈ કનકભાઈ પરમારે ફરીયાદી અતુલભાઈ ધીરજલાલ બલદેવને પેઢીમાં ભાગીદાર થઈ મોટો નફો થશે તેવી લાલચ આપી ખોટા ડોકયુમેન્ટ બનાવી અને ક્રિષ્ના એન્ટરપ્રાઈઝમાં ધંધા ભાગીદારીમાં પાર્ટનર બનાવી રૂા.૫૦ લાખ મેળવી તે અંગે ભાગીદારી ડીડ તથા સમજુતી કરાર કરી ફરીયાદીએ રોકેલ રૂપિયાનો ફીકસ નફો આપશે તેવુ વચન આપી રોકેલ રૂપિયા પરત નહી આપી ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હોવાની અતુલભાઈ બલદેવે માલવીયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જે કેસમાં ચાર્જશીટ થતા આરોપીએ સેસન્સ કોર્ટમાં કરેલી જામીન અરજી રદ થતા હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલી જતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે આરોપીને જામીન ઉપર મુકત કરવા હુકમ ફરમાવ્યો છે.આ કેસમાં આરોપી વતી એડવોકેટ જીતેન્દ્રસિંહ પરમાર, ચિરાગભાઈ મેતા, રાજેન્દ્રસિંહ પરમાર, વિજયભાઈ જોશી, ઈકબાલભાઈ થૈયમ, સચીનભાઈ સોલંકી, એસ. એમ. ડાભી અને હાઈકોર્ટમાં ધ્રુવીનભાઈ ભુપતાણી રોકાયા હતા.

# ક્લેઈમ કેસમાં ટ્રિબ્યુનલ દ્વારા રૂ.૬૭ લાખનું વળતર ચૂકવવા હુકમ

## કોઠારીયા પાસે છકડો રિક્ષાની અડફેટે બાઈક ચાલકનું મૃત્યુ નીપજતા પરિવારે વળતર મેળવવા દાદ માંગી હતી

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે કોઠારીયા પાસે છકડો રિક્ષાની હડફેટે કડિયા કામ કરતા બાઈક ચાલકના મૃત્યુના ક્લેઈમ કેસમાં વીમા કંપની અને અરજદારો દ્વારા સમાધાનકારી વલણ અપનાવાતા ટ્રિબ્યુનલ દ્વારા રૂપિયા ૬૭ લાખ વળતર ચૂકવવાના હુકમ સાથે કેસનો માત્ર આઠ માસના ટૂંકા ગાળામાં નિકાલ થયો છે.

આ અંગેની હકીકત મુજબ, આઠેક માસ પહેલા રાજકોટના કોઠારિયા નજીક છકડો રિક્ષાએ



બાઈકને હડફેટે લેતા ચાલક મનોજભાઈ ગોરધનભાઈ વાઘેલાને ગંભીર ઈજા થવાથી તેનું મૃત્યુ થયું હતું. આ અંગે છકડો રીક્ષા ચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. દરમિયાન કડિયા કામ કરી પરિવારનું પોષણ કરનાર મનોજભાઈના મૃત્યુ અંગે તેમના વારસદારોએ વળતર મેળવવા મોટર એકસીડન્ટ ક્લેઈમ ટ્રિબ્યુનલ સમક્ષ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જે ક્લેઈમ કેસમાં કડિયાકામ કરતા ગુજરનારની ઉંમર, આવક અને વારસદારોને ધ્યાને લઈને એડવોકેટસ કલ્પેશ કે વાઘેલા અર્જુન ડી.કારીયા વગેરેએ સામાવાળા છકડો રિક્ષાની વીમા કંપની ચોલા મંડલમ એમ એસ જનરલ ઈ. કું. લી.ના ઓફિસરો નીરજ આશરા, ભરતભાઈ સખીયા, અમીતભાઈ પરમાર વગેરે સાથે ચર્ચા વિચારણા કરી હતી. તેમાં સમાધાનકારી વલણ અપનાવાતા ટ્રિબ્યુનલ દ્વારા ગુજરનાર મનોજભાઈના વારસોને માત્ર ૮ માસના ખુબ જ ટુંકા ગાળામાં રૂા.૬૭ લાખનું વળતર મંજુર કરવામાં આવ્યું છે.આ કામમાં ગુજરનારનાં વારસદારો વતી અકસ્માત વળતર સ્પેશ્યાલીસ્ટ વકીલ કલ્પેશભાઈ કે. વાઘેલા, અર્જુન ડી. કારીયા (ગઢવી), કરણ ડી. કારીયા (ગઢવી ભાવિન આર. પટેલ, શ્રધ્ધા અકબરી, આદિત્ય મકવાણા, કુણાલ ચાવડા, માનવ ચાવડીયા રોકાયા હતા.

# સપ્તાહથી ભેદી રીતે લાપતા ખોજા પરિવારના ફઈ-ભત્રીજી અંતે ઈન્દોરથી હેમખેમ મળ્યાં

## હોન્ડા સિટી કારમાં ભત્રીજી સાથે નીકળ્યા બાદ બંને ગુમ થઈ જતાં પરિવાર ચિંતાતુર અને મામલો ટોક ઓફ ધ ટાઉન બન્યો'તો

### છ વર્ષની બાળકી સાથે ફઈ ગુમ થઈ જતાં દોડતી થયેલી શહેર આખાની પોલીસને હાશકારો

### અપહરણ, પારિવારિક ડખ્ખો કે મિલ્કત વિવાદ? પૂછપરછ બાદ અનેક ઘટસ્ફોટ થવાના એંધાણઃ ક્રાઈમ બ્રાન્ચની ટીમ બંનેને લઈ રાજકોટ આવવા રવાના

### ગાંધીગ્રામ, ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી, પેરોલ ફર્લો, એએચટીયુ શાખાની પોલીસે તપાસમાં ઝુકાવ્યું'તું

### પોલીસ કમિશનર, ડીસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ સતત મોનીટરીંગ કરી રહ્યા'તા

ખોજા પરીવારની ૪૪ વર્ષીય ફઈ અને છ વર્ષીય ભત્રીજીને સાથે લઈ ગુમ થઈ જતાં ચકચાર મચી ગઈ હતી અને પરિવાર સાથે શહેરભરમાં ચિંતા પ્રસરી હતી. ત્યારે શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગરીયા, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસીયાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર, સી એચ જાદવ અને ગાંધીગ્રામ પીઆઈ એસ.આર.મેઘાણી તેમજ પેરોલ ફર્લોની અલગ અલગ ટીમો બનાવી છેલ્લા સાત દિવસથી રાત-દિવસ મહેનત કરી બનાવનો ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી.



### પખવાડિયાથી ચાલતા પારિવારિક ડખ્ખામાં અજાણ્યા શખ્સની એન્ટ્રીઃ પ્રિ પ્લાનિંગ સાથે આખેઆખો ઘટનાક્રમ સર્જાયો?

**પોલીસ સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ ૪૪ વર્ષીય રીમાને છેલ્લા પખવાડિયાથી પારિવારીક માથાકૂટ ચાલતી હતી. જેમાં મિલકત અથવા રૂપિયા મેળવવા માટે માથાકૂટ થયા બાદ યુવતીએ કોઈ અજાણ્યા શખ્સની મદદ લીધી હતી અને પ્રી પ્લાનિંગથી પરિવારને પ્રેસર આપવા માટે કાવતરું ઘડ્યાની પ્રાથમિક આશંકા સેવાઈ રહી છે પણ હવે રીમા માખણીની પૂછપરછ બાદ જ દૂધનું દૂધ અને પાણીનું પાણી થશે.**

**અબતક, રાજકોટ**

શહેરમાં છેલ્લા અઠવાડિયાથી ટોક ઓફ ધ ટાઉન બનેલ બનાવમાં ખોજા વેપારીની પુત્રી ૬ વર્ષની ભત્રીજીને લઈ ભેદી રીતે લાપતા થઈ જતાં શહેર ભરની પોલીસ ઊંધા માથે થઈ હતી અને શહેરની બાહોશ પોલીસે ફઈ-ભત્રીજીને મધ્યપ્રદેશના ઈન્દોરમાંથી હેમખેમ શોધી કાઢી ત્યાંથી રાજકોટ લાવવા રવાના થઈ હતી. રાજકોટથી નીકળ્યા બાદ મોરબી સુધી હોન્ડા સીટી કાર દેખાઈ હતી. જે બાદ તેની સાથે રહેલ શખ્સ તેમને ઈન્દોર સુધી લઈ ગયાનું પ્રાથમિક સામે આવી રહ્યું છે. હવે સાથે રહેલો શખ્સ કોણ ? પરિવારને પ્રેશર આપવા તરકટ રચ્યું કે કેમ? તે અંગે પોલીસ રાજકોટ તેઓને લઈ આવ્યાં બાદ વધું વિગતો સામે આવશે.

પ્રાપ્ત વિગત મુજબ, રૈયા રોડ પર આવેલ અલ્કાપુરી મેઈન રોડ પર રહેતાં ખોજા વેપારીની ૪૪ વર્ષીય પુત્રી રિમાબેન માખણી ગઈ તા.૨૪ ના સાંજના સમયે પોતાના ઘરેથી તેમની છ વર્ષની ભત્રીજી અનાયા માખણીને લઈ ઘર બહાર પાર્ક કરેલ હોન્ડા સીટી કાર લઈ ત્યાંથી નીકળી ગયાં હતાં. જે બાદ મોડી રાત સુધી તેઓ પરત ન આવતાં પરિવારે તેમની શોધખોળ આદરી હતી. પરંતુ તેમના કોઈ સગળ મળ્યાં ન હતાં. જેથી પરિવાર ગાંધીગ્રામ પોલીસ મથકે પહોંચ્યો હતો અને બનાવની જાણ કરી હતી.

પોલીસે પણ બનાવની ગંભીરતા પારખી તુરંત તપાસ આદરી હતી. ત્યારે બીજી તરફ પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા અને એડી. સીપી મહેન્દ્ર બગરિયાએ પણ તપાસના આદેશ આપતાં ડિસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ અને ડીસીપી જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચ, પેરોલ ફર્લો સ્કોડ, એએચટીયું અને ગાંધીગ્રામ પોલીસની અલગ અલગ ટીમોએ અલગ અલગ દિશામાં તપાસ આદરી હતી.

ત્યારે ક્રાઈમ બ્રાંચની ટીમને ટેકનીકલ સોર્સથી ઈન્દોરનું પગેરુ મળતાં એક ટીમ ઈન્દોર પહોચી ગઈ હતી અને ટીમ ફઈ-ભત્રીજીની નજીક હોવાની વાત તેમની સાથે રહેલ શખ્સને હ્યુમન સોર્સથી મળી ગઈ હતી. જેથી તે ફઈ-ભત્રીજીને ઈન્દોર નજીકના વિસ્તારમાં મૂકી કાર લઈ નાસી છૂટ્યો હતો.

જે બાદ એકલી પડી ગયેલા યુવતીએ એક ટેક્સી ચાલકને મોબાઈલમાંથી તેના ભાઈને કોલ કર્યો હતો અને પોતે ઈન્દોર હોવાની અને ભત્રીજી સાથે સહી સલામત હોવાની વાત કરી હતી. જેથી બનાવની જાણ થતાં યુવતીના ભાઈએ તુરંત જ ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ એસ.આર. મેઘાણીને કરી હતી અને તે ગંભીરતાને ધ્યાને લઈ પીઆઈએ તુરંત જ તે ટેક્સીવાળા મારફતે યુવતી સાથે વાત કરી હતી. જે બાદ તે બાબતે ઉચ્ચ અધિકારીઓને વાકેફ કરવામાં આવ્યાં હતાં.

દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની એક ટીમ ગુમશુદા ફઈ-ભત્રીજીને શોધી કાઢવા એમપી ખાતે જ હોય તેમને જાણ કરાતાં તેઓ પણ બેટમાં પોલીસ મથક વિસ્તારમાં પહોંચી ફઈ-ભત્રીજી સુધી પહોંચી જઈ બંનેને લઈ ટીમ રાજકોટ રવાના થઈ હતી.

એક તરફ ગાંધીગ્રામ, એલસીબી અને ક્રાઈમ બ્રાન્ચની ટીમને તપાસ દરમિયાન યુવતી જે કાર લઈ નીકળી તે મોરબી સુધી જોવા મળી હોવાનું પ્રાથમિક સામે આવ્યું હતું. હવે યુવતી રાજકોટ પહોંચે તે બાદ જ અતિ ચર્ચાસ્પદ બનાવની વિગતો સામે આવી શકે છે. પ્રાથમિક પરિવારીક કે મિલકત વિવાદ હોવાની સંભાવના સેવાઈ રહી છે.

### શહેરમાં નશામાં ધૂત થઈ અકસ્માત સર્જવાનો સિલસિલો યથાવત

# ભીમનગર સર્કલ નજીક નશાખોર બેલડીએ કાબુ ગુમાવતા મર્સીડીઝ કારની વીજપોલ સાથે ટક્કર



### પીધેલી હાલતમાં ઝડપાયેલા બંને શખ્સો વિરુદ્ધ પ્રોહીબીશન અને જાહેર સંપત્તિને નુકસાન કરવાની કલમો હેઠળ ગુનો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં દારૂ પી કાર ચલાવી અકસ્માત સર્જવાની ઘટનાઓ હવે રોજિંદી બની રહી છે. ત્યારે વધુ એક આવી ઘટના સામે આવી છે. મોડી રાત્રીના નાનામવા ગામ પાસે ભીમનગર સર્કલ નજીક કાર વીજપોલ સાથે અથડાઈ હતી. જેમાં વીજપોલ ધરાશાયી થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા તાલુકા પોલીસ મથકના સ્ટાફે અહીં પહોંચી કારમાં સવાર બંને શખસોની પૂછતાછ કરતા ચાલક અને તેની સાથે બેઠેલ શખસ બંને નશાની હાલતમાં હોવાનું માલુમ પડ્યું હતું. જેથી પોલીસે આ બંને શખસો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ અને પબ્લિક પ્રોપર્ટીને નુકસાન પહોંચાડવા અંગેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ તાલુકા પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ અમરશીભાઈ મેતાલીયા દ્વારા આ ઘટના અંગે નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે કેવિન પંકજભાઈ ઉંધાડ(રહે. શગુન એલીગન્સ એપાર્ટમેન્ટ, ગોવિંદ રત્ન વિલાની બાજુમાં ફ્લેટ નંબર એ-૪૦૩, રાજકોટ) અને ધ્રુવ અરવિંદભાઈ સોરઠીયા (રહે. નેહરૂનગર-૪ મારવાડીની સામે નાનામવા મેઈન રોડ) ના નામ આપ્યા છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલ રાત્રીના તેઓ પીસીઆરમાં પેટ્રોલિંગમાં હતા દરમિયાન પોણા ત્રણ વાગ્યા આસપાસ ભીમનગર સર્કલ પાસે અકસ્માત થયો છે તેવો કોલ મળતા અહીં પહોંચી જોતા કાળા કલરની મર્સિડીઝ જીએલ ૪૦૦ ડી કંપનીની કાર નંબર જીજે ૩ એનપી ૫૫૦૭ અહીં ડિવાઈડર પર રહેલ સ્ટ્રીટ લાઈટના પોલ સાથે ભટકાડી દઈ પોલ ધરાશાયી કરી દીધો હોવાનું માલુમ પડ્યું હતું. કાર પાસે બેઠેલા બે શખસો પીધેલી હાલતમાં હોવાનું જણતા બંનેને નીચે ઉતારી તેમની પૂછતાછ કરતા કારચાલકનું નામ કેવીન ઉંધાડ અને તેની સાથે બેઠલ ધ્રુવ સોરઠીયા હોવાનું માલુમ પડ્યું હતું. બંને થોથવાતી જીભે બોલતા હોય બંને દારૂ પીધાનું માલુમ પડ્યું હતું.જેથી આ બંને શખસો વિરુદ્ધ તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એકટ અને પ્રીવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી હતી. બનાવ અંગે વધુ તપાસ પીએસઆઈ બી.આર. ભરવાડ ચલાવી રહ્યા છે.

# સુરશ્રી કલ્ચરલ કલબ દ્વારા સોમવારે 'અગર તુ ન હોતે' નો સંગીત કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

સુરશ્રી કલ્ચરલ કલબ અને જવેલદીપ ગ્રુપ દ્વારા સોમવારે રાતે ૯ કલાકે હેમુ ગઢવી મેઈન ઓડિટોરીયમ, રાજકોટ ખાતે અમર ગાયક કિશોરકુમાર ના જન્મદિવસના ઉપલક્ષમાં અમર ગાયક કિશોરકુમાર અને ભારત રત્ન લતા મંગેશકરજી અને નવોદિત કલાકારોના યાદગાર ગીતોનો કાર્યક્રમ અગર તુમ ન હોતે નું ભવ્ય આયોજન કરવામાં આવેલ વે.

આ કાર્યક્રમમાં રાજકોટના સુવિખ્યાત ગાયક, વોઈસ ઓફ કિશોરકુમાર સુનિલ ગઢીયા, જામનગરના સુવિખ્યાત ગાયિકા, રીના ગજ્જર સહીત કલાકારો અને સાજીદાઓ રમઝટ બોલાવશે.

આ કાર્યક્રમમાં ૧૦૮ વ્રજેશકુમારજી મહારાજ ૧૦૮ અનિરૂધ્ધલાલજી મહોદય, સહીતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના ફાઉન્ડર ચેરમેન કીરીટભાઈ રાજપરા ટ્રસ્ટી કમલભાઈ રાજપરા, પ્રોજેકટ ચેરમેન અમિતભાઈ રૂપારેલીયા સહીતના આગેવાનો જહેમત ઉઠાવશે.

### શ્રાવણ માસમાં જુગારની મોસમ પુરબહારમાં ખીલી

# જુગારના ત્રણ દરોડામાં સાત મહિલાઓ સહિત ૨૭ શખ્સો પતા ટીંચતા ઝડપાયા

### રૈયાધાર, લક્ષ્મીનગર અને ભંગડા ગામે પોલીસના દરોડા : રૂ.૬૩,૬૦૦ની રોકડ કબજે

**અબતક, રાજકોટ**

શ્રાવણ મહિનો શરૂ થતાં જ શહેરમાં ઠેર ઠેર શ્રાવણીયા જુગારની મૌસમ ખીલી ઉઠી છે. પોલીસે રૈયાધાર, લક્ષ્મીનગર અને ભંગડા ગામે ૩ દરોડા પાડી જુગાર રમતા ૭ મહિલા સહિત ૨૭ પત્તાપ્રેમીને રૂપિયા ૬૩૬૦૦ની રોકડ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જુગારના આ દરોડાની જાણવા મળતી વિગત મુજબ, આજી ડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ પિયુષ ચીરોડીયા, ભરત જોગીયા, કોન્સ્ટેબલ ગોપાલ બોળીયા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન ત્રંબા નજીક ભંગડા ગામની સીમમાં ચાપરાજભાઈ ધાંધલની વાડીની પાસે જાહેરમાં જુગારધામ ચાલતું હોવાની ચોક્કસ બાતમીના આધારે પોલીસે દરોડો પાડી જુગાર રમતા ચાપરાજ બાપભાઈ ધાંધલ, અક્ષય ધીરુભાઈ કાશીપરા, નિર્મળસિંહ સુખુભા જાડેજા, સુજિત દિનેશભાઈ ખાચર, દિલીપ અમૃતભાઈ ઉંજીયા, રઘુવીરસિંહ સુખુભા જાડેજા, હરીભાઈ રામાભાઈ જાંબુકીયા, દેવરાજ મેરામભાઈ મીર, રાજેશ ભુપતભાઈ ગોહેલ, હકીમ ઈસ્માઈલભાઈ બુકેરા, આશીષ કિશોરભાઈ માકડીયા, જેન્તી લાલજીભાઈ પરસાણા, રેહાનાબેન અકબરભાઈ પલેચા, રીંકલબેન રાજેશભાઈ ગોહેલ અને મુમતાઝબેન સાજીદભાઈ સંધીને ઝડપી લઈ પટ્ટમાંથી રૂા.૨૩૭૯૦ની રોકડ કબજે કરી હતી.

બીજા દરોડામાં પીસીબીની ટીમે રૈયાધાર પાણીના ટાંકા પાસે રહેતા તોફીક બશીરભાઈ ખાંડુના રહેણાંક મકાનમાં દરોડો પાડી જુગાર રમતા મકાન માલીક તોફીક ખાંડુ ઉપરાંત જાફર ઈકબાલભાઈ કીડીયા, સુમીત સંજયગીરી ગોસાઈ, ઈકબાલ ખાલીદભાઈ આરબ અને હુસેન ઈસ્માઈલભાઈ અગવાનને પકડી લઈ રૂા.૨૭૨૦૦ની રોકડ કબજે કરી હતી.

ત્રીજા દરોડામાં માલવીયાનગર પોલીસે નાનામવા મેઈન રોડ પર લક્ષ્મીનગર સોસાયટી શેરી નં.૨માં રહેતા દયાબેન અમુભાઈ પરમારના મકાનમાં ચાલતા જુગારધામ ઉપર ત્રાટકી પત્તા ટીંચતા દયાબેન પરમાર, શાંતાબેન લક્ષ્મણભાઈ આડેસરા, સકીલાબેન શબીરભાઈ સૈયદ, બીનાબેન કિશોરભાઈ લીટીયા, હિતેશ જેન્તીભાઈ જાદવ, અનિલ વેલજીભાઈ ચૌહાણ અને રામ પુંજાભાઈ પરમારને ઝડપી લઈ રૂા.૧૨૬૧૦ની રોકડ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા ૧૦૮ રાંદલ માતાજીના લોટા તેમજ સમૂહ ભોજન પ્રસાદનું આયોજન

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરનાં શ્રી સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા આગામી તા.૧૦/૦૮/૨૫નાં રોજ ૩૧માં શ્રાવણી પર્વ ઉત્સવ ઉજવણી રાખવામાં આવેલ છે. આપણી જ્ઞાતિનાં ૩૧માં શ્રાવણી પર્વને ધામધૂમથી ઉજવવાં માટે તન, મન, ધનથી સહકાર આપવા તથા વધુને વધુ જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવે છે. તા.૧૦/૦૮/૨૫ ને રવિવારના રોજ સવારના ૯:૦૦ કલાકે ૧૦૮ રાંદલ માતાજીના લોટાનું સ્થાપન પુજન રાખેલ છે. તેમજ બપોરના ૧૦:૩૦ કલાકે જ્ઞાતિ સમુહ ભોજન પ્રસાદ, રાંદલ માતાની ગોરણી પ્રસાદનું અયોજન કરાયું છે. જેમાં ભોજન પ્રસાદના યજમાનો મુળ વતન બરવાળા બાવીસી હાલ રાજકોટ વસતા મહેતા પરીવાર સ્વ.કાળીદાસભાઈ મોરારજીભાઈ મહેતાનો પરીવાર, સ્વ.લાભશંકરભાઈ કાળીદાસભાઈ મહેતા, સ્વ.મગનલાલભાઈ કાળીદાસભાઈ મહેતા, સ્વ.જટાશંકરભાઈ કાળીદાસભાઈ મહેતા- (જેતપુર), સ્વ.દયાશંકરભાઈ કાળીદાસભાઈ મહેતા પરીવાર (કાકા-બાપાના ભાંડરડા) તરફથી ભાવભર્યુ નિમંત્રણ આપવામાં આવે છે. અગાઉ દરેક જ્ઞાતિજનોને નિમંત્રણ કાર્ડ ઈ-કાર્ડ વોટસઅપ ગ્રુપ દ્વારા મોકલી આપવામાં આવેલ છે.

# કચ્છમાં ફરી ભૂકંપનો આંચકોઃ ૩.૩ની તીવ્રતા

**અબતક રાજકોટ**

કચ્છ જિલ્લામાં ભૂકંપના આંચકા આવવાનું છેલ્લા કેટલાક દિવસોથી ચાલુ છે. આજે પણ સવારે ૯:૫૨ વાગ્યે ૩.૩ની તીવ્રતાનો હળવો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપરના બેલા ગામથી લગભગ ૧૬ કિલોમીટર દક્ષિણ-દક્ષિણ પશ્ચિમ દિશામાં નોંધાયું છે.

ભૂકંપના આંચકાથી કોઈ જાનહાનિ કે મોટા નુકસાનના સમાચાર નથી, પરંતુ સ્થાનિક લોકોમાં થોડો ફફડાટ વ્યાપી ગયો હતો. કચ્છ વિસ્તાર સિસ્મિક ઝોન ૫ માં આવતો હોવાથી અહીં અવારનવાર ભૂકંપના આંચકા અનુભવાય છે. સામાન્ય રીતે, દર અઠવાડિયે એકથી બે ભૂકંપના આંચકા નોંધાતા હોય છે. નિષ્ણાતોના મતે, સાડા ત્રણ (૩.૫) થી વધુ તીવ્રતાનો ભૂકંપ આંચકો હોય તો જ તેની અસર મોટા પાયે અનુભવાય છે, જ્યારે એકથી સાડા ત્રણ (૧.૦ થી ૩.૫) સુધીની તીવ્રતાના આંચકા સમયાંતરે કચ્છમાં નોંધાતા રહે છે. બે દિવસ પહેલાં પણ કચ્છમાં આવો જ એક હળવો આંચકો અનુભવાયો હતો.

# કોઠારીયા રોડ પર રીક્ષાચાલક યુવાન પર ત્રિપુટીનો છરી વડે હુમલો

### ભાડાનું મકાન ખાલી કરાવ્યાનો ખાર રાખી માર મરાયો : ભક્તિનગર પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર રીક્ષા ચાલક યુવાન પર ત્રણ શખ્સોએ હુમલો કર્યાનો બનાવ સામે આવ્યો છે. મિત્રને રહેવા આપેલું મકાન ખાલી કરાવી દીધા બાદ જેનીશ અને તેના મળતીયાએ યુવક પર છરી વડે હુમલો કરતા ભક્તિનગર પોલીસમાં ગુનો નોંધાયો હતો.

શહેરના ઈન્દિરાનગર શેરી નંબર-૩ માં ભવનાથ મંદિર નજીક રહેતા ૨૦ વર્ષીય રીક્ષા ચાલક જયેશભાઈ વિભાભાઈ ટારીયાએ ભક્તિનગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જેનીશ રાજપૂત, ઘુઘો બાવાજી અને કૌશલ નિમાવતનું નામ આપતાં જણાવ્યું હતું કે, બે મહિના પહેલા મે ઈન્દિરા નગરમાં આવેલું અમારૂ બિજુ મકાન મારા મિત્ર જેનીસ રાજપુત અને ચિરાગ રાજપુતને ભાડે આપેલ હતું. બાદમાં ચિરાગ અને જેનિસની ચાલ ચલગત સારી નહિ લાગતા ત્રણેક દિવસ પહેલા અમારૂ મકાન ખાલી કરાવેલ હતું અને તેમની પાસેથી મકાનનું ભાડુ લિધેલ ત્યારે જેનીસ રાજપુત અને ચિરાગ રાજપુત સાથે બોલાચાલી થયેલ હતી પણ પછી સમાધાન થઈ ગયેલ હતું.

બાદમાં ગઈકાલે સાંજના સાડા પાચેક વાગ્યાની આસપાસ હું મારા ઘરની બહાર નિકળેલ ત્યારે અમારી બાજુમા રહેતો મારો મિત્ર કૃણાલભાઈ રાઠોડ મારી પાસે આવેલ અને કેહેલ કે, મને મોઢામાં ચાંદી પડી છે, તું મારી સાથે દવા લેવા ચાલ. જેથી હું મારૂ એક્ટિવા લઈને કૃણાલ સાથે દવા લેવા નીકળ્યો હતો. દવા લીધા બાદ અમે બંને કોઠારરીયા રોડ પર આવેલ સંતોષ ઘૂઘરા ખાતે નાસ્તો કરવા ગયેલ હતા. જ્યાં અગાઉથી જ જેનીસ રાજપુત, ઘુઘો બાવાજી તથા કૌશલ નિમાવત ઊભા હતા. હું ઘૂઘરાનો ઓર્ડર આપતો હતો ત્યારે ઘુઘો બાવાજી મારી પાસે આવેલ અને કહેલ કે, તારે જેનીસ સાથે શું માથાકૂટ છે. તો મેં કહેલ કે મારે કાઈ માથાકૂટ નથી.

દરમિયાન જેનીસ છરી લઈને આવેલ અને મને મારવા લાગતા હું છરીના ઘાનો હાથથી બચાવ કરવા જતા એક ઘા મને ડાબા હાથના ચારેય આંગળામાં વાગી ગયેલ હતો. બાદ હુંભાગવા જતા જેનીસે મને ગાળો આપી હતી અને છરીનો બીજો ઘાં મારવા જતાં મે છરી પકડી લીધી હતી. ત્યારે જેનીશે મને ઢીકાપાટુનો માર મારેલ હતો. મેં જેનિસ પાસેથી છરી આંચકી લેતાં તેણે ઘૂઘા પાસેથી છરી માંગતા તેણે નેફામાંથી છરી કાઢીને જેનિસને આપી હતી. બાદ જેનિશે ઘા કરતા મને છરી વાગેલ ન હતી. બાદ હું ભાગવા લાગેલ હતો અને ફોન કરોને મારં મામાંને ઘટનાની જાણ કરી હતી.

બાદમાં યુવકે ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ ભક્તિનગર પોલીસમાં ત્રણેય વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# લોધેશ્વર સોસાયટીનો નામચીન ભરત ઉર્ફે દાદુ પાસાના પિંજરે પુરાયો

### હત્યાની કોશિશ અને મારામારીના ગુનામાં સંડોવાયેલ કુખ્યાત શખ્સને માલવયા નગર પોલીસે અમદાવાદ જેલમાં ધકેલ્યો

**અબતક રાજકોટ**

શહેર પોલીસ કમિશનરે સપાટો બોલાવી કુખ્યાત શખ્સને પાસા તળે જેલ હવાલે કર્યો છે. શહેરના હત્યાની કોશિશ અને મારામારી ના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા લોથેશ્વર સોસાયટીમાં રહેતો ભરત ઉર્ફે ૠત્વિક ઉર્ફે દાદુ ઝરીયા નામના શખ્સ સામે પોલીસ કમિશનરે પાસાનુ શસ્ત્ર ઉગામી અમદાવાદ જેલમાં ધકેલવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને મારા મારી ગુનાઓ અટકાવવા સામે કડક હાથે કામગીરી કરવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા એ આપેલી સૂચનાને પગલે શહેરના ગોંડલ રોડ પીડીએમ કોલેજ પાછળ લોથેશ્વર સોસાયટી શેરી નંબર સાત ચારના ખૂણે રે હતો ભરત ઉર્ફે ૠત્વિક ઉર્ફે દાદુ બાબુભાઈ ઝરીયા નામના લોધા શખ્સ સામે માલવીયા નગર, અને તાલુકા પોલીસ મથકના ચોપડે હત્યાની કોશિશ અને મારામારી જેવા ગુનામાં ચડી ચુક્યો હોવાથી તેની સામે પીસીબી શાખા દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરી હતી જે દરખાસ્ત પર પોલીસ કમિશનર બ્રજેશ ઝાએ મંજૂરીની મહોર મારતા માલવયા નગર પોલીસ મથકના સ્ટાફ દ્વારા વોરંટ ની બજવણી કરી ભરત ઉર્ફે ૠત્વિક ઉર્ફે દાદુ ઝરીયાને જેલમાં ધકેલવામાં આવ્યો છે.આ કામગીરી

માલવિયાનગર પો.સ્ટે. પો.ઈન્સ. જે.આર.દેસાઈ , પો.સબ ઈન્સ. એમ.જે.ધાંધલ , એ.એસ.આઈ. શૈલેષભાઈ ખીહડીયા, હિરેનભાઈ પરમાર, કેતનભાઈ શેખલીયા તથા પો.હેડ.કોન્સ. મહેશભાઈ રૂદાતલા અજયભાઈ વિકમા, ચિત્રકેતુસિંહ ઝાલા, પો.કોન્સ. મનીષભાઈ, ભાવેશભાઈ, જયદિપસિંહ, અમરદિપસિંહ , પી.સી.બી. શાખાના ઈ. પો.ઈન્સ. એમ.આર.ગોંડલીયા, એ.એસ.આઈ. રાજુભાઈ દહેકવાલ, પો.હેડકોન્સ. ઈન્દ્રજીતસિંહ સિસોદીયાએ ફરજ બજાવી હતી

# ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અંતર્ગત વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી


**અબતક, રાજકોટ**

સરકારના ઓગ્મેન્ટેશન ઈન જનરલ રૂરલ એરીયા કાર્યક્રમના અમલીકરણ માટે રાજકોટ જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ કાર્યરત છે. ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે રાજકોટ જિલ્લાના કુલ રૂ.૬૧,૫૬,૫૭૭ના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ છે. જેમાં ઉપલેટા તાલુકાના વડેખણ ગામમાં રૂ. ૬૭,૮૨૦ના ખર્ચે હયાત સંપ પર પંપીંગ મશીનરી સાથે એસેસરીઝ અને ખીરસરા ગામમાં રૂ. ૭,૯૮,૬૭૩ના ખર્ચે મેઈન પાઈપલાઈન અને વિતરણ પાઈપલાઈન મળી ઉપલેટા તાલુકામાં કુલ રૂ.૮,૬૬,૪૯૩ના ખર્ચે આગામી દિવસોમાં કામગીરી થશે, તેમ જિલ્લા જળ અને સ્વચ્છતા એકમની યાદીમાં જણાવાયું છે.

### પવિત્ર શ્રાવણ માસમાં ૧૪૬ વર્ષ પૌરાણિક વારસાની ભવ્ય પરંપરા

# શ્રી કામનાથ મહાદેવ મંદિરના ૭૬મો પાટોત્સવમાં સોમવારે ભક્તિનો મહાકુંભ

## ભક્તિ, સેવા અને સંસ્કૃતિના ત્રિવેણી સંગમઃ પાટોત્સવમાં ભવ્ય વરણાઁગી, લઘુરુદ્રાભિષેક, ષોડ્યોપચાર પૂજન સહિતના કાર્યક્રમ





**અબતક રાજકોટ,** ભકિત, સેવા અને સંસ્કૃતિના ત્રિવેણી સંગમ સમા શ્રી કામનાથ મહાદેવ મંદિરમાં ૧૪૬ વર્ષના સુદીર્ઘ વારસાને ઉજાગર કરતો ૭૬મો પાટોત્સવ સંવત ૨૦૮૧, શ્રાવણ સુદ-૧૦, એટલે કે ૪ ઓગસ્ટ, ૨૦૨૫, સોમવારે બપોરે ૨:૦૦ કલાકે ધામધૂમથી ઉજવાશે. આ ભકિતમય પર્વ શ્રદ્ધાળુઓ માટે આધ્યાત્મિક ઉર્જાનો અનોખો અવસર બની રહેશે.

સૌ ભાવિક ભક્તજનોને શ્રી કામનાથ મહાદેવના આશીર્વાદનો લહાવો લેવા અને આ ભકિતના મહામેળાની યાત્રામાં અનુરોધ કરવામાં આવ્યો છે

શ્રી કામનાથ મહાદેવનું આ પવિત્ર ધામ, શ્રી ભોલા મહારાજના માર્ગદર્શન હેઠળ, માત્ર પૂજા-અર્ચનાનું કેન્દ્ર નથી, પરંતુ તે માનવતા અને ધાર્મિક પ્રવૃત્તિઓનું જીવંત પ્રતીક છે. અહીં નિત્યપૂજા, હોમ-હવન અને યજ્ઞ વિધિઓ સાથે સાથે યોગ, આયુર્વેદ, હોમિયોપેથી અને દરિદ્રનારાયણની સેવા જેવા કાર્યો દ્વારા સમાજ ઉત્થાનનું કાર્ય પણ થાય છે. મંદિર પરિસર સેવા યજ્ઞની એક દિવ્ય જ્યોત સમાન પ્રજ્વલિત છે.

### સંસ્કૃત શિક્ષણ સાથે સંસ્કૃતિની અમર ધરોહર

શ્રી કામનાથ મહાદેવ પરિસરમાં છેલ્લા બે દાયકાથી કાર્યરત શ્રી બ્રહ્માનંદ સંસ્કૃત પાઠશાળા, ગુરુજી હર્ષદભાઈ શાસ્ત્રીના દિવ્ય માર્ગદર્શન હેઠળ સંસ્કૃત ભાષા અને વૈદિક કર્મકાંડના ઊંડા જ્ઞાનનું સિંચન કરી રહી છે. અહીં વિદ્યાર્થીઓને યોગ, આયુર્વેદ અને ધર્મશિક્ષણના મૂલ્યોથી પરિચિત કરાવી, નિઃશુલ્ક તાલીમ દ્વારા શાસ્ત્રીય જ્ઞાનનો પ્રસાર કરવામાં આવે છે. આ પાઠશાળા ખરા અર્થમાં આપણી પ્રાચીન સંસ્કૃતિને જીવંત રાખવાનું ભગીરથ કાર્ય કરી રહી છે.

### પાટોત્સવમાં ભક્તિ અને લોકકલાનો મહાસંગમ

આ ભવ્ય પાટોત્સવમાં લઘુરુદ્રાભિષેક, ષોડ્યોપચાર પૂજન અને અન્ય વિશેષ ધાર્મિક વિધિઓ સાથે શિવભક્તિનું અલૌકિક વાતાવરણ સર્જાશે. આ પ્રસંગે એક ભવ્ય નગરચર્યા પણ યોજવામાં આવશે, જેમાં વિવિધ કલા અને સાંસ્કૃતિક મંડળીઓ જોડાશે

### રાસ-ગરબા મંડળીઓ ભક્તિની ભાવનાને મૂર્તિમંત કરશે

વિવિધ 'રાસ-ગરબા' મંડળીઓ ભાગ લેશે, જે ગુજરાતના આનંદમય અને ઉર્જાવાન લોકનૃત્યોને શોભાયાત્રામાં લાવશે. તેમના રંગબેરંગી પોશાકો, સુમેળભર્યા

### કક્કડ પરિવારઃ ભક્તિ અને સેવાનો સંગમ

વિઠ્ઠલજી બેચરજીભાઈ કક્કડ પરિવાર વર્ષોથી મંદિરના ધર્માધિકારી તરીકે નિષ્ઠાપૂર્વક સેવા આપી રહ્યો છે. સ્વ. વિઠ્ઠલજીભાઈનું ભકિતમય જીવન, ધાબળી પહેરી એક પગે ઊભા રહી ભોળેનાથનું ધ્યાન ધરવાની તેમની અપ્રતિમ શ્રદ્ધા આજે પણ અનેકોને પ્રેરણા પૂરી પાડે છે. આ પવિત્ર વારસો પ્રિયવદનભાઈ શાંતિલાલ કક્કડ, અવધભાઈ પ્રિયવદનભાઈ કક્કડ અને સમગ્ર કક્કડ પરિવારના ભક્તિપૂર્ણ પ્રયાસોમાં જીવંત છે. તેમની શ્રદ્ધા ''જ્યાં ભક્તિ છે, ત્યાં સેવા છે; જ્યાં સેવા છે, ત્યાં ભગવાન છે!'' ના સૂત્રને સાકાર કરે છે.

### જામખંભાળિયા આંબાવાડી કલાવૃંદ

આ જાણીતું કલાવૃંદ જામખંભાળિયાની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતને પ્રતિબિંબિત કરતા પરંપરાગત લોકનૃત્યો અને સંગીતમય પ્રદર્શનો રજૂ કરશે.

### ગડુની શરણાઈ અને લોક કલાકારો

ગડુ દ્વારા પરંપરાગત 'શરણાઈ' વગાડવામાં આવશે, જેમાં વિવિધ સ્થાનિક લોક કલાકારો પણ જોડાશે. તેમનું સંગીત કાર્યક્રમમાં પ્રામાણિક, ભાવપૂર્ણ અને પરંપરાગત સુરીલું સ્તર ઉમેરશે.

### કામનાથ મહાદેવ મંદિરનો ૭૬મો પાટોત્સવ અબતક પર લાઈવ નિહાળો

| ઈન કેબલ | ડેન નેટવર્ક | રિયલ જીટીપીએલ-સુરત | સહયોગ નેટવર્ક |
|---|---|---|---|
| ૫૬૧ | ૫૭૩ | ૩૫૦ | ૧૦૫ |

અબતક CHANNEL — YouTube Live — f LIVE — @abtakmedia

કામનાથ મહાદેવની વર્ણાંગી ૪ ઓગષ્ટે સોમવારે બપોરે ૨ કલાકે અબતક પર લાઈવ નિહાળો

### ઉજ્જૈન કલારંગ મંડળ-ભષ્મરમૈયા રજૂ કરશે

મહાકાલેશ્વરના શહેર ઉજ્જૈનથી આવેલું આ મંડળ ભગવાન શિવ સાથે સંકળાયેલ અનોખો અને તીવ્ર ભક્તિમય નૃત્ય પ્રકાર 'ભષ્મરમૈયા' રજૂ કરશે, જે કાર્યક્રમમાં સાચી આધ્યાત્મિક ઉર્જા ઉમેરશે.

### નાસિકના સ્ટાર ગ્રુપ દ્વારા ઢોલ વાદકથી વાતાવરણ ઉત્સવમય બનશે

નાસિકના સ્ટાર ગ્રુપ દ્વારા 'ઢોલ' ના શક્તિશાળી અને લયબદ્ધ તાલે શોભાયાત્રાને ગતિ આપશે. તેમના ઢોલના નાદથી વાતાવરણ ઉત્સવમય અને આધ્યાત્મિક ઉમંગથી ભરાઈ જશે.

# ગીરના જંગલની આખી હરિત પ્રકૃત્તિ અને જીવસૃષ્ટિ સોમનાથ મહાદેવના ચરણોમાં ઉતરી હોય તેવા અલૌકિક દર્શન



## પ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથ મહાદેવને પ્રકૃત્તિ દર્શનનો અનેરો શણગાર

**અબતક, અતુલ કોટેચા, સોમનાથ**

ગીરના જંગલની જાણે આખી હરિત પ્રકૃત્તિ અને જીવસૃષ્ટિ સોમનાથ મહાદેવના ચરણોમાં ઉતારી દેવામાં આવી હોય તેવો મનમોહક પ્રકૃત્તિ શૃંગાર કરવામાં આવ્યો હતો. પવિત્ર શ્રાવણ માસમાં બુધવારે પ્રથમ જ્યોતિર્લીંગ શ્રી સોમનાથ મહાદેવનો અલૌકિક ''પ્રકૃતિ દર્શન શૃંગાર'' કરાયો હતો.

આ અવસરે શ્રી સોમનાથના ગર્ભગૃહમાં પ્રકૃત્તિના ખોળા જેવા દિવ્ય અને આત્મીય વાતાવરણનું નિર્માણ કરાયું હતું. જેમ ગિરનારના જંગલની આખી હરિત પ્રકૃતિ અને જીવસૃષ્ટિ સોમનાથ મહાદેવના ચરણોમાં ઉતરી આવી હોય. વિવિધ પ્રકારના વૃક્ષો, ફૂલોની સુગંધ અને પ્રાણી-પક્ષીઓની ભાવસભર પ્રતિકૃતિઓ સાથે શૃંગાર કરાયેલ હતો ત્યારે જેમાં એવું અનુભવાતું હતું કે માનો માતા પ્રકૃતિ પોતે જ શિવજીના ચરણોમાં અર્પિત થવા વ્યાકુળ હોય.

આ વિશેષ શૃંગારનો હેતુ માત્ર સૌંદર્ય નથી પરંતુ ભક્તોમાં પ્રકૃતિ પ્રત્યેની પૂજ્યતા, કરુણા અને રક્ષણની ભાવના જગાવવાનો પવિત્ર સંદેશ છે. સનાતન સંસ્કૃતિમાં પ્રકૃતિને દેવી સ્વરૂપ માનવામાં આવે છે. વૃક્ષોમાં જીવન છે, નદીઓમાં માતૃત્વ છે અને દરેક જીવમાં પરમાત્માનો અંશ છે.

શ્રી સોમનાથ મહાદેવ તો પોતે કૈલાસપતિ કે ગિરનારી તરીકે ઓળખાય છે. તેઓના ચરણોમાં સજેલો પ્રકૃતિ દર્શન શ્રૃંગાર, આજના પર્યાવરણ સંકટના સમયગાળામાં આપણને પ્રેરણા આપે છે - કે પ્રકૃતિ સાથે જોડાવું જોઈએ, તેનું રક્ષણ કરવું જોઈએ. કારણ કે જો શિવજીથી પ્રેમ છે તો તેમની સૃષ્ટિથી પણ પ્રેમ શીખવો પડશે. આ પ્રકૃતિ ભગવાનની રચના છે અને પ્રકૃતિ છે તો જીવન છે. એવા શુભ સંદેશ સાથે શ્રી સોમનાથ મહાદેવનો આ અદ્દભૂત શ્રૃંગાર કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત શ્રાવણ માસ દરમિયાન દરેક સોમવારે સોમનાથ ટ્રસ્ટ નિર્મિત ૩ વિશેષ મંચો પર ગાયન વાદન અને રોશની સાથે વિવિધ ભારતીય નૃત્ય શૈલીના નિપૂણ કલાકારો દ્વારા શ્રેણીબધ્ધ કાર્યક્રમોમાં ભકિત અને કલાનું અભૂતપૂર્વ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્રના સહયોગ સાથે આ આયોજન હેઠળ આ મહોત્સવનું ધ્યેય નરેન્દ્રભાઈ મોદીના વિઝન મુજબ ભારતના તીર્થો અને મંદિરોના આધ્યાત્મિક ઉપરાંત સાંસ્કૃતિક ગૌરવને પુનઃ સ્થાપિત કરવાનો છે.પ્રથમ ચરણમાં ''વંદે સોમનાથ કલા મહોત્સવ''ના પ્રથમ ચરણમાં, શ્રી પવિત્રા ભટ્ટ અને તેમની ટીમે ભરતનાટયમની મંત્રમુગ્ધ કરનારી પ્રસ્તુતિ આપી હતી. ત્યારબાદ, શ્રી કદમ પરીખ અને વૃંદે કથક નૃત્ય દ્વારા દર્શકોને રોમાંચિત કરી મુક્યા હતા, જ્યારે નમ્રતા મેહતા અને સિદ્ધિ વાયકર દ્વારા પારંપરિક ઓડિસી નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

# નકલી દવાઓના વેચાણ સામે કેમિસ્ટ એસોસિએશન મેદાનેઃ જાગૃતિ અને કડક કાર્યવાહીની ઉગ્ર માંગ

### જનતાના સ્વાસ્થ્ય સાથે કોઈ ચેડા ન થાય તે માટે ચેકિંગ કરવું અત્યંત જરૂરી



**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં ડુપ્લિકેટ દવાઓ પકડાઈ હોવાના અહેવાલોથી જનઆરોગ્ય માટે ગંભીર ચિંતા ઉભી થઈ છે. આ મામલે રાજકોટ કેમિસ્ટ એસોસિએશન દ્વારા નોંધ લેવામાં આવી છે. રાજકોટમાં પણ (અનુ. આઠમા પાને)

### ડુપ્લિકેટ દવા કૌભાંડ રોકવા કડક પગલાં ભરે વેપારીઓમાં સાવચેતી જરૂરીઃ પ્રમુખ મયુરસિંહ જાડેજા



છેલ્લા બે દિવસથી ચર્ચામાં રહેલા ડુપ્લિકેટ દવા કૌભાંડના મુદ્દે આજે કેમિસ્ટ એસોસિએશનના પ્રેસિડેન્ટ મયુરસિંહ જાડેજા એ ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ઓફિસે રજૂઆત કરી હતી.અબતક સાથેની વાતચીતમાં મયુરસિંહ જાડેજાએ જણાવ્યું કે, છેલ્લા (અનુ. આઠમા પાને)

# મુનશી પ્રેમચંદનો ટપાલ પરિવાર સાથે અતૂટ સંબંધઃ પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર

### પોસ્ટ માસ્તર જનરલ કૃષ્ણકુમાર યાદવે પ્રેમચંદ જયંતિ નિમિતે શ્રધ્ધાંજલી અર્પી



**અબતક, રાજકોટ**

સાહિત્ય એ મશાલ છે જે સમાજને આગળ ધપાવે છે. કાલાતીત સાહિત્યની સૌથી મોટી લાક્ષણિકતા એ છે કે તે બદલાતા યુગમાં પણ પાત્ર અને વાતાવરણ સાથે એક નવી વાર્તા બનાવે છે. મુન્શી પ્રેમચંદનું સાહિત્ય આ પરંપરાને સમૃદ્ધ બનાવે છે. હિન્દી સાહિત્યના ઈતિહાસમાં નવલકથાઓના સમ્રાટ તરીકે પ્રખ્યાત મુન્શી પ્રેમચંદ, તેમના પિતા અજૈબ રાય શ્રીવાસ્તવ વારાણસીના લામાહીમાં પોસ્ટલ કારકુન તરીકે કામ કરતા હતા. આવી સ્થિતિમાં, પ્રેમચંદનો ટપાલ પરિવાર સાથે અતૂટ સંબંધ રહ્યો છે. પેઢીઓ મુન્શી પ્રેમચંદને વાંચીને મોટી થઈ. ઉપરોક્ત વિચારો પ્રખ્યાત બ્લોગર અને સાહિત્યકાર અને ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે પ્રેમચંદ જયંતી નિમિતે વ્યક્ત કર્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે વારાણસીના લમહીમાં જન્મેલા ટપાલ કર્મચારીના પુત્ર મુનશી પ્રેમચંદે સાહિત્યમાં એક નવો અધ્યાય લખ્યો હતો. (અનુ. આઠમા પાને)

# સ્વનિર્ભર શાળાઓ કુવા-બોર રિચાર્જિંગ ઝુંબેશમાં જોડાશેઃ ડી.વી. મહેતા

## કલેકટર અને જિલ્લા શિક્ષણાધિકારીની ઉપસ્થિતિમાં ૧૪૦ શાળાની બેઠક મળી

**અબતક,રાજકોટ**

કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય અને ગુજરાત સરકાર જળસંચય સંદર્ભે ચિંતિત અને સક્રિય છે. આવનારી પેઢી પાણી માટે વલખા ન મારે અને આ માટે વધુને વધુ જાગૃતિ કેળવાય તે હેતુથી લગભગ સમગ્ર દેશમાં કુવા અને બોર રિચાર્જિંગનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાનના એક ભાગરૂપે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા

રાજકોટ શાળા સંચાલક સેલ ફાઈનાન્સ મેનેજમેન્ટ એસોસિએશન સાથે તમામ શાળાઓમાં બોર રિચાર્જિંગ થાય તે હેતુથી એક સફળ મીટીંગ મળી હતી. આ બેઠકમાં રાજકોટની પ્રતિષ્ઠિત એવી કુલ ૧૪૦ શાળાઓના સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા.

જળસંચય માટેના ચેકડેમ રીપેરીંગ, ઉંચા, ઉંડા તેમજ નવા ચેક ડેમો બનાવવા બોર-કુવા રિચાર્જ, ખેત તલાવડી, સોર્સ ખાડા જેવા ૧,૧૧,૧૧૧ સ્ટ્રક્ચર તૈયાર કરવાના સંકલ્પને વરેલી સ્વૈચ્છિક સંસ્થા ગીરગંગા પરિવાર ટ્રસ્ટના માધ્યમથી મળેલી આ મિટિંગમાં રાજકોટ જિલ્લા માં. કલેકટર ઓમ પ્રકાશ , જિલ્લા શિક્ષણાધિકારી દીક્ષિત પટેલ , શાળા સંચાલક મંડળના ડી.વી. મેહતા, પરિમલ પડવા, જતીન ભરાડ, રશ્મિકાન્ત મોદી, કૃષ્ણકાંત ધોળકિયા, પાનેલીયા, અવધેશ



કાનગડ, સુદીપ મેહતા વગેરે સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ મેનેજમેન્ટ એસોસિએશન ના અગ્રણીઓ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપ્યું હતું.

કલેકટરે વરસાદી પાણીનું મહતમ સમજાવતા કહેલુ કે ઈઝરાઈલ જેવા દેશમાં આપણા કરતા ૧૦માં ભાગનો વરસાદ પડે તો પણ આપણા કરતા પાણી બાબતે ખુબ સમૃદ્ધ છે, અને ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સંપૂર્ણ લોકભાગીદારીથી વરસાદી પાણી માટે જે કાર્ય થઈ રહયું છે તે દેશના આર્થિક વિકાસમાં ખુબ મોટો ફાયદો કરાવશે. સાહેબે જણાવેલ કે, દિલીપભાઈ સખીયા કિશાન સંઘના પ્રમુખ તરીકે જે કાર્ય કરી રહ્યા હતા તેના કરતા ૩૬૦ ડીગ્રીએ તાકાતથી કામ કરી રહયા છે.

જિલ્લા શિક્ષણાધિકારી દીક્ષિત પટેલે જણાવ્યુ હતુ કે, ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જે કાર્ય થઈ રહયું છે તે સમશાનના વૈરાગ્ય જેવું ન હોવું જોઈએ આવતી પેઢીને સંપૂર્ણ રીતે નીરોગી રાખવી હોઈ તો પાણીનું જતન ખુબ જરૂરી છે.

શાળા સંચાલક મંડળ ના ડી.વી. મેહતાએ જણાવ્યુ હતુ કે, આ મિટિંગમાં ભગીરથ પ્રયાસ કરીને દરેક સ્કુલ સંચાલનોને અપીલ કરવામાં આવેલ છે જેમ જીનીયસ સ્કુલ અને ગાર્ડી વિદ્યાપીઠ અને મોદી સ્કુલમાં રીચાર્જ બોર કરીને ઉનાળામાં પાણીના ટેન્કરની જરૂરિયાત ઉભી ન થઈ તે રીતે દરેક શાળા સંચાલકો પોતાની સ્કુલમાં અને વિદ્યાર્થીઓના વાલીને આ કાર્યમાં વધુમાં વધુ જોડે તેવી અપીલ કરી છે.

ન્યુ યેરા સ્કૂલ, રૈયા રોડ, રાજકોટ ખાતે મળેલી આ બેઠકમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયાએ જળસંચયની (અનુ. આઠમા પાને)

# બુમરાહ-પંતની ગેરહાજરીમાં અંતિમ ટેસ્ટ જીતી સિરીઝ સરભર કરી શકશે ભારત?



## ઈંગ્લેન્ડે ટોસ જીતી ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો: ભારતીય ટીમમાં પંત, શાર્દૂલ, કમ્બોઝ અને બુમરાહની જગ્યાએ જુરેલ, કરુણ,આકાશદિપ અને પ્રસિધ્ધનો સમાવેશ: કુલદીપને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન ન આપવાનું ભારતને ભારે પડશે?

### ઓવલમાં ભારત ૧૫માંથી માત્ર બે ટેસ્ટ ૧૯૭૧માં અને ૨૦૨૧માં જીત્યું છે

**અબતક, નવી દિલ્હી**

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે તેંડુલકર-એન્ડરસન ટ્રોફીની પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચ આજથી લંડનના ઓવલ સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે. જેમાં ઈંગ્લેન્ડે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.ટીમ ઈન્ડિયા ૫ ટેસ્ટ મેચની સિરીઝમાં ૧-૨ થી પાછળ છે. આ મેચ બંને ટીમ માટે મહત્વપૂર્ણ છે. ભારત તેને જીતીને સિરીઝ ૨-૨ થી ડ્રો કરવા માંગશે, જ્યારે ઈંગ્લેન્ડની ટીમ ઓવલ જીતીને શ્રેણી જીતવા માંગશે.ઈંગ્લેન્ડે પહેલી મેચ ૫ વિકેટથી અને ત્રીજી મેચ ૨૨ રનથી જીતી હતી. તે જ સમયે, ભારતે બીજી ટેસ્ટ ૩૩૬ રનથી જીતી હતી. ચોથી મેચ ડ્રો રહી હતી. ભારતે ત્રણ ફેરફાર કર્યા છે. પંત, શાર્દૂલ અને બુમરાહની જગ્યાએ જુરેલ, કરુણ અને પ્રસિધ્ધનો સમાવેશ કર્યો છે.ઈંગ્લેન્ડે ટીમમાં ચાર ફેરફારો કર્યા છે. ટીમનો કેપ્ટન બેન સ્ટોક્સ ઈજાને કારણે બહાર છે. ઓલી પોપ તેની જગ્યાએ કેપ્ટનશીપ કરી રહ્યો છે.

ઓવલનું મેદાન બ્રિટિશરોનો ગઢ છે. અહીં ભારત ૧૫માંથી માત્ર બે ટેસ્ટ (૧૯૭૧માં અને ૨૦૨૧માં) જીત્યું છે. ૨૦૨૩માં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ઑસ્ટ્રેલિયા સામેની ફાઈનલમાં પણ ભારત આ જ મેદાન પર હાર્યું હતું. જોકે આજથી શરૂ થતી ટેસ્ટ જીતીને ટીમ ઈન્ડિયાએ ભૂતકાળના કલંકો દૂર કરવા પડશે.ઈંગ્લેન્ડનો કેપ્ટન-ઑલરાઉન્ડર બેન સ્ટોક્સ ભારત સામે ઓવલમાં શરૂ થનારી પાંચમી અને છેલ્લી ટેસ્ટમાં નહીં રમે. સ્ટોક્સને ખભામાં ખૂબ દુખાવો (ગ્રેડ થ્રી ટીઅર્સ) છે. તેના સ્થાને બેટ્સમેન ઑલી પોપ ટીમનું સુકાન સંભાળશે. સ્ટોક્સની ગેરહાજરીની બ્રિટિશ ટીમને ખૂબ ખોટ વર્તાશે, કારણકે તે આ સિરીઝનો સૌથી સફળ બોલર છે. ભારતે આ સ્થિતિનો ફાયદો ઉઠાવવો રહ્યો. બન્ને ટીમના તમામ બોલર્સમાં સૌથી વધુ ૧૭ વિકેટ સ્ટોક્સના નામે છે. યોગાનુયોગ, ભારત વતી સિરાજની જેમ સૌથી વધુ ૧૪ વિકેટ લેનાર બુમરાહે પણ આજે શરૂ થતી ટેસ્ટમાં નથી રમવાનો.પિચ ક્યૂરેટરના ગેરવર્તનને કારણે વિવાદના વમળમાં આવી ગયેલી ઓવલની પિચ પર બુધવારે સાંજે થોડું લીલું ઘાસ હતું, પણ ૨૪ કલાકમાં પિચમાં ફેરફાર થઈ શકે એવી શકયતા પણ હતી. આજે વરસાદ પડવાની સંભાવના છે.

### ભારત સતત ૧૭મી વખત ટોસ હાર્યો
#### ગીલને અંતિમ ટેસ્ટમાં પણ ટોસ સાથે નશીબ કામ ન આવ્યું

કેપ્ટન તરીકે ચાર્જ સંભાળ્યા પછી ગિલ સતત પાંચમી ટોસ હાર્યો છે. ઈંગ્લેન્ડે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી. ઈંગ્લેન્ડના કેપ્ટ્ન પોપે કહ્યું-અમે બોલિંગ કરીશું. થોડું વાદળછાયું છે, આ પીચ પર બોલિંગ કરવી મુશ્કેલ કાર્ય નથી. કેપ્ટન રમી શક્યો નહીં,

પરંતુ બાકીના બોલરો સારું પ્રદર્શન કરી રહ્યા છે.તે જ સમયે,ભારતીય કેપ્ટન શુભમન ગિલે કહ્યું, ટોસ હારવામાં કોઈ સમસ્યા નથી, ફક્ત મેચ જીતવી પડશે. ગઈકાલે હું શું કરવું તે અંગે થોડો મૂંઝવણમાં હતો, આકાશ વાદળછાયું હતું. બોલરો માટે આ સારી પીચ હોવી જોઈએ.

## પિચ ક્યૂરેટરની બદમાશી: ભારતીય ખેલાડીઓને પિચ પરથી હટાવાયા, પણ રૂટ-પોપને મોક પ્રેક્ટિસ કરવા દીધી!



ધ ઓવલ મેદાન પરના પિચ ક્યૂરેટર લી ફોર્ટિસે મંગળવારે પિચની સમીક્ષા કરવા આવેલા ભારતીય ટીમના હેડ-કોચ ગૌતમ ગંભીર અને તેના કોચિંગ-સ્ટાફને પિચ તથા એની આસપાસના કુલ ૨.૫ મીટર વિસ્તારની બહાર ઊભા રહેવા કહીને તેમનું અપમાન કર્યું એ વિવાદ વધી રહ્યો છે, કારણકે એક તરફ ભારત સાથે ગ્રાઉન્ડ્સમેનના ચીફે મંગળવારે ભેદભાવ રાખ્યો હતો અને બીજી તરફ બુધવારે જો રૂટ તથા કાર્યવાહક સુકાની ઑલી પોપ એ જ મુખ્ય પિચ પર ઊભેલા જોવા મળ્યા હતા અને તેમણે પિચ પર મોક બેટિંગ-પ્રેક્ટિસ પણ કરી હતી. બન્ને બ્રિટિશ બેટ્સમેને પિચ પર જ બેટિંગની સ્ટાઈલમાં પિચ વિશેનો અંદાજ લઈ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે બે વર્ષ પહેલાં ઑસ્ટ્રેલિયા સામેની ઍશિઝ ટેસ્ટ સિરીઝ વખતે એક મેચના ૪૮ કલાક પહેલાં લંડનના આ જ (ઓવલ) મેદાન પર ઈંગ્લેન્ડના કોચ બ્રેન્ડન મેક્લમ અને આ જ પિચ ક્યૂરેટર લી ફોર્ટિસે ઘણી વાર સુધી પિચની આસપાસ નહીં, પણ પિચ પર ઊભા રહીને વાતો કરી હતી અને એનો ફોટો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. એ જ ક્યૂરેટરે ગંભીર ઍન્ડ કંપની સાથે ભેદભાવ રાખ્યો એ બદલ ક્યૂરેટરની ખૂબ ટીકા થઈ રહી છે.

## સેમિ ફાઈનલ હોય કે ફાઈનલ પાકિસ્તાન સાથે નહિ રમે ટીમ ઈન્ડિયા

### સેમિફાઈનલ રમ્યા વિના ફાઈનલમાં પહોંચ્યું પાકિસ્તાન,વર્લ્ડ ક્રિકેટ લીગમાં ભારત સામેની મેચ રદ

**અબતક, નવી દિલ્હી**

૩૧ જૂલાઈના રોજ યોજાનારી ભારત અને પાકિસ્તાન વચ્ચેની સેમિફાઈનલ મેચ રદ કરવામાં આવી છે.ડબ્લ્યુસીએલ ૨૦૨૫ની આ સેમિફાઈનલ મેચ બર્મિંગહામમાં રમાવાની હતી, પરંતુ ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાન ટીમ સાથે રમવાનો ઈનકાર કર્યો હતો, જેના કારણે આ મેચ રદ કરવામાં આવી છે. પોઈન્ટ ટેબલમાં સારી સ્થિતિમાં હોવાને કારણે પાકિસ્તાનને ફાઈનલમાં પ્રવેશ મળ્યો છે, જે ૨ ઓગસ્ટના રોજ બર્મિંગહામમાં રમાશે. ફાઈનલમાં પાકિસ્તાનની ટીમ દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની બીજી સેમિફાઈનલના વિજેતા સામે ટકરાશે.

એશિયા કપ ૨૦૨૫નો કાર્યક્રમ જાહેર થયા પછી સમગ્ર ભારતમાં પાકિસ્તાન સામેની ક્રિકેટ મેચનો વિરોધ થઈ રહ્યો છે. સંસદમાં પણ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે કે ટીમ ઈન્ડિયાએ પાકિસ્તાન સાથે મેચ ન રમવી જોઈએ.ડબ્લ્યુસીએલ ૨૦૨૫ની સેમિફાઈનલ મેચ રદ થવાથી બીસીસીઆઈ પર ક્યાંકને ક્યાંક દબાણ વધ્યું હશે. વર્તમાન શિડ્યૂલ મુજબ, એશિયા કપમાં ભારત-પાકિસ્તાન મેચ ૧૪ સપ્ટેમ્બરના રોજ રમાવાની છે.

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટરો સુરેશ રૈના અને શિખર ધવન જેવા દિગ્ગજોએ પણ અગાઉથી જ પાકિસ્તાન સામે ન રમવાની વાત કરી હતી. શિખર ધવને તો સોશિયલ મીડિયા પર એક જૂનો ઈમેલ પણ શેર કર્યો હતો, જેમાં તેણે ડબ્લ્યુસીએલના આયોજકોને પહેલાથી જ જાણ કરી હતી કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવને ધ્યાનમાં રાખીને, તે પાકિસ્તાન સામે કોઈ મેચ નહીં રમે. હરભજન સિંહ પણ આ બહિષ્કાર શરૂ કરનારા મહત્વપૂર્ણ ખેલાડીઓમાં સામેલ હતા.અગાઉ, ભારત અને પાકિસ્તાન વચ્ચેની લીગ મેચ પણ રદ કરવામાં આવી હતી કારણ કે હરભજન સિંહ અને શિખર ધવન સહિત ઘણા ભારતીય દિગ્ગજોએ પાકિસ્તાન સાથે ક્રિકેટ રમવાનો ઈનકાર કર્યો હતો.



## ઓસ્ટ્રેલિયા સામેની અન્ડર-૧૯ સિરીઝમાં આયુષ ભારતીય ટીમની કમાન સંભાળશે

### ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન પોતાની ધમાકેદાર બેટિંગથી ચર્ચામાં રહેલા ટીમનું સૌથી મોટી આકર્ષણ વૈભવ સૂર્યવંશી પર તમામની નજર રહેશે

**અબતક, નવી દિલ્હી**

બીસીસીઆઈનીની જુનિયર પસંદગી સમિતિએ ઓસ્ટ્રેલિયાના આગામી અંડર-૧૯ પ્રવાસ માટે ૧૭ સભ્યોની ટીમની જાહેરાત કરી છે, જે ૨૧ સપ્ટેમ્બરથી શરૂ થશે. આ પ્રવાસમાં ભારત અંડર-૧૯ ટીમ ઓસ્ટ્રેલિયા સામે ત્રણ વનડે મેચ અને બે મલ્ટી-ડે મેચ રમશે. આ ટીમનું નેતૃત્વ મુંબઈના યુવા બેટ્સમેન આયુષ મહાત્રે કરશે, જેમણે તાજેતરના ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન શાનદાર પ્રદર્શન કર્યું હતું. આયુષે ઈંગ્લેન્ડ સામેની યુવા ટેસ્ટમાં ૬૪ બોલમાં સદી ફટકારી હતી, જેમાં ૧૩ ફોર અને ૬ સિક્સરનો સમાવેશ થતો હતો. તેની આક્રમક બેટિંગ અને નેતૃત્વની ક્ષમતાઓએ તેને ટીમનો કેપ્ટન બનાવ્યો છે.ટીમનો ઉપ-કેપ્ટન વિહાન મલ્હોત્રા હશે, જેમણે ઈંગ્લેન્ડમાં વનડેમાં ૨૪૩ રન અને ટેસ્ટમાં ૨૭૭ રન બનાવ્યા હતા, જે તેની સ્થિરતા અને બહુમુખી પ્રતિભાને દર્શાવે છે. જોકે, આ ટીમની સૌથી મોટી આકર્ષણ ૧૪ વર્ષનો બિહારનો ખેલાડી વૈભવ સૂર્યવંશી છે, જે ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન પોતાની ધમાકેદાર બેટિંગથી ચર્ચામાં રહ્યો હતો. વૈભવે ઈંગ્લેન્ડ સામેની યુવા વનડે શ્રેણીમાં ૩૫૫ રન બનાવ્યા, જેમાં યુવા વનડે ઈતિહાસની સૌથી ઝડપી સદી (૫૨ બોલમાં) નોંધાવી હતી.ટીમમાં અન્ય ખેલાડીઓમાં અભિજ્ઞાન કુંડુ, હરવંશ સિંહ, રાહુલ કુમાર અને કનિષ્ક ચૌહાણ જેવા પ્રતિભાશાળી ખેલાડીઓનો પણ સમાવેશ થાય છે.આયુષ મહાત્રેની નેતૃત્વ ક્ષમતા, વિહાન મલ્હોત્રાની સ્થિરતા અને વૈભવ સૂર્યવંશીની વિસ્ફોટક બેટિંગના કારણે ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયામાં શાનદાર પ્રદર્શનની આશા રાખે છે. આ ટૂર ભારતીય ક્રિકેટના ભાવિ સ્ટાર્સ માટે પોતાની પ્રતિભા દર્શાવવાની મોટી તક હશે.

## ઓસ્ટ્રેલિયાના આ બોલરે એક જ ઓવરમાં ૧૨ બોલ ફેંક્યા !

ગ્રેસ રોડ ખાતે વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સની ૧૪મી મેચ ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન અને પાકિસ્તાન ચેમ્પિયન વચ્ચે રમાઈ. આ મેચમાં પાકિસ્તાન ચેમ્પિયને કાંગારૂ ટીમને ૧૦ વિકેટે હરાવ્યું. ઓસ્ટ્રેલિયાનું પ્રદર્શન આખી મેચમાં નિરાશાજનક રહ્યું. જોકે, આ મેચ દરમિયાન ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઝડપી બોલર જોન હેસ્ટિંગ્સ ખૂબ ચર્ચામાં રહ્યો હતો, કારણ કે તેણે એક ઓવર ૧૮ બોલની નાખી હતી, જોકે મેચ તો પૂરી થઈ ગઈ હતી પણ ઓવર પૂરી થઈ ન હતી.

પાકિસ્તાન ચેમ્પિયનની ઈનિંગ્સની ૮મી ઓવર નાખવા માટે જોન હેસ્ટિંગ્સ આવ્યો હતો. તે સમયે પાકિસ્તાનને જીતવા માટે ૨૦ રનની જરૂર હતી. હેસ્ટિંગ્સે તે ઓવરમાં કુલ ૧૮ બોલ નાખ્યા. તેમ છતાં, તે માત્ર ૫ ઓફિશિયલ બોલ જ ફેંકી શક્યા હતા. ૧ ઓવરમાં હેસ્ટિંગ્સે કુલ ૧૨ વાઈડ બોલ અને ૧ નો બોલ નાખ્યો હતો. આ ઓવરમાં હેસ્ટિંગ્સે કુલ ૨૦ રન આપ્યા અને પાકિસ્તાન ચેમ્પિયન ટીમ ૭.૫ ઓવરમાં જ મેચ જીતી ગઈ.પાકિસ્તાન ચેમ્પિયનના ઓપનરો ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન સામે આઉટ થયા નહીં અને ૭૫ રનનો સામાન્ય લક્ષ્ય સરળતાથી હાંસલ કરી લીધો. શરજીલ ખાન ૨૩ બોલમાં ૩૨ રન અને શોએબ મકસૂદ ૨૬ બોલમાં ૨૮ રન બનાવીને અણનમ રહ્યા. તેમજ સઈદ અજમલને તેની ઘાતક બોલિંગ માટે પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ મળ્યો

## બીસીસીઆઈની ઓફિસમાંથી આઈપીએલની જર્સીની ચોરીનો ભેદ ઉકેલાયો

ઈન્ડિયન પ્રીમિયર લીગની મેચ દરમિયાન સ્ટેડીયમમાં ક્રિકેટ ચાહકોનું ઘોડાપુર ઉમટી પડે છે, આ દરમિયાન ચાહકો જેતે ટીમની જર્સી પહેરેલા જોવા મળે છે. બોર્ડ ઓફ ક્રિકેટ કંટ્રોલ ઈન ઈન્ડિયાની ઓફિસીયલ આઈપીએલ જર્સી ખુબજ કિંમતી હોય છે. ગત મહીને મુંબઈના વાનખેડે સ્ટેડીયમમાં આવેલા બીસીસીઆઈના સ્ટોરમાંથી આઈપીએલ-૨૦૨૫ની જર્સીની ચોરી થતી હતી, જેની કિંમત રૂ.૬.૫૨ લાખ થતી હતી.જર્સી ચોરાઈ જવાના મામલે પોલીસે ૪૩ વર્ષીય સિક્યોરિટી મેનેજરની ધરપકડ કરી છે. મુંબઈના એક પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, મીરા રોડના રહેવાસી ફારૂક અસલમ ખાન નામના આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, થોડા દિવસ પહેલા કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો અને ત્યાર બાદ તેને જામીન મળી ગયા હતાં.વાનખેડે સ્ટેડીયમમાં આવેલા બીસીસીઆઈના ઓફિશિયલ મર્ચેન્ડાઈઝ સ્ટોરમાં ૧૩ જૂનના રોજ થઈ હતી. ઈન્ટરનલ ઈન્વેન્ટરી ઓડિટ દરમિયાન ચોરીની જાણ થઈ હતી. બીસીસીઆઈ અધિકારીઓએ ૧૭ જુલાઈના રોજ મરીન ડ્રાઈવ પોલીસ સ્ટેશનમાં ચોરી અંગે ફરિયાદ નોંધાવી હતી.કુલ ૨૬૧ જર્સીની ચોરી થઈ હતી, આરોપીએ પાસેથી ૫૦ જર્સી જપ્ત કરવામાં આવી છે. ચોરાયેલી કેટલીક જર્સી હરિયાણાના એક ડીલરને વેચવામાં આવી હતી. ધરપકડ પહેલા આરોપીએ ચોરેલી કેટલીક જર્સીઓ ઓનલાઈન વેચી દીધી હતી. આ ઘટનાની વધુ તપાસ કરવાના આવી રહી છે.

# રૂદ્રાક્ષ શિવત્ત્વનો સાર, શાંતિ અને શક્તિનું પ્રતીક

## રૂદ્રાક્ષના રહસ્યમયી મણકા, વિવિધ મુખો અને અદભૂત લાભો



### એક મુખી રૂદ્રાક્ષ

આ રૂદ્રાક્ષ સારી કોલેટીમાં મળવો મુશ્કેલ છે. ખાસ કરીને એક મુખી રૂદ્રાક્ષમાં જકાર્તાથી આવતા સસ્તા પારા બજારમાંથી મળે છે.પરંતુ નેપાળમાંથી મળતા એક મુખી પારાની ક્મિંત વધારે હોય છે. અને તે ગોળ અને મોટા હોય છે. છતી ડુપ્લીકેટથી સાવધાન રહેવું જરૂરી છે. રૂદ્રાક્ષને લઈ અને દિવસ સરસવના તેલમાં બોરી રાખવો.

એક મુખી રૂદ્રાક્ષને સ્વયં મહાદેવજીનું સ્વરૂપ માનવામાં આવે છે. અને સૂર્ય બળ વધારવા માટે પહેરાય છે. જન્મ કુંડળીમાં જો સૂર્યરાહુનો ગ્રહણ યોગ હોય શની સૂર્યનો વિષયોગ હોય તોપણ એક મુખી રૂદ્રાક્ષ પહેરવો સૂર્ય તુલા વૃષભ, કર્ક રાશીમાં જન્મ કુંડળીમા બીરાજમાન હોય તો પણ એક મુખી રૂદ્રાક્ષ ધારણ કરવાથી લાભ મળશે.

એક વખતે શિવજીએ લોક કલ્યાણ માટે હજારો વર્ષ તપ કર્યુય અને ત્યારબાદ આંખો ખોલી તપના પરિશ્રમના લીધે શિવજીના આંખોમાંથી અશ્રૂબિન્દુ પૃથ્વી ઉપર પડે છે. અને તેમાંથી રૂદ્રાક્ષના વૃક્ષની ઉત્પતી થાય છે. આમ લોકકલ્યાણ માટે શિવજીનું વરદાન રૂપી વૃક્ષ એટલે રૂદ્રાક્ષ

રૂદ્રાક્ષનો ઉપયોગ અનેક રીતે થાય છે. અને આયુર્વેદમાં ઔષધી રૂપે પણ રૂદ્રાક્ષનો ઉપયોગ થાય છે. ખાસ કરીને રૂદ્રાક્ષને ધારણ કરવાથી આરોગ્ય સારૂ રહે છે. અને બીજા પણ અનેક પ્રકારની રૂદ્રાક્ષ ધારણ કરવાના ફાયદા છે.

ખાસ કરીને લોકો રૂદ્રાક્ષનું નાનુફળ ધારણ કરવાનું પસંદ કરતા હોય છે. પરંતુ આ યોગ્ય નથી ખાસ કરીને રૂદ્રાક્ષ જેમ ફળ મોટુ તેમ તેનું રીઝલ્ટ વધારે ગણાય આથી જો આખી માળા પહેરવી હોય તો ૦ના બદલે ૫ થી ૭ એમએમની માળા પહેરો તો વધારે યોગ્ય ગણાય છે. અને રૂદ્રાક્ષનો એક અથવા ત્રણ ફળ ધારણ કરવા હોય તો મોટો પહેરવા હિતાવહ છે.

ખાસ કરીને રૂદ્રાક્ષમાં પાંચ મુખી રૂદ્રાક્ષ સૌથી વધારે પાકે છે. આથી તે પ્રમાણમાં ઘણરા સસ્તા અને ઓરીઝનલ મળી જાય છે.

જયારે બે મુખીથી સાત મુખી સુધીના પારા પણ મીડીયમ કિંમતમાં બજારમાંથી મળી જાય છે.

પરંતુ આઠ મુકીથી ચૌદ મુખીના પારા થોડા મોંઘા હોય છે. આથી તે ખરીદતા પહેલા ચકાશીને લેવા.



### બે મુખી રૂદ્રાક્ષ

બે મુખી રૂદ્રાક્ષને ચંદ્રના રૂદ્રાક્ષ તરીકે ઓળખાય છે. જન્મકુંડળીમાં ચંદ્ર નબળો હોય કેમહમ યોગ હોય વિષયોગ થતો હોય ગ્રહણ યોગ થતો હોય તોબે મુખી રૂદ્રાક્ષ ધારણ કરવો હિતાવહ છે.



### ત્રણ મુખી રૂદ્રાક્ષ

ત્રણ મુખી રૂદ્રાક્ષને ગ્રહોમાં મંગળનું સ્વરૂપ માનવામાં આવે છે. જન્મકુંડળીમાં મંગળદોષ હોય કર્કનો મંગળ હોય સૂર્ય-મંગળ તથા શની મંગળનો અંગારક યોગ થતો હોય તો ત્રણ મુખી રૂદ્રાક્ષ ધારણ કરવો જો આપની ઉપર કર્જ હોય તો ત્રણ મુખી તથા સાત મુખી રૂદ્રાક્ષ ધારણ કરવો હિતાવહ છે. તે ઉપરાંત જમીન મકાન વાહનના વ્યાપાર સાથે તમે સંકળેલા હોય તોપણ ત્રણ મુખી રૂદ્રાક્ષ ધારણ કરવો શુભ રહેશે.

જે વિદ્યાર્થીનું ગણીત નબળુ હોયતો ત્રણ મુખી તથા બે મુખી રૂદ્રાક્ષ ધારણ કરવાથી સહાયતા મળશે હા અભ્યાસમાં ધ્યાન દેવું જરૂરી છે.



### ચાર મુખી રૂદ્રાક્ષ

ચાર મૂખી રૂદ્રાક્ષને બુધગ્રહનો રૂદ્રાક્ષ માનવામાં આવે છે. જ્ઞાન તંતુની નબળાઈ મંદબુધીના બાળકો હોય ચામડીની બીમારી હોય તો ત્રણ મુખી અને ચાર મુખી રૂદ્રાક્ષ ધારણ કરવો શુભ રહેશે.

કમીશનથી વ્યાપાર કરતા હોય દલાલીનો વ્યાપાર હોય શેર બ્રોકર માટે ચાર મુખી તથા છ મુખી રૂદ્રાક્ષ ધારણ કરવો શુભ રહેશે. તે ઉપરાંત એમ.બી.એ, સી.એ, આઈઆઈટી ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થી માટે પણ ચાર મુખી રૂદ્રાક્ષ ધારણ કરવાથી સહાયતા મળશે. હા અભ્યાસમાં પુરતુ ધ્યાન આપવું જરૂરી છે.



### પાંચમુખી રૂદ્રાક્ષ

પાંચ મુખી રૂદ્રાક્ષ ગુરૂ ગ્રહને બળવાન બનાવા માટે પહેરી શકાય છે. જે લોકોની જન્મ કુંડળીમાં ગુરૂ નબળો હોય મકર રાશીમા હોય મિથુન રાશી, કન્યા રાશીમાં હોય ગુરૂ-રાહુનો ચાંડાલ યોગ હોય તો પાંચ મુખી રૂદ્રાક્ષ સાથે બે મુખી રૂદ્રાક્ષ ધારણ કરવો વધારે શુભ રહેશે. રાહુ પીળા માટે પણ આ રૂદ્રાક્ષ ધારણ કરવો વધારે શુભ રહેશે.



### છ મુખી રૂદ્રાક્ષ

છ મુખી રૂદ્રાક્ષને શુક્ર ગ્રહ માટે પહેરવામાં આવે છે. જે લોકોને સંતાન ન થતા હોય તો ભાઈએ છ મુખી સાથે ચાર મુખી રૂદ્રાક્ષ ધારણ કરવો જયારે બહેનો એ ત્રણ મુખી અને પાંચ મુખી રૂદ્રાક્ષ સંતાન પ્રાપ્તી માટે ધારણ કરી શકાય છે.

**સંકલન: રાજદિપ જોષી**

# ટીઆરપી અગ્નિકાંડના કેસની સુનાવણી
# બચાવ પક્ષના વકીલે કેસના અભ્યાસ માટે સમય માંગ્યો: ૮મીએ મુદત

## ગેમઝોનમાં તા.૨૫/૫/૨૦૨૪ની સાંજે આગ લાગતા ૨૭ લોકો ભડથું થઈ હતા : બે ભાઈ,ગેમના માલિક અને મહાપાલિકાના અધિકારી સહિત ૧૫ સામે ગુનો નોંધાયો' તો

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત દેશભરમાં ચકચાર જગાવનારા અગ્નિકાંડ કેસમાં આરોપી સામે કોર્ટમાં તહોમતનામું ફરમાવવામાં આવ્યું હતું. આરોપીઓ તરફે દસ્તાવેજો કબુલ રાખવા કે નહી તે મુદ્દે આજે કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવે તે પૂર્વે જ મુદત પડી છે. આગામી ૮મી ઓગષ્ટના રોજ સુનાવણી હાથ ધરવામાં આવશે. વધુ વિગત મુજબ શહેરના નાના મવા રોડ નજીક સયાજી હોટલ પાછળ આવેલ ટીઆરપી ગેમઝોનમાં ગત તા.૨૫/૫/૨૦૨૪ની સાંજે આગ લાગતા ૨૭ લોકો જીવતા ભડથું થઈ ગયા હતા. અને ત્રણેક લોકોને ઈજા થઈ હતી. જે અંગે પોલીસે ફરિયાદી બની તાલુકા પોલીસ મથકમાં ટીઆરપી ગેમઝોનના સંચાલકો ધવલભાઈ ભરતભાઈ ઠક્કર (ધવલ કોર્પોરેશનના પ્રોપરાઈટર), રેસવે એન્ટરપ્રાઈઝના ભાગીદારો અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, પ્રકાશચંદ કનૈયાલાલ હીરન, યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, રાહુલ લલીતભાઈ રાઠોડ, ગેમઝોન મેનેજર નીતિન મહાવીરપ્રસાદ લોઢાજૈન, રાજકોટ મહાનગર પાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખભાઈ ધનજીભાઈ સાગઠીયા, આસિસ્ટન્ટ ટીપીઓ ગૌતમ દેવશંકરભાઈ જોષી, આસિસ્ટન્ટ ટીપીઓ મુકેશભાઈ રામજીભાઈ મકવાણા, કાલાવડ રોડ ફાયર સ્ટેશનના ફાયર સ્ટેશન ઓફિસર રોહીતભાઈ આસમલભાઈ વિગોરા, ટીપી શાખાના એન્જિનીયર અને એટીપીઓ જયદીપ બાલુભાઈ ચૌધરી રાજેશભાઈ નરશીભાઈ મકવાણા, ચીફ ફાયર ઓફિસર ઈલેશ વાલાભાઈ ખેર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખા જીવાભાઈ ઠેબા અને ગેમઝોન ખાતે ફેબ્રિકેશનનો કોન્ટ્રાક્ટ રાખનાર મહેશ અમૃત રાઠોડ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. અગ્નિકાંડની ઘટનામાં પ્રકાશચંદ કનૈયાલાલ હીરનનું મોત થયું હતું. જેથી બાકીના ૧૫ આરોપીની ધરપકડ કરી રિમાન્ડ બાદ જેલ હવાલે કરાયા હતા. ચકચારી બનેલા અગ્નિકાંડ કેસમાં પોલીસે સમયગાળા કરતા ૬૦ દિવસ વહેલા ચાર્જશીટ તૈયાર ૨૪/૭/૨૦૨૪ ના રોજ ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યું હતું. જે અગ્નિકાંડ કેસમાં ચાર્જશીટ બાદ ગત તા.૧૭ જુલાઈના રોજ અદાલતમાં કેસ ચાર્જ ફ્રેમ કરવામાં આવ્યો હતો જેમાં આરોપી જયદીપ ચૌધરીએ મુદત માંગતા કોર્ટે રૂ.૨૦ હજારનું કોસ્ટ કહેતા આરોપી જયદીપ ચૌધરીએ મુદત અરજી પાછી ખેંચી લીધી હતી. અગ્નિકાંડ કેસમાં રજૂ કરવામાં આવેલા ડોક્યુમેન્ટ કબૂલ કરવા માટે કેસ મેનેજમેન્ટની કાર્યવાહી કરવા આગામી ૩૧ મી જુલાઈ મુકરર કરવામાં આવી હતી. આજે આરોપીઓ તરફથી દસ્તાવેજો કબુલ રાખવા કે નહીં તેમજ ક્યા ક્યા સાક્ષીઓને બોલાવવા તેના નામો આપવા મુદ્દે સુનાવણી થનાર હતી પરંતુ આરોપીઓના વકીલ દ્વારા કેસના અભ્યાસ માટે મુદત માંગવામાં આવી હતી. આગામી ૮ મી ઓગષ્ટના રોજ કેસની સુનાવણી હાથ ધરવામાં આવશે તેવું સુત્રોમાંથી જાણવા મળ્યું છે.આ કેસમાં સરકારે સ્પે. પીપી તરીકે તુષાર ગોકાણી, એડિશનલ સ્પે.પીપી નિતેશ કથીરિયા, પીડિત પરિવાર વતી સિનિયર એડવોકેટ સુરેશ ફળદુ અને નરેન્દ્રસિંહ જાડેજા રોકાયા છે.

### ધવલ ઠક્કર અને જયદીપ ચૌધરીની ડિસ્ચાર્જ અરજીની હાઈકોર્ટમા સુનાવણી


અગ્નિકાંડ કેસમાં સંડોવાયેલા ૧૫ આરોપીઓ પૈકી ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેરને સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા છે જ્યારે બાકીના આરોપીઓ હજુ જેલ હવાલે છે અને જેમાંના અનેક આરોપીઓની જામીન અરજી ફગાવી દેવામાં આવી છે ત્યારે અગ્નિકાંડ કેસના આરોપી ધવલ ઠક્કર અને જયદીપ ચૌધરીએ સેશન્સ કોર્ટમાં કરેલી ડિસ્ચાર્જ અરજી રદ થતા બંને આરોપીએ હાઈકોર્ટમાં કરેલી રિવિઝન અરજીની આજે બપોર બાદ સુનાવણી થવાની સંભાવના છે. આ ઉપરાંત ધવલ ઠક્કરે જેલ મુક્ત થવા રાજકોટ સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી જે જામીન અરજીની આગામી ૬ ઓગસ્ટના રોજ સુનાવણી હાથ ધરવામાં આવશે.

# છેલ્લો સથવારો.. નિવૃત્તિ પૂર્વે છેલ્લી સહી કરવા ગયેલા મહિલા એ.એસ.આઈના પતિનું પોલીસ ચોકીમાંજ પ્રાણ પંખેરૂ ઉડી ગયું

## રેલવે પોલીસના મહિલા એ.એસ.આઈના પતિનું હાર્ટ એટેકથી મોત

**અબતક, રાજકોટ**

ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે? વિધિના લેખ અને ભાગ્યમાં લખેલું કોઈ મિથ્યા કરી શકતું નથી, રાજકોટ રેલવે પોલીસમાં ફરજ બજાવતા મહિલા એ.એસ.આઈ આજે નિવૃત્ત થવાના હોય ગઈકાલે સાંજે છેલ્લી હાજરીની સહી કરવા રેલવે સ્ટેશન ગયા ત્યારે સાથે ગયેલા પતિ ને રેલવે સ્ટેશન પોલીસ ચોકી બહાર જ એટેક આવી જતા મોતને ભેટ્યા હતા.. દરરોજ લેવા મુકવા જતા પતિ નો સથવારો પણ નોકરી પૂરી થતા છૂટી ગયા ની સ્થિતિએ મહિલાએ એસ આઈ એ પતિના મૃત્યુ પર કરુણ કલ્પાંતકરી મૂક્યું હતું. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ રેલ નગર અંબે અપાર્ટમેન્ટ માં રહેતા રાજેન્દ્રભાઈ બેચરભાઈ વ્યાસ ૬૮ ગઈકાલે રાત્રે ૮/૩૦ વાગે રેલ્વે પોલીસ સ્ટેશનમાં હતા ત્યારે અચાનક બેભાન થઈને ઢળી પડ્યા હતા અને તાત્કાલિક રાજકોટ સરકારી હોસ્પિટલમાં લાવતા રાત્રે ૯ તેમને ફરજ પરના ઈમર્જન્સી વોર્ડના ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા, રાજેન્દ્રભાઈ વ્યાસ માટેહૃદય રોગનો હુમલો ‘‘ઘાતક‘‘ નીવડયો હતો, આ બનાવની કરુણતા એ છે કે રાજેન્દ્રભાઈ વ્યાસ ના પત્ની ઈલાબેન રેલ્વે જીઆરપી પોલીસમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા હતા, રોજનીત્ય ક્રમ મુજબ રાજેન્દ્રભાઈ તેમની પત્નીને લેવા મુકવા જતા હતા ગઈકાલે ઈલાબેન ની નોકરીનો અંતિમ દિવસ હોય સહી કરવા રાત્રે છેલ્લી વાર રેલવે પોલીસ સ્ટેશનમાં જવાનું હોય પતિ તેમને લઈને રેલવે પોલીસ સ્ટેશને ગયા હતા ઈલાબેન ઓફિસમાં ગયા ત્યારે બહાર ઊભેલા રાજેન્દ્રભાઈ વ્યાસ અચાનક બેભાન થઈને ઢળી પડ્યા હતા, પત્નીને નોકરી માટે મૂકવા જવા માં પતિ છેલ્લો સથવારો બન્યા હતા, પતિના અચાનક



અવસાનથી મહિલા પોલીસ કર્મચારી ઈલાબેન પોકમૂકીને રડી પડ્યા હતા, રાજેન્દ્રભાઈ વ્યાસ ને સંતાનમાં એક દીકરો અને દીકરી હોય પુત્ર જયદીપભાઈ ક્રોમા શોરૂમમાં નોકરી કરે છે, રાજેન્દ્રભાઈ વ્યાસ માર્કેટિંગ યાર્ડ માં ખાનગી પેઢીમાં વર્ષો સુધી મહેતાજી તરીકે નોકરી કરીને નિવૃત્ત થયા હતા. ગઈકાલે પત્નીને લઈને પોલીસ સ્ટેશન ગયેલ રાજેન્દ્ર ભાઈ વ્યાસ પત્ની માટે છેલો સથવારો બન્યા હતા.

# મહાદેવવાડી વિસ્તારમાં શેરબજારના ધંધાર્થી યુવાન પર ત્રિપુટીનો હીચકારો હુમલો

## જૂની અદાવતનો ખાર રાખી ધોકા-પાઈપ વડે માર મારી હાથ તોડી નાખ્યો, માથું ફોડી નાખ્યું: માલવિયાનગર પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના મહાદેવવાડી વિસ્તારમાં શેર બજારના ધંધાર્થી યુવાનને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી ત્રિપુટીએ ધોકા-પાઈપ વડે હીંચકારો હુમલો કર્યો હતો. અગાઉ થયેલા ઝગડાનો ખાર રાખી યુવાનને મારવાના બનાવમાં માલવિયાનગર પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

શહેરના ૮૦ ફૂટ રોડ પર આવેલ સત્યમ પાર્ક સોસાયટી શેરી નંબર-૦૨ માં રહેતા ૨૨ વર્ષીય શેરબજારના ધંધાર્થી જયદિપ હર્ષદભાઈ રામજીભાઈ મુછડીયાએ ભકિતનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પાર્થ, હાર્દિક ભટ્ટ અને યશ નામના શખ્સનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું દોઢ વર્ષથી અમદાવાદના પારસનગર ખાતે શેરમાર્કેટનુ કામકાજ કરૂ છું. ગઈ તા. ૨૪/૦૫/૨૦૨૫ ના રોજ સાંજના ચારેક વાગ્યાની આસપાસ હુ તથા મારા મિત્રો વીજય દેવજીભાઈ સિંધવ અને આશીષ સોલંકી નાના મવા રોડ ઉપર આવેલ મારવાડી બિલ્ડીંગ પાસે ભેગા થયેલ હતા. મારે અને આશીષ સોલંકીને ભાગીદારીમાં એક જુની કાર લેવાની હોય જે કાર વીજય બતાવવાનો હોય અમે ત્રણેય મિત્રો વીજયના એક્ટીવામાં બેસી કાર જોવા નીકળેલ હતા. દરમિયાન રસ્તામાં મહાદેવવાડી મેઈન રોડ ઉપર આવેલ સીટી કોર્ન નામની દુકાને ચા પીવા ઉભેલ હતા. જ્યાં પાર્થ, હાર્દિક ભટ્ટ અને યશ ત્રણેય હાથમાં લાકડાના ધોકા તથા સ્ટીલના પાઈપ લઈને ઉભેલા હતા. પાર્થએ મને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરતા શબ્દો બોલી કોલર પકડી લીધેલ હતો. બાદમાં હાર્દિક ભટ્ટએ પણ જ્ઞાતિ પ્રત્યે હડધુત કરતા શબ્દો ઉચ્ચાર્યા હતા જયારે યશએ તુ અમારા પગની ધુળ બરાબર છે તેમ કહ્યું હતું. બાદ મે ત્રણેયને શાંતીથી વાત કરવાનુ કહેતા ત્રિપુટી મને તેમના હાથમાં રહેલા પાઈપ-ધોકા વડે માર મારવા લાગેલ હતી. પાર્થ પાઈપનો ઘા મારવા જતાં મે ડાબો હાથ આડો રાખતા કોણીના ભાગે ઈજા થઈ હતી. હાર્દિક ભટ્ટ તથા યશ લાકડાના ધોકા વડે પગની પાછળના ભાગે મારતા હતા. ત્યારબાદ પાર્થ મારો કોલર પકડી મને ઢસડીને રસ્તા ઉપર લાવેલ હતો. દરમીયાન હું મારો કોલર છોડાવીને મારા દાદીના ઘર તરફ ભાગેલ હતો. દાદીનુ ઘર નજીકમાં હોય તેના ઘરે પહોંચતા ઘરની ડેલી અંદરથી બંધ હતી. જયારે ત્રણેય શખ્સો મારી પાછળ આવેલ હતા અને ત્યાં પણ મને આડેધડ માર મારવા લાગેલ હતા. રાડારાડીનો અવાજ સાંભાળીને દાદી લક્ષ્મીબેન આવી ગયેલ હતા. દરમિયાન હુ નીચે પડી ગયેલ હોય દાદી મારા ઉપર પડી જઈ મને વધુ મારમાંથી છોડાવેલ હતો. બાદમાં ત્રણેય શખ્સો નાસી ગયા હતા. ત્યારબાદ મિત્ર વિજય સિંધવ મને ખાનગી દવાખાને સારવાર અર્થે લઈ જતાં તબીબે ડાબા હાથના ભાગે ટાંકા લીધેલ હતા અને માથાના ભાગેથી લોહી નીકળતું હોય પાટો બાંધી દીધો હતો. બાદ હાથમાં વધુ દુખાવો થતાં ૧૦૮ એમ્બયુ લન્સ મારફતે સરકારી હોસ્પિટલના સારવાર અર્થે જતાં મને જમણા હાથના ભાગે ફ્રેક્ચર થયાનું તબીબે જણાવ્યું હતું. વધુમાં યુવકે જણાવ્યું હતું કે, અગાઉ પણ પાર્થ, હાર્દિક ભટ્ટ તથા યશ સાથે મારે ઝઘડો થયેલ હતો જેનો ખાર રાખી આ હુમલો કરવામાં આવ્યો હતો. મામલામાં યુવકની ફરિયાદ પરથી માલવિયાનગર પોલીસે હુમલો તેમજ એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સુરતમાં મહિલાએ સાત વર્ષના પુત્રને દવા પીવડાવી કરી લીધો આપઘાત: પુત્ર ગંભીર

**અબતક, રાજકોટ**

સુરતના લસકાણા વિસ્તારમાં રહેતી ૩૪ વર્ષની મહિલાએ સાત વર્ષના પુત્રને ઝેરી દવા પીવડાવ્યા બાદ પોતે પણ દવા પી લેતા મહિલાનો સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ અમરેલીના ડેડકણી ગામ ના વતની અને સુરતના લસકાણા કઠોદરા ગામે આવેલ ગઢપુર ટાઉનશીપમાં રહેતી ૩૪ વર્ષની મહિલા ના પ્રથમ લગ્ન ના પરણેતર પતિનું અકસ્માતમાં મોત નીપજ્યું હતું અને બીજા લગ્ન કર્યા બાદ પતિ સાથે મનમેળ ન થતા પિયરમાં રહેતી હતી ગઈકાલે સાત વર્ષના પુત્રને દવાખાને લઈ જવાનું કહી ઘેરથી નીકળ્યા બાદ સાંજ સુધી ઘેર ના આવતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી દરમિયાન મહિલા એ પોતાના મિત્ર સહિતના લોકોને ફોન ઉપર જાણ કરી હતી કે પોતે પાસોદરા રોડ પર આવેલ મામાદેવના મંદિર પાસે દવા પી લીધી છે, પરિવારજનો અને મિત્રો ઘટના સ્થળે પહોંચતા બેભાન મહિલા ની પાસે તેનો સાત વર્ષનો પુત્ર બેઠો હતો, તાત્કાલિક મહિલાને દવાખાને લઈ જવાતા રસ્તામાં પુત્રને પણ ઉલટીઓ થવા લાગતા પરિવારજનો એ પૂછતા પુત્ર એ પણ કહ્યું હતું કે મમ્મીએ મને પણ દવા પીવડાવી પછી મમ્મીએ પીધી હતી. મહિલાનુંસારવાર દરમિયાન મોત નિપજ્યું હતું આ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે પ્રાથમિક તારણમાં આપઘાતના કારણમાં આર્થિક સગરામણ હોવાનું પોલીસે અનુમાન લગાવી છે મહિલાના પ્રથમ પતિનું અકસ્માતમાં મોત થયું હતું બીજા લગ્નમાં પતિ સાથે વિવાદ ચાલતો હોય જીવંતી કંટાળી આ પગલું ભર્યું હોવાનું અનુમાન લગાવી પોલીસે તપાસ હાથ ધરી છે.

# રૂ.૭.૨૫ કરોડની જી.એસ.ટી. ચોરીમા શિવમ એન્ટરપ્રાઈઝના બે સહ માલિકના આગોતરા જામીન રદ

## સરકારી નાણાની ઉચાપત કરી કાયદાનું ઉલ્લંઘન કરી ગેરપ્રવૃતિઓ કરી છે: સરકારી વકીલ

**અબતક, રાજકોટ**

વર્ષ-૨૦૦૭ થી ૨૦૧૨ સુધીમાં સવા સાત કરોડની જી.એસ.ટી. ચોરીની સહાયક રાજ્ય વેરા કમિશનરે કરેલ ફરીયાદમાં શિવમ એન્ટરપ્રાઈઝ પ્રા. લી.ના બે સહમાલિકોની આગોતરા જામીન અરજી રાજકોટ અધિક સેશન્સ જજ પી. જે. કાયસ્થે નામંજુર કરી છે. આ કેસની હકિકત મુજબ, ૨૦૦૫માં સ્થપાયેલી શિવમ એન્ટરપ્રાઈઝ પ્રા. લી. કંપની સને-૨૦૧૨માં બંધ જાહેર કરાઈ હતી, દરમ્યાન શરૂઆતના કંપનીના ડિરેકટર યોગેશ પ્રેમજીભાઈ સુવારિયાએ સ્થાપનાના એક વર્ષમા ડિરેક્ટર પદેથી રાજીનામું આપી પોતાના ભાઈ મધુસુદન પ્રેમજીભાઈ સુવારીયાને ડિરેક્ટર પદે નિમેલ. વર્ષ-૨૦૧૨ સુધી કંપનીના ડિરેકટર તરીકે આ મધુસુદનભાઈએ વેટ (વેલ્યુ એડેડ ટેક્ષ)ની કોઈ રકમ સરકારમાં જમા કરાવેલ નહીં અને તે રીતે રૂા. સવા સાત કરોડની સરકારી રકમની ઉચાપત કર્યા અંગે સવા સહાયક રાજ્ય વેરા કમિશનરની ફરિયાદના આધારેઆ અંગે ગુન્હો નોંધાતા અરજદાર આરોપી મધુસુદન પ્રમજીભાઈ સુવારીયાએ આગોતરા જામીન અરજી રજુ કરી જણાવેલ હતું કે, તેઓ એક મેડીકલ સ્ટોર ચલાવે છે અને આ કંપનીના કોઈપણ વ્યવહારોથી તેઓ માહિતગાર નથી. વધુમાં જણાવેલ કે કંપનીનો વહીવટ તેમના ભાઈ યોગેશભાઈ સુવારીયા કરી રહેલ છે, તેથી આગોતરા જામીન મજુર કરવા જોઈએ. તેમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ એસ.કે. વોરાએ આગોતરા જામીન અરજીનો વિરોધ કરતા જણાવેલ હતું કે, કંપનીની સ્થાપના કરનાર ડિરેકટર યોગેશ સુવારીયાએ વર્ષ-૨૦૦૭મા અનિયમીત રીતે રાજીનામું આપેલ છે. મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ ઓન-લાઈન પોર્ટલ ઉપર યોગેશભાઈએ રાજીનામુ મોકલાવેલ પરંતુ રાજકોટ ખાતેની કમિશનર ઓફીસમાં આવા કોઈ રાજીનામાની ઈરાદાપુર્વક જાણ કરેલ ન હતી અને તે રીતે આ કંપનીએ કરચોરી ચાલુ રાખેલ હતી. તેથી યોગેશભાઈ સુવારીયા અને મધુસુદનભાઈ સુવારીયા સરકારી નાણાની ઉચાપત કરવા માટે એકબીજા ઉપર કસુર ઢાળે છે. આ વર્તન ઈરાદાપુર્વકની ચાલ છે. પ્રાઈવેટ લિમિટેડ કંપનીમા ઓછામાં ઓછા ૧૨ ડિરેકટરો હોવા જરૂરી છે. પરતુ હાલના કેસમાં ફકત મધુસુદનભાઈ સુવારીયા જ એકમાત્ર ડિરેકટર હોવાનું જણાવે છે. આ રીતે સરકારી નાણાની ઉચાપત કર્યા ઉપરાંત કાયદાકીય પ્રબંધોનું પણ ઉલ્લંઘન કરે છે. આ પ્રકારની ગેરપ્રવૃતિઓ કરતા ઈસમોને આગોતરા જામીન મળવા જોઈએ નહી. સરકાર તરફેની આ તમામ રજુઆતોને ધ્યાનમાં લઈ અધિક સેશન્સ જજ પી. જે. કાયસ્થે આરોપી યોગેશ પ્રેમજીભાઈ સુવારીયા અને મધુસુદન પ્રેમજીભાઈ સુવારીયાની આગોતરા જામીન અરજીઓ રદ કરી છે.આ કેસમા સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ કે. વોરા રોકાયા હતા.

## તેરા તુજકો અર્પણ

# પ્ર.નગર પોલીસ દ્વારા ખોવાયેલા ૧૫ મોબાઈલ મૂળ માલિકોને પરત અપાવ્યા

### લાખોની કિંમતના મોબાઈલ પરત અપાવનાર પોલીસની કામગીરીની સરાહના

**અબતક, રાજકોટ**

શહેરના પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશન દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ખોવાયેલા૧૫ મોબાઈલ મૂળ માલિકોને પરત કરવામાં આવતા અરજદારોએ પોલીસનો આભાર માન્યો હતો.

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશનર જગદીશ બાંગરવા, અને મદદનીશ પોલીસ કમિશનર (પશ્ચિમ) રાધિકા ભારાઈ ના માર્ગદર્શન હેઠળ મોબાઈલ ગુમની અરજીઓ અન્વયે સી,ઈ,આઈ,આર પોર્ટલના માધ્યમથી ટેકનિકલ એનાલિસિસ કરી પરત આપવાની સૂચના અને પગલે પ્રદ્યુમન નગર પોલીસ દ્વારા દાખલ થયેલી ફરિયાદો ના આધારે ગુમ થયેલા ૧૬મોબાઈલ શોધીને માલિકોને પરત કરાવ્યા હતા.



પ્રદ્યુમનનગર પોલીસે₹ ૨,૬૬,૦૧૨ ની કિંમત ના ૧૬ મોબાઈલ મૂળ માલિકને પરત કરીને ખરા અર્થમાં પોલીસ પ્રજાનો મિત્ર નું સૂત્ર સાકાર કર્યું હતું આ કામગીરીમાં પ્રદ્યુમનનગર પી,આઈ વી ,આર વસાવા ના માર્ગદર્શન તળે પીએસઆઈ જે,એન,ગમારા, મહેન્દ્રભાઈ વાળા, અરવિંદભાઈ ઝાપડીયા, જેસલમેર મોરી, વૈશાલીબેન ઘરસન્ડા, અને ગીતાબેન દેવાયતકા એ જહેમત ઉઠાવી હતી.

# રૂ.૨૮ કરોડની ટેક્ષ ચોરીના જયેન્દ્ર બાવરીયા અને કંચનબેન બાવરીયાની આગોતરા જામીન રદ

## ઈગલ મોટર્સ પ્રા.લી. નામની કંપની દ્વારા રાજય અને કેન્દ્રીય વેચાણ વેરાની રકમ સરકારમાં જમા ન કરાવી

**અબતક, રાજકોટ**

ઈગલ ટ્રાવેલ્ર્સના માલિકોની રૂા.૨૮ કરોડની ટેક્ષ ચોરીના કેસમાં કોર્ટે જયેન્દ્ર બાવરીયા અને કંચનબેન બાવરીયાની આગોતરા જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકિકત મુજબ ઈગલ મોટર્સ પ્રા.લી. નામની કંપની રસીકભાઈ બાવરીયા (ગોળવાળા), મનિષભાઈ રસીકભાઈ બાવરીયા, જયેન્દ્ર રસીકભાઈ બાવરીયા, દિનેશભાઈ રસીકભાઈ બાવરીયા અને કંચનબેન રસીકભાઈ બાવરીયાએ વર્ષ-૨૦૦૫ માં સ્થાપેલ હતી. સ્થાપનાના બે વર્ષ બાદથી રાજય વેરા અને કેન્દ્રીય વેચાણ વેરાની રકમો સરકારમાં જમા કરાવવાનુ બંધ કરી દીધું હતું. વર્ષ-૨૦૧૫ સુધીમાં આ રકમ રૂ.૨૮ કરોડે પહોંચી ગઈ હતી.વર્ષ-૨૦૧૫ અને ૨૦૧૯ માં રાજય વેરા કમિશ્નરે રીકવરીની નોટીસો આપેલી હતી તેમ છતા સરકારમાં રકમ જમા ન કરવાથી તેઓની સામે ફોજદારી ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. જે ગુનામાં સંડોવાયેલા આરોપી જયેન્દ્ર રસીકભાઈ બાવરીયા (ઉ.વ.૬૦) અને કંચનબેન રસીકભાઈ બાવરીયા (ઉ.વ.૮૨)એ સેશન્સ અદાલતમાં આગોતરા જામીન અરજી દાખલ કરી દલીલો કરેલ હતી કે, દિનેશભાઈ રસીકભાઈ બાવરીયા વર્ષ-૨૦૦૭ માં ડીરેકટર પદેથી નિવૃત થયેલ છે તેમજ કંચનબેન રસીકભાઈ બાવરીયા વર્ષ-૨૦૧૧માં ડીરેકટર પદેથી નિવૃત થયા છે. આ કારણસર તેઓની વેરો ભરવાની જવાબદારી થતી નથી. ગુનાની મહતમ સજા પાંચ વર્ષથી છે. તેથી તેઓને આગોતરા જામીન ઉપર મુકત કરવા જોઈએ.

જ્યારે સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ એસ.કે. વોરાએ રજુઆત કરતા જણાવેલ હતુ કે, કંચનબેન બાવરીયાએ વર્ષ-૨૦૧૧ માં અનિયમીત રીતે રાજીનામુ આપેલ છે. મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સના ઓન-લાઈન પોર્ટલ ઉપર કંચનબેને રાજીનામુ મોકલાવેલ પરંતુ રાજકોટ ખાતેની કમિશનર ઓફિસમાં આવા કોઈ રાજીનામાની ઈરાદાપુર્વક જાણ કરેલ ન હતી તે રીતે આ કંપનીએ કરચોરી ચાલુ રાખેલ હતી. વર્ષ-૨૦૧૯ સુધી કંચનબેન બાવરીયાને સરકારી ખાતા તરફથી જે નોટીસ મોકલાતી તે નોટીસ કંપનીની કોર્પોરેટ ઓફીસમાં સ્વીકારવામાં આવતી હતી. આ હકિકત સ્પષ્ટ કરે છે કે સરકારી રેકર્ડ ઉપર પોતે ડીરેકટર ન હોવાનુ જણાવે છે જયારે જાહેર જનતા સમક્ષ પોતે ડીરેકટર હોય તે રીતે ઈરાદાપુર્વક વર્તે છે. આ સમગ્ર વ્યવહાર વેરાની ચોરી કરવા માટે અપનાવવામાં આવેલ છે. આ પ્રકારના આરોપીઓ જયારે કાયદાના પ્રબંધોનો ગેરલાભ ઉઠાવવા માંગતા હોય ત્યારે આગોતરા જામીન નકારવા જોઈએ, જેથી પોલીસ તપાસ અસરકારક રીતે થાય. ૨૮-કરોડની વેરા ચોરીના આ કેસમાં આરોપીઓ પાસેથી એક પાઈની પણ રીકવરી થઈ શકેલ નથી ત્યારે આવા આરોપીઓને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો જાહેર જનતાના આ નાણાની કયારેય રીકવરી થઈ શકે નહી. આ નાણા સામાન્ય નાગરીકોએ સરકારમાં જમા કરાવેલ રકમ છે અને તેથી આવા નાણાની કોઈ ૨-૪ વ્યકિત ઉચાપત કરી પોતાનુ જીવન આપણા ભોગે સાહયબીથી જીવે તે ન્યાયોચીત નથી. ૭-વર્ષથી ઓછી સજાવાળા ગુનાઓમાં આરોપીઓને જામીન આપવા તેવો સુપ્રિમ કોર્ટનો ચુકાદો છે, પરંતુ આ ચુકાદો જાહેર નાણાની રીકવરીના કિસ્સામાં લાગુ કરી શકાય નહી. પુર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમનો કેસ ટાંકી સરકાર તરફે રજુઆત કરવામાં આવેલ હતી કે આ નાણામંત્રીને પણ પોલીસ તપાસ પુર્ણ થઈ ત્યાં સુધી જામીન આપવામાં આવ્યા ન હતા. સરકાર તરફેની રજુઆતોને ધ્યાને લઈ અધિક સેશન્સ જજ સી.જે. પટેલે જયેન્દ્ર બાવરીયા અને કંચનબેન બાવરીયાની આગોતરા જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે.આ કેસમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ કે. વોરા રોકાયા હતા.

# ચોરીનું આળ મૂકી યુવકને મોતને ઘાટ ઉતારવાના ગુનામાં વધુ એક આરોપી જામીન મુક્ત

## લોઠડા ગામે કાન-નાક વિંધવા અને કટલેરી વેચવા આવેલા યુવક ઉપર કાનની કડી કાઢી લીધાના આક્ષેપ સાથે માર મારતા મોત નિપજ્યું હતું

**અબતક, રાજકોટ**

લોઠડા ગામે કાન-નાક વિંધવા અને કટલેરી વેચવા આવેલા યુવક ઉપર કાનની કડી કાઢી લઈ ચોરી કરી હોવાનું આળ મૂકી હત્યા કર્યાના કેસમાં સંડોવાયેલા વધુ એક આરોપીને જામીન મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ મુળ બાબરા તાલુકાના કરિયાણા (કીડી) ગામના વતની અને હાલ રાજકોટના લાપાસરી ગામની સીમમાં પરિવાર સાથે રહેતા ગોપાલ ભદુભાઈ સોલંકી નામનો યુવાન પોતાનું મોટર સાયકલ લઈ લોઠડા ગામે કાન-નાક વિંધવા અને કટલેરી વેચવા માટે ગયો હતો. યુવાન રાત્રે પરત નહીં આવતા પરિવારે ફોન મારફતે સંપર્ક સાધ્યો હતો. પરંતુ યુવકનો ફોન સ્વીચઓફ આવતો હતો. પરિવાર દ્વારા લોઠડા ગામ તરફ તપાસ કરતા જાણવા મળ્યુ હતું કે, ગોપાલ સોલંકી લોઠડા ગામે રહેતા પરબતભાઈ ભીમાભાઈ કોળીના ઘરે ગયો હતો. ત્યારે પરબતભાઈની પત્ની મંજુલાબેને કાન વીંધાવ્યા બાદ કાનની એક કડી ગાયબ હોવાની પતિને જાણ કરતા કાન નાક વીંધવા આવેલા યુવકને ગામમાંથી ગોતી કાનની કડીની ચોરીનું આળ મૂકી આરોપી પરબતભાઈ કોળી, તેનો દિકરો(બાળકિશોર), ભલાભાઈ ડાયાભાઈ બાવળીયા, સોમાભાઈ મીઠાભાઈ બાવળીયા અને રાહુલભાઈ જીતેશભાઈ સાકરીયા (રહે. લોઠડા)એ લાકડી અને પાઈપ વડે માર માર્યો હતો અને ઈકો કારમાં અપહરણ કરી લોઠડા ગામની વીડીમાં લઈ ગયા હતાં. જ્યાં યુવકને ઢોર માર મારી મોતને ઘાટ ઉતાર્યો હોવાની મૃતક ગોપાલ સોલંકીના ભાઈ બચુભાઈ ભદુભાઈ સોલંકીએ આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે આરોપીઓની ધરપકડ કરી જેલ જવાલે કર્યા હતા. જે ગુનામાં સંડોવાયેલા સોમાભાઈ મીઠાભાઈ બાવળીયાએ ચાર્જશીટ પહેલા જામીન મુકત થવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલી જતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે આરોપીને જામીન ઉપર મુકત કરવા હુકમ ફરમાવ્યો છે.

આ કેસમાં આરોપી વતી એડવોકેટ યુવા એડવોકેટ કલ્પેશ એલ. સાકરીયા, મિલન પી. થોરીયામેર, રવીન એન. સોલંકી, ભરત બી. ડાકી, કુલદીપ એન.મકવાણા, લલિત કે. તોલાણી અને એકતા જે. સુદાણી રોકાયા હતા.

# અષાઢમાં અનરાધાર પણ શ્રાવણમાં 'મેઘા'ની કરકસરથી જગતાત ચિંતિત

## સૌરાષ્ટ્રભરમાં હવે મોલાતને શ્રીકાર વરસાદની અતિ આવશ્યકતા, જો એકાદ સપ્તાહમાં મેઘો મહેર નહી કરે તો વાવણી નિષ્ફળ જવાની ભીતિ



બોટાદ જિલ્લામાં સૌથી વધુ ૮૫.૬૬ ટકા અને ગીર સોમનાથ જિલ્લામાં સૌથી ઓછો ૩૬ ટકા વરસાદ

**અબતક,રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છમાં અષાઢ માસમાં અનરાધાર હેત વરસાવ્યા બાદ શ્રાવણ માસમાં મેઘરાજાએ કરકસર રાખતા જગતાત પર ચિંતાના કાળા ડિબાંગ વાદળો ઘેરાવા લાગ્યા છે. જો એક સપ્તાહમાં સૌરાષ્ટ્રમાં શ્રીકાર વરસાદ નહી પડે તો વાવણી નિષ્ફળ જવાની પણ ભારોભાર ભીતિ દેખાય રહી છે. છેલ્લા દશેક દિવસથી સૌરાષ્ટ્ર પરથી મેઘરાજાએ જાણે મોઢુ ફેરવી લીધું હોય તેવું લાગી રહ્યું છે.

ગુજરાતમાં આ વર્ષ નૈઋત્યના ચોમાસાનો સમયસર અને ધમાકેદાર આરંભ થયો હતો. સૌરાષ્ટ્ર-કચ્છમાં પ્રથમ વરસાદ જ વાવણી લાયક થવાના કારણે ખેડુતોમાં રાજીપો વ્યાપી જવા પામ્યો હતો. અષાઢમાસનાં મેઘરાજાએ અનરાધાર હેત વરસાવ્યું હતુ. દરમિયાન શ્રાવણ માસમાં મેઘાએ

(અનુ. આઠમા પાને)

## રાજયમાં ૬૬ લાખ હેકટરમાં ખરીફ પાકનું વાવેતરઃ મગફળીના વાવેતરમાં ૧૫ ટકાનો વધારો

### ૨૪.૨૫ લાખ હેકટરમાં તેલીબીયાના પાકનું, ૯.૭૯ લાખ હેકટરમાં ધાન્ય પાકો અને ૨.૫૨ લાખ હેકટરમાં કઠોળનું વાવેતર કરાયુંઃ કપાસ અને મગફળીનું સૌથી વધુ ૨૦-૨૦ લાખ હેકટર વિસ્તારમાં વાવેતર થયું

ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ થતા ખેડૂતોએ આશરે ૬૬ લાખ હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકોનું પુષ્કળ વાવેતર કર્યું છે. આ વર્ષે કપાસ અને મગફળી પાકનું સૌથી વધુ ૨૦-૨૦ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર થયું છે. મગફળીના વાવેતરમાં ગત વર્ષની સરખામણીએ ૧૫ ટકાનો વધારો નોંધાયો છે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે રાજ્યમાં ખરીફ વાવેતરની વિગતો આપતા જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર, કચ્છ અને



ઉત્તર ગુજરાત સહિત ગુજરાતભરમાં વાવણી લાયક વરસાદ થતા ખેડૂતોએ ખરીફ પાકોનું ઉત્સાહભેર વાવેતર કર્યું છે.

(અનુ. આઠમા પાને)

## નમામિ દેવી નર્મદેઃ ગુજરાતની જીવાદોરી

# નર્મદા ડેમની સપાટી ૧૩૧ મીટરને આંબીઃ પાણીની ધરખમ આવક

### ઉપરવાસમાં પડી રહેલા અનરાધાર વરસાદના કારણે ડેમમાં પાણીની આવકને પગલે પાંચ દરવાજા ખોલાયા

### એક લાખથી વધુ ક્યુસેક પાણી છોડવામાં આવતા નીચાણવાળા વિસ્તારોને સાવચેત કરાયા



**અબતક, રાજકોટ**

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં પાણીની ધરખમ આવક થઈ રહી છે. આજે સિઝનમાં પ્રથમવાર નર્મદા ડેમની સપાટી ૧૩૧ મીટરને પાર થઈ જતા ડેમને વોર્નિંગ સ્ટેજ પર મૂકી દેવામાં આવ્યો છે. આજે સવારે ડેમના પાંચ દરવાજા ખોલીને ૧ લાખથી વધુ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવ્યું છે. મધ્યપ્રદેશના અનેક વિસ્તારોમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો હોય નર્મદા ડેમની જળ સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. ડેમના પાંચ દરવાજા ખોલવામાં આવતા હેઠવાસના વિસ્તારોમાં વસવાટ કરતા લોકોને સાવચેત કરી દેવામાં આવ્યા છે. ગુજરાતની જીવાદોરી ગણાતો સરદાર સરોવર ડેમ હવે ઓવરફ્લો થવામાં માત્ર ૭ મીટર જ દૂર રહ્યો છે.

નર્મદા ડેમની કુલ ઉંડાઈ ૧૩૮.૬૮ મીટર છે. ઉપરવાસના વિસ્તારોમાં અવિરત વરસી રહેલા વરસાદના કારણે ચાલુ સાલ ચોમાસાની સિઝનમા પ્રથમવાર ડેમની સપાટી ૧૩૧ મીટરને પાર થઈ ગઈ હતી. હાલ ડેમમાં ૪,૦૧૦૦૦ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. આજે સવારે ડેમના પાંચ દરવાજા ખોલી ૧ લાખથી વધુ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. નર્મદા ડેમને હાલ વોર્નિંગ સ્ટેજ પર મૂકી દેવામાં આવ્યો છે. સતત બીજા વર્ષ નર્મદાડેમ ઓવર ફ્લો થવાની પ્રબળ સંભાવના છે. નિયમ મુજબ રૂલ લેવલ જાળવી રાખવા પાણીની ધરખમ આવકને ધ્યાનમાં રાખી આજે દરવાજા ખોલી દેવામાં આવ્યા છે. ડેમ નિર્ધારિત સંગ્રહશક્તિ સામે ૭૫%થી વધુ ભરાઈ ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે,

(અનુ. આઠમા પાને)

# રાજકોટના જોઈન્ટ ચેરિટી કમિશનરને પાણીચુંઃ કાર્યકાળ દરમિયાન કરેલા તમામ ઓર્ડર રદ

## ભાવનગરના સંયુક્ત ચેરિટી કમિશનર સી.કે. જોશીને રાજકોટનો હવાલો સોંપાયો

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકારે ચેરિટી કમિશનર આર.વી. વ્યાસની તમામ સત્તાઓ રદ કરી છે અને તેમને રાજકોટ અને અમદાવાદમાં સંયુક્ત ચેરિટી કમિશનરની કચેરીઓના વધારાના હવાલાથી તાત્કાલિક અસરથી મુક્ત કર્યા છે.

આ ઉપરાંત, ગુજરાત પબ્લિક ટ્રસ્ટ એક્ટની કલમ ૮ હેઠળ તેમને સોંપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને ચેરિટી કમિશનર દ્વારા પસાર કરાયેલા તમામ આદેશો રદ કરવામાં આવ્યા છે. ચેરિટી કમિશનર તરીકે વ્યાસનો કાર્યકાળ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીનો છે.

મંગળવારે જારી કરાયેલા એક જાહેરનામામાં રાજ્યના કાનૂની વિભાગે જણાવ્યું હતું કે, ગુજરાત પબ્લિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ ની કલમ ૮ હેઠળ ચેરિટી કમિશનરને સોંપવામાં આવેલી સત્તાઓ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે છે. ગુજરાત પબ્લિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ ની કલમ ૮ હેઠળ ચેરિટી કમિશનર દ્વારા કરવામાં આવેલા આદેશો તાત્કાલિક અસરથી રદ કરવામાં આવશે.

ચેરિટી કમિશનરની સત્તાઓ રદ કરવાના અચાનક નિર્ણય અંગે અધિકારીઓ દ્વારા કોઈ સ્પષ્ટતા આપવામાં આવી નથી. કાનૂની વિભાગે અમદાવાદ ઝોનના સંયુક્ત ચેરિટી કમિશનરની કચેરીઓ દ્વારા કરવાના તમામ કાર્યો વડોદરાના સંયુક્ત ચેરિટી કમિશનર યોગિની સિમ્પીને સોંપ્યા છે.

ચેરિટી વિભાગના તમામ વહીવટી અને સંબંધિત કાર્યો વડોદરાના સંયુક્ત ચેરિટી કમિશનર ડો. યોગિની સિમ્પીને સોંપવામાં આવ્યા છે, તેવી સૂચના સાથે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.કાનૂની વિભાગે બીજું એક જાહેરનામુ પણ બહાર પાડ્યું છે જેમાં ભાવનગરના સંયુક્ત ચેરિટી કમિશનર સી.કે. જોશીને રાજકોટની ઓફિસની ખાલી જગ્યાનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. જે અત્યાર સુધી વ્યાસના હવાલે હતો. જોશીને અઠવાડિયાના પહેલા ત્રણ દિવસ ભાવનગરમાં અને બાકીના દિવસોમાં રાજકોટમાં કામ કરવાનું કહેવામાં આવ્યું છે.

### એકાએક લેવાયેલા નિર્ણય અંગે કોઈ સ્પષ્ટતા નહિ : તરહ તરહની ચર્ચાઓ

ચેરિટી કમિશનરની સત્તાઓ રદ કરવાના અચાનક નિર્ણય અંગે અધિકારીઓ દ્વારા કોઈ સ્પષ્ટતા આપવામાં આવી નથી. કાનૂની વિભાગે અમદાવાદ ઝોનના સંયુક્ત ચેરિટી કમિશનરની કચેરીઓ દ્વારા કરવાના તમામ કાર્યો વડોદરાના સંયુક્ત ચેરિટી કમિશનર યોગિની સિમ્પીને સોંપ્યા છે. હવે જયારે એકાએક સંયુક્ત ચેરિટી કમિશનરની તમામ સત્તાઓ છીનવી લેવામાં આવી છે ત્યારે જાણકાર વર્તુળોમાં તરહ તરહની ચર્ચાય જોર પકડ્યું છે.

# આધુનિક અને એવિડન્સ બેઈઝડ મેડિસીન માટે આશિર્વાદ રૂપ મેડિકલ રીસર્ચ સહાય યોજના જાહેર

## સ્કીમ ફોર પ્રમોટીંગ રીસર્ચ ઈન હેલ્થ એન્ડ મેડિકલ કેરને મંજૂરી

**અબતક, રાજકોટ**

આરોગ્ય ક્ષેત્રે રીસર્ચ માટે સ્કીમ ફોર પ્રમોટીંગ રીસર્ચ ઈન હેલ્થ એન્ડ મેડિકલ કેરને મંજૂરી આપવામાં આવી છે. રીસર્ચ માટે પ્રોજેક્ટ દીઠ મહત્તમ રૂ. ૧૦ લાખની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય આરોગ્ય સેવા,સુવિધાઓને સતત શ્રેષ્ઠત્તમ બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

તબીબી વિજ્ઞાની અંદરમાં નવા જ્ઞાન, નિદાન અને ચિકિત્સાની નવી પધ્ધતિઓન તેમજ રોગોનો બોજ, તેના ફેલાવા, તેની પાછળના પરિબળો પર સંશોધન કરી શકાય તેમજ રાજયમા તબીબ સંશોધનના માહોલને પ્રોત્સાહન મળે તે માટે જનહિતલક્ષી બનાવવા રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા નવીન યોજના સ્કીમ ફોર પ્રમોટીંગ રિસર્ચ ઈન હેલ્થ એન્ડ મેડિકલ કેર શરૂ કરવામાં આવી છે. જેને વહીવટી મંજૂરી અપાઇ છે.

જે અંતર્ગત રાજ્યની સરકારી મેડિકલ કોલેજીસ, જીલ્લા/પેટા જીલ્લા અને સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ ખાતેના ફેકલ્ટી / તજજ્ઞો કે જેમાં MBBS / MS/ MD/ MCH/ DM/ DNB અથવા એલાઇડ સંવર્ગના PhD ધરાવનાર ફેકલ્ટીને લાભ આપવામાં આવશે.

આ યોજના હેઠળ રીસર્ચ સહાય આપવા માટે પ્રોજેક્ટ દીઠ મહત્તમ રૂ. ૧૦ લાખનું ભંડોળ / ગ્રાન્ટ આપવામાં આવશે.

રૂ. ૧૦ લાખથી ઉપરના પ્રોજેક્ટ માટે ભારત સરકારની સ્કીમ,ICMR અને અન્ય ઓર્ગેનાઈઝેશન અથવા અન્ય રીસર્ચ સ્કીમમાંથી અનુદાન મેળવવા રાજય સરકાર દ્વારા ભલામણ કરવામાં આવશે.

ડોકટરો દ્વારા હાથ ધરવામાં આવનાર રીસર્ચ પ્રોજેક્ટ એક થી ત્રણ વર્ષની સમયમર્યાદામાં હોવા ખુબ જ જરૂરી છે.

આ અંગે મળનાર ભંડોળનો ઉપયોગ રીસર્ચ એક્ટિવિટી સંલગ્ન ફિલ્ટ એક્ટિવિટી, ટ્રાન્સપોર્ટ, ડોક્યુમેન્ટેશન, કંઝ્યુમેબલ અન્ય આનુષંગિક ખર્ચ માટે કરવાના રહેશે.

આ સિવાય માળખાકીય બાબતમાં મહત્તમ પ્રોજેક્ટ દીઠ ત્રણ લાખની મર્યાદામાં ખર્ચ કરી શકાશે. જે કુલ ઉપલબ્ધ ભંડોળ ૧૦ લાખની મર્યાદામાં રહેશે. તે સિવાય અન્ય ખરીદી કરવાની રહેશે.

રીસર્ચ પ્રોજેક્ટ મંજૂર કરવા માટે સ્ટેટ રીસર્ચ એડવાઈઝરી કમીટી રિસર્ટ પ્રપોઝલની સમીક્ષા કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલ સમગ્ર વિશ્વમાં જેનેટિક્સ, ટાર્ગેટેડ ડ્રગ્સ ડિલીવરી, પર્સનલાઈઝ્ડ મેડિસિન, સ્ટેમ સેલ થેરપી, રિજનરેટિવ મેડિસિન પ્રકારના વૈશ્વિક કક્ષાએ નવતર પ્રયાસો અને સંશોધનો થઈ રહ્યા છે. ત્યારે

(અનુ. આઠમા પાને)

# રૂ.૧.૭૪ લાખના હાઇ પ્રાયોરિટી કર પ્રોજેક્ટની સમીક્ષા કરતા સીએમ

## તમામ પ્રોજેક્ટ સમય મર્યાદામાં અને ગુણવત્તા યુક્ત ધોરણે પૂર્ણ કરવા તાકીદ



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના હાઈ ઈમ્પેક્ટ પ્રોજેક્ટની સમીક્ષા બેઠકના ત્રીજા ઉપક્રમમાં રાજ્ય સરકારના વિવિધ ૭ વિભાગોના કુલ ૧ લાખ ૭૪ હજાર કરોડના ૩૨ પ્રોજેક્ટસમાં થયેલી કામગીરીની પ્રગતિની સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રીએ મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટમાં જમીન સંપાદનનું વળતર ખેડૂતોને ચૂકવવાની કામગીરી ઓગસ્ટ-૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાના દિશાનિર્દેશો પણ આપ્યા હતા.

કચ્છના ખાવડામાં આકાર લઈ રહેલા ૩૦ ગીગાવોટના હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્કની ૬૪ ટકા કામગીરી પૂર્ણ થઈ છે અને ૬૮૬૨ મેગાવોટના રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ કાર્યરત થયા છે.

એટલું જ નહિ, ડિસેમ્બર-૨૦૨૬ સુધીમાં આરઈ પાર્ક પૂર્ણ કરવાના આયોજન સાથે આગળ વધવાની ઊર્જા વિભાગની કામગીરીની સમીક્ષા પણ મુખ્યમંત્રીએ કરી હતી.

લોથલમાં ભારત સરકાર દ્વારા નિર્માણાધીન નેશનલ મેરિટમ હેરિટેજ કોમ્પ્લેક્સની પ્રગતિ સંદર્ભમાં આ સમીક્ષા બેઠકમાં બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, રાજ્ય સરકારે ૪૦૦ એકર જમીન ફાળવણી, પાણી પુરવઠાની પાઈપલાઈન, વીજ પુરવઠાની ટ્રાન્સમિશન લાઈન અને સરગવાડાથી

(અનુ. આઠમા પાને)

